શ્રી સોમપ્રભાચાર્ય વિરચિત

# સિન્દૂર પ્રકર


વિવેચક : મુનિરાજ

**શ્રી જયાનંદવિજયજી**

॥ શ્રી આદિનાથાય નમઃ ॥
॥ પ્રભુશ્રી રાજેન્દ્રસૂરીશ્વરાય નમઃ ॥

શ્રી સોમપ્રભાચાર્ય વિરચિત

# સિન્દુર પ્રકર

: આશીર્વાદ :
શ્રી વિદ્યાચન્દ્રસૂરીશ્વરજી
મુનિરાજ શ્રી રામચન્દ્રવિજયજી

: વિવેચક :
મુનિરાજ શ્રી જયાનંદવિજયજી

# બે બોલ

'સિન્દુરપ્રકર' પર અનેકાનેક મહાપુરુષોએ પોતાના જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ માટે વિવેચન સંસ્કૃત, હિન્દી, ગુજરાતી ભાષામાં કરેલ છે.

આ ગ્રન્થ આ પ્રકરણ એક એવો જનપ્રિય બની ગયેલ છે કે જેને વાંચવાની વિચારવાની પ્રત્યેક તક સાધક માટે અણમોલ બની જાય છે. ગ્રંથકારશ્રીએ એ ગ્રંથની રચના સમયે એવા જ શુભ પરમાણુઓનો આમાં પ્રવેશ કરાવેલ છે કે જો સાધક આત્મા પામવાનો અર્થિ બનીને આને વાંચશે તો એ આત્મા આમાંથી મેળવશે, મેળવશે અને અવશ્ય આત્મ સાધનાનો માર્ગ મેળવશે જ. એથી જ તો શ્વેતામ્બર, દિગંબર, સ્થાનકવાસી સૌ જૈનો, એટલું જ નહીં અજૈનો પણ આ પ્રકરણને માને છે. એને ભાવથી વાંચે છે. (આ પ્રકરણના વીશ વિષયોથી ઇષ્ટ ઇષ્ટ વિષયોની આરાધનાના હિસાબે દિગંબર જૈનોના વીશપંથી અને તેરાપંથી ભેદો પડ્યા છે.) આચાર્યશ્રીએ આ પ્રકરણના ઘણા શ્લોકો પોતાના કુમારપાલ પડિબોહોમાં ઉતાર્યા છે.

આ સિંદૂર પ્રકર ઉપર ખરતરગચ્છીય આ.શ્રી જિનહિતસૂરિના શિષ્ય આ.શ્રી ચારિત્રવર્ધને સં. ૧૫૦૫ના વૈશાખ સુદિ ૮ ને ગુરૂવારે ગ્રં. ૪૮૦૦ પ્રમાણ ટીકા રચી છે. નાગોરી તપાગચ્છના હર્ષકીર્તિસૂરિએ સં. ૧૬૬૦ લગભગમાં તેના ઉપર એક ટીકા રચી છે. વળી દિગંબર–તેરાપંથી મતના પ્રવર્તક બનારસના પં. બનારસીદાસે સં. ૧૬૯૧માં તેનો હિન્દી પદ્યાનુવાદ કર્યો છે. જ્યારે એક વિદ્વાને તેનો ગુજરાતી પદ્યાનુવાદ કરેલો પણ મળી આવે છે. – જૈન પરમ્પરાનો ઇતિહાસ, ભાગ ૨, પૃ. ૫૫૭

મેં પણ આ પ્રકરણને કંઠસ્થ કર્યું એ સમયથી આ પ્રકરણ પર વિવેચન લખવાની ભાવના હતી. તે આ સમયે પૂર્ણ થાય છે. પ.પૂ. આચાર્યદેવ શ્રી જયંતસેનસૂરીશ્વરજી મ.સા.એ આ વિવેચનને આદ્યોપાંત વાંચી ઉપયોગી માર્ગદર્શન આપેલ તે બદલ એમનો આભાર માનું છું. પ્રેસ માલિક શ્રી કીર્તિભાઈ એચ. વોરાએ તો અમારા કાર્ય માટે જે ભોગ આપ્યો છે તે બદલ એમનો આભાર માનીએ એટલો ઓછો છે એમને અમે ચાર–ચાર વાર પ્રુફો મંગાવ્યા તોય એમણે પ્રુફો બટર પેપર સુધા મોકલાવીને શુદ્ધિ માટે સારો સહકાર આપેલ છે. છતાં **'ईत्थिया पुत्थिया कबहु न शुद्धिआ'** ના ન્યાયે આ વિવેચનમાં ક્યાંય ત્રુટી રહી ગઈ હોય તો વાચકગણ પાઠકગણ સુધારીને વાંચી વિચારીને જીવનમાં ઉતારશે એજ.

**પ્રથમાવૃત્તિ દીપાવલી પર્વ ૨૦૫૦, ધાનેરા** **લી. જયાનંદ**

**બીજી આવૃત્તિ દીપાવલી પર્વ ૨૦૬૨, પાલીતાણા**

: પ્રકાશક :

**શ્રી ગુરુ રામચંદ્ર પ્રકાશન સમિતિ, ભીનમાલ, રાજ.**

**સંચાલક :**

(૧) સુમેરમલ કેવલજી નાહર, ભીનમાલ, રાજ.

(૨) મીલિયન ગ્રુપ, સૂરાણા, રાજ. મુંબઈ, દિલ્લી, વિજયવાડા

(૩) શ્રીમતી સકુદેવી સાંકલચંદજી નેથીજી હુકમાણી પરિવાર, પાંથેડી, રાજ.
રાજેન્દ્ર જ્વેલર્સ, ૪ રહેમાન ભાઈ બિ.એસ.જી. માર્ગ, તાડદેવ, મુંબઈ–૩૪

(૪) સ્વ. હસ્તીમલજી ભલાજી નાગોત્રા સોલંકી કી સ્મૃતિ મેં
હસ્તે પરિવાર બાકરા (રાજ.)

(૫) શા દૂધમલ, નરેન્દ્રકુમાર, રમેશકુમાર બેટા પોતા લાલચંદજી માંડોત પરિવાર
બાકરા (રાજ.)
મંગલ આર્ટ, દોશી બિલ્ડીંગ, ૩–ભોઈવાડા, ભૂલેશ્વર, મુંબઈ–૨

(૬) કટારીયા સંઘવી લાલચંદ, રમેશકુમાર, ગૌતમચંદ, દિનેશકુમાર, મહેન્દ્રકુમાર
રવીન્દ્રકુમાર બેટા પોતા સોનાજી ભેરાજી ધાણસા (રાજ.)
શ્રી સુપર સ્પેઅર્સ, ૧૧–૩૧–3A પાર્ક રોડ, વિજયવાડા-સિકન્દ્રાબાદ.

(૭) એમ. આર. ઈમ્પેક્સ, ૧૬–એ, હનુમાન ટેરેસ, દૂસરા માલા,
તારાટેમ્પલ લેન, લેમીગ્ટન રોડ, મુંબઈ–૭, ફોન : ૨૩૮૦૧૦૮૬

(૮) ગુલાબચંદ રાજેન્દ્રકુમાર છગનલાલજી કોઠારી અમેરીકા, આહોર (રાજ.)

(૯) શા શાંતિલાલ, દીલીપકુમાર, સંજયકુમાર, અમનકુમાર, અખીલકુમાર
બેટા પોતા મૂલચંદજી ઉમાજી તલાવત આહોર (રાજ.)
રાજેન્દ્ર માર્કેટીંગ, પો.બો. નં. ૧૦૮, વિજયવાડા

(૧૦) શા સમરથમલ, સુકરાજ, મોહનલાલ, મહાવીરકુમાર, વિકાસકુમાર,
કમલેશ, અનિલ, વિમલ, શ્રીપાલ, ભરત ફોલા મુથા પરિવાર સાયલા(રાજ.)
અરુણ એન્ટરપ્રાઈજેસ, ૪ લેન બ્રાડી પેઠ, ગુન્ટૂર–૨

(૧૧) શા સુમેરમલ, મુકેશકુમાર, નિતીન, અમીત, મનીષા, ખુશબુ બેટા પોતા
પેરાજમલજી પ્રતાપજી રતનપુરા બોહરા પરિવાર, મોદરા (રાજ.)
રાજરતન ગોલ્ડ પ્રોડ., કે. વી. એસ. કોમ્પ્લેક્સ, ૩/૧ અરુંડલ પેટ, ગુન્ટૂર

(૧૨) શા નરપતરાજ, લલીતકુમાર, મહેન્દ્ર, શૈલેષ, નિલેષ, કલ્પેશ, રાજેશ, મહીપાલ,
દિક્ષીત, આશીષ, કેતન, અશ્વીન, રીંકેશ, યશ બેટા પોતા ખીમરાજજી થાનાજી
કટારીયા સંઘવી આહોર (રાજ.)
કલાંજલી જ્વેલર્સ, ૪/૨ બ્રાડી પેઠ, ગુન્ટૂર–૨

(૧૩) શા તીલોકચન્દ મયાચન્દ એન્ડ કં. ૧૧૬, ગુલાલવાડી, મુંબઈ – ૪

(૧૪) શા લક્ષ્મીચંદ, શેષમલ, રાજકુમાર, મહાવીરકુમાર, પ્રવીણકુમાર, દીલીપકુમાર રમેશકુમાર બેટા પોતા પ્રતાપચંદજી કાલુજી કાંકરીયા મોદરા (રાજ.) ગુન્ટૂર

(૧૫) શ્રી શાંતિદેવી બાબુલાલજી બાફના ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ,
મહાવિદેહ ભીનમાલધામ, પાલીતાના – ૩૬૪૨૭૦

(૧૬) શાંતિરૂપચંદ રવીન્દ્રચન્દ્ર, મુકેશ, સંજેશ, ઋષભ, લક્ષિત, યશ, ધ્રુવ બેટા પોતા મિલાપચંદજી મેહતા, જાલોર – બેંગ્લોર

(૧૭) એક સદ્‌ગૃહસ્થ

(૧૮) એક સદ્‌ગૃહસ્થ (ખાચરૌદ)

(૧૯) સંઘવી જુગરાજ, મહેન્દ્ર, સુરેન્દ્ર, રાજ, જૈનમ, અક્ષત બેટા પોતા
કુંદનલાલજી ભુતાજી શ્રીશ્રીમાલ વર્ધમાન ગૌત્રીય આહોર (રાજ.)
કલ્પતરુ જ્વેલર્સ, ૩૦૫ સ્ટેશન રોડ, સંઘવી ભવન, થાને (પશ્ચિમ) ૪૦૦ ૬૦૧

(૨૦) દોશી અમૃતલાલ ચીમનલાલ પાંચશોવોરા થરાદ નિવાસીએ
પાલીતાનામાં ઉપધાન કરાવેલ તેની સાધારણની આવકમાંથી

(૨૧) શા ભવરલાલ, જયંતિલાલ, સુરેશકુમાર, પ્રકાશકુમાર, મહાવીરકુમાર, શ્રેણિકકુમાર, પ્રિતમ, પ્રતિક, શાહીલ, પક્ષાલ બેટા પોતા શા સમરથમલજી સોગાજી દુરગાણી, બાકરા (રાજ.)
જૈન સ્ટોર્સ, સ્ટેશન રોડ, અંકાપલી–૫૩૧ ૦૦૨

**: પ્રાપ્તિ સ્થાન :**

| | |
|---|---|
| **શા દેવીચંદ છગનલાલજી**<br>**સદર બાજાર, ભીનમાલ**<br>**૩૪૩૦૨૯**<br>**ફોન : (02969) 220387** | **શ્રી આદિનાથ રાજેન્દ્ર**<br>**જૈન પેઢી**<br>**સાઁથૂં, ૩૪૩૦૨૬**<br>**ફોન : 254221** |
| **શા નાગાલાલજી વજાજી ખીંવસરા**<br>**શાંતિવિલા અપાર્ટમેન્ટ, તીન બત્તી,**<br>**કાજી કા મૈદાન, ગોપીપુરા, સૂરત**<br>**ફોન : 2422650** | **મહાવિદેહ ભીનમાલ ધામ**<br>**તલેટી હસ્તગિરિ લિંક રોડ,**<br>**પાલીતાણા – ૩૬૪ ૨૭૦**<br>**ફોન : (02848) 243018** |

# ग्रन्थकार का परिचय

*(१) **समय** – प्रस्तुत ग्रन्थ के निर्माता शतार्थिक श्री सोमप्रभसूरि का समय विक्रम की तेरहवीं शताब्दी का प्रारम्भ माना जाना निम्नोक्त प्रमाणों से सिद्ध हो सकता है। आपके जन्म, दीक्षा, सूरिपद आदि के समय का उल्लेख स्पष्टतया कहीं नहीं मिलता, तथापि यह मालूम होता है कि - आप का जन्म प्राग्वाटज्ञातीय जैन महाजन वंश के उच्च कुल में हुआथा। आप के पिता का नाम सर्वदेव और पितामह (दादा) का नाम जिनदेव था, जो कि किसी राज्य के मन्त्री आदि माननीय पद पर नियुक्त थे। श्री सोमप्रभसूरि की दीक्षा कुमारावस्था में ही हो चूकी थी। पट्टावली में आप का भगवान् महावीर से ४३वाँ पट्ट माना गया है। आपके पट्ट पर ही आयंबिल व्रत के धारक वर्तमान तपागच्छ के प्रवर्तक श्री जगच्चंद्रसूरीश्वरजी हुए। जिनकी इस कठिन तपस्या के कारण बडगच्छ का नाम परिवर्तन हो संवत् १२८५ में तपागच्छ नाम हुआ और वे तपागच्छ के प्रथम सूत्रधार कहलाए। इस समय में लगभग आप का अन्तिम समय माना जा सकता है, और आपने इस ग्रन्थ की प्रशस्ति में अपना परिचय उस प्रकार दिया है -*

**अभजदजितदेवाचार्यपट्टोदयाद्रि**
**द्युमणि विजयसिंहाचार्यपादारविन्दे ।**
**मधुकरसमतां यस्तेन सोमप्रभेण,**
**व्यचि मुनिनेत्रा सूक्तिमुक्तावलीयम् ।।१००।।**

*इससे स्पष्ट मालूम होता है कि ग्रन्थकारश्री अजितदेवसूरि के शिष्य श्री विजयसिंहसूरि के शिष्य थे और श्री विजयसिंहसूरि परमार्हत कुमारपाल प्रतिबोधक श्रीमद् हेमचंद्राचार्य के समकालीन थे। ग्रन्थकर्ता के समय में महाराजा कुमारपाल और श्रीमद् हेमचंद्राचार्य के जीवन की विशिष्ठ घटनाएँ नवीन रूप में ही थी। इन्ही ताजी घटनाओं को लेकर आपने कुमारपाल प्रतिबोध ग्रन्थ की रचना की है। कर्त्ता ने इस ग्रन्थ में रचना का समय विक्रम सं. १२४१ आषाढ शुक्लाष्टमी रविवार का दिया है।*

**यथा-शशिजलधिसूर्यवर्षे, शुचिमासे रविदिने सिताष्टम्वास् ।**
**जिनधर्मप्रतिबोधः क्लृप्तोऽयं गूर्जरेन्द्रपुरे ।।**

*उपरोक्त प्रमाणों से यह निश्चय किया जा सकता है कि परमार्हत महाराजा कुमारपाल की विद्यमानता के एतिहासिक प्रमाण १२२९-३० तक के मिलने से १०-११ वर्ष बाद इस ग्रन्थ की रचना इस समय से पूर्व की भी विदित होती है।*

इन अनुमानों द्वारा कम से कम १५ वर्ष की अवस्था में आप की दीक्षा मान ली जाय, और करीब १५ साल आप का पूर्ण विद्याभ्यास का मानें तो भी आप का जन्म १३वीं शताब्दी के प्रारम्भ काल में मानना युक्तियुक्त है। अस्तु।

जन्म का, दीक्षा का तथा सूरिपद आदि का समय पूर्ण रूप से निश्चित न होने पर भी यह बात तो निःसन्देह सिद्ध होती है कि आप तेरहवीं शताब्दी के प्रारम्भ और मध्यकाल से लेकर शताब्दी के लगभग अन्त तक में अपने अस्तित्व से भारतवर्ष के मुख्य मुख्य देशों को और जैनशासन को देदीप्यमान कर रहे थे। पाठकों को यह भी ध्यान रहे कि आप के सिवाय एक और भी इस नाम के श्री सोमप्रभसूरि हो गये हैं, परन्तु उनका समय प्रस्तुत श्री सोमप्रभसूरि से लगभग १५० वर्ष बाद शुरु होता है, जो कि भगवान् महावीर की पट्टपरम्परा में ४७ वें पट्ट पर हुए हैं।

(२) विद्वता – श्री सोमप्रभसूरि जैन-जैनेतर शास्त्र के अद्वितिय विद्वान थे, साथ ही साथ व्याकरण, काव्य, कोष तर्क अलंकारादि विषयों के पूर्ण ज्ञाता थे। इसमें तो कोई प्रकार का संदेह ही नहीं कारण कि इस बात की साक्षी में उनके उपलब्ध ग्रन्थ ही प्रमाणभूत हैं। गुर्वावली आदि में बहुत संक्षिप्त में वर्णन मिलता है कि वे षड्-दर्शन के पूर्ण अभ्यासी और प्रथम तार्किक थे, परन्तु षड्दर्शन विचारात्मक कोई भी स्वतन्त्र ग्रन्थ उनका बनाया हुआ देखने में नहीं आता और यह कोई खास नियम नहिं है कि जो विद्वान जिस विषय का पूर्ण पांडित्य रखता हो, वह उन उन विषयों पर ग्रन्थ अवश्य लिखे ही। परन्तु आपको व्याकरण और काव्य में असीम शक्ति थी, यह बात आप के उपलब्ध ग्रन्थों से असन्दिग्ध ही है। आप का बनाया हुआ 'शतार्थकाव्य' जिसकी स्वोपज्ञ टीका में आपने प्रत्येक श्लोक के उपर अलग-अलग १०० सौ अर्थ कर दिखाये हैं।

इसी कृति को लेकर आप अपने समकालीन विद्वानों द्वारा शतार्थिक पद से विभूषित किये गये। और पिछले विद्वानों ने भी आप का 'शतार्थिक' उपनाम के साथ ही परिचय कराया है। ५१वे पट्टधर श्री मुनिसुन्दरसूरि कृत गुर्वावली का यह उल्लेख है कि - 'सोमप्रभो मुनिपतिर्विदितः शतार्थी, ततः शतार्थिकः ख्यातः श्री सोमप्रभसूरीराट्।' इस ग्रन्थ के अवलोकन से आप का संस्कृत साहित्य में कितना अद्भूत पांडित्य था उसका अनुमान स्वयं हो जाता है।

(३) ग्रन्थ – शतार्थिक श्री सोमप्रभसूरिविरचित जो ग्रन्थ उपलब्ध हैं, उनके नाम ये हैं- (१) कुमारपाल प्रतिबोध, (२) शतार्थकाव्य, (३) श्रृंगारवैराग्यतरंगिणी, (४) श्री सुमतिनाथ चरित्र, (५) सिंदूरप्रकर - प्रस्तुत ग्रन्थ १०० श्लोकबद्ध

विविध प्रकार के छन्दों में बनाया गया है। सिन्दूर प्रकर इस पद्य से शुरू होने के कारण सिन्दूर प्रकर के नाम से विशेष प्रख्यात है। कितनेक आचार्यश्री की कृति १०० श्लोक में हाने से आचार्यश्री 'सोम' नाम लगाकर 'सोमशतक' के नाम से भी पहिचानते हैं तथा अनेक विषय पर सूक्ति होने से 'सूक्तिमुक्तावली' भी कही जाती है।

**(४) परिवार और विहार** – श्री सोमप्रभसूरिश्वरजी का शिष्य संप्रदाय कितना बड़ा था इसका स्पष्ट खुलासा नहीं मिलता, तथापि यह मालूम होता है कि अनेक सुविहित आचार्य और संविग्न मुनिवर आप के आश्रित थे। आपके समय में चैत्रवाल गच्छीय श्रीभुवनचन्द्रसूरि भी एक प्रतिष्ठित आचार्य थे, इनके साथ आपका अति घनिष्ठ संबंध था। आचार्यश्री का विहार और आपके द्वारा सामाजिक, धार्मिक आदि कार्य के विषय में एतिहासिक पूर्ण साधन न मिलने के कारण निश्चय करना कठिन है तथापि गुर्वावली आदि से यह जाना जा सकता है कि आप का विहारस्थल गुजरात, मालवा, मेवाड़, सौराष्ट्र, मारवाड़ आदि प्रान्तों में अधिकांश था।

**(५) स्वर्गवासादि का अनुमान** – आचार्यश्री सं. १२८२ में उपाध्याय देवप्रभ, श्री जगच्चन्द्रसूरि, कर्मग्रन्थ के निर्माता श्री देवेन्द्रसूरि आदि बहुत मुनिवर के परिवार सह 'श्री भीलडीया पार्श्वनाथ तीर्थ, की यात्रार्थे पधारे थे। इसी वर्ष में आबू (देलवाड़ा) पर श्री भुवनचन्द्रसूरिजी के उपदेश से महाराजा वीरधवल के मन्त्री वस्तुपाल तेजपाल का बनाया हुआ श्री नेमिनाथ प्रभु के मन्दिर की प्रतिष्ठा होने के कारण श्री भुवनचन्द्रसूरिजी की प्रेरणा से मन्त्री वस्तुपाल तेजपाल ने आपको इस अवसर पर पधारने की अत्याग्रहभरी प्रार्थना की। एक जनश्रुति यह भी है की इस समय में प्राचीन नगर श्रीमाल आधुनिक भिनमाल अच्छा उन्नत और वैभवशाली था। जिस पर मुसलमानों के आक्रमण हो रहे थे, यहाँ की प्रजा ने एकत्रित हो इस आक्रमण को हटाने के लिए पाटण के राजा से सहायता लेनी उचित समझी और इस कार्य के लिए प्रजाजन की तरफ से मुख्य नागरिक, सेठ, साहूकार श्रीमाल, ब्राह्मण, राजपूत आदि आदि नेता नियत कर पाटण की ओर भेजे गये। रास्ते में भीलडिया तीर्थ पर श्री सोमप्रभसूरि से इनकी भेंट हो गयी, आगन्तुक महाशयों में से बहुत से आपके पूर्व परिचित थे। अतः उन्होंने अपनी दुःखद कहानी आद्योपान्त आपश्री को निवेदन की। यह संभव है कि इस दुःखद घटना से आचार्यश्री का मन अतीव दुखित हुआ हो, कारण कि यह स्थान परम पवित्र भगवान् महावीर स्वामी, गौतमस्वामी आदि अनके ऋषि मुनि की पवित्रतात्माओं की स्पर्शना से परम पवित्र माना जाता है जो कि जैन, वैष्णव

धर्मानुयायिओं की अनेक जाति के इतिहास का गौरव बतलानेवाला है। अतः इस स्थान की रक्षा करना आवश्यक समझ विचारनिमग्न थे कि - दैवयोग से कनौज पर मुसलमानों का अधिकार होने से राष्ट्रकूट (राठोड) वंशीय राव सीहाजी अपनी सेना को लेकर मारवाड़ की तरफ आ रहे थे। इन्हें योग्य और धर्मप्रतिपालक वीर समझ, भिन्नमाल की दुर्दशा बतलाकर धर्म की रक्षा के लिए उत्तेजना दी। राव सींहाजी ने सहर्ष स्वीकारकर आपका आशीर्वाद प्राप्तकर आगन्तुक भिन्नमाल के महाशयों के साथ राव सींहाजी ने भिन्नमाल पहुँचकर मुसलमानों को भगाकर अपना अधिकार जमाया। इधर आचार्यश्री भी कुछ दिन बाद भिन्नमाल पधारे, उपाध्याय श्री देवप्रभजी जगच्चन्द्रसूरि और श्री देवेन्द्रसूरि आदि को आबु की ओर विहार करवाया, आपकी सम्मति से आबु प्रतिष्ठा महोत्सव पर श्री भुवनचन्द्रसूरि ने इन्हें आचार्य पद दिया और आपकी आज्ञा से इनका १२८३ का चातुर्मास पाटण और ८४ का बीजापुर हुआ। आपका चातुर्मास सांचोर, भिन्नमाल हुआ हो, राव सींहाजी ने अपनी विजय में आपके उपदेश से यहाँ के एक विशाल जैन मन्दिर के जीर्णोद्धार में सहायता और जमीन आदि दी थी जो कि आज वह मन्दिर खण्हर के रूप में अवशिष्ट है। इस तीर्थ का उल्लेख १७४३ में पण्डित शीलविजयजी ने भयभंजन पार्श्वनाथ के नाम से स्वविरचित तीर्थमाला में किया है। भिन्नमाल की विजय में इसी आशय का एक दोहा भी प्रचलित है -

भीनमाल लीधा भडै, सीहै सेल बजाय ।<br>
दत दीधौ सत संग्रह्यों, ओ जस कदे न जाय ।।

आपका स्वर्गवास १२८४-८५ में यहाँ के आसपास होने का अनुमान किया जा सकता है[१] और आपके पट्टधर श्री जगच्चन्द्रसूरि आदि ने मेवाड तरफ विहारकर मेवाड की राजधानी अघाट (अहड) नगर में मेवाड राणा की ओर से आपको तथा और वादियों के साथ वाद करने में हीरे के समान अभेद्य रहने के कारण 'हीरला' की पदवी प्राप्त हुई थी, विशेष जिज्ञासुओं के गुर्वावली देखनी चाहिए।

मु. बागरा (मारवाड) मुनि कल्याणविजय

---

१. जैन परम्परा के इतिहास भाग-२ के पृ.५५६ पर १२८४ में संघ के साथ में शत्रुंजय की यात्रा की और अंकेवालिया में चातुर्मास किया उसी चातुर्मास में स्वर्गवास हुआ ऐसा लिखा है।

આર્થિક સહયોગી

# મુથા જુહારમલજી ભુરાજી બાગરેચા પરિવાર, આહોર

આયોજિત

# નવ્વાણું યાત્રા પ્રસંગે જ્ઞાનનિધિ માંથી

પરમ પાવન નિશ્રા :

આ. શ્રી વિદ્યાચંદ્રસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય અને
મુનિરાજ શ્રી રામચંદ્રવિજયજી ના કૃપાપાત્ર
**મુનિરાજ શ્રી જયાનંદવિજયજી મ.સા.** આદિ ઠાણા

આ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી ના આજ્ઞાનુવર્તિ
વિ. સા. શ્રી સંઘવાણશ્રીજી ના શિષ્યરત્ના
વિ. સા. **શ્રી મણિપ્રભાશ્રીજી**
વિ. સા. **શ્રી પુનિતપ્રજ્ઞાશ્રીજી** આદિ ઠાણા

આ. શ્રી રામસૂરીશ્વરજી (ડ્હેલાવાળા) ના આજ્ઞાનુવર્તિ
વિ. સા. **શ્રી પ્રસન્નપ્રભાશ્રીજી** આદિ ઠાણા

વિ. સં. ૨૦૬૧, પોષ શુક્લ ૧૩,
પાલીતાણા નગરે

।। श्री शत्रुंजयतीर्थाधिपति आदिनाथाय नमो नमः ।।

।। प्रभु श्रीमद्विजयराजेन्द्रसूरीश्वरगुरुभ्यो नमः ।।

# સિન્દુર પ્રકર

## સાન્વય ગુજરાતી અર્થ સાથે

## મંગલાચરણ

छंद - शार्दुल विक्रीडितवृत्त

सिन्दूरप्रकरस्तपः करिशिरः क्रोडे कषायाटवी

दावार्चिर्निचयः प्रबोधदिवसप्रारम्भसूर्योदयः।

मुक्तिस्त्रीवदनैक[१]कुङ्कुमरसः श्रेयस्तरोः पल्लव-

प्रोल्लासः क्रमयोर्नखद्युतिभरः पार्श्वप्रभोः पातुवः ॥१॥

*अन्वय : पार्श्वप्रभोःक्रमयोः नखद्युतिभरः तपः करिशिर क्रोडे सिन्दूरप्रकरः कषायाटवीदावार्चिर्निचयः प्रबोधदिवसप्रारम्भसूर्योदयः मुक्तिस्त्रीवदनैककुङ्कुमरसः श्रेयस्तरोः पल्लव प्रोल्लासः वः पातु।*

**શબ્દાર્થ :** (पार्श्वप्रभोः) પ્રભુપાર્શ્વનાથના (क्रमयोः) બન્ને પગોના (नखद्युतिभरः) નખોની કાંતીનો સમૂહ (तपः करिशिर क्रोडे) તપ રૂપી હાથીના મસ્તકના મધ્યભાગમાં (सिन्दूरप्रकरः) સિન્દૂરના તિલક સમાન શોભે છે. અને (कषायाटवीदावार्चिर्निचयः) કષાયરૂપવનને બાળવા માટે દાવાનલના સમૂહ સમાન દેખાય છે. તથા (प्रबोधदिवस-प्रारंभसूर्योदयः) જ્ઞાન રૂપી દિવસના પ્રારંભ કરવામાં સૂર્યના ઉદય જેવો છે અને (मुक्तिस्त्रीवदनैककुङ्कुमरसः) મુક્તિ રૂપ સ્ત્રીના મુખ ઉપર રહેલાં કુંકુમના તિલક જેવો છે. તથા (श्रेयस्तरोः) કલ્યાણ રૂપી વૃક્ષના માટે (पल्लवप्रोल्लासः) નવીન કૂંપલના જેવો છે. એવો એ કાંતિનો સમૂહ (वः) તમારા સર્વની (पातु) રક્ષા કરો ॥૧॥

**ભાવાર્થ :** પ્રભુ પાર્શ્વનાથના બન્ને ચરણોના નખોની કાંતિનો સમૂહ તપશ્ચર્યા રૂપી હાથીના મસ્તકના મધ્યભાગમાં સિન્દૂરના તિલકની સમાન શોભાયમાન છે, કષાય રૂપી વનને બાળવા માટે વડવાનલના જેવો દેખાય છે, જ્ઞાન રૂપી દિવસ જાણે કે પ્રારંભ કરવા માટે સૂર્યોદયના ઉદયની જેમ દેખાય છે, મુક્તિરૂપી સ્ત્રીના મુખ ઉપર રહેલા કુંકુમના તિલક જેવો છે, અને કલ્યાણ રૂપી વૃક્ષના માટે તાજી ઉગેલી કુંપલો જેવો છે (એવા એ પાર્શ્વનાથના ચરણોના નખોની કાંતિનો સમૂહ) તમારા સર્વે ભવ્યાત્માઓનું રક્ષણ કરો.

શ્રી સોમપ્રભસૂરીશ્વરજીએ ૧૨૪૧ના અષાડ સુદ આઠમના દિવસે આ પ્રકરણની રચના કરી. આ પ્રકરણના પ્રથમ પાદથી આનું નામ 'સિંદુર પ્રકર' વિવિધ વિષયો પરની

१. कुचकुम्भ

રચના હોવાથી 'સુક્તિ મુક્તાવલિ' અને સો શ્લોકોની કૃતિ હોવાથી આચાર્યશ્રીના નામ સાથે 'સોમશતક' પણ કહેવાય છે.

આ શ્લોકમાં આચાર્યદેવે શ્રી પાર્શ્વનાથ ભગવંતની સ્તવનારૂપે એમના ચરણોના નખોની કાંતિ પણ ભવ્યાત્માઓના કલ્યાણ માટે છે એમ દર્શાવીને એમનો દેહ અને એમનો આત્મા તો ભવ્યાત્માઓના કલ્યાણ માટે કેટલો ઉપયોગી છે એ સુજ્ઞ આત્માઓને સમજાવી દીધું છે. શ્રી હેમચંદ્રાચાર્ય કૃત સકલાર્હત્ સ્તોત્રમાં પણ પાંચમા ભગવાન શ્રી સુમતિનાથ ભગવંતની સ્તુતિમાં કહેવામાં આવ્યું છે કે–

द्युसत्किरीटशाणाग्रो तेजीतांघ्रिनखावली,
भगवान् सुमतिस्वामी तनोत्वभीमतानिवः।

દેવો દ્વારા નમસ્કાર કરવાના કારણે એમના મસ્તક પર રહેલ મુકટના મણિઓની કિરણો દ્વારા શ્રી સુમતિનાથના ચરણોના નખોની શ્રેણી તેજસ્વી બનીને તમારા કલ્યાણના માટે થાઓ.

આમાં પણ નખોની તેજસ્વીતા ભવ્યાત્માઓના હિતના માટે દર્શાવેલ છે.

## સજ્જનપુરુષો પ્રત્યે ગ્રંથકર્તાનું નિવેદન

छंद - शार्दुल विक्रीडितवृत्त

**सन्तः सन्तु मम प्रसन्नमनसो वाचां विचारोद्यताः,**
**सूतेऽम्भः कमलानि तत्परिमलं वाता वितन्वन्तियद्**
**किंवाऽभ्यर्थनयानया यदि गुणोऽस्त्यासां ततस्ते स्वयं,**
**कर्तारः प्रथनं न चेदथ यशः प्रत्यर्थिना तेन किम्? ।।२।।**

*अन्वय : वाचां विचारोद्यताः सन्तः मम प्रसन्नमनसः सन्तु, वा अनया अभ्यर्थनया किं यद् अम्भः कमलानि सूते तत् परिमलं वाताः वितन्वति अतः यदि आसां गुणः अस्ति ततः ते स्वयं प्रथनं कर्तारः न चेत् यशः प्रत्यर्थिना तेन किम्? ।।२।।*

**શબ્દાર્થ :** (वाचां) વાણીનો (विचारोद्यताः) વિચાર કરવામાં ઉદ્યમવંત (सन्त) સંતપુરુષ (मम) મારા પર (प्रसन्नमनसः) પ્રસન્ન મનવાળા (सन्तु) થાઓ; (वा) અથવા (अनया) આ (अभ्यर्थनया) પ્રાર્થનાથી (किं) શું થવાનું છે (यद्) કારણ કે (अम्भः) જલપાણી (कमलानि) કમલના ફૂલોને (सुते) ઉત્પન્ન કરે છે. પરન્તુ (तत्) તે કમળોની (परिमल) સુગંધને (वाताः) વાયુ જ (वितन्वन्ति) ચારેબાજુ ફેલાવે છે. આ માટે (यदि) અથવા (आसां) આ સુક્તિયોમાં કાંઈ પણ (गुण अस्ति) ગુણ છે (ततः) તો (ते) એ સંતપુરુષો (स्वयं) પોતે જ આ સુક્તિયોની (प्रथनंकर्तारः) પ્રસિદ્ધિ કરનારા બની જશે. અને (न चेत्) જો આ સુક્તિયોમાં ગુણ નહીં હોય તો પછી (यशः प्रत्यर्थिना) યશને કલંકિત કરનારી (तेन) સુક્તિયોની પ્રસિદ્ધિથી (किम्) શું લાભ છે? અર્થાત્ કાંઈ લાભ નથી. ।।૨।।

**ભાવાર્થ :** ગ્રન્થકારશ્રી કહે છે કે વાણીના વિચારમાં ઉદ્યમવંત સંતપુરુષ મારા પર પ્રસન્ન મનવાળા થાઓ. અથવા આ પ્રાર્થનાથી સર્યું કારણ કે પાણી તો કમલના પુષ્પોને ઉત્પન્ન જ કરે છે, પણ એ કમલોની સુવાસ–સુગંધ તો વાયુ જ–પવન જ, ચારે દિશા–વિદિશામાં ફેલાવે છે, પ્રસારિત કરે છે. (તેમજ) આ સુક્તિઓમાં કાંઈપણ ગુણ હશે તો તે સંત સજ્જન પુરુષો પોતે જ આ સુક્તિઓની પ્રસિદ્ધિ કરનારા થઈ જશે અને જો આ સુક્તિઓમાં જ કાંઈ નહીં હોય તો પછી યશને કલંકિત કરવાવાળી પ્રાર્થના કરવાનો શું અર્થ છે?

**વિવેચન :** પૂજ્યપાદ આચાર્યદેવશ્રીએ આ પ્રકરણની રચના કરવાના સમયે બીજા જ શ્લોકમાં આ પ્રકરણને સજ્જન પુરુષો અપનાવે એ માટે પ્રાર્થના કરી અને પ્રાર્થના કરવાના સમયમાં એ પણ કહી દીધું કે આમાં આપને ગુણ દેખાય તો ગ્રહણ કરજો નહીં તો આને આમ જ રહેવા દેશો. આચાર્યદેવશ્રીનો કહેવાનો આશય એ જ છે કે જ્યાં જ્યાં જે જે ગ્રન્થમાં ગુણ હોય છે ત્યાં ત્યાં સુજ્ઞ સજ્જન પુરુષો તે તે ગ્રન્થને અપનાવે જ છે. આનો પ્રત્યક્ષ પુરાવો આ પ્રકરણ જ છે. આ પ્રકરણમાં ગુણ જોઈને જ કેટલાંયે ગ્રન્થકારશ્રીએ આ પ્રકરણના શ્લોકો પોતાના ગ્રન્થોમાં ટાંકયા છે. એ શ્લોકો પર પાનાઓના પાનાઓ ભરીને વિવેચન કર્યું છે. વક્તાઓ આ શ્લોકો પર મહીનાઓ સુધી વ્યાખ્યાનો આપે છે. આ પ્રકરણ તો પાઠ્યક્રમનું એક અંગ જ બની ગયું છે. આ પ્રકરણના અધ્યયન વગરનું અધ્યયન ફીકું લાગે છે.

પ્રકરની રચના કરવાના સમયમાં આચાર્યદેવશ્રીના પુણ્યપરમાણુઓ આ શ્લોકોમાં એવી રીતે એકમેક થઈ ગયા છે કે આજ દિવસ સુધી એમની યશઃકીર્તિ પ્રસારિત થઈ રહી છે.

## ત્રિવર્ગમાં ધર્મનું પ્રાધાન્યપણું

छंद - उपजाति वृत्त

**त्रिवर्गसंसाधनमन्तरेण, पशोरिवायुर्विफलं नरस्य।**
**तत्रापि धर्मं प्रवरं वदंति, न तं विना यद् भवतोऽर्थकामौ।।३।।**

***अन्वय :*** *त्रिवर्ग संसाधनं अन्तरेण नरस्य आयुः पशोः ईव विफलम् तत्राऽपि धर्मं प्रवरं वदन्ति यद् तं विना अर्थ कामौ न भवतः।*

**શબ્દાર્થ :** (त्रिवर्ग संसाधनं) ત્રિવર્ગ એટલે ધર્મ, અર્થ અને કામ આ ત્રણેની સાધના (अन्तरेण) વિના (नरस्य) મનુષ્યનો (आयुः) જન્મ (पशोः ईव) પશુની જેમ (विफलम्) નિષ્ફલ છે. (तत्राऽपि) આમાં પણ મહાપુરુષો (धर्मं) ધર્મને (प्रवरं) શ્રેષ્ઠ (वदन्ति) કહે છે. (यद्) કારણ કે (तं विना) ધર્મવિના (अर्थ कामौ) અર્થ અને કામ (न भवतः) નથી હોતા ।।૩।।

**ભાવાર્થ :** ધર્મ, અર્થ અને કામ આ ત્રણેની સાધના વગર મનુષ્યનો જન્મ પશુની જેમ નિષ્ફળ છે. આમાં પણ મહાપુરુષો ધર્મને જ શ્રેષ્ઠ કહે છે. કારણ કે તે વગર તેના સિવાય

અર્થ અને કામની પ્રાપ્તિ થતી નથી.

**વિવેચન :** આગમકારોએ ચાર પુરુષાર્થની પ્રરૂપણા કરી છે. અર્થ, કામ, ધર્મ અને મોક્ષ. આમાં અહીં ત્રણ પુરુષાર્થને ગ્રહણ કરીને ધર્મમાં મોક્ષ પુરુષાર્થનો સમાવેશ કરેલો છે. કારણ કે ધર્મથી જ મોક્ષ છે. ધર્મનું ફળ પણ મોક્ષ જ છે. આ શ્લોકમાં ધર્મ પુરુષાર્થની મહત્તા દર્શાવી છે. અર્થ અને કામની પાછળ પાગલ બનેલાઓને સંકેત કર્યો છે કે એ બેની પ્રાપ્તિ પણ ધર્મથી જ થાય છે. અને **એ બે માટે જ ધર્મ કર્યો તો એ મળી જશે અને તે આત્માને દુર્ગતિમાં લઈ જશે. એ સુનિશ્ચિત છે.** મોક્ષ માટે ધર્મ કર્યો અને મોક્ષ ન મળે ત્યાં સુધી અર્થ કામ મળશે જ અને તે અર્થ કામ મારેલા વિષની જેમ હશે તે ઔષધિનું કામ કરનારા થશે તેથી તે આત્માને મોક્ષ પુરુષાર્થમાં સહાયક જ બનશે. એ માટે માનવે ધર્મ પુરુષાર્થ નિષ્કામ ભાવથી જ આદરવો જોઈએ.

## માનવ જન્મની દુર્લભતા

छंद - इन्द्रवज्रावृत्त

**यः प्राप्य दुष्प्राप्यमिदं नरत्वं, धर्मं न यत्नेन करोति मूढः ।**
**क्लेशप्रबन्धेन स लब्धमब्धौ, चिंतामणिं पातयति प्रमादात् ॥४॥**

*अन्वय : यः मूढः इदं दुष्प्राप्य नरत्वं प्राप्य यत्नेन धर्मं न करोति सः क्लेशप्रबन्धेन लब्धं चिन्तामणिं प्रमादात् अब्धौ पातयति॥*

**શબ્દાર્થ :** (यः मूढः) જે મૂર્ખ માણસ (इदं) આ (दुष्प्राप्य) દુઃખથી મળે એવા (ઘણા કષ્ટે મળે એવા) (नरत्वं) માનવ જન્મ ને (प्राप्य) પામીને (यत्नेन) પ્રયત્નપૂર્વક (धर्मं) ધર્મને (न करोति) કરતો નથી (सः) તે મૂર્ખ (क्लेशप्रबन्धेन) ઘણી મુશ્કેલીથી (लब्धं) પામેલા (चिन्तामणिं) ચિંતામણિ રત્નને (प्रमादात्) આલસથી (अब्धौ) સમુદ્રમાં (पातयति) પાડી નાંખે છે ॥૪॥

**ભાવાર્થ :** જે મુર્ખ માણસ આ દુઃખે મળે એવા (ઘણા કષ્ટે મળે એવા) માનવ ભવને પામીને પ્રયત્ન પૂર્વક ધર્માચરણ કરતો નથી તે મૂર્ખ ઘણી મુશ્કેલીથી મેળવેલ ચિંતામણિ રત્નને આલસથી સમુદ્રમાં પાડી નાંખે છે.

**વિવેચન :** જે જે ભવ્યાત્માઓ માનવભવને પામ્યા છે એમણે પૂર્વના ભવોમાં ઘણા કષ્ટો સહન કર્યા છે, અને ઘણાં ભવોની મહેનતના ફળ રૂપે માનવ ભવ મેળવ્યો છે. એ માનવ ભવને પ્રમાદમાં પડીને ભૌતિક સુખ સુવિધાઓ પ્રાપ્ત કરવા પાછળ ગુમાવવો એ મુર્ખતા જ નહીં મહામૂર્ખતા ગણાય. ચિંતામણી રત્ન તો વળી બીજીવાર પણ મળી શકે પણ આ માનવ ભવ બીજીવાર મળવો ઘણો જ મુશ્કેલ છે એમ જ્ઞાનિયો કહી ગયા છે. આપણે આ નર જન્મને સફળ બનાવીએ તો જ આપણા પુરુષાર્થની કિંમત છે.

## ધર્મહીન માનવો ને ઉપમાઓ

छंद - मन्दाक्रान्तावृत्त

स्वर्णस्थालेक्षिपति स रजः पादशौचं विधते,
पीयूषेण प्रवरकरिणं वाहयत्यैन्धभारम् ।
चिन्तारत्नं विकिरति कराद्वायसोड्डायनार्थम्,
यो दुष्प्रापं गमयति मुधा मर्त्यजन्म प्रमतः ॥५॥

*अन्वय : यः प्रमतः दुष्प्रापं मर्त्यजन्म मुधा गमयति, सः स्वर्णस्थाले रजः क्षिपति, पीयूषेण पादशौचं विधत्ते, प्रवरकरिणं एन्धभारम् वाहयति, वायसोड्डायनार्थम् करात् चिन्तारत्नं विकिरति॥*

**શબ્દાર્થ :** (यः) જે (प्रमत्तः) ગાંડો (दुष्प्रापं) મુશ્કેલીથી મળે એવા (मर्त्यजन्म) માનવજન્મને (मुधा) ફોકટ (गमयति) ગુમાવે છે. (सः) તે ગાંડો (જાણે કે) (स्वर्णस्थाले) સોનાના થાલથી (रजः) માટી (क्षिपति) ફેંકે છે. (અને) (पीयूषेण) અમૃતથી (पादशौचं) પગની શુદ્ધિ (विधत्ते) કરે છે. (વળી) (प्रवरकरिणं) ઉત્તમ હાથીથી (एन्धभारम्) લાકડિઓના ભારને (वाहयति) ઉપડાવે છે અને (वायसोड्डायनार्थम्) કાગડા ઉડાવવા માટે (करात्) હાથથી (चिन्तारत्नं) ચિન્તામણિ રત્નને (विकिरति) ફેંકે છે. ।।૫।।

**ભાવાર્થ :** જે પાગલ માણસ (ગાંડો માણસ) ઘણા કષ્ટે મળે એવા માનવજન્મને (ખાવા–પિવામાં જ) ફોકટ ગુમાવી દે છે તે જાણે કે સોનાના થાળથી માટીને ફેંકે છે, અમૃતથી પગની શુદ્ધિ કરે છે. ઉત્તમ હાથીથી કાષ્ટના ભારાં જંગલમાંથી લાવે છે અને હાથમાં રહેલા ચિંતામણિ રત્નને કાગડા ઉડાવવા માટે ફેંકે છે.

**વિવેચન :** જે માણસની પાસે ચિંતામણી રત્ન હોય અને તે રત્ન કાગડાને દૂર કરવા માટે ફેંકી દે, સાત હાથ ઊંચો સફેદ હાથી હોય અને એના પર જ બાળવા માટે જંગલી લાકડા મંગાવે, અમૃતથી ભરેલા કુંભનો પગ ધોવા માટે ઉપયોગ કરે અને માર્ગમાં પડેલી ધૂળ સોનાના થાળમાં લઈને ઘરમાં નાંખે તો એવા કૃત્યો કરનારને જોનારાઓ મૂર્ખ જ કહે. તેમજ માનવભવ રૂપી ઉત્તમોત્તમ પદાર્થને પામેલા ભવ્યાત્માઓ એનો સંસારના દુઃખકારક સુખ મેળવવા માટે ઉપયોગ કરતા હોય ત્યારે અનંત જ્ઞાનિયો તેઓને (તેવા માનવોને) મૂર્ખ કહે એ યોગ્ય જ છે.

छंद - शार्दूलविक्रीडितवृत्त

ते धत्तूरतरुं वपन्ति भवने प्रोन्मूल्य कल्पद्रुमं,
चिन्तारत्नमपास्य काचशकलं स्वीकुर्वते ते जडाः ।
विक्रीय द्विरदं गिरीन्द्रसदृशं क्रीणन्ति ते रासभं,
ये लब्धं परिहृत्य धर्ममधमा धावन्ति भोगाशया ॥६॥

*अन्वय : ये अधम लब्धं धर्मं परिहृत्य भोगाशया धावन्ति ते भवने कल्पद्रुमं प्रोन्मूल्यं धत्तूरतरुं वपन्ति ते जडाः चिन्तारत्नं अपास्य काचशकलं स्वीकुर्वते ते गिरीन्द्रसदृशं द्विरदं विक्रीय रासभं क्रीणन्ति।*

**શબ્દાર્થ :** (ये) જે (अधमा) નીચ પુરુષો (लब्धं) ભાગ્યથી મળેલ (धर्मं) ધર્મને (परिहृत्य) છોડીને (भोगाशया) વિષયભોગોની આશાથી (धावन्ति) દોડે છે (ते) તેઓ (भवने) પોતાના ઘરમાં રહેલા (कल्पद्रुमं) કલ્પવૃક્ષને (प्रोन्मूल्य) ઉખેડીને (જાણે કે) (धतूरतरुं) ધતૂરાના વૃક્ષને (वपन्ति) વાવે છે. (અથવા) (ते जडाः) તે મૂર્ખ માણસો પોતાના હાથમાં રહેલા (चिन्तारत्नं) ચિંતામણિ રત્નને (अपास्य) દૂર ફેંકી (काचशकलं) કાચના ટુકડાને (स्वीकुर्वते) લઈ લે છે. અથવા (ते) અધમ બુદ્ધિવાળા તે પુરુષો (गिरीन्द्रसदृशं) પર્વત જેવા મોટા (द्विरदं) હાથીને (विक्रीय) વેચીને (रासभं) ગધેડાને (क्रीणन्ति) ખરીદે છે. ||૬||

**ભાવાર્થ :** ભાગ્યથી મળેલ ધર્મને છોડીને જે માણસો વિષયસેવનમાં માનવ જન્મને પૂર્ણ કરે છે તેઓ જાણે કે ઘરમાં રહેલ કલ્પવૃક્ષને ઉખેડીને ધતૂરાનું વૃક્ષ લગાવે છે. રત્નને છોડીને કાંચના ટુકડાને ગ્રહણ કરે છે અને પર્વત જેવા મોટા હાથીને વેચીને ગધેડાની ખરીદી કરે છે.

**વિવેચન :** માનવ જન્મની પ્રાપ્તિ ધર્મ કરવા માટે થયેલી છે. એ ભવમાં જે માણસો ધર્મ નથી કરતા અને અર્થ કામની પાછળ દોડી રહ્યા છે તેઓને જ્ઞાનિયોએ અધમ પુરુષો કહ્યાં છે. તે અધમ પુરુષો કોની જેવા છે તે બતાવતાં કહ્યું કે, 'વ્યવહારમાં જેમ કોઈ પુરુષ ઘરમાં રહેલા કલ્પવૃક્ષને ઉખેડીને એના સ્થાને ધતૂરાના વૃક્ષને (વિષવૃક્ષને) લગાડે, હાથમાં રહેલાં ચિંતામણિ રત્નને ફેંકે ને કાચના ટુકડાને એની ચમકથી આકર્ષાઈને ગ્રહણ કરી લે અને પોતાની પાસે રહેલ વિશાળ પર્વત જેવડા મોટાં હાથીને નકામો સમજીને એને વેચી ને એના સ્થાને ગધેડાને ઉપયોગી માનીને લઈ લે. એવા માણસોને વ્યવહારમાં પણ ઓછી બુદ્ધિવાળા, બુદ્ધિહીન, અક્કલ વગરના છે તેમ કહેવાય છે તેમ માનવ જન્મને પામ્યા પછી ધર્મ પુરુષાર્થ ન કરનાર માણસ પણ એમના જેવો અધમ કહેવાય છે.

છંદ - शिखरिणी वृत्त

**अपारे संसारे कथमपि समासाद्य नृभवं,**
**न धर्मं यः कुर्याद्विषयसुखतृष्णातरलितः ।**
**ब्रुडन् पारावारे प्रवरमपहायप्रवहणं,**
**स मुख्यो मूर्खाणामुपलमुपलब्धुं प्रयतते ।।७।।**

*अन्वय : अपारे संसारे कथमपि नृभवं समासाद्य यः विषयसुख तृष्णातरलितः धर्मं न कुर्यात् सः मूर्खाणां मुख्यः पारावारे (च) ब्रुडन् प्रवरं प्रवहणं अपहाय उपलं उपलब्धुं प्रयतते।*

**શબ્દાર્થ :** (अपारे) જેનો પાર ન પામી શકાય એવા (संसारे) સંસાર સમુદ્રમાં (कथमपि) જેવી તેવી રીતે મહાકષ્ટથી (नृभवं) માનવ જન્મને (समासाद्य) પામીને (यः) જે પુરુષ (विषयसुखतृष्णातरलितः) કામ ભોગ રૂપી વિષય સુખોની મૃગતૃષ્ણાને વશ થઈને (धर्मं) ધર્મને (न कुर्यात्) ન કરે (सः) તે (मूर्खाणां) સર્વ મૂર્ખોમાં (मुख्यः) મોટો મૂર્ખ છે. અને (पारावारे) જેનો આરો ન આવે એવા સમુદ્રમાં (ब्रुडन्) ડુબતા એવા માનવને (प्रवरं) ઉત્તમ (प्रवहणं) નાવને (अपहाय) છોડીને જાણે કે (उपलं) પત્થરને (उपलब्धुं) લેવા માટે (प्रयतते) પ્રયત્ન કરે છે.

**ભાવાર્થ :** જેનો પાર પામવો કઠિન છે એવા આ સંસાર રૂપી સમુદ્રમાં જેવી તેવી રીતે માનવ જન્મને પામીને જે પુરુષ કામ ભોગના ક્ષણિક સુખોની મૃગતૃષ્ણાને આધિન થઈને ધર્મ પુરુષાર્થ કરતો નથી તે માણસ સર્વે જાતના મૂર્ખ માણસોમાં પ્રથમ, મુખ્ય મૂર્ખ છે. અને જાણે કે જેનો આરો ન આવે એવા સમુદ્રમાં પોતે ડુબતો હોય અને ઉત્તમ નાવ મળતી હોય તેને છોડીને પત્થરને લેવા માટે પ્રયત્ન કરનાર જેવો છે.

**વિવેચન :** આ છંદને શિખરિણી વૃત્તમાં લઈને જ શ્લોકકારે એમ કહ્યું છે કે આ માનવભવ શિખર પર ચઢવા માટે છે ગર્તામાં (ખાડામાં) પડવા માટે નથી.

જેમ સમુદ્રને પાર કરવો અને એનો પાર પામવો કઠિન છે એમ આ સંસાર રૂપી સમુદ્રનો પાર પામવો પણ કઠિન છે. એવા આ સંસારમાં પાર પામવા માટે માનવ જન્મ મળી ગયો. અને મહાકષ્ટથી મેળવેલ આ ભવને ક્ષણિક સુખ આપનાર કામ-ભોગ જે અંતે દુઃખદાઈ જ છે એવા ભોગોને મેળવવા માટે ઉપયોગ કરનાર મૂર્ખ જ નથી પણ સર્વ જાતના મૂર્ખોમાં મોટો મૂર્ખ છે. કારણ કે સમુદ્રમાં ડુબી રહેલ એક વ્યક્તિને લાકડાની નાવ મળતી હોય અને એ વ્યક્તિ એ નાવને છોડીને પત્થરનું શરણ લેવા જાય એના જેવા કૃત્યો કરનાર તે પોતે છે તેથી તેને મહામૂર્ખ કહ્યો તે બરોબર છે. આપણો નંબર આમાં ન આવે એ જ આપણે જોવાનું છે.

## ગ્રન્થમાં આવનાર વિષયોના નામો

छंद - शार्दूलविक्रिडितवृत्त

भक्तिं तीर्थकरे गुरौ जिनमते सङ्घे च हिंसानृत-
स्तेयाब्रह्मपरिग्रहाद्युपरमं क्रोधाद्यरीणां जयम् ।
सौजन्यं गुणिसङ्गमिन्द्रियदमं दानं तपो भावनां
वैराग्यं च कुरूष्व निर्वृत्तिपदे यद्यस्ति गन्तुं मनः ॥८॥

*अन्वय : (हे भव्य!) यदि निवृति पदे गन्तुं मनः (अस्तितर्हि) तीर्थकरे गुरौ य भक्तिं कुरूष्व (एवं) जिनमते संघे च हिंसानृतस्तेयअब्रह्मपरिग्रहाद्युपरमं क्रोधाद्यरीणां जयं सौजन्यं गुणिसङ्गं इन्द्रियदमं तपो भावनां वैराग्यं च कुरूष्व।*

**શબ્દાર્થ :** હે ભવ્ય (यदि) અગર (निर्वृतिपदे) મોક્ષ નગરમાં (गन्तुं) જવાની (मनः) ઈચ્છા હોય તો (तीर्थकरे गुरौच) તીર્થંકર અને સદ્ગુરુની ભક્તિ (कुरूष्व) કર અને (जिनमते संघे च) જિનધર્મ અને જૈન સંઘ પર શ્રદ્ધા ભાવ રાખ (हिंसा) હિંસા (अनृत) અસત્ય, (स्तेय) ચોરી (अब्रह्म) મૈથુન (परिग्रहाद्युपरमं) પરિગ્રહ આદિથી વિરક્તભાવ ધારણકર (क्रोधाद्यरीणां) ક્રોધ માન માયા લોભ આદિ અંતરંગ શત્રુઓને (जयं) જીતી લે, (सौजन्यं) સજ્જનતા સ્વીકાર કર (गुणिसङ्ग) ગુણિજનોની સંગત કર (इन्द्रियदमं) ઈન્દ્રિયોનું દમન કર (दानं) દાન દે, (तपः) તપ કર (भावनां) ભાવના ભાવ અને (वैराग्यं च) વૈરાગ્યનું (कुरूष्व) સેવન કર ॥૮॥

**ભાવાર્થ :** હે ભવ્યાત્મા જો તારે મોક્ષ નગરમાં જવાની ઈચ્છા હોય તો તીર્થંકર, સદ્ગુરુની ભક્તિ કર, જિનધર્મ અને ચતુર્વિધ જિનસંઘ પર શ્રદ્ધા રાખ, હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ આદિથી વિરક્ત બની જા, અંતરંગ ક્રોધાદિ શત્રુઓ પર જય મેળવ, સજ્જનતાનો સ્વીકાર કર, ગુણવાનોની સંગતિ કર, ઈન્દ્રિયોનું દમન કર, લક્ષ્મીના સ્વભાવને ઓળખીને દાન આપ, તપ કર, ભાવનાઓ ભાવ અને વૈરાગ્ય ભાવનું સેવન કર જેથી અતિ શીઘ્રતાથી મોક્ષપદ પ્રાપ્ત થઈ જશે.

**વિવેચન :** ગ્રન્થકારશ્રી આ શ્લોકમાં પોતાને જે જે વિષયો ઉપર વિચારણા કરવાની છે તેના નામો આપવાની સાથે વાચકને સાધકને મોક્ષ મેળવવા માટે આવા કાર્યો કરવાની પ્રેરણા કરે છે. આ શ્લોકમાં દર્શાવેલા કાર્યો કર્યા સિવાય આત્મા મોક્ષનગરમાં જઈ શકતો નથી. આમાં એકવીસ બાબતો બતાવી છે તે નીચે પ્રમાણે છે –

(૧) તીર્થંકર ભક્તિ (૨) ગુરુભક્તિ (૩) જિનમત ભક્તિ (૪) ચતુર્વિધસંઘ ભક્તિ (૫) હિંસા ત્યાગ (૬) અસત્ય ત્યાગ (૭) ચોરી ત્યાગ (૮) મૈથુન ભાવ ત્યાગ (૯) પરિગ્રહ ત્યાગ (૧૦) ક્રોધ પર વિજય (૧૧) માન પર વિજય (૧૨) માયા પર વિજય (૧૩) લોભ પર વિજય (૧૪) સજ્જનતા ધારણ કરવી (૧૫) ગુણિજનોની સંગત કરવી (૧૬) ઈન્દ્રિયોનું દમન કરવું (૧૭) લક્ષ્મીનો સ્વભાવ (૧૮) દાન આપવું (૧૯) તપ કરવો (૨૦) ભાવના ભાવવી (૨૧) વૈરાગ્યભાવની અભિવૃદ્ધિ કરવી.

આ શ્લોકમાં લક્ષ્મીના સ્વભાવની વાત મૂળ શ્લોકમાં નથી પણ દાન ધર્મની વ્યાખ્યા લક્ષ્મીના સ્વભાવને બતાવીને કરવાથી વિશેષ લાભ થાય એમ દાન શબ્દના અન્તર્ગત જ આ પ્રકરણને પણ એમણે ગણી લીધું હશે. તેથી મૂળમાં આ નામ આપ્યું નથી.

આ એકવીસ પ્રકરણો પર હવે વિવેચન ગ્રન્થકારશ્રી પોતે કરે છે.

## (૧) જિનપૂજન પ્રકરણમ્

छंद - शार्दूलविक्रीडितवृत्त

पापं लुम्पति दुर्गतिं दलयति व्यापादयत्यापदं,

पुण्यं सञ्चिनुते श्रियं वितनुते पुष्णाति निरोगताम् ।
सौभाग्यं विदधाति पल्लवयति प्रीतिं प्रसूते यशः,
स्वर्गं यच्छति निर्वृत्तिं च रचयत्यर्चार्हतां निर्मिता ।।९।।

*अन्वय : સુગમ છે. (શબ્દાર્થ અન્વયના અનુસારે જ છે.)*

**શબ્દાર્થ :** (अर्हतां) શ્રી અરિહંતોને (निर्मिता) કરેલી (अर्चा) પૂજા (पापं) પાપને (लुम्पति) કાપે છે (दुर्गतिं) દુર્ગતિનું (दलयति) દલન કરે છે. (आपदं) આપદાનો (व्यापादयति) નાશ કરે છે. (पुण्यं) પુણ્યને (सञ्चिनुते) ભેગું કરે છે. (श्रियं) લક્ષ્મીને (वितनुते) ફેલાવે છે. (नीरोगताम्) આરોગ્યને (पुष्णाति) પુષ્ટ કરે છે. પોષણ કરે છે (सौभाग्यं) સુખને (विदधाति) કરે છે (प्रीतिं) પ્રીતિને (पल्लवयति) વધારે છે (यशः) કીર્તિને (प्रसूते) ઉત્પન્ન કરે છે (स्वर्गं) સ્વર્ગ સુખને (यच्छति) આપે છે અને (निर्वृत्तिं) મોક્ષમાર્ગને (रचयति) બનાવે છે ।।૯।।

**ભાવાર્થ :** શ્રી તીર્થંકર ભગવંતોની કરેલી પૂજા પાપને કાપે છે, દુર્ગતિને મિટાવે છે. આપદાઓનો નાશ કરે છે. પુણ્યને ભેગું કરે છે, લક્ષ્મીનો વિસ્તાર કરે છે. આરોગ્યતાનું પોષણ કરે છે. એને પુષ્ટ કરે છે. સુખને કરે છે, પ્રીતિને વધારે છે, યશને ઉત્પન્ન કરે છે, સ્વર્ગને આપે છે અને મોક્ષમાર્ગને બનાવે છે.

**વિવેચન :** જે જે ભવ્યાત્માઓ તીર્થંકર ભગવંતની દ્રવ્ય અને ભાવપૂજા કરે છે તે ભવ્યાત્માઓને ફળ મળે છે એનું વર્ણન ચાર શ્લોકોમાં ગ્રન્થકારશ્રીએ કર્યું છે. રત્નપાત્રસમ તીર્થંકર ભગવંતની ભક્તિના ફળનું વર્ણન કરીએ એટલું ઓછું જ હોય છતાં નાનું બાળક પણ બે હાથ પહોળા કરીને કહે છે કે 'સમુદ્ર આવડો મોટો હતો' એવી રીતે આપણે પણ ભગવંતની ભક્તિના ફળનું વર્ણન કરીએ. એ વર્ણનને વાંચીને આપણે તીર્થંકરની ભક્તિમાં લયલીન બનીએ.

પ્રથમ શ્લોકમાં કહે છે કે ભગવંતની પૂજા ભક્તના પાપને કાપનારી છે, દુર્ગતિઓનું દલન કરનારી છે, આપદાઓનો તો નાશ જ કરી નાખે છે. પુણ્યનો જત્થો ઘણો ભેગો કરાવે છે. એની પાસે લક્ષ્મીનો વિસ્તાર વધે છે. એનું દેહ અને ભાવ આરોગ્ય પુષ્ટ બને છે. ભૌતિક અને આત્મિક બન્ને પ્રકારના સુખો એને પ્રાપ્ત થાય છે. પ્રીતિ તો વધતી જ જાય એ જ્યાં જાય ત્યાં એને પ્રેમ જ મળે. યશ કીર્તિ ઉત્પન્ન થતી જ રહે છે. મોક્ષ ન મળે ત્યાં સુધી સ્વર્ગાદિકના સુખો આપે અને મોક્ષ નગરનો માર્ગ એ બનાવે છે. એટલે એ માર્ગ પર એ પોતાના આત્માને ચલાવે છે. હવે બીજા શ્લોકમાં પૂજાના ફળને દર્શાવતા કહે છે કે–

छंद - शार्दूलविक्रीडितवृत्त

स्वर्गस्तस्यगृहाङ्गणसहचरी साम्राज्यलक्ष्मीः शुभा,
सौभाग्यादिगुणावलिर्विलसति स्वैरं वपुर्वेश्मनि ।

संसारः सुतरः शिवं करतलक्रोडे लुठत्यञ्जसा,

यः श्रद्धाभरभाजनं जिनपतेः पूजां विधत्ते जनः ॥१०॥

*अन्वय : यः जनः श्रद्धाभरभाजनं जिनपतेः पूजां विधत्ते तस्य गृहाङ्गणम् स्वर्गः (तथा) शुभा साम्राज्यलक्ष्मीः सहचरी (एवं) वपुर्वेश्मनि सौभाग्यादि गुणावलिः स्वैरं विलसति संसारः सुतरः शिवंश्रेयः करतलक्रोडे अञ्जसा लुठति।*

**શબ્દાર્થ :** (यः जनः) જે માણસ (श्रद्धाभरभाजनं) શ્રદ્ધાયુક્ત ચિત્તથી જે રીતે બને એ રીતે (जिनपतेः) જિનેશ્વરદેવની (पूजां) પૂજાને (विधत्ते) કરે છે (तस्य) તેનું (गृहाङ्गणम्) ઘર આંગણું (स्वर्गः) સ્વર્ગ જેવું થઈ જાય છે અને (शुभा) કલ્યાણકારી (साम्राज्य लक्ष्मीः) સામ્રાજ્યરૂપી લક્ષ્મી (એની) (सहचरी) સાથે રહેનારી સ્ત્રીના જેવી થઈ જાય છે અને એના (वपुर्वेश्मनि) દેહરૂપી ઘરમાં (सौभाग्यादिगुणावलिः) સૌભાગ્ય સંપત્તિ આદિ ગુણોની શ્રેણિ (स्वैरं) (યથાસ્યાત્તથા) સ્વતંત્ર જે રીતે હોય એ રીતે (विलसति) રમે છે. વિચરે છે અને એના માટે (संसारः) સંસાર રૂપી સમુદ્ર (सुतरः) સુખે તરી શકાય એવો થઈ જાય છે અને (शिवंश्रेयः) સાધ્યરૂપ મોક્ષ (करतलक्रोडे) હથેલીમાં જ (अञ्जसा) જલ્દીથી (लुठति) લોટે છે. ॥૧૦॥

**ભાવાર્થ :** જે માણસ શ્રદ્ધા યુક્ત ચિત્તથી જે રીતે બને એ રીતે જિનેશ્વર દેવની ભક્તિ કરે છે તેનું ઘર સ્વર્ગ જેવું થઈ જાય છે એનું કલ્યાણ કરનારી સામ્રાજ્ય રૂપી લક્ષ્મી તો એની સ્ત્રીના જેવી થઈને એની સાથે રહે છે. એના આત્મરૂપી ઘરમાં સૌભાગ્ય, સંપત્તિ આદિ ગુણો સ્વતંત્રપણે વિચરે છે. અને એ દુઃખેતરાય એવા સમુદ્રને સુખપૂર્વક તરી જાય છે. અને એના માટે મોક્ષ તો હથેલીમાં જ આવી જાય છે.

**વિવેચન :** ગ્રન્થકારશ્રી પૂજાના માહાત્મ્યની સાથે પૂજાનું ફળ દર્શાવતા થકાં આગળ કહે છે – જે ભવ્યાત્મા ભગવંતની ભક્તિ શ્રદ્ધાયુક્ત મનવાળો થઈને પોતાની શક્તિ અનુસાર કરે છે તેના ઘરનું વાતાવરણ દેવલોકમાં રહેનારા દેવો જેવું બની જાય છે. અને એના ઘરમાં લક્ષ્મી પણ એવી રીતે રહે કે એ લક્ષ્મી એની સ્ત્રીની જેમ એના કલ્યાણમાં જ કામ આવે અર્થાત્ એ લક્ષ્મી દ્વારા એ આત્મ ઉત્થાનના જ કાર્યો કરે અને બીજા અર્થમાં એની સત્તારૂપી લક્ષ્મી એની સ્ત્રીની જેમ રહે છે અર્થાત્ એના વચનને સર્વે લોકો માન્ય કરે એની આજ્ઞાનું કોઈ ઉલ્લંઘન ન કરે એના આત્મમંદિરમાં સૌભાગ્ય આદિ ગુણો સ્વતંત્રપણે રમણ કરે એનું આત્મમંદિર ગુણો રૂપી ખજાનાથી ભરેલું હોય. એ અતિઅલ્પ કાલમાં સંસાર સમુદ્રથી પાર ઉતરી જાય જેથી એની હથેલીમાં જ મોક્ષ આવી ગયો એમ કહેવાયું છે. ત્રીજા શ્લોકમાં ગ્રન્થકારશ્રી પૂજાના ફળને દર્શાવતાં થકાં કહે છે –

छंद - शिखरिणीवृत्त

कदाचिन्नातङ्कः कुपितइव पश्यत्यभिमुखं,

विदूरे दारिद्य चकितमिव नश्यत्यनुदिनम् ।

विरक्ता कान्तेव त्यजति कुगति सङ्गमुदयो,

न मुञ्चत्यभ्यर्णं सुहृदिव, जिनार्चां रचयतः ॥११॥

*अन्वय : जिनार्चां रचयतः आतङ्क कुपित इव कदाचित् अभिमुखं न पश्यति (तथा) दारिद्र्यं चकितं इव अनुदिनम् विदूरे नश्यति (एवं) कुगतिः विरक्ता कान्ता इव सङ्गं त्यजति उदयः (च) सुहृद् इव अभ्यर्णं न मुञ्चति।*

**શબ્દાર્થ :** (जिनार्चां) જિનેશ્વરની પૂજા (रचयतः) કરનારને (आतङ्क) રોગ (कुपित इव) ગુસ્સામાં હોય એમ (कदाचित्) ક્યારેય પણ (अभिमुखं) સામે (न पश्यति) જોતો નથી. એને (दारिद्र्यं) ગરીબાઈ (चकितं इव) ભય પામેલી હોય એમ (अनुदिनम्) નિત્ય (विदूरे) દૂરથી જ (नश्यति) નાસી જાય છે. અને (कुगतिः) દુર્ગતિ તો (विरक्ता) વિરક્ત થયેલી (રાગ વગરની) (कान्ता इव) સ્ત્રીની જેમ (सङ्गं त्यजति) એનો સાથ છોડી દે છે. અને (उदयः) ઉન્નતિ (सुहृद् इव) મિત્રની જેમ (अभ्यर्णं) એની સમીપતાને (न मुञ्चति) છોડતી નથી. ॥૧૧॥

**ભાવાર્થ :** જિનેશ્વરની પૂજા કરનારને બીમારી કુપિત થઈ હોય એમ ક્યારેય એના સામે ન જુએ, ગરીબાઈ ભય પામેલી હોય એમ એનાથી નિત્ય દૂરથી જ નાસી જાય, દુર્ગતિ તો રાગ વગરની સ્ત્રીની જેમ એનો સાથ જ છોડી દે છે અને ઉન્નતી સજ્જન મિત્રની જેમ એની સમીપતાને છોડતી જ નથી.

**વિવેચન :** ત્રીજા શ્લોકમાં વિતરાગ દેવની પૂજા કરનાર ભવ્યાત્માને જિનપૂજાનું ફળ દર્શાવતા કહ્યું કે રોગો તો એના પર એવા કુપિત થઈ ગયા છે કે એની સામે ક્યારેય જોવાના જ નથી એટલે હવે એને કોઈપણ જાતની બીમારી આવવાની નથી. દારિદ્રતા તો એવી ભયભીત બની ગઈ છે કે રોજ એનાથી દૂર નાશી જાય છે અર્થાત્ એ પૂજક હવે કદી દરિદ્ર થવાનો નથી. દુર્ગતિ તો રાગ વગરની સ્ત્રીની જેમ એના સંગને ઈચ્છતી જ નથી. અર્થાત્ હવે એનું દુર્ગતિયોમાં ભ્રમણ થવાનું નથી અને એની ઉન્નતિ તો એનાથી દૂર થતી જ નથી. સતત એની પાસે ને પાસે જ રહે છે. સર્વોત્તમ પૂજ્યોની સેવાભક્તિના આવા ફળો તો અતિઅલ્પ છે. એનાથી પણ વિશેષ ફળો એ મેળવી શકે છે. હવે ચોથા શ્લોકમાં પૂજાના ફળને દર્શાવતા થકા કહે છે કે –

છંદ – शार्दूलविक्रीडितवृत्त

यः पुष्पैर्जिनमर्चति स्मितसुरस्त्रीलोचनैः सोऽर्च्यते,

यस्तं वन्दत एकशस्त्रिजगता सोऽर्हनिशं वन्द्यते;

यस्तं स्तौति परत्रवृत्रदमनस्तोमेन स स्तूयते,

यस्तं ध्यायति क्लृप्तकर्मनिधनः स ध्यायते योगिभिः ॥१२॥

*અન્વય : સુગમ છે.*

**શબ્દાર્થ :** (यः) જે પુરુષ (पुष्पैः) પુષ્પના હારથી (जिनं) શ્રી જિનેશ્વર ભગવંતને

(अर्चति) પૂજે છે (सः) તે (स्मितसुरस्त्रीलोचनैः) હસતાં મોઢા વાળી દેવાંગનાઓના નયનોથી (अर्च्यते) પૂજાય છે. (અને) (यः) જે (तं) તે જિનેશ્વર ભગવંતને (एकदा) એકવાર (वन्दते) વંદન કરે છે (सः) તે (अहर्निशं) રાતદિવસ (त्रिजगता) ત્રણ જગતના જીવો દ્વારા (वन्द्यते) વંદાય છે. (અને) (यः) જે (तं) તે જિનેન્દ્ર ભગવંતની (स्तौति) સ્તુતિ કરે છે (सः) તે (परत्र) પરલોકમાં (वृत्रदमनस्तोमेन) ઇન્દ્રાદિના સમૂહથી (स्तूयते) સ્તવાય છે અને (यः) જે (तं) તે ભગવંતનું (ध्यायति) ધ્યાન કરે છે (सः) તે (क्लृप्तकर्म निधनः) કર્મોનો નાશ કરીને (योगिभिः) યોગિપુરુષો દ્વારા (ध्यायते) ધ્યાન કરાવાય છે. ॥૧૨॥

**ભાવાર્થ :** જે પુરુષ ફુલોના હારથી ભગવંતની પૂજા કરે છે તે હાસ્યયુક્ત દેવાંગનાઓની આંખોથી પૂજાય છે. જે એકવાર જિનેશ્વર ભગવંતને વંદન કરે છે તે રાત દિવસ ત્રણે જગતના જીવો દ્વારા વંદાય છે. જે જિનેન્દ્ર ભગવાનની સ્તુતિ કરે છે તે પરલોકમાં ઇન્દ્રાદિકના સમૂહ વડે સ્તવાય છે. અને જે ભગવંતનું ધ્યાન કરે છે તે કર્મોનો નાશ કરીને યોગી પુરુષો દ્વારા ધ્યાવાય છે.

**વિવેચન :** ચોથા શ્લોકમાં જિનેશ્વર ભગવંતની પૂજા કરનાર વ્યક્તિને તે પૂજાના ફળ રૂપે શું મળે છે તેનું વર્ણન કરતાં થકાં કહે છે કે – જે પુરુષ જિનેશ્વર ભગવંતને ફૂલોના હાર વડે પૂજે છે તેને દેવાંગનાઓ હાસ્યયુક્ત નયનો વડે જુએ છે. તેને પૂજે છે. અર્થાત્ પૂજાના ફળરૂપે પરલોકમાં તે દેવ બને છે અને તેને દેવાંગનાઓ પૂજે છે. જે ભગવંતને એકવાર પણ વંદન કરે છે તેને ત્રણે જગતના જીવો વંદન કરે છે. આ પંક્તિ સિદ્ધસ્તવ સૂત્રની 'ઇક્કોવિ નમુક્કારો' ગાથાની યાદ કરાવે છે. એકવાર પણ કરેલો નમસ્કાર પુરુષ અને સ્ત્રીને તારે છે. અર્થાત્ સાચા ભાવથી ત્રણ યોગ ત્રણ કરણથી એકવારની વંદના પણ આત્માને મુક્તિમાં મોકલે છે અને તે ત્રણે જગતના જીવો વડે વંદનીય બની જાય છે. જે વીતરાગ દેવની સ્તુતિ કરે છે તેની પરલોકમાં ઇન્દ્રોનો સમૂહ અર્થાત્ ચૌસઠ ઇન્દ્રો સ્તુતિ કરે છે. અર્થાત્ તે આવનાર ભવમાં તીર્થંકરાદિ એવી પદવી પામે કે જે પદવીના ઇન્દ્રો પણ ગુણગાન કરે છે. અને જે તે દેવાધિદેવનું ધ્યાન કરે છે તેનાં કર્મસમૂહનો નાશ થાય છે તેથી યોગી પુરુષો તેનું ધ્યાન કરતા થઈ જાય છે અર્થાત્ યોગી પુરુષો માટે તે ધ્યાન કરવા યોગ્ય બની જાય છે.

એ રીતે આ શ્લોકોમાં પરમ પૂજનીય તીર્થંકર ભગવંતોની પૂજા કરનાર વ્યક્તિને શું શું ફળ મળે છે તે સંક્ષેપમાં દર્શાવીને હવે ગ્રન્થકારશ્રી સદ્ગુરુ ભગવંતના મહત્વને દર્શાવતાં થકાં કહે છે.

## સદ્‌ગુરુ મહત્વ પ્રકરણમ્

छंद - वंशस्थवृत्त

**अवद्यमुक्ते पथि यः प्रवर्त्तते, प्रवर्तयत्यन्यजनं च निस्पृहः**

**स एव सेव्यः स्वहितैषिणा गुरुः, स्वयं तरं स्तारयितुं क्षमः परम् ।।१३।।**

*अन्वय : स्वहितैषिणा सः एव गुरुः सेव्यः यः अवद्यमुक्ते पथि प्रवर्त्तते (तथा) निस्पृहः (सन्) अन्यजनं प्रवर्तयति (एवं) स्वयं तरन् परम् तारयितुं क्षमः।*

**શબ્દાર્થ :** (स्वहितैषिणा) પોતાનું હિત ઇચ્છનારા આત્મા માટે (सः एव) તેજ (गुरु) આચાર્ય (सेव्यः) સેવા કરવા યોગ્ય છે કે (यः) જે (अवद्यमुक्ते) નિર્દોષ (पथि) માર્ગ પર (प्रवर्त्तते) ચાલે છે અને (निस्पृहः) (सन्) કોઈપણ જાતનીકામના વગરના થઈને (अन्यजनं) બીજા માનવોને પણ તે સત્ય માર્ગ પર (प्रवर्तयति) ચલાવે છે. (एवं) આ પ્રમાણે (स्वयं) પોતે (तरन्) તરે અને તેઓ જ (परम्) બીજાને સંસાર સમુદ્રથી (तारयितुं) તારવામાં (क्षमः) સમર્થ છે. ।।૧૩।।

**ભાવાર્થ :** પોતાના હિતની ઈચ્છાવાળા આત્માઓએ એવા જ સદ્‌ગુરુની આચાર્યની સેવા કરવી જોઈએ કે જે પોતે નિર્દોષ માર્ગ પર ચાલતા હોય અને બીજા સાધકો પાસે કોઈ પણ કાર્યના બદલાની આશા વગર તે સાધકોને તે સત્ય માર્ગ પર ચલાવે તે સદ્‌ગુરુ પોતે તરે છે અને બીજાને તારવા માટે તેજ સક્ષમ એટલે સમર્થ છે. ।।૧૩।।

**વિવેચન :** આત્મહિતની ભાવનાવાળાને પ્રથમ ચાર શ્લોકમાં દેવાધિદેવની પૂજા અને તેના ફળનું વર્ણન સમજાવીને દેવાધિદેવના સ્થાપેલા શાસનને સંભાળનારા ચલાવનારા સદ્‌ગુરુઓ હોય છે તે સદ્‌ગુરુઓ કેવા હોય તેનું અતિ સંક્ષેપમાં વર્ણન આ ચાર શ્લોકોમાં કરીને સદ્‌ગુરુની ભક્તિમાં જ સર્વ આરાધનાઓનો સમાવેશ થાય છે એ પણ દર્શાવ્યું છે.

આ પ્રથમ શ્લોકમાં પોતાના હિતની ઈચ્છાવાળા સાધકે એવા ગુરુની સેવા કરવી કે જે ગુરુ પોતે જિનાજ્ઞા અનુસાર સાધ્વાચારનું પાલન કરતા હોય. અને નિસ્પૃહવૃત્તિથી અર્થાત્ શિષ્ય અને ભક્તવર્ગ પાસે કોઈપણ જાતની સેવાની પણ આશા રાખ્યા વગર એમને નિર્દોષ માર્ગ પર ચલાવતા હોય, નિર્દોષ માર્ગ સદુપદેશતા હોય તે જ સદ્‌ગુરુ કાષ્ટની નાવ જેવા હોય છે જે પોતે તરે છે અને પોતાની પાસે આવનારને, **પોતાને શરણે આવનારને તારે છે.** કારણ કે એવા સદ્‌ગુરુઓ જ બીજાને તારવા માટે સમર્થ હોય છે. એવા સદ્‌ગુરુઓથી જ આત્મહિત સાધ્ય સુસાધ્ય બને છે. ।।૧૩।।

छंद - मालिनीवृत्त

**विदलयति कुबोधं बोधयत्यागमार्थं,**
**सुगतिकुगतिमार्गौ पुण्यपापे व्यनक्ति;**
**अवगमयति कृत्याकृत्यभेदं गुरुर्यो,**
**भवजलनिधिपोतस्तं विना नास्ति कश्चित् ।।१४।।**

*अन्वय : य गुरुः कुबोधं विदलयति आगमर्थाम् बोधयति सुगतिकुगतिमार्गौ पुण्यपापे व्यनक्ति (तथा) कृत्याकृत्यभेदं अवगमयति तं विना कश्चिद् भवजलनिधिपोतः नास्ति।*

**શબ્દાર્થ :** (यः) જે (गुरुः) આચાર્ય (कुबोधं) અજ્ઞાનનો (विदलयति) નાશ કરે છે (आगमार्थम्) શાસ્ત્રોના રહસ્યો (बोधयति) સમજાવે છે. (सुगतिकुगतिमार्गौ) સુગતિ અને કુગતિના માર્ગ રૂપી (पुण्यपापे) પુણ્ય અને પાપને ધર્મ અને અધર્મને (व्यनक्ति) અલગ–અલગ કરે છે, સમજાવે છે (અને) (कृत्याकृत्यभेदं) કર્તવ્ય અને અકર્ત્તવ્યના ભેદની (अवगमयति) જાણકારી કરાવે છે (तं विना) તેઓ વગર (कश्चिद्) બીજો કોઈ પણ (भवजलनिधिपोतः) દુઃખે પાર પમાય એવા સંસાર સમુદ્રમાંથી પાર કરવાવાળા જહાજ સમાન (नास्ति) નથી. ॥૧૪॥

**ભાવાર્થ :** જે આચાર્ય આત્માઓના અજ્ઞાનનો નાશ કરે છે, શાસ્ત્રોના રહસ્યોને સમજાવે છે, સદ્ગતિ અને દુર્ગતિઓના માર્ગ સ્વરૂપ ધર્મ–અધર્મને અલગ અલગ બતાવે છે, કરવા યોગ્ય અને ન કરવા યોગ્યના ભેદોની જાણકારી કરાવે છે, એવા ગુરુ સિવાય આ સંસાર રૂપી સમુદ્રથી પાર ઉતરવા માટે જહાજ સમાન બીજા કોઈ પણ નથી. ॥૧૪॥

**વિવેચન :** ભવ્યાત્માના માટે મોટામાં મોટો બીજા નંબરનો શત્રુ અજ્ઞાન છે તે અજ્ઞાનનો સદ્ગુરુ વિના કોઈ નાશ કરી શકે નહીં તેથી કહ્યું કે અજ્ઞાનનો નાશ કરે છે અને આગમોના રહસ્યોને સમજાવે છે. આથી એક વાત સિદ્ધ થાય છે કે **આગમો પોતાની મેળે વાંચવાની વસ્તુ નથી.** કારણ કે સદ્ગુરુઓ જ તેના રહસ્યોને જાણતા હોય છે. રહસ્યો આગમોમાં લખેલા હોતા નથી તે તો ગુરુ પરંપરાએ જ પ્રાપ્ત થાય છે. તે પછી સાધક સદ્ગતિ અને દુર્ગતિના કારણ રૂપ ધર્માધર્મને પૃથક્ પૃથક્ રૂપમાં બતાવે છે એનો અર્થ એ થયો કે ધર્મથી સદ્ગતિ અને અધર્મથી દુર્ગતિ આત્માને મળે છે. તેનું વ્યવસ્થિત જ્ઞાન કરાવે છે. કારણ કે પોતાનો માનેલો ધર્મ ક્યારેક અધર્મના ઘરનો પણ હોઈ શકે છે અને ક્યારેક દેખાતો અધર્મ પણ ધર્મ હોઈ શકે છે. તેનું સાચુ સ્વરૂપ સદ્ગુરુઓની પાસે જ મળે છે. પછી કહ્યું કે સાધકને કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય શું શું છે તેનું પૃથક્ પૃથક્ સ્વરૂપ બતાવે છે તેથી સાધક કરવા યોગ્યને આચરણામાં મૂકે અને ન કરવા યોગ્ય થઈ રહ્યું હોય તો તેનાથી મુક્ત થઈ જાય તેનો ત્યાગ કરી દે. એવા સદ્ગુરુ ભગવંતો જ સંસાર રૂપી સમુદ્રમાં ડુબતા જીવોને કાષ્ટની નૌકા સમાન છે, બીજા નહીં. જેઓ પોતે અજ્ઞાની છે, અગામોના તત્ત્વને જાણતા નથી, ધર્માધર્મ જાણતા નથી (ઉત્સર્ગ અપવાદને જાણતા નથી) **સાધ્વાચાર શું? શ્રાવકાચાર શું? અને શીથિલાચાર શું? એના મર્મથી અનભિજ્ઞ હોય એવા બની બેઠેલા ગુરુઓ કઈ રીતે પોતે તરે અને બીજાને તારે?** તેઓ તો આ સંસાર રૂપ સમુદ્રમાં પત્થરની નૌકા સમાન છે. જે પોતે ડુબે અને આશરો લેનારને પણ ડુબાડે. એવા કુગુરુઓથી દૂર રહેવાનો સંકેત કરીને ગ્રન્થકારશ્રી ત્રીજી ગાથામાં દુર્ગતિમાં

જતાં બચાવનાર સદ્ગુરુ સિવાય કોઈ નથી એનું વિશેષ સ્વરૂપ આગળના શ્લોકમાં દર્શાવે છે.

छंद - शिखरिणीवृत्त

पितामाताभ्राताप्रियसहचरीसूनुनिवहः,
सुहृत्स्वामीमाद्यतकरिभटरथाश्वः परिकरः
निमज्जन्तं जन्तुं नरककुहरे रक्षितुमलं,
गुरोर्धर्माधर्मप्रकटनपरात्कोऽपि न परः ॥१५॥

*अन्वय : धर्माधर्मप्रकटनपरात् गुरोः परः कोऽपि नरककुहरे निमज्जन्तं जन्तुं रक्षितुं अलं न (विशेषेण) पितामाताभ्राताप्रियसहचरीसूनुनिवहः सुहृत् स्वामी माद्यत्करिभटरथाश्वः (एवं) परिकरः।*

**શબ્દાર્થ :** (धर्माऽधर्मप्रकटनपरात्) ધર્મ અધર્મને બતાવવા વાળા (गुरोः) ગુરુથી (परः) મોટો (कोऽपि) કોઈપણ આત્મા (नरककुहरे) નરકકુંડમાં (निमज्जन्तं) ડુબતા એવા (जन्तुं) પ્રાણીને (रक्षितुं) બચાવવા (अलं) સમર્થ (न) નથી. (વધારે શું) (पितामाता भ्राताप्रियसहचरी) પિતા, માતા, ભાઈ અને પ્રાણપ્રિયા (सुनुनिवहः) પુત્રોનો સમૂહ (माद्यत् करिभट्टरथाश्वः) મન્દોન્મત્ત હાથી ઘોડા અને યુદ્ધ કરનાઓનો સ્વામી (અને) (परिकरः) બીજા કુટુંબીઓ પણ આ આત્માને બચાવવા અસમર્થ છે. ॥૧૫॥

**ભાવાર્થ :** ધર્માધર્મને બતાવવાવાળા સદ્ગુરુથી વધારે કોઈપણ માનવ પ્રાણીને નરક કુંડમાં પડતાંને બચાવવાં સમર્થ નથી. વધારે શું પિતા, માતા, ભાઈ, પ્રાણપ્યારી સ્ત્રી અને પુત્રોનો સમૂહ, મિત્ર, મદોન્મત્ત હાથી, ઘોડા અને સૈનિકોનો સ્વામી, અને અન્ય કુટુંબીજન આદિ કોઈ પણ પ્રાણી નરકાદિ ગતિયોમાં જતા બચાવવા સમર્થ નથી. ॥૧૫॥

**વિવેચન :** ધર્મ અને અધર્મના સ્વરૂપને દેખાડવાવાળા સદ્ગુરુ ભગવંતો સિવાય કોઈ પણ મનુષ્ય નરકાદિ દુર્ગતિયોમાં ડુબતાં પ્રાણીની રક્ષા કરવા માટે સમર્થ નથી. એમ દર્શાવીને જે જીવો એમ સમજે છે કે 'મારા સ્વજન સંબંધી મારી સુખ-દુઃખમાં રક્ષા કરશે' એમને કહ્યું છે કે વધારે શું કહીએ આ જગતના માતા, પિતા, ભાઈ, પત્ની, પુત્રો, મિત્ર અને મદોન્મત્ત હાથી આદિઓનો સ્વામી અર્થાત્ રાજા આદિ અન્ય કુટુંબીજન દુર્ગતિયોમાં પડતા જીવોને બચાવવા સમર્થ નથી.

આ વિશ્વની કોઈ ભૌતિક શક્તિ દુર્ગતિમાં પડતા જીવને બચાવવા સમર્થ નથી જ. કારણ કે ચક્રવર્તી જે છ ખંડની ઋદ્ધિનો સ્વામી હોય છે અને તે જ્યારે નરકમાં જાય છે ત્યારે એને નરકમાં જતાં બચાવવા એની સેવામાં રહેલા સોળ હજાર દેવતાઓ, એના બત્તીસ હજાર મુકુટબદ્ધ રાજા અને એની ચક્રવૃત્તિની ચૌદ રત્ન-નવનિધાન રૂપી ઋદ્ધિ કોઈ પણ સમર્થ થઈ શકતા નથી એને નરકમાં જવું જ પડે છે.

આ ભવના દુઃખને પણ દૂર કરવાની શક્તિ ભૌતિક શક્તિઓમાં નથી એમ સ્પષ્ટ

દેખાય છે. જેમ કે – બ્રહ્મદત્ત ચક્રવર્તીની આંખો એક નિશાન બાજે ફોડી ત્યારે એની સેના અને રાજાઓ એની પાસે જ હતા. કોઈપણ એની આંખોને બચાવી શક્યા નથી. અરે એની રીદ્ધિ અને એના રાજ વૈદ્યો એની આંખોનું તેજ પાછું લાવી શક્યા નથી. અરે એની સેવામાં એની પાસે રહેલાં દેવતાઓ પણ એને એની આંખોનું તેજ પાછું આપી શક્યા નથી. તેથી જ ગ્રન્થકારશ્રીએ કહ્યું છે કે સદ્‌ગુરુ ભગવંતો સિવાય કોઈ એને દુર્ગતિમાં જતાં બચાવી શકતા નથી. ॥૧૫॥

छंद - शार्दूलविक्रीडितवृत्त

**किं ध्यानेन भवत्वशेषविषयत्यागैस्तपोभिः कृतं,**
**पूर्णं भावनयालमिन्द्रियदमैः पर्याप्तमाप्तागमैः**
**किंत्वेकं भवनाशनं कुरु गुरुप्रीत्या गुरोः शासनं**
**सर्वे येन विना विनाथबलवत्स्वार्थायनालं गुणाः ॥१६॥**

***अन्वय :*** *ध्यानेन किं अशोषविषयत्यागैः भवतु तपोभिः कृतं भावनया पूर्णं इन्द्रियदमैः अलं आप्तागमैः पर्याप्तम् किन्तु भवनाशनं एकं गुरोः शासनं गुरुप्रीत्या कुरू (यतः) येन विना सर्वेगुणाः विनाथबलवत् स्वार्थाय अलं न।*

**શબ્દાર્થ :** (ध्यानेन) પ્રભુના ધ્યાનથી (किं) શું કામ છે? (अशेष विषयत्यागैः) સર્વ વાસનાના ત્યાગથી (भवतु) કાંઈ લાભ નથી. (तपोभिः) તપશ્ચર્યાથી પણ (कृतं) થઈ રહ્યું (शुभभावनया) સદ્‌ભાવનાથી પણ (पूर्णं) સર્યું (इंद्रियदमैः) ઈંદ્રિયનિગ્રહથી પણ (अलं) કાંઈ સિદ્ધ થવાનું નથી. (आप्तागमैः) આપ્તપુરુષો દ્વારા પ્રરૂપિત આગમના અધ્યયનની પણ (पर्याप्तम्) આવશ્યકતા નથી (કિન્તુ) (भवनाशनं) સંસાર રૂપી સમુદ્રથી પાર ઉતારવાવાળા (एकं) એક (गुरोः शासनं) ગુરુની આજ્ઞાને જ (गुरुप्रित्याकुरू) ઘણા પ્રેમથી સ્વીકાર કર કારણ કે (येन विना) જે વિના (सर्वे गुणाः) સર્વ ગુણો (विनाथबलवत्) નાયક વગરની સેના જેવા છે (स्वार्थाय) તેથી તે પોતાનું કાર્ય સિદ્ધ કરવા માટે (अलं) સમર્થ (न) નથી. ॥૧૬॥

**ભાવાર્થ :** ભગવંતના નામસ્મરણ રૂપ ધ્યાનથી શું કામ છે? સર્વે જાતની વિષયવાસનાઓનો ત્યાગ કરવાથી શું મતલબ છે? તપશ્ચર્યા કરવાથી સર્યુ, સદ્‌ભાવનાઓ ભાવવાથી કાંઈ થવાનું નથી. ઈંદ્રિયોનો નિગ્રહ કરવાથી કોઈ કાર્ય સિદ્ધ થવાનું નથી. આગમોના અધ્યયનની આવશ્યકતા નથી. પણ સંસાર રૂપી સમુદ્રથી પાર ઉતારવાવાળા એક ગુરુ આજ્ઞાનું ઘણાં જ પ્રેમથી પાલન કર કારણ કે એ વિના સર્વે ગુણો સ્વામી વગરની સેના જેવા પોતાના સ્વાર્થ (કાર્યને) સિદ્ધ કરવા સમર્થ નથી. ॥૧૬॥

**વિવેચન :** આ ચોથા શ્લોકમાં ગ્રન્થકારશ્રી સદ્‌ગુરુ ભગવંતની આજ્ઞા પાલનની મહત્તા દર્શાવતાં થકાં કહે છે કે – જે આત્માને પોતાનું આત્મહિત સાધવું છે એણે એકમેવ **સદ્‌ગુરુ આજ્ઞાનું ઘણાં જ પ્રેમથી પાલન કરવું** કારણ કે તેના વિના પ્રભુના નામ સ્મરણ

રૂપ ધ્યાન, વિષયવાસનાઓનો ત્યાગ, માસક્ષમણાદિ તપ, શુભભાવનાઓ ભાવવી, ઈંદ્રિય નિગ્રહ અને આગમોના અધ્યયનરૂપી ગુણો નાયક વિનાની સેના જેવા હોઈને આત્મહિત સાધવા માટે સમર્થ બની શકતા નથી. તે કાર્યો કરવાથી અંશમાત્ર આત્માને લાભ થતો નથી. અને સદ્‌ગુરુ આજ્ઞાના પાલન પૂર્વક યત્કિંચિત્ થોડું અનુષ્ઠાન અનંતગુણ લાભ આપનાર બને છે. એ માટે પ્રત્યેક સાધકે આત્મહિત સાધવા માટે સદ્‌ગુરુવરની આજ્ઞા અનુસાર જ ધર્માનુંષ્ઠાન કરવું જોઈએ જેથી અતિશીઘ્રતાથી ભવસમુદ્રનો પાર પામી શકાય. ॥૧૬॥

સુદેવ અને સુગુરુની ભક્તિના મહાત્મ્ય અને ફળને દર્શાવીને હવે, જિનધર્મની મહત્તા અને એની આરાધના દ્વારા થનારા ફળને દર્શાવવા ચાર શ્લોક કહે છે.

## જિનમત મહત્વ

छंद - शिखरिणीवृत्त

न देवं नादेवं न शुभगुरुमेवं न कुगुरुं,
न धर्मं नाऽधर्मं नगुणपरिणद्धं न विगुणम्;
न कृत्यं नाऽकृत्यं नहितमहितं नापि निपुणं,
विलोकन्ते लोका जिनवचनचक्षुर्विरहिताः ॥१७॥

*अन्वय : जिनवचनचक्षुर्विरहिताः लोकाः न देवं न अदेवं न शुभगुरुं (एवं) न कुगुरुं न धर्मं न अधर्मं न गुणपरिणद्धं न विगुणम् न कृत्यं न अकृत्यं न हितं न अहितं अपि निपुणं न विलोकन्ते।*

**શબ્દાર્થ :** (जिनवचनचक्षुर्विरहिताः) જિનાગમ રૂપી આંખો વગર (लोकाः) મનુષ્ય (न देवं न अदेवं) ન સુદેવ અને ન કુદેવને (न शुभगुरुं) ન સદ્‌ગુરુને (न कुगुरुं) ન કુગરુને (न धर्मं न अधर्मं) ન ધર્મને ન અધર્મને (न गुणपरिणद्धं) ન ગુણવંતને (न विगुणम्) ન ગુણહીનને (न कृत्यं) ન કરવા જેવાને (न अकर्त्तव्यं) ન નહી કરવા જેવાને (न हितं) ન હિતકારીને (न अहितं) ન અહિતકારીને (अपि निपुणं) એ સર્વેને પણ સારી રીતે (न विलोकन्ते) જોઈ શકતા નથી. ॥૧૭॥

**ભાવાર્થ :** જિનવચનના સંગ્રહ રૂપી જિનાગમ રૂપી આંખોથી રહિત માનવો, નથી તો સુદેવને, નથી તો કુદેવને, નથી તો સદ્‌ગુરુને, નથી કુગુરુને, નથી ધર્મને, નથી અધર્મને, નથી ગુણવાનને, નથી નિર્ગુણીને, નથી સત્કૃત્યને, નથી અકૃત્યને, નથી હિતને, નથી અહિતને એ સર્વેને પણ સારી રીતે જોઈ શકતા નથી. ॥૧૭॥

વિવેચન : ગ્રન્થકારશ્રી એ જિનધર્મ મહાત્મ્યના પ્રથમ શ્લોકમાં જિનાગમને ચક્ષુની ઉપમાં આપીને કહ્યું છે કે જિનવચન રૂપી ચક્ષુ જે ભવ્યાત્મા પાસે નથી એ આત્મા સુદેવ અને કુદેવને, સુગુરુ અને કુગુરુને, સુધર્મ અને કુધર્મને, ગુણવાન અને નિર્ગુણીને, સત્કૃત્ય અને અકૃત્યને, હિતકારી અને અહિતકારી કાર્યોને નિપુણ બુદ્ધિપૂર્વક એટલે સુક્ષ્મતાથી જોઈ

શકતો નથી. એ આત્મા દેવગુરુ આદિમાં 'સુ' અને 'કુ'ના ભેદ ન માનીને સર્વને એકસમાન માનીને વર્તતો હોય છે. તેના માટે ગોળ અને ખોળ, અમૃત અને વિષ એકસમાન હોય છે. એવા આત્માઓ પોતાનું અહિત કરે છે. એમ ગ્રન્થકારશ્રીએ સ્પષ્ટ કહીને આ વાત પણ કહી દીધી કે પ્રત્યેક આત્મએ જિનાગમ રૂપી ચક્ષુથી જ પ્રત્યેક પદાર્થને જોવો. અને આ વાત 'આગમચક્ખુસાહુ' એવા આગમોક્ત વચનની જ આવૃત્તિ છે. આગમોમાં લખ્યું છે કે સાધુ આગમરૂપી આંખવાળો હોય છે. ।।૧૭।।

જે આત્માએ જિનવાણીનું શ્રવણ કર્યું નથી તેને ઉપાલંભ આપતા કહે છે કે –

छंद - शार्दूलविक्रीडितवृत्त

**मानुष्यं विफलं वदन्ति हृदयं व्यर्थं वृथाश्रोत्रयो-**
**र्निर्माणं गुणदोषभेदकलनां तेषामसंभाविनीम्;**
**दुर्वारं नरकान्धकूपपतनं मुक्तिं बुधा दुर्लभां,**
**सार्वज्ञः समयो दयारसमयो येषां न कर्णातिथिः ।।१८।।**

*अन्वय : दयारसमयः सार्वज्ञः समयः येषां कर्णातिथिः न बुधाः तेषां मानुष्यं विफलं वदन्ति, (अस्य च) हृदयं व्यर्थं श्रोत्रयोर्निर्माणं वृथा, (एतेषां) गुणदोष-भेदकलनाम् असंभाविनीम्, नरकान्धकूपपतनं दुर्वारं, मुक्तिं दुर्लभाम्।*

**શબ્દાર્થ :** (दयारसमयः) દયારસથી એકમેક (सार्वज्ञः) સર્વજ્ઞ ભગવંતનો (समयः) ઉપદેશ (येषां) જેઓના (कर्णाऽतिथि न) કર્ણપટલ પર આવ્યો નથી. (बुधाः) પંડિતલોગ જ્ઞાની મહાત્મા (तेषां) તેવા આત્માઓનો (मानुष्यं) માનવભવ (विफलं) નિષ્ફલ (वदन्ति) કહે છે (અને એમના) (हृदयं) હૃદયને ચિત્તને (व्यर्थं) નકામું કહે છે (श्रोत्रयोर्निर्माणं) કર્ણોનું નિર્માણ એમને કાનોની પ્રાપ્તિ (वृथा) વ્યર્થ છે. નકામી છે. (એઓમાં) (गुणदोषभेदकलनाम्) ગુણ અને દોષોના નિરૂપણની વ્યવસ્થા (असंभाविनीम्) અસંભવિત જ છે. એઓનું (नरकान्धकूपपतनं) નરકરૂપી અન્ધારા કૂવામાં પડવાનું (दुर्वारं) દૂર કરી શકાય એમ નથી. વધારે તો શું એઓને (मुक्तिं) મોક્ષ પણ (दुर्लभाम्) દુષ્પ્રાપ્ય છે.।।૧૮।।

**ભાવાર્થ :** દયારસથી એકમેક જિનેશ્વર ભગવંતનો ઉપદેશ જે માનવોના કાનોમાં પડ્યો નથી તેઓનો માનવભવ જ્ઞાનીપુરુષો વ્યર્થ કહે છે તેમને હૃદયથી કાંઈ લાભ નથી. તેઓને કાનની પ્રાપ્તિ કાંઈ કામની નથી, એમનામાં ગુણ અને દોષના વિભાજનની શક્તિ હોઈ શકતી નથી એમનું નરકરૂપ અન્ધારા કૂવામાં પડવાનું કોઈ રોકી શકે એમ નથી. અને એઓને મુક્તિની પ્રાપ્તિ પણ દુષ્પ્રાપ્ય છે, દુર્લભ છે. ।.૧૮।।

**વિવેચન :** જિનધર્મની મહત્તા દર્શક બીજા શ્લોકમાં ગ્રન્થકારશ્રી જિનવાણી શ્રવણ વગરના જીવનને નિરર્થક દર્શાવતાં થકાં કહે છે જે આત્માએ કરૂણારસથી એકમેક બનેલા તીર્થંકર ભગવંતનો દયામય ઉપદેશ સાભળ્યો નથી. તે આત્માના માનવભવને જ્ઞાનિયો નિરર્થક કહે છે કારણ કે માનવભવનું પ્રથમ કાર્ય છે. જિનવાણીનું શ્રવણ કરવું અને તે તે આત્મા

કરતો નથી તેથી તે આત્માનો માનવભવ નિષ્ફલ છે. તેને મળેલું હૃદય પણ કાંઈ કામનું નથી કારણ કે હૃદયમાં દયાનો અંકુરો જિનવાણીના શ્રવણ સિવાય પ્રગટવાનો નથી. તેમજ તેને મળેલા કાન નકામા છે. જે કાન અમૃતમય જિનવાણી ન સાંભળે અને વિષમય બીજા વચનો સાંભળે તો તે કાન શું કામના? અને પોતાના જીવનમાં ઉતારવા જેવા ગુણો અને જીવનમાંથી દૂર કરવા જેવા દોષોનું વિભાગીકરણ કરવાનું કાર્ય એના માટે અસંભવિત છે કારણ કે આ બાબતનું સ્પષ્ટ સ્વરૂપ જિનવાણી સાંભળવાથી જ મળે છે. અને ગુણદોષોના વિભાગીકરણ વગરનું જીવન અનાચારોના સેવનથી યુક્ત થવાથી તે આત્માનું નરક રૂપી અંધારા કુવામાં પડવાનું સહજ છે તેને દૂર કરવા માટે તે અસમર્થ છે. અને વધારે તો શું કહેવાય તેના માટે મુક્તિનું સુખ દુષ્પ્રાપ્ય છે, દુર્લભ છે.॥૧૮॥

જિનવાણીના શ્રવણ વગરનું જીવન આવી રીતે નિષ્ફલ બતાવીને જે આત્માઓ જિનદર્શનને બીજા દર્શનોની જેમ સરખાવે છે તેઓને ઉદ્દેશીને ત્રીજા શ્લોકમાં કહે છે કે–

छंद - शार्दूलविक्रीडितवृत्त

**पीयूषं विषवज्जलं ज्वलनवत्तेजस्तमस्तोमव-**
**न्मित्रंशात्रववत्स्रजं भुजङ्गवच्चिन्तामणिं लोष्ठवत् ।**
**ज्योत्सनां ग्रीष्मजघर्मवत् स मनुते कारुण्यपण्यापणं,**
**जैनेन्द्रमतमन्यदर्शनसमं योदुर्मतिर्मन्यते ॥१९॥**

***अन्वय :*** *यः दुर्मतिः कारूण्यापणं जैनेन्द्रं मतम् अन्य दर्शनसमं मन्यते सः पीयूषं विषवत् जलं ज्वलनवत् तेजः तमस्तोमवत् मित्रं शात्रववत् स्त्रजं भुजङ्गवत् चिन्तामणिं लोष्ठवत् ज्योत्स्नां ग्रीष्मज्घर्मवत् मनुते।*

**શબ્દાર્થ :** (यः दुर्मतिः) જે દુર્મતિ મૂર્ખ (कारुण्यपण्यापणं) દયાની દુકાનની જેમ (जैनेन्द्रं मतम्) જિનેશ્વરના ધર્મને (अन्यदर्शनसमं) બીજા ધર્મોની સમાન (मन्यते) માને છે (મનાવે છે) (सः) તે મૂર્ખ (पीयूषं) અમૃતને (विषवत्) ઝેર સરખું (વિષ સમાન) (जलं) જલને (ज्वलनवत्) આગ જેવું (तेजः) પ્રકાશને (तमस्तोमवत्) અંધકારના સરખું (मित्रं) મિત્રને (शात्रववत्) શત્રુ સરખો (स्त्रजं) ફૂલોના હારને (भुजङ्गवत्) સર્પ જેવો (चिन्तामणिं) ચિન્તામણિરત્નને (लोष्ठवत्) પત્થરના ટુકડા જેવો (અને) (ज्योत्स्नां) ચંદ્રમાની નિર્મલ કાંતિને (ग्रीष्मजघर्मवत्) ઉનાળાની ઋતુમાં ધૂપ જેવી (मनुते) માને છે. ॥૧૯॥

**ભાવાર્થ :** જે મૂર્ખ દયાની દુકાન જેવા જિનદેવપ્રરૂપિત ધર્મને બીજા ધર્મની સાથે સરખાવે છે (બીજા ધર્મોની સમાન છે એમ માને છે–મનાવે છે) તે મૂર્ખ માણસ અમૃતને વિષના જેવું, જલને અગ્નિ જેવું, પ્રકાશને અંધકાર તુલ્ય, હિતૈષીને શત્રુ સમાન, પુષ્પહારને સર્પની જેવો, ચિંતામણિરત્નને પત્થરના ટુકડા જેવો અને ચંદ્રમાની નિર્મલ કાંતિને ઉનાળાના ધૂમતડકા જેવો માને છે. ॥૧૯॥

**વિવેચન :** આ ત્રીજા શ્લોકમાં જિનધર્મને બીજા ધર્મોની સાથે સરખાવનારાઓને દૃષ્ટાંતો દાખલાઓ દ્વારા કહ્યું છે કે તમે જે કરી રહ્યા છો તે કેટલું યોગ્ય છે તેના ઉપર પાછો વિચાર કરજો. જે લોકો કરૂણાપ્રધાન કેવલિ પ્રરૂપિત ધર્મને અન્ય ધર્મોની હરોળમાં મૂકે છે. તેઓ આ વિચાર જ કરતા નથી કે યજ્ઞમાં પશુને હોમવામાં ધર્મ માનનારની અહિંસા અહિંસાના ઘરની જ નથી એવા ધર્મોની હરોળમાં જિનધર્મને મૂકીને તો તેઓ અમૃતને વિષ, જલને અગ્નિ, મિત્રને શત્રુ, પુષ્પહારને સર્પ, ચિંતામણિને પત્થર અને ચન્દ્રમાંની શીતળતાને ધૂમતડકા જેવો માનનારના જેવા મૂર્ખ માણસોમાં પોતાનો નંબર લગાડે છે. જે અમૃત જેવો ધર્મ છે તેને બીજા ધર્મોની હરોળમાં મૂકવો એ પોતાની મૂર્ખાઈનું પ્રદર્શન જ છે. અમૃતનું અમૃતપણું એને વિષની હરોળમાં મૂકવાથી જતું નથી પણ પોતાની મૂર્ખતા પ્રકટ થાય છે એમ માનીને આ પ્રવૃત્તિથી દૂર રહેવું.

વર્તમાન કાળમાં ઘણાં કહેવાતા ધર્મિઓને પ્રચારનું ભુત વળગેલું છે તે પ્રચારના મોહમાં જિનધર્મને બીજા ધર્મોની સાથે સરખાવે છે અને આ જૈન ધર્મ જે વિશ્વમાં પ્રથમ નંબરે છે તેને વિશ્વમાં આઠમો ધર્મ બન્યો એમ ગર્વપૂર્વક બોલે છે, લખે છે તે વાસ્તવમાં સ્વપરનું અહિત જ કરે છે એ નિશ્ચિત છે. ॥૧૯॥

ગ્રન્થકારશ્રી ચોથા શ્લોકમાં ધર્મની અમાપ શક્તિનું અને ધર્માચરણના ફળનું સંક્ષેપમાં વર્ણન કરીને સાધકોની શ્રદ્ધાને સુદૃઢ બનાવે છે.

छंद - शार्दूलविक्रीडितवृत्त

**धर्मंजागरयत्यघं विघटयत्युत्थापयत्युत्पथं,**
**भिन्ते मत्सरमुच्छिनत्ति कुनयं मथ्नाति मिथ्यामतिम् ।**
**वैराग्यं वितनोति पुष्यति कृपां मुष्णाति तृष्णां च य-**
**त्तज्जैनं मतमर्चति प्रथयति ध्यायत्यधीते कृती ॥२०॥**

***अन्वय :*** *कृती यत् जैनं मतम् अर्चति प्रथयति ध्यायति अधीते तत् धर्मम् जागरयति, अघं च विघटयति, उत्पथं उत्थापयति मत्सरं भिन्ते कुनयं उच्छिनत्ति मिथ्यामतिम् मथ्नाति वैराग्यं वितनोति कृपां पुष्यति तृष्णां मुष्णाति।*

**શબ્દાર્થ :** (कृती) વિદ્વાન પુરુષ (यत्) જે (जिनमतम्) જિન ધર્મની (अर्चति) પૂજા કરે છે (प्रथयति) તેની પ્રશંસા કરે છે. (ध्यायति) તેનું ધ્યાન કરે છે. (अधीते) જિનાગમનું અધ્યયન કરે છે. (तत्) તે જિનધર્મ (धर्मम्) માનવ ધર્મને માનવ ભવના કર્તવ્યોને (जागरयति) જાગૃત કરે છે (अघं) પાપનો (विघटयति) નાશ કરે છે (उत्पथं) ઉન્માર્ગનું (उत्थापयति) ઉત્થાપન કરે છે (मत्सरं) ઈર્ષ્યાને (भिन्ते) દૂર કરે છે (कुनयं) અન્યાયને (उच्छिनत्ति) ઉખેડીને ફેંકી દે છે. (मिथ्यामतिम्) મિથ્યાબુદ્ધિનું (मथ्नाति) મંથન કરીને નાશ કરે છે. (वैराग्यं) વૈરાગ્ય ભાવનાનો (वितनोति) વિસ્તાર કરે છે. (कृपां) કરુણાંને (पुष्यति) પુષ્ટ કરે છે. (અને) (तृष्णां) માનસિક મૃગતૃષ્ણાંની (मुष्णाति) ચોરી કરે છે,

દૂર કરે છે. ॥૨૦॥

**ભાવાર્થ :** જે વિદ્વાન જિનધર્મની પૂજા કરે છે, પ્રશંસા કરે છે, તેનું ધ્યાન કરે છે અને તેનું અધ્યયન કરે છે તે જિનધર્મ માનવના માનવધર્મને ઉજાગર કરે છે, પાપનો નાશ કરે છે, ઉન્માર્ગનું ઉત્થાપન કરે છે, ઈર્ષ્યાને દૂર કરે છે, અન્યાયને ઉખેડીને ફેંકી દે છે (અસત્ય) મિથ્યાત્વની બુદ્ધિનું મંથન કરીને એનો નાશ કરે છે, વૈરાગ્ય ભાવમાં વધારો કરે છે, કરુણાની પુષ્ટી કરે છે અને માનસિક તૃષ્ણાંની તો ચોરી જ કરી દે છે એને દૂર કરી દે છે. ॥૨૦॥

**વિવેચન :** વિદ્વાન પુરુષો દ્વારા પૂજિત, પ્રશંસિત, ધ્યાયિત અને અધિત જિનધર્મ માનવોમાં રહેલા માનવધર્મને જાગૃત કરે છે. અર્થાત્ માનવજીવનના કર્તવ્યોમાં મોક્ષ પુરુષાર્થ સર્વશ્રેષ્ઠ પુરુષાર્થ છે એનું જ્ઞાન કરાવીને એને જાગૃત કરે છે. જિનધર્મ સર્વ પાપોનો નાશ કરે છે. ઉન્માર્ગનું ઉત્થાન કરે છે, અર્થાત્ જીવોને સતત્ એમના ઉત્થાનનો સન્માર્ગ જ દર્શાવે છે. ઉન્માર્ગે ચાલનારાઓને ઉન્માર્ગની ભયંકરતા સમજાવે છે જેથી તેઓ ઉન્માર્ગથી સન્માર્ગમાં આવી જાય છે. ઈર્ષ્યાને દૂર કરે છે. જિનધર્મ સર્વે જીવોને પોતાના જેવા માનવાનું કહે છે જેથી કોઈ જીવ પર ઈર્ષ્યા આવે જ નહીં, અન્યાયને ઉખેડીને ફેંકી દે છે. ન્યાયમાર્ગની નીંવ પર ટકી રહેલો જિનધર્મ અન્યાયની જડને જ ઉખેડીને ફેંકી દે છે. કારણ કે જિનધર્મ લોભ અને પરિગ્રહ સંજ્ઞાને પાપનું મૂળ કારણ સમજાવે છે. અને એ બેની પુષ્ટિ માટે જ અન્યાય માર્ગ છે એ બેને જ ઉખેડીને ફેંકી દેવાનો ઉદ્ઘોષ કરનાર જિનધર્મ જ છે તેથી તે અન્યાયને ઉખેડીને ફેંકી દેનારો કહેવામાં આવ્યો છે. મિથ્યાત્વ બુદ્ધિનું મંથન કરીને નાશ કરે છે. અર્થાત્ મિથ્યાત્વ ગ્રંથીના ભેદનની વાત જિનધર્મે જ કરી છે. બીજે કયાંય આવી વાત જ નથી. તેથી તેને (મિથ્યાત્વને) મંથન કરીને નષ્ટ કરવાનું કહ્યું છે. જિનધર્મ જ વીતરાગતાની વાત કરે છે. તેથી તે ધર્મ વિરાગભાવ વૈરાગ્યભાવનો વિસ્તાર કરાવનાર છે. જિનધર્મ જેવી કરુણા બીજે શોધી જડે એમ જ નથી. સુક્ષ્મમાં સૂક્ષ્મ જીવની પણ વિરાધનાથી બચવાનું કહીને જિનધર્મે કરુણાની પુષ્ટી કરી છે. અને આત્મામાં માનસિક તૃષ્ણાંને રહેવા જ ન દેનાર જિનધર્મ વાસ્તવમાં માનસિક તૃષ્ણાની ચોરી કરનાર જ છે.॥૨૦॥

એ પ્રમાણે ચાર શ્લોકમાં જિનધર્મની મહત્તાનું સંક્ષેપમાં સ્વરૂપ દર્શાવીને એ જિનધર્મને આચરણામાં મૂકનાર જે સંઘ તે સંઘ કેવો હોય, તે સંઘની પૂજાથી શું મળે ઇત્યાદિ વાતો ગ્રન્થકારશ્રીએ આગળના શ્લોકમાં કહી છે.

## સંઘ પ્રકરણમ્

છંદ - शार्दूलविक्रीडतवृत्त

रत्नानामिवरोहणक्षितिधरः खं तारकाणामिव,
स्वर्गः कल्पमहीरुहामिव सरः पङ्केरुहाणामिव;

पाथोधिः पयसामिवेन्दुमहसां स्थानं गुणानामसा,
वित्यालोच्य विरच्यतां भगवतः संघस्य पूजाविधिः ॥२१॥

*अन्वय : रत्नानां रोहणक्षितिधरः इव, तारकाणां खं इव, कल्पमहीरुहां स्वर्ग इव, पङ्केरुहाणाम् सर इव, इन्दुमहसां पयसां पाथोधिः इव असौ गुणानां स्थानम् इति आलोच्य भगवतः सङ्घस्य पूजाविधिः विरच्यताम्।*

**શબ્દાર્થ :** (रत्नानां) અમુલ્ય રત્નોને ઉત્પન્ન કરનાર (रोहणक्षितिधरः) રોહણાચલ નામના પર્વત (इव) જેવો (तारकाणां) તારાઓ માટે (खं इव) આકાશ જેવો (कल्पमहीरुहां) કલ્પવૃક્ષો માટે (स्वर्गः इव) સ્વર્ગ જેવો (पङ्केरुहाणाम्) કમલો માટે (सरःइव) સરોવર જેવો, (इन्दुमहसां) ચંદ્રમાં સરખા ઉજ્વલ (पयसां) જલ માટે (पाथोधिः) સમુદ્ર જેવો (असौ) આ શ્રી સઙ્ઘ (गुणानां) સર્વે ગુણોનું (स्थान्) જન્મસ્થાન છે. (इति) એમ (आलोच्य) વિચારીને (भगवतः) ભગવત્સ્વરૂપ (सङ्घस्य) શ્રીસંઘની (पूजाविधिः) પૂજનવિધિ (विरच्यतां) કરજો. ॥૨૧॥

**ભાવાર્થ :** અમૂલ્ય રત્નોને ઉત્પન્ન કરનાર રોહણાચલ પર્વત જેવો, તારાઓ માટે આકાશ સમાન, કલ્પવૃક્ષો માટે સ્વર્ગ સમાન, કમલો માટે સરોવર સમાન, ચન્દ્રમાં જેવા ઉજ્જવલ જલ માટે સમુદ્ર સમાન આ શ્રીસંઘ સર્વે ગુણોનું જન્મ સ્થાન છે એવો વિચાર કરીને આ શ્રીસંઘની પૂજાવિધિ કરવી. ॥૨૧॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી સંઘ સ્તુતિના પ્રથમ શ્લોકમાં સંઘ કોના જેવો છે તે દર્શાવે છે. જેમ રોહણાચલ પર્વત અમૂલ્ય રત્નોને ઉત્પન્ન કરે છે તેમ આ શ્રીસંઘ, તીર્થંકર, ગણધર, પૂર્વધર, યુગપ્રધાન, આચાર્ય, ઉપાધ્યાય અને સુસાધુ જેવા નરરત્નોને ઉત્પન્ન કરે છે. આકાશ તારાઓને ઉત્પન્ન કરે છે, સરોવર કમળોને ઉત્પન્ન કરે છે અને સમુદ્ર ચંદ્રમા જેવા ઉજ્જવલ જલને ઉત્પન્ન કરે છે એમ શ્રીસંઘ સર્વે ગુણોનું જન્મ સ્થાન છે. અર્થાત્ જગતમાં જેટલાં પણ ગુણો છે તે સર્વ ગુણો સંઘથી જ ઉત્પન્ન થાય છે. ચતુર્વિધ સંઘ છે તો જ ગુણો છે. ચતુર્વિધસંઘ નથી તો ગુણો પણ નથી. એમ સારી રીતે વિચાર કરીને ભગવત્સ્વરૂપ **સાક્ષાત્ તીર્થંકરની સમાન આ શ્રીસંઘની પૂજા ભક્તિ કરવી જોઈએ.**

આ શ્લોકમાં ગ્રન્થકારશ્રીએ સંઘને ભગવતઃ શબ્દથી સંબોધિને સંઘની મહત્તાનું સ્પષ્ટીકરણ કરી દીધું છે. એ સંઘ જિનાજ્ઞાનુસાર આચરણા કરનાર જ હોય. જે જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરનાર હોય તેને તો શ્રી હરિભદ્રસૂરિજીએ **હાડકાનો માળો** કહી દીધો છે. તેથી જે **તે નામધારી સંઘની પૂજા ભક્તિનું વિધાન જિનશાસનમાં નથી** એ પણ સમજી લેવું. ॥૨૧॥

छंद - शार्दूलविक्रीडितवृत्त

यः संसारनिरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते,
यं तीर्थं कथयन्ति पावनतया ये नास्ति नान्यः समः।

यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते,
स्फूर्तिर्यस्य परावसन्ति च गुणा यस्मिन् स सङ्घोऽर्च्यताम्॥२२॥

*अन्वय : यः संसारनिरासलालसमतिः मुक्त्यर्थम् उत्तिष्ठते यं पावनतया तीर्थं कथयन्ति येन समः अन्यः न अस्ति (एवं) अस्मै स्वयं तीर्थपतिः नमस्यति यस्मात् सतां शुभं जायते यस्य परा स्फूर्तिः यस्मिन् गुणाः वसन्ति सः सङ्घः अर्च्यताम्।*

**શબ્દાર્થ :** (यः) જે શ્રીસંઘ (संसारनिरासलालसमतिः) (સન્) સંસાર છોડવાની તીવ્ર ઈચ્છાવાળો થઈને (मुक्त्यर्थम्) મોક્ષ મેળવવા માટે (उत्तिष्ठते) પ્રયત્ન કરે છે. (અને ભવ્યાત્માઓ) (यं) જેને (पावनतया) અત્યંત પવિત્ર હોવાથી (तीर्थं) તીર્થસ્વરૂપ (कथयन्ति) કહે છે (તથા) (येन समः) જેની સમાન (આ સંસારમાં) (अन्यः) બીજો કોઈ સંઘ (न अस्ति) નથી. (અને) (यस्मै) જેને (સ્વયં) (तीर्थपतिः) તીર્થંકર ભગવંત (नमस्यति) નમસ્કાર કરે છે (અને) (यस्मात्) જેનાથી (सतां) સત્પુરુષોનું (शुभं) કલ્યાણ (जायते) થાય છે. (અને) (यस्य) જેની (परा) અતિઉત્તમ (स्फूर्तिः) મહિમા છે (અને) (यस्मिन्) જે શ્રીસંઘમાં (गुणाः) અનેક ગુણ (वसन्ति) નિવાસ કરે છે (सः सङ्घः) તે સંઘની તમે (अर्च्यताम्) પૂજા કરો. ॥૨૨॥

**ભાવાર્થ :** જે શ્રીસંઘ સંસાર છોડવાની તીવ્ર ઈચ્છાવાળો થઈને મોક્ષ મેળવવા માટે પ્રયત્ન કરે છે (ભવ્યાત્માઓ) જેને અત્યંત પવિત્ર હોવાથી તીર્થ સ્વરૂપ કહે છે, જેની સમાન આ સંસારમાં બીજો કોઈ સંઘ નથી અને જેને તીર્થંકર ભગવંત પોતે નમસ્કાર કરે છે અને જેનાથી સત્પુરુષોનું કલ્યાણ થાય છે અને જેની અતિ ઉત્તમ મહિમા છે અને જે શ્રીસંઘમાં અનેક ગુણો રહેલાં છે તે શ્રીસંઘની તમે પૂજાભક્તિ કરો. ॥૨૨॥

**વિવેચન :** આ બીજા શ્લોકમાં ગ્રન્થકારશ્રી કહે છે કે જેને સંસાર છોડવાની તીવ્ર લાલસા હોય અને મોક્ષ મેળવવા માટે પૂર્ણ પ્રયત્ન કરતા હોય એવા વ્યક્તિઓનો સમુદાય તે શ્રીસંઘ, અર્થાત્ ચતુર્વિધ સંઘમાં તે જ વ્યક્તિનો સમાવેશ થાય કે જે સંસાર છોડવા જેવો, દીક્ષા લેવા જેવી અને મોક્ષ મેળવવા જેવો માનતો હોય, એ ભાવના સિવાય સંઘમાં સમાવેશ થઈ શકતો નથી. એવો શ્રીસંઘ અત્યંત પવિત્ર હોવાથી એ તીર્થસ્વરૂપ કહેવાય છે. એવા સંઘની બરાબરીમાં બીજો કોઈ સંઘ આવી શકે નહીં. જ્યાં જિન ધર્મને માનનારા પણ જો સંસારને છોડવા જેવો ન માને, દીક્ષા લેવા જેવી અને મોક્ષ મેળવવા જેવો ન માને એમના સમુદાયને પણ સંઘ ન કહ્યો તો બીજાઓની તો વાત જ ક્યાં? એવા શ્રીસંઘની મહત્તા પ્રત્યેક ભવ્યાત્માના હૃદયમાં બેસાડવા માટે તીર્થંકરો પોતે 'નમો તીત્થસ્સ' કહીને તીર્થને નમસ્કાર કરીને જ સમવસરણમાં બેસે છે. એ તીર્થની સ્થાપનાથી અનેક આત્માઓનું કલ્યાણ થાય છે. એ સંઘની મહિમા શાસ્ત્રોમાં અત્યુત્તમ સર્વોત્કૃષ્ટ વર્ણવાયેલી છે. અને એવા શ્રીસંઘમાં જગતના સર્વે ગુણોનો સમાવેશ થઈ જ જાય છે. સર્વે ગુણો ત્યાં નિવાસ

કરીને રહેલાં છે. ગ્રન્થકારશ્રી વાચક, પાઠક અને શ્રોતા આદિ ભવ્યાત્માઓને કહે છે કે તમે એવા શ્રીસંઘની પૂજા કરો. ॥૨૨॥

એવા શ્રી સંઘની પૂજા કરવાથી શું ફળ મળે છે તે આ ત્રીજા શ્લોકમાં ગ્રન્થકારશ્રી કહે છે.

छंद - शार्दूलविक्रीडितवृत्त

लक्ष्मीस्तं स्वयमभ्युपैतिरभसाकीर्तिस्तमालिङ्गति
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया ।
स्वः श्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते,
यः सङ्घं गुणराशिकेलिसदनं श्रेयोरुचिः सेवते ॥२३॥

*अन्वय : श्रेयोरुचिः यः गुणराशिकेलिसदनं सङ्घं सेवते तं लक्ष्मीः स्वयं अभ्युपैति कीर्तिः तं रभसा आलिङ्गति प्रीतिः तं भजते मतिः तं लब्धुं उत्कण्ठया प्रयतते स्वः श्रीः तं परिरब्धुं इच्छति मुक्तिः मुहुः तं आलोकते।*

**શબ્દાર્થ :** (श्रेयोरुचिः) સ્વકલ્યાણની ઈચ્છાવાળો (यः) જે માનવ (गुणराशिकेलिसदनं) અનેક ગુણોનું ક્રીડા સ્થાન (सङ्घं) શ્રીસંઘની (सेवते) સેવા કરે છે (तं) તે માનવને (लक्ष्मीः) લક્ષ્મી (स्वयं) પોતે જ (अभ्युपैति) પ્રાપ્ત થાય છે. (कीर्तिः) યશકીર્તિ (तं) તેને (रभसा) જોરથી (એની ઇચ્છા ન હોય તો પણ) આલિંગન કરે છે. (प्रीति) દિવ્યપ્રેમ (પોતેજ) (तं) તેની પાસે (भजते) દૌડીને આવે છે (मतिः) સદ્‌બુદ્ધિ (तं लब्धुं) તે પુરુષને પ્રાપ્ત કરવા માટે (उत्कण्ठया) ઇચ્છાપૂર્વક (प्रयतते) પ્રયત્ન કરે છે. (स्वः श्रीः) સ્વર્ગલોકની રાજ્યલક્ષ્મી (तं) તેને (परिरब्धुं) ભેટવા માટે, મળવા માટે (इच्छति) ચાહે છે. (અને) (मुक्तिः) મુક્તિ (मुहुः) વારંવાર (तं) તેને (आलोकते) જુએ છે. ॥૨૩॥

**ભાવાર્થ :** પોતાના કલ્યાણને ચાહનારો જે મનુષ્ય અનેક ગુણોના ક્રીડાસ્થાન સમા શ્રીસંઘની સેવા ભક્તિ કરે છે તેના ઘરે લક્ષ્મી પોતે જ આવે છે. યશકીર્તિ તો ચારે બાજુથી જાણે આલિંગન ન કરતી હોય એમ એને મળે છે. ત્રણે જગતનો પ્રેમ દૌડી દૌડીને એની પાસે આવે છે. સદ્‌બુદ્ધિ એ સાધકને મેળવવા માટે ઇચ્છાપૂર્વક પ્રયત્ન કરે છે. સ્વર્ગની રાજ્યલક્ષ્મી તેને મળવા માટે ઇચ્છા કરે છે અને મુક્તિ સ્ત્રી એને વારે વારે જુએ છે. ॥૨૩॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી કહે છે કે જે ભવ્યાત્મા પોતાના હિત માટે અનેક ગુણોના ક્રીડાસ્થાન રૂપ શ્રીસંઘની ત્રણ યોગ ત્રણ કરણથી સેવા કરે છે તે ભવ્યાત્માને લક્ષ્મી મેળવવા માટે પ્રયત્ન કરવો પડતો નથી. લક્ષ્મી જ તેના ઘરે આવે છે. યશ, કીર્તિ, ઇજ્જત, આબરૂ મેળવવા માટે એને કાંઈ જ પુરુષાર્થ કરવો પડતો નથી તે પોતે જ એની ઇચ્છા ન હોય તો પણ એને આલિંગન કરે છે. અર્થાત્ ચારે બાજુ તેની યશકીર્તિ વિસ્તરીત થાય છે. દેવતા આદિ ત્રણે જગત્‌ના જીવોનો પ્રેમ એને સહજતાથી મળે છે. એ ભવ્યાત્માને સદ્‌બુદ્ધિ માટે પણ પ્રયત્ન કરવો પડતો નથી તે પોતે જ ઈચ્છાપૂર્વક તેવા ભવ્યાત્માના હૃદયમાં પ્રગટ

થાય છે. દેવલોકની રાજ્યલક્ષ્મી એમ ઈચ્છે છે કે એવા ભવ્યાત્માઓ અહીં આવીને મારો ઉપભોગ કરે તો હું ધન્ય બની જાઉં અને મુક્તિ રૂપી સ્ત્રી એ ભવ્યાત્માને વારે–વારે જોઈને એમ વિચારે છે કે અહિં આવીને મારા પૂર્વના અનંતા પતિદેવોમાં આ પણ મળી જાય તો મને આનંદ આવે એ રીતે શ્રીસંઘની પૂજાભક્તિ કરનાર ભવ્યાત્માને આત્મિક અને ભૌતિક બન્ને પ્રકારના લાભોની પ્રાપ્તિ થાય છે. ।।૨૩।।

તેને વિશેષ સ્પષ્ટ કરતાં થકાં ચોથા શ્લોકમાં ગ્રન્થકારશ્રી કહે છે કે –

**यद्भक्तेः फलमर्हदादिपदवी मुख्यं कृषेः सस्यव-**
**च्चक्रित्वत्रिदशेन्द्रतादितृणवत्प्रासङ्गिकं गीयते,**
**शक्तिं यन्महिमस्तुतौ न दधते वाचोऽपि वाचस्पतेः**
**सङ्घः सोऽघहरः पुनातु चरणन्यासैः सतां मन्दिरम्।।२४।।**

*अन्वय : कृषे सस्यवत् यद् भक्तेः मुख्यं फलं अर्हत्आदिपदवी चक्रित्वं त्रिदशेन्द्रता तृणवत् प्रासङ्गिकं गीयते (एवं) यन्महिमस्तुतौ वाचस्पतेः वाचः अपि शक्तिं न दधते अघहरः सः सङ्घः चरणन्यासैः सतां मन्दिरम् पुनातु।*

**શબ્દાર્થ :** (कृषेः) ખેતી માટે (सस्यवत्) ધાન્યની જેમ (यद् भक्तेः) જે શ્રીસંઘની ભક્તિનો (मुख्यं) મુખ્ય (फलं) લાભ (अर्हत् આદિ પદવી) તીર્થંકર આદિ દુર્લભ પદની પ્રાપ્તિ કરે છે અને (चक्रित्वं) ચક્રવર્તીપણું અને (त्रिदशेन्द्रता આદિ) ઇન્દ્રપદ આદિ તો (तृणवत्) ઘાસની જેમ (प्रासङ्गिकं) ગૌણ (गीयते) માનેલું છે. (જ્ઞાનિયોએ કહેલું છે) અને (यन्महिमस्तुतौ) જેના મહિમાની સ્તુતિ કરવામાં (वाचस्पतेः) દેવ ગુરુ બ્રહસ્પતિની (वाचः अपि) વાણી પણ (शक्तिं) શક્તિને (न दधते) રાખતી નથી. (अघहरः) પાપોનો હરણ કરનાર (सः) તે (सङ्घः) શ્રીસંઘઃ (चरणन्यासैः) પોતાના પગ મુકવા વડે (सतां) સત્પુરુષોના (मन्दिरम्) ઘરોને (पुनातु) પવિત્ર કરે છે. ।।૨૪।।

**ભાવાર્થ :** ખેતી માટે ધાન્યની જેમ શ્રીસંઘની ભક્તિનું મુખ્ય ફળ અરિહંત આદિ દુર્લભ પદવી પ્રાપ્ત થવી તે છે અને ચક્રવર્તીપણું, ઈન્દ્રપણું આદિ તો ઘાસની જેમ ગૌણ ગણાય છે. અને જેના ગુણગાન ગાવા માટે બૃહસ્પતિની વાણી પણ શક્તિને ધારણ કરતી નથી એવો શ્રીસંઘ જે સર્વ પાપનો હરનાર છે તે શ્રીસંઘ પોતાના ચરણોથી સત્પુરુષોના ઘરે આવીને તેમના ઘરોને પવિત્ર કરે. ।।૨૪।।

**વિવેચન :** ગ્રન્થકારશ્રી શ્રીસંઘ મહિમા દર્શક શ્લોકોના ચોથા શ્લોકમાં ખેતીનો દાખલો આપીને કહે છે કે જેમ ખેતીમાં ધાન્યની પ્રાપ્તિ મુખ્ય ફળ છે અને ઘાસ આદિની પ્રાપ્તિ ગૌણ ફળ છે તેમ શ્રીસંઘની ભક્તિનું ફળ તો અરિહંતાદિ પદવી એટલે પાંચ પરમેષ્ઠિમાં સ્થાન મળવું તે છે અને તે ન મળે ત્યાં સુધી ગૌણરૂપે ચક્રવર્તી, ઇન્દ્રપણું દેવ માનવના સુખોની પ્રાપ્તિ થાય છે. એવા ફળ દાતા શ્રીસંઘના ગુણોનું વર્ણન કરવામાં કોઈ સમર્થ નથી એ દર્શાવવા માટે લૌકિક વ્યવહારનો દાખલો આપ્યો કે બૃહસ્પતિ જેવા જો વર્ણન કરવા

બેસે તો તેમની પાસે પણ શ્રીસંઘના ગુણોનું વર્ણન કરવાની શક્તિ નથી. જિનાજ્ઞાનું અણિશુદ્ધ પાલન કરનાર એવા શ્રીસંઘને 'પાપનાશક' બીરૂદ આપીને કહ્યું કે એવો શ્રીસંઘ સત્પુરુષોના (ભવ્યાત્માઓના ઘરે) ઘરોને પવિત્ર કરે અર્થાત્ ભવ્યાત્માઓએ એવા શ્રીસંઘના પગલાં પોતાના ઘરે કરાવીને પોતાના ઘરને પવિત્ર કરાવવું જોઈએ.

મુખ્યપણે મોક્ષ માટે જ આરાધના કરનાર વ્યક્તિઓનો સમૂહ તે સંઘ અને તે સંઘની પવિત્ર રજ અનેક ભવ્યાત્માઓની પાપ રજને દૂર કરવામાં સહાયક બને છે. જેમ કાંટો કાંટાને કાઢે છે તેમ પાપરજને એમની પવિત્ર રજ દૂર કરી દે છે. એ માટે પ્રત્યેક ભવ્યાત્માએ એવા આરાધક આત્માઓના પગલાં પોતાના ઘરે કરાવીને લાભ લેવો જોઈએ. પણ સબુર! વિચારજો! આ કાળમાં સંઘના નામથી હાડકાંના માળા જેવો સંઘ પણ પૂજાવા લાગ્યો છે તેથી વધારે જાગૃત બનીને સંઘ ભક્તિ કરવાની છે વિશેષ તો જ્ઞાનિયોને રૂબરૂ મળીને સમજવું આવશ્યક છે. ।।૨૪।।

સંઘના મહાત્મ્યનું દર્શન કરાવીને સંઘને કરવા યોગ્ય કાર્યોમાં પ્રથમ અહિંસાના મહાત્મ્યને દર્શાવે છે.

## અહિંસા મહાત્મ્યદર્શક

છંદ - शार्दूलविक्रीडितवृत्त

**क्रीडाभूः सुकृतस्य दुष्कृतरजः संहारवात्याभवो-**
**दन्वन्नौर्व्यसनाग्निमेघपटली संकेतदूती श्रियाम् ।**
**निःश्रेणिस्त्रिदिवौकसः प्रियसखी मुक्तेः कुगत्यर्गला-**
**सत्त्वेषु क्रियतां कृपैव भवतु क्लेशैरशेषैः परैः ।।२५।।**

*अन्वय : सुकृतस्य क्रीडाभूः दुष्कृतरजः संहारवात्या, भवोदन्वन् नौः व्यसनाग्निमेघपटली श्रियाम् संकेतदूती त्रिदिवौकसः निःश्रेणिः मुक्तेः प्रियसखी कुगत्यर्गला कृपा एवं सत्त्वेषु क्रियतां परैः अशेषैः क्लेशैः भवतु।*

**શબ્દાર્થ :** (सुकृतस्य) પુણ્યની (क्रीडाभूः) ક્રીડાસ્થલી, (दुष्कृतरजः संहारवात्या) પાપરૂપી રજને ઉડાડવાવાળી આંધી બાવળ (भवोदन्वन्नौः) સંસાર રૂપી સમુદ્રથી પાર ઉતારવા માટે નાવ સમાન, (व्यसनाग्नि मेघपटली) દુઃખ રૂપી દાવાનલને બુઝાવવાવાળી ઘનઘોર ઘટા, (श्रियाम्) સૌભાગ્યને (संकेतदूती) પ્રાપ્ત કરાવવાવાળી દૂતી, (त्रिदिवौकसः) સ્વર્ગની (निःश्रेणिः) નિસરણી, (मुक्तेः) મુક્તિની (प्रियसखी) પ્રિયસખી, (कुगत्यर्गला) દુર્ગતિની આગલ જેવી (कृपा एवं) દયા જ (सत्त्वेषु) પ્રાણિયો પર (क्रियतां) કરો (परैः) બીજા (अशेषैः) સંપૂર્ણ (क्लेशैः) કષ્ટોથી (भवतु) કાંઈ પણ થવાનું નથી. ।।૨૫।।

**ભાવાર્થ :** પુણ્યની ક્રીડાભૂમિ, પાપરૂપી ધૂલને ઉડાડવા માટે આંધી બાવળ સમાન, સંસાર રૂપી સમુદ્ર પાર કરવા માટે નાવ સમાન, દુઃખ રૂપી દાવાનલને બુઝાવવા માટે વર્ષાની ઘનઘોર ઘટા સમાન, સૌભાગ્યને મેળવવા માટે દૂતી સમાન, સ્વર્ગલોકમાં જવા માટે

નિસરણી સમાન, મુક્તિની પ્રિય સખી દુર્ગતિ માટે આગલ સમાન એવા દયા રૂપી ધર્મનું પ્રાણિયો પર પાલન કરો. બીજા કષ્ટકારી કાર્યો કરવાથી કાંઈ જ થવાનું નથી. ॥૨૫॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી અહિંસાના મહાત્મયને દર્શાવતા થકાં પ્રથમ શ્લોકમાં પ્રથમ પાદમાં જ એને પુણ્યની ક્રિડાભૂમિ કહીને એની સર્વોત્કૃષ્ટતા સિદ્ધ કરે છે. અહિંસા પાલનથી જ પુણ્ય ઉત્કૃષ્ટ થાય છે. અને અહિંસાનું પાલન પાપરૂપી ધૂલને ઉડાડવા માટે આંધી એટલે ભયંકર પવન સમાન છે કે જેથી પાપ રૂપી રજ દૂર થઈ જાય છે. સંસાર રૂપી સમુદ્રથી પાર ઉતરવું હોય તેના માટે અહિંસા એ નૌકા સમાન છે તો દુઃખ રૂપી દાવાનળમાં સપડાયેલા આત્માઓ માટે અહિંસા શ્રાવણ માસની મેઘ ઘટા સમાન છે જેથી દુઃખ રૂપી દાવાનળ શીત થઈ જાય છે. અહિંસાના પાલનથી સૌભાગ્ય મળે છે અને અહિંસા પાલન રૂપી નિસરણી પર ચઢીને જીવાત્મા સ્વર્ગને મેળવે છે. અને અહિંસા તો મુક્તિ સ્ત્રીની પ્રિય સખી છે એમજ અહિંસા દુર્ગતિના દ્વારની આગળ છે કારણ કે અહિંસાનું પાલન કરનાર માટે દુર્ગતિના દ્વારો બંધ થઈ જાય છે. ગ્રન્થકારશ્રી ભારપૂર્વક કહે છે કે સર્વે જીવો પર દયા કરો. બીજા કષ્ટદાયક અનુષ્ઠાનો કરવાનું કોઈ કામ નથી. અહિં એક શંકા થાય છે કે ગુરુમહાત્મ્યદર્શક શ્લોકમાં 'ગુરોશાસન' ગુરુ આજ્ઞાપાલનની જ વાત કરી અને અહિં અહિંસાની જ વાત કરી આમ કેમ? આના પ્રત્યુત્તરમાં સમજવાનું કે જિનશાસનમાં એકલી અહિંસાની વાત નથી. જ્યાં જિનશાસનની અહિંસા છે ત્યાં સંયમ અને તપ છે જ અને સંયમ સદ્‌ગુરુ આજ્ઞા પાલન વગર હોઈ શકે જ નહીં તેથી અહિં અહિંસામાં પણ સદ્‌ગુરુ આજ્ઞા પૂર્વકની જ અહિંસા સમજવી. ॥૨૫॥

જિનશાસનમાં એકાંતવાદ નથી. જે જે સમયે જે જે કહેવાય છે તે અપેક્ષા ભેદથી કહેવાય છે અને એ માટે સદ્‌ગુરુ ભગવંતોની નિશ્રામાં જ અધ્યયન કરવાનું વિધાન છે.

ગ્રન્થકારશ્રી અહિંસાના બીજા શ્લોકમાં હિંસાથી ધર્મ થતો નથી એ દર્શાવવા કહે છે –

छंद – शिखरिणीवृत्त

**यदि ग्रावा तोये तरति तरणिर्यद्युदयति,**
**प्रतीच्यां सप्तर्चि यदि भजति शैत्यं कथमपि;**
**यदि क्ष्मापीठं स्यादुपरि सकलस्यापि जगतः,**
**प्रसूते सत्त्वानां तदपि न वधः क्वापि सुकृतम् ॥२६॥**

***अन्वय :*** *ग्रावा यदि तोये तरति तरणिः यदि प्रतिच्यां उदयति कथमपि यदि सप्तर्चिः शैत्यं भजति यदि क्ष्मापीठं सकलस्य जगतः उपरि स्यात् (परन्तु) तदपि सत्त्वानां वधः क्वापि सुकृतम् न प्रसूते।*

**શબ્દાર્થ :** (ग्रावा) પત્થરની શીળા પણ (यदि) કદાચ (तोये) પાની ઉપર (तरति) તરી જાય (तरणिः) સુર્ય (यदि) કદાચ (प्रतीच्यां) પશ્ચિમમાં (उदयति) ઉદય થઈ જાય (कथमपि)

ગમે તે રીતે (यदि) કદાચ (सप्तर्चिः) અગ્નિ પણ (शैत्यं) શીતલ (भजति) થઈ જાય (यदि क्ष्मापीठं) કદાચ પૂરી પૃથ્વી (सकलस्य जगतः) સર્વ સંસારના (उपरि स्यात्) ઉપર થઈ જાય (પરન્તુ) (तदपि) તો પણ (सत्त्वानां) પ્રાણીયોનો (वधः) હિંસા (क्वापि) ક્યારે પણ કયાંય પણ (सुकृतम्) પુણ્યને (न प्रसूते) ઉત્પન્ન કરતી નથી. ॥૨૬॥

**ભાવાર્થ :** પત્થરની શીળા પણ કદાચ પાની ઉપર તરી જાય. સૂર્ય કદાચ પશ્ચિમમાં ઉગી જાય. કોઈપણ પ્રકારે કદાચ અગ્નિ ઠંડી થઈ જાય. કદાચ પૃથ્વી મંડલ સર્વ જગતના ઉપર થઈ જાય. તો પણ પ્રાણિયોની હિંસા કયાંય પણ કયારેય પણ પુણ્યને ઉત્પન્ન ન કરી શકે. એનાથી પાપ જ થવાનું. ॥૨૬॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી દાખલા આપીને હિંસામાં ધર્મ નથી જ એમ સમજાવે છે. જો કે પત્થર કદિ તરતો નથી એનો સ્વભાવ ડુબવાનો છે જ પણ કદાચ પત્થરની શીળા પાણી પર તરી જાય. કદાચ સૂર્ય પણ પશ્ચિમમાં ઉદય થઈ જાય. અગ્નિ પણ કદાચ કોઈપણ રીતથી શીતળતાને સેવી લે, ભૂમિ–પૃથ્વી સર્વ જગતના ઉપર થઈ જાય. આ કાર્યો કયારેય બન્યા નથી, બનતા નથી અને બનશે નહીં પણ કદાચ આવા કાર્યો બની જાય તો પણ કયારેય કોઈ સ્થાન પર જીવહિંસાથી પુણ્યની ઉત્પત્તિ થાય જ નહીં. અર્થાત્ જીવહિંસામાં ધર્મ છે જ નહીં. જ્ઞાનિયોએ જીવહિંસાને અધર્મ જ કહ્યો છે એથી પાપ જ બંધાય છે.॥૨૬॥

હજી ત્રીજા શ્લોકમાં પણ હિંસામાં ધર્મ નથી જ એ વાતની પુષ્ટિ કરતા થકાં કહે છે કે –

छंद – मालिनीवृत्त

**स कमलवनमग्नेर्वासरं भास्वदस्ता-**
**दमृतमुरगवक्त्रात् साधुवादं विवादात् ।**
**रुगपगममजीर्णाज्जीवितं कालकूटा-**
**दभिलषति वधाद्यः प्राणिनां धर्ममिच्छेत् ॥२७॥**

***अन्वय :** यः प्राणिनां वधात् धर्मम् इच्छेत् सः अग्नेः कमलवनं, भास्वदस्तात् वासरं, उरगवक्त्रात् अमृतम्, विवादात् साधुवादं, अजीर्णात् रुगपगमं, कालकूटात्, जीवितं अभिलषति।*

**શબ્દાર્થ :** (यः) જે (प्राणिनां) પ્રાણિયોના (वधात्) વધથી (धर्मम्) ધર્મને (इच्छेत्) ઈચ્છે છે (सः) તે (જાણો કે) (अग्नेः) અગ્નિમાંથી (कमलवनम्) કમલના વનની ઉત્પત્તિને ઈચ્છે છે. (भास्वदस्तात्) સૂર્યના અસ્ત થવાના સમયે (वासरं) દિવસની ઉત્પત્તિને ઈચ્છે છે. (उरवगक्त्रात्) સર્પના મુખમાંથી (अमृतम्) અમૃતને ઈચ્છે છે (विवादात्) લડાઈથી (साधुवादं) પ્રશંસાને ઈચ્છે છે (अजीर्णात्) અજીર્ણથી (रुगपगमं) રોગની શાંતિને ઈચ્છે છે અને (कालकूटात्) કાલકૂટ નામના ભયંકર વિષથી (जीवितं) જીવિતવ્યને (अभिलषति) ઈચ્છે છે. ॥૨૭॥

**ભાવાર્થ :** જે જીવો પ્રાણિયોના વધથી ધર્મને ઈચ્છે છે તેઓ જાણે કે અગ્નિમાંથી કમલના વનને, સૂર્યાસ્તથી દિવસને, સર્પના મુખમાંથી અમૃતને, લડાઈથી પ્રશંસાને, અજીર્ણથી રોગશાંતિને અને કાલકૂટ નામના વિષથી જીવિતવ્યની ચાહના કરનારા આત્માઓ જેવા છે. ॥૨૭॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી હિંસામાં ધર્મ નથી જ એનું વધારે સ્પષ્ટીકરણ કરતા થકાં કહે છે કે– અગ્નિમાંથી કમલવનને ઉગાડવાની, સૂર્યાસ્તના સમયે દિવસના પ્રારંભની, સર્પના મુખથી અમૃત નિકળવાની, કલહ લડાઈ આદિથી પ્રશંસાને, અજીર્ણ દ્વારા રોગોની શાંતિને અને કાલકૂટ નામના વિષને ખાઈને જીવતા રહેવાની ઈચ્છા રાખનારા આત્માઓ મૂર્ખ જ નહીં મહામૂર્ખ કહેવાય તેમ એ કોટીના તે જીવો છે જેઓ પ્રાણિને મારીને ધર્મના ફળની આશા રાખે છે. જિનેશ્વર ભગવંતે કોઈપણ પ્રાણિના વધમાં ધર્મ નથી જ એવું સ્પષ્ટ વિધાન કર્યું છે. ॥૨૭॥

હવે ચોથા શ્લોકમાં અહિંસાનું પાલન કરનારને શું ફળ મળે છે તે સંક્ષેપમાં બતાવે છે.

छंद - शार्दूलविक्रीडितवृत्त

**आयुर्दीर्घतरं वपुर्वरतरं गोत्रं गरीयस्तरं,**
**वित्तं भूरितरं बलं बहुतरं स्वामित्वमुच्चैस्तरम्,**
**आरोग्यं विगतान्तरं त्रिजगति श्लाघ्यत्वमल्पेतरं,**
**संसाराम्बुनिधिं करोति सुतरं चेतः कृपार्द्रान्तरम् ॥२८॥**

***अन्वय :*** *कृपार्द्रान्तिरम् चेतः आयुः दीर्घतरं करोति वपुः वरतरं, गोत्रं गरीयस्तरं, वित्तं भूरितरं, बलं बहुतरं, स्वामित्वं उच्चैस्तरम् आरोग्यं विगतान्तरं त्रिजगति अल्पेतरं श्लाघ्यत्वं (करोति) संसाराम्बुनिधिं च सुतरं करोति।*

**શબ્દાર્થ :** (कृपार्द्रान्तरम्) કૃપા દયાથી આર્દ્ર બનેલું (चेतः) અંતકરણ (आयुः) આયુષ્યને (दीर्घतरं) વધારે છે, (वपुः) શરીરને (वरतरं) સુંદર કરે છે (गोत्रं) ગોત્રને (गरीयस्तरं) મહિમાવાળું કરે છે (वित्तं) ધનની (भूरितरं) વૃદ્ધિ કરે છે (बलं) શક્તિને (बहुतरं) વધારે છે. (स्वामित्वं) સ્વામીપણાને (उच्चै स्तरम्) ઉચ્ચસ્તરમાં કરે છે. (आरोग्यम्) આરોગ્યતા (विगतान्तरं) નિરન્તર રહેવા વાલી કરે છે (त्रिजगति) ત્રણે જગતમાં (अल्पेतरं) અતિશય વધારે પ્રમાણમાં (श्लाघ्यत्वं) પ્રશંસા કરાવે છે. અને (संसाराम्बुनिधिं) સંસાર રૂપી સમુદ્રને (सुतरं) સુખેતરાય એવો (करोति) કરે છે. ॥૨૮॥

**ભાવાર્થ :** કૃપા (દયા)થી આદ્ર ચિત્ત છે જેનું તે દયા તે મનુષ્યના આયુષ્યને લાંબુ કરે છે. શરીરને સુન્દર કરે છે. ગોત્રને મહિમાવાળો કરે છે. ધનની વૃદ્ધિ કરે છે. શક્તિને વધારે છે, સ્વામીપણાને ઉચ્ચસ્તર પર લઈ જાય છે. આરોગ્યને સદા રહેવાવાળું બનાવે છે. ત્રણે લોકોમાં અત્યંત પ્રશંસાને ફેલાવે છે. અને સંસાર સમુદ્ર સુખ પૂર્વક તરી શકાય એવો કરે

છે. ॥૨૮॥

**વિવેચન :** અહિંસા પ્રકરણના અંતિમ શ્લોકમાં ગ્રન્થકારશ્રીએ દયાથી યુક્ત ચિત્તની શક્તિનું દર્શન કરાવ્યું છે. તેમણે કહ્યું કે – જે વ્યક્તિનું હૃદય દયારસથી ઓતપ્રોત હોય તેનું આયુષ્ય લાંબુ અર્થાત્ તેને સદ્ગતિનું લાંબુ આયુષ્ય મળે છે. એને શરીર સુંદર મળે છે, એને વંશ–ગોત્ર પણ મહિમાવાળું મળે છે. એની પાસે જે ધન હોય એમાં વૃદ્ધિ થાય અને આવનારા ભવોમાં પણ એને ધનવાનોના ઘરે જન્મ મળે છે. એની શક્તિમાં વધારો થાય છે અને આવનારા ભવોમાં એ શક્તિશાળી બને છે. આ ભવમાં એનું માલિકીપણું ઉંચું થાય છે અને આવનાર ભવમાં એ ઉચ્ચકોટીનો સ્વામી બને છે. એનું આરોગ્ય કાયમ જળવાઈ રહે છે. અને આવનાર ભવમાં એ નિરોગી જ રહે છે. આ ભવ અને પરભવમાં એની કીર્તિ ચારે બાજુ ફેલાય છે. અને સંસારને સુખરૂપ તરી જાય એવો બનાવી દે છે. અર્થાત્ બેત્રણ ભવમાં જ એની મુક્તિ થઈ જાય છે. ॥૨૮॥

અહિંસાનું મહાત્મ્ય દર્શાવીને હવે સત્યનું મહાત્મ્ય દર્શાવે છે.

## સત્ય પ્રકરણમ્

छंद - शार्दूलविक्रीडितवृत्त

**विश्वासायतनं विपत्तिदलनं देवैः कृताराधनं,**
**मुक्तेः पथ्यदनं जलाग्निशमनं व्याघ्रोरगस्तम्भनम् ।**
**श्रेयः संवननं समृद्धिजननं सौजन्यसञ्जीवनम्**
**कीर्तेः केलिवनं प्रभावभवनं सत्यं वचः पावनम् ॥२९॥**

***अन्वय :*** *विश्वासायतनं विपत्तिदलनं देवैः कृताऽऽराधनं मुक्तेः पथि अदनं जलाग्निशमनं व्याघ्रोरगस्तम्भनम् श्रेयः संवननं, समृद्धिजननं सौजन्य सञ्जीवनं कीर्तेः केलिवनं प्रभावभवनं (च) पावनं सत्यं वचः।*

**શબ્દાર્થ :** (विश्वासायतनं) વિશ્વાસનું ઘર, (विपत्तिदलनं) આપદાને દૂર કરનાર (देवैः कृताराधनं) દેવોદ્વારાપણ આરાધિત (मुक्तेः) મુક્તિના (पथि) માર્ગમાં (अदनं) આહાર (ભાતારૂપ) (जलाग्निशमनं) જલ અને અગ્નિનું શમન કરનાર (व्याघ्रोरगस्तंभनम्) વ્યાઘ્ર અને સર્પનું સ્તંભન કરનાર (श्रेयः संवननं) કલ્યાણને વશ કરનાર (समृद्धिजननं) સૌભાગ્યને ઉત્પન્ન કરનાર (सौजन्य सञ्जीवनं) સજ્જનતાને જીવાડનાર (कीर्तेः) કીર્તિને (केलिवनं) ક્રીડા કરવા માટે ઉદ્યાન સમાન અને (प्रभावभवनं) પ્રભાવનું ઘર (સર્વોત્કૃષ્ટ) (पावनं) પવિત્ર એક (सत्यं वचः) સત્યવચન છે. ॥૨૯॥

**ભાવાર્થ :** વિશ્વાસનું ઘર, આપદાને મટાડનાર (દૂર કરનાર) દેવો દ્વારા પણ આરાધિત, મુક્તિ માર્ગમાં પાથેય સમાન, જલ અને અગ્નિ આદિ ઉપદ્રવોનું શમન કરનાર, વ્યાઘ્ર અને સર્પ જેવા હિંસક પ્રાણીને સ્તંભિત કરનાર, કલ્યાણને વશ કરનાર, સૌભાગ્યને ઉત્પન્ન કરનાર, સજ્જનતામાં પ્રાણ પૂરનાર, કીર્તિનું ક્રીડાઉદ્યાન, અને મહિમાનું ઘર એવું

એક પવિત્ર સત્યવચન છે. ||૨૯||

**વિવેચન :** ગ્રન્થકારશ્રી સત્યવચનની વ્યાખ્યામાં સત્યવચનની મહત્તા પ્રથમ શ્લોકમાં દર્શાવતા કહે છે કે આ સત્ય વચન બોલનાર આત્મા પ્રત્યેકને વિશ્વાસનું ઘર બને છે. એના પર પ્રત્યેક જીવાત્મા પૂર્ણ વિશ્વાસ મુકે છે. એને વિપત્તિઓ વિડંબિત કરી શકતી નથી. કદાચ પૂર્વકૃત કર્મયોગે આપદાઓ આવી જાય તો એ અતિશીઘ્ર દૂર થઈ જાય છે. એ સમયે એ આર્ત્ત, રૌદ્ર ધ્યાનમાં આવતો નથી. એ આત્માને સત્યવચન મુક્તિમાર્ગમાં મોટું સબળ (ભાતુ) બને છે. એના પર જો જલ અને અગ્નિ આદિના ઉપસર્ગો થાય તો તે શાંત થઈ જાય છે. વાઘ અને સર્પાદિ જો ઉપદ્રવ કરે તો તે જ સ્તંભિત થઈ જાય છે. આત્મ કલ્યાણ તો એના હાથમાં જ છે. એને વશ થઈ ગયું છે. એનું સૌભાગ્ય નામ કર્મ એવું બંધાઈને ઉદયમાં આવે છે કે એની પાસે લક્ષ્મી ઈજ્જત આબરૂ સર્વે આપોઆપ મળતી જ જાય છે. એનાથી સજ્જનતા ક્યારેય દૂર થાય જ નહીં. સતત જીવંતરૂપે દેખાય છે. કીર્તિના માટે તો તે પોતે ઉદ્યાન બની જાય છે. કે જેથી એની ચારે બાજુ કીર્તિ ફરતી જ રહે છે. એ આત્મા મહિમાનું ઘર જ બની જાય છે. લોકો એના ગુણગાન કરતાં થાકતાં જ નથી એવી રીતે સત્યવચન એક અતિપવિત્ર અનુષ્ઠાન છે. ||૨૯||

હવે બીજા શ્લોકમાં અસત્યભાષાથી થતાં નુકશાનો દર્શાવે છે.

छंद - शिखरिणीवृत्त

**यशो यस्माद्भस्मीभवति वनवह्नेरिववनं,**
**निदानं दुःखानां यदवनिरुहाणां जलमिव ।**
**न यत्र स्याच्छायाऽऽतप इव तपः संयमकथा,**
**कथञ्चित्तन्मिथ्यावचनमभिधत्ते न मतिमान् ॥३०॥**

***अन्वय :** वनवह्नेः इव वनं भस्मीभवति यस्मात् यशः यत् अवनिरुहाणां जलं इव दुःखानां निदानं यत्र आतपे छाया इव तपः संयमकथा न स्यात् तत् मिथ्यावचनम् मतिमान् कथञ्चित् न अभिधत्ते।*

**શબ્દાર્થ :** (वनवह्नेः) દાવાનલથી (इव) જેમ (वनं) જંગલ (भस्मीभवति) રાખ થઈ જાય છે (તેમજ) (यस्मात्) જે અસત્ય વચન છે તેથી (यशः) કીર્તિનો નાશ થાય છે. (અને) (यत्) જે અસત્યવચન (अवनिरुहाणां) વૃક્ષોના માટે (जलं इव) જલની જેમ (दुःखानां) દુઃખોનું (निदानं) મુખ્ય કારણ છે અને (यत्र) જ્યાં (आतपे) તડકામાં (छाया इव) છાયાની જેમ (तपः संयमकथा) તપશ્ચર્યા અને સંયમપાલનની વાત (न स्यात्) નથી. એવા (यत्) તે (मिथ्यावचनम्) અસત્ય વચનને (मतिमान्) બુદ્ધિમાન્ મનુષ્ય (कथञ्चित्) ક્યારેય કોઈને પણ (न अभिधत्ते) કહેતા નથી. ||૩૦||

**ભાવાર્થ :** જેમ દાવાનલથી જંગલો ભસ્મ થાય છે તેમ અસત્ય વચન બોલનારની કીર્તિનો નાશ થાય છે. જેમ વૃક્ષોના માટે અતિ જલ દુઃખનું કારણ બને છે તેમ અસત્યવચન દુઃખનું

કારણ બને છે. તડકામાં છાયા રહી શકતી નથી તેમ અસત્ય ભાષીમાં તપ અને સંયમની વાત રહેતી નથી. એથી બુદ્ધિમાન્ ભવ્યાત્મા અસત્યવચન કોઈને પણ કહેતો નથી.॥૩૦॥

**વિવેચન :** અસત્ય વચન બોલનારને ઉપદેશ આપતા અને અસત્ય વચનથી થનારા નુકશાનોનું સંક્ષેપમાં વર્ણન કરતા થકાં ગ્રન્થકારશ્રી કહે છે કે – જે આત્મા અસત્યવચન બોલે છે તેની કીર્તિ દાવાનલથી જંગલોની જેમ રાખમાં પલટાય છે. અર્થાત્ હવે એના ગુણગાન કોઈ કરે નહીં અને વૃક્ષોને જલ વધારે પ્રમાણમાં આવે તો એમને દુઃખનું કારણ થાય છે એમ એ અસત્યવચન રૂપી જલ આત્મા માટે અતિ દુઃખનું કારણ બને છે. તડકામાં છાયા રહે જ નહીં તેમ અસત્ય વચન બોલનારમાં તપ સંયમ રહી શકતા નથી. અસત્ય બોલનાર કદાચ તપ કરતો, સંયમ પાલન કરતો દેખાય તો તે પણ આત્મવંચના અને જલમાં થલની અને થલમાં જલની ભ્રમણાની જેમ છે. અને એથી જ બુદ્ધિમાન ભવ્યાત્માઓ કદી પણ અસત્ય વચન બોલે નહીં. આવી નુકશાનીનો વ્યાપાર કોણ કરે! ॥૩૦॥

હવે ત્રીજા શ્લોકમાં પણ અસત્ય વચનના પરિણામોને જ બતાવે છે.

છંદ - વંશસ્થવૃત્ત

**असत्यमप्रत्ययमूलकारणं,**
**कुवासनासद्मसमृद्धिवारणम् ।**
**विपन्निदानं परवञ्चनोर्जितं,**
**कृतापराधं कृतिभिर्विवर्जितम् ॥३१॥**

*अन्वय : अप्रत्ययमूलकारणं, कुवासना सद्म, समृद्धिवारणम्, विपन्निदानं, परवञ्चनोर्जितं (तथा) कृतापराधं असत्यं कृतिभिः विवर्जितम्।*

**શબ્દાર્થ :** (अप्रत्ययमूलकारणं) અવિશ્વાસનું મૂલ કારણ, (कुवासनासद्म) ખરાબ (दुष्ट) વાસનાઓનું ઘર (समृद्धिवारणम्) સમૃદ્ધિને રોકનાર (विपन्निदानं) વિપત્તિઓનું મૂલ કારણ, (परवञ्चनोर्जितं) બીજાને ઠગવામાં સમર્થ (तथा) (कृतापराधं) અપરાધવાળુ (એવું) (असत्यं) અસત્યવચન (कृतिभिः) પંડિતો દ્વારા (विवर्जितम्) ત્યાજ્ય છે, તજેલું છે. ॥૩૧॥

**ભાવાર્થ :** અવિશ્વાસનું મુખ્ય કારણ, દુષ્ટવાસનાઓનું સ્થાન, સંપત્તિ અને સુખ સમૃદ્ધિને આવવા ન દેનાર, આપદાઓનું મુખ્ય કારણ, બીજાને ઠગવામાં સમર્થ અને અપરાધથી યુક્ત એવા અસત્ય વચનો પંડિતો દ્વારા ત્યાજ્ય છે. ॥૩૧॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ત્રીજા શ્લોકમાં અસત્યવચન પંડિતો દ્વારા જ્ઞાની પુરુષો દ્વારા ત્યાજ્ય બતાવીને જ એની અયોગ્યતા બતાવે છે. અને સાથે જ્ઞાની પંડિતો શા માટે એનો ત્યાગ કરે છે તે પણ બતાવતા કહે કે –

આ અસત્ય વચન અવિશ્વાસનું મૂલ કારણ છે જ્યાં જ્યાં જે જે લોકોનો લોકો વિશ્વાસ કરતા નથી ત્યાં ત્યાં જોઈ લેજો એ વ્યક્તિ અસત્ય વચનના શરણે રહેલો હશે.

દુષ્ટ વાસનાઓનું ઘર કહીને કહી દીધું કે જ્યાં કુવાસનાઓનું જોર હોય ત્યાં અસત્ય વચનની હાજરી હશે. વિકારી કાર્યોને ગોપવવા માટે એ આત્મા અસત્યનો જ સહારો લે છે. સુખ સમૃદ્ધિને રોકનાર કહીને કહ્યું કે જે આત્માઓ આ ભવમાં દુઃખી છે તેઓએ પૂર્વના ભવોમાં અસત્યનો આશરો ગ્રહણ કરેલો હશે અને આ ભવમાં આ અસત્યના શરણે ગયેલાને ભવાંતરમાં ધનહીનતા અને દુઃખ દુર્ભાગ્ય જ મળવાનું છે. આ ભવમાં અસત્ય ભાષી ભલે બાહ્ય મોજ કરતાં દેખાતા હોય પણ અંતરમાં તો અશાંતિની અગન જ્વાલા લગભગ સળગતી હશે. આપદાનું મુખ્ય કારણ કહીને બતાવી દીધું કે જ્યાં જ્યાં ભવ્યાત્માઓને આપદાઓ ભોગવવી પડે છે ત્યાં ત્યાં એનું પ્રધાન કારણ અસત્યવચન છે. બીજાને ઠગવામાં સમર્થ કહીને એ સ્પષ્ટ કરી દીધું છે કે જે આત્માઓ જ્યાં ઠગાય છે ત્યાં તેમને ઠગનાર અસત્યભાષી હતો. સત્ય ભાષી કોઈ દિવસ કોઈને ઠગે જ નહીં અને અંતમાં અપરાધ કરેલો અર્થાત્ અપરાધીથી યુક્ત કહીને અસત્ય બોલનારાઓને ચેતવણી આપી કે તમે અપરાધ કરી રહ્યા છો તેનું ફળ તમને ભોગવવું જ પડશે.॥૩૧॥

હવે ચોથા શ્લોકમાં સત્ય વચન બોલનારને થનારાં લાભોનું વર્ણન કરે છે.

छंद – शार्दूलविक्रीडितवृत्त

**तस्याग्निर्जलमर्णवः स्थलमरिर्मित्रं सुराः किङ्कराः,**
**कान्तारं नगरं गिरिर्गृहमहिर्माल्यं मृगारिर्मृगः;**
**पातालं बिलमस्त्रमुत्पलदलं व्यालः श्रृगालो विषं,**
**पीयूषं विषमं समं च वचनं सत्याञ्चितं वक्ति यः ॥३२॥**

***अन्वय :*** *यः सत्याञ्चितं वचनं वक्ति तस्य अग्निः जलं, अर्णवः स्थलं इव, अरिः मित्रं, सुराः किङ्कराः, कान्तारं नगरं, गिरिः गृहम् अहिः माल्यं, मृगारिः मृगः पातालम् बिलम्, अस्त्रम् उत्पलदलम् व्यालः श्रृगालः विषं पीयूषं विषमं समं (भवति)।*

**શબ્દાર્થ :** (यः) જે પુરુષ (सत्याञ्चितं वचनं) સત્યયુક્ત વચનને (वक्ति) કહે છે બોલે છે (तस्य) તેને (अग्नि) આગ (जलं) જલની જેમ શીતલ થઈ જાય છે (अर्णवः) અપાર સમુદ્ર (स्थलं इव) સ્થલની જેમ (अरिः) શત્રુ (मित्रं) મિત્રની જેમ (सुराः) દેવતા (किङ्कराः) દાસની જેમ (कान्तारं) ભયાનક અટવી (नगरं) નગરની જેમ (गिरिः) પર્વત (गृहम्) ઘરની જેમ (अहिः) સર્પ (मालम्) પુષ્પમાળાની જેમ, (मृगारिः) સિંહ (मृगः) હરણની જેમ, (पातालम्) ભયંકર પાતાલ (बिलम्) સાધારણ ખાડાની જેમ, (अस्त्रम्) તીક્ષ્ણ અસ્ત્ર (उत्पलदलम्) ઉત્પલદલની જેમ (व्यालः) પાગલ હાથી (श्रृगालः) શિયાળની જેમ (विषं) વિષ (पीयूषं) અમૃતની જેમ અને (विषमं) કોઈપણ વિપરીત કાર્ય (समं) અનુકૂળની જેમ (भवति) થઈ જાય છે. ॥૩૨॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ચોથા શ્લોકમાં સત્યવક્તાને થનારાં લાભોનું યત્કિંચિત્ દિગ્દર્શન

કરાવે છે.

જે સદા સત્ય વચન જ બોલે છે તેના માટે આગ જલની જેમ શીતલ થાય છે. સમુદ્રમાં પણ સ્થળ થઈ જાય છે. તેના દુશ્મનો પણ સત્યવચનથી આકર્ષાઈને મિત્રો બની જાય છે. દેવતાઓ તો એની સેવા કરવાના ઈચ્છુક બનીને ઊભા રહે છે. ભયાનક જંગલમાં પણ એને નગરના જેવું જ વાતાવરણ મળે છે. જંગલના હિંસક પશુઓ પણ એના કુટુંબીજન જેવા થઈ જવાથી જંગલ પણ નગરની જેમ થઈ જાય છે. પર્વત ચઢવો એ તો ઘરમાં પગ મુકવા જેવો એને લાગે છે. એના માટે કોઈએ સાપ લાવ્યો હોય તો પણ તે પુષ્પમાળા બની જાય છે. સિંહ હરણની જેમ એની પાસે ઊભો રહે છે. ભયંકર પાતાલમાં જવું હોય તો પણ તે તેને સાધારણ છિદ્ર જેવું દેખાય છે. શસ્ત્રની માર પણ કમલદલની જેમ સુખદ જ બને છે. પાગલ હાથી પણ શિયાળની જેમ એનાથી ભય પામીને દૂર થઈ જાય છે. એને કોઈ વિષ દે તો પણ તેના માટે તે અમૃતનું કામ કરે છે. કદાચ તેનાથી કોઈ વિપરીત કાર્ય થઈ જાય તો પણ તે કાર્યથી તેને સારું જ થાય છે. એથી પણ એને લાભ જ મળે છે. એ રીતે સત્યવચન આત્મા માટે સતત હિતકારી જ છે. ॥૩૨॥

હવે અસ્તેય (ચોરી)ના વિષયમાં ચાર શ્લોકોમાં વિવરણ કરે છે –

## અસ્તેય પ્રકરણમ્

छंद - मालिनीवृत्त

**तमभिलषतिसिद्धिस्तं वृणीते समृद्धि,**
**स्तमभिसरति कीर्तिर्मुञ्चते तं भवार्तिः ।**
**स्पृहयति सुगतिस्तं नेक्षते दुर्गतिस्तं,**
**परिहरति विपत्तं यो न गृहणात्यदत्तम् ॥३३॥**

***अन्वय :*** *यः अदत्तम् न गृह्णाति विपत् तं परिहरति दुर्गीति तं न इक्षते सुगतिः तं स्पृहयति भवार्तिः तं मुञ्चते कीर्तिः तं अभिसरति समृद्धिः तं वृणीते सिद्धिः तं अभिलषति।*

**શબ્દાર્થ :** (यः) જે (अदत्तम्) ન આપેલું (न) નથી (गृहणाति) લેતો (तं) તેને (विपत्) વિપત્તિઓ (परिहरति) છોડી દે છે. (दुर्गीतिः) કષ્ટદાયક દશા (तं) તેના સામે (न इक्षते) જોતી નથી. (सुगतिः) સુખદાયક દશા (तं) તેને (स्पृहयति) ચાહે છે. (भवार्त्तिः) સંસારની સર્વે પીડાઓ (तं) તેને (मुञ्चति) છોડી દે છે. (कीर्ति) યશઃ (तं) તેની પાસે (अभिसरति) આવે છે, (समृद्धि) એશ્વર્ય (तं) તેનો (वृणीते) સ્વીકાર કરે છે. (सिद्धिः) અણિમાદિ અડસિદ્ધિ (तं) તેની (अभिलषति) અભિલાષા કરે છે. ॥૩૩॥

**ભાવાર્થ :** જે મનુષ્ય અદત્ત લેતો નથી તે મનુષ્યને આપત્તિ છોડી દે છે. કષ્ટદાયક દશા તેના સામું જોતી નથી. સુખદાયક સ્થિતિ તેને ચાહે છે. સંસારની પીડાઓ તો તેને છોડી દે છે, યશઃ એના સામે આવે છે, એશ્વર્ય પોતે જ એનો સ્વીકાર કરે છે, અને અણિમાદિ

સિદ્ધિઓ પણ એવા પુરુષની ઈચ્છા કરે છે. ॥૩૩॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી પ્રથમ શ્લોકમાં કહે છે કે જે મનુષ્ય કોઈના આપ્યા વગર કોઈ પદાર્થ લેતો નથી. સાથે જ આપનાર ઘણા હોય, પદાર્થ પણ ઘણા પ્રકારના હોય પણ પોતાને જેની આવશ્યકતા ન હોય તો આપવા છતાં પણ તેને ન લેનારા આત્માઓને શું લાભ થાય છે તેનું સંક્ષેપમાં પ્રથમ શ્લોકમાં વર્ણન કરે છે.

અદત્ત અગ્રાહીને આપત્તિઓ પીડતી નથી. એની પાસે એવું પુણ્ય બલ ભેગું થાય છે કે કષ્ટદાયક દશા તો એની સામું જ ન જુએ અને એ પુણ્યબલથી સતત સુખદાયક સ્થિતિમાં જ તે રહે, સંસારની આધી, વ્યાધિ, અને ઉપાધિ તો એના પુણ્ય બળની સામે ઊભી જ ન રહી શકે તેને છોડી દે અને એ પુણ્ય બળના પ્રતાપે એને યશઃ ઘરે બેઠાં મળી જાય છે. એને યશઃ મેળવવા માટે કાંઈ કરવું પડતું નથી. એશ્વર્યતા પોતે જ એના પુણ્યબળથી આકર્ષાઈને એની પાસે આવે અને અણિમાદિ આઠે સિદ્ધિઓ સતત એમ ઈચ્છા કરતી હોય છે કે અમે એવા અદત્ત અગ્રાહી પુરુષના કંઠમાં વરમાળા પહેરાવીને એના ચરણમાં જ આલોટીએ.

એમ પ્રથમ શ્લોકમાં અદત્ત અગ્રાહીને મળનારા લાભોની વાત કરીને હજી એને શું શું લાભ થાય છે તે બતાવે છે.

छंद - शिखरिणीवृत्त

**अदत्तं नाऽऽदत्ते कृतसुकृतकामः किमपिः यः,**
**शुभश्रेणिंस्तस्मिन् वसति कलहंसीवकमले ।**
**विपत्तस्माद् दूरं व्रजति रजनीवाम्बरमणे,**
**र्विनीतं विद्येव त्रिदिवशिवलक्ष्मीर्भजति तम् ॥३४॥**

***अन्वय :** यः कृतसुकृतकामः किमपि अदत्तम् न आदत्ते तस्मिन् शुभश्रेणिः कमले कलहंसी इव वसति तस्मात् विपत् अंबरमणेः रजनी इव दूरं व्रजति त्रिदिवशिवलक्ष्मी विद्या विनीतं इव तम् (सदा) भजति।*

**શબ્દાર્થ :** (यः) જે પુરુષ (कृतं सुकृतकामः) કર્યા છે પુણ્ય પ્રાપ્ત કરવાના મનોરથ જેણે (એવો થઈને) (किमपि) કાંઈપણ (अदत्तम्) ન આપેલું (न अदत्ते) લેતો નથી (तस्मिन्) તે પુરુષમાં (शुभश्रेणिः) કલ્યાણની શ્રેણિ (कमले) કમલવનમાં (कलहंसी) કલહંસીની સ્ત્રીની (इव) જેમ (वसति) રહે છે. (तस्मात्) તે પુરુષથી (विपत्) વિપત્તિ સંકટ (अंबरमणे) સૂર્યથી (रजनी इव) રાત્રિની જેમ (दूरं व्रजति) દૂર થઈ જાય છે. તથા (त्रिदिवशिव लक्ष्मी) ત્રૈલોક્યની શુભ રાજ્યલક્ષ્મી પણ (विद्या) જ્ઞાન (विनीतं) નમ્રતાને પ્રાપ્ત થાય છે (इव) તેમ (तम्) તે પુરુષને નિરન્તર (भजति) સેવે છે. ॥૩૪॥

**ભાવાર્થ :** પુણ્ય પ્રાપ્ત કરવાના મનોરથ કરીને જે ભવ્યાત્મા કાંઈ પણ અદત્ત લેતો નથી તે પુરુષમાં કમલવનમાં કલહંસ પક્ષીની સ્ત્રી રહે છે તેમ કલ્યાણની શ્રેણિ રહે છે. સૂર્યથી

રાત્રિ જેમ દૂર થાય છે તેમ અદત્ત ન લેવાથી વિપત્તિયો દૂર થઈ જાય છે. વિદ્યા, વિનય અને નમ્રતાથી જ મળે છે. તેમ ત્રણે લોકની રાજ્યલક્ષ્મી અદત્ત ગ્રહણ ન કરનારના ચરણ સેવે છે. ॥૩૪॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી કહે છે કે જે ભવ્યાત્મા પુણ્ય પ્રાપ્ત કરવાના મનોરથ કરે છે અર્થાત્ જેને મોક્ષ મેળવવાના મનોરથ થઈ ગયાં છે એવો ભવ્યાત્મા કાંઈપણ પદાર્થ આપ્યા વગર લે જ નહીં, તે પુરુષની અંદર કલ્યાણની શ્રેણિઓ રહે છે તે કોની જેમ તો કહ્યું કે જેમ કમલવનમાં કલહંસ પક્ષીની સ્ત્રી એનાથી દૂર થાય નહીં એની જેમ એનાથી એ શ્રેણિઓ દૂર થાય નહીં. એ ભવ્યાત્માથી વિપત્તિઓ દૂર જાય છે કોની જેમ તો કહ્યું કે જેમ સૂર્યના ઉદયથી રાત્રિ દૂર થાય છે તેમ અને જ્ઞાન નમ્ર વ્યક્તિને પ્રાપ્ત થાય છે તેમ ત્રણે લોકની શુભ રાજ્યલક્ષ્મી એવા અદત્ત અગ્રાહીને પ્રાપ્ત થાય છે.

અહીં કોઈ જો શંકા કરે કે 'પુણ્ય પ્રાપ્ત કરવાની વાતને આપ મોક્ષ મેળવવાની સાથે કેમ જોડો છો?, કારણ કે પુણ્ય પ્રાપ્ત કરવાના મનોરથમાં તો સંસારના સુખોના મનોરથ પણ આવી શકે છે' તો એના પ્રત્યુત્તરમાં સમાધાનમાં કહેવાનું કે ગ્રન્થકારશ્રી જે રીતે અદત્ત અગ્રાહીની વાત કરે છે તે સમ્યગ્ દૃષ્ટિ આત્માને જ ઘટે છે અને એના મનોરથ મોક્ષ મેળવવાના જ હોય છે. બીજી વાત આજ શ્લોકમાં શુભ શ્રેણિ શબ્દનો પ્રયોગ કર્યો છે તો જિનશાસનમાં ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ એ બેને જ શુભશ્રેણિ કહી છે અને તે મોક્ષની ભાવનાવાળાને જ મળે છે. તેથી અહિં 'કૃતસુકૃતકામઃ' ના અર્થમાં મોક્ષ મેળવવાના મનોરથને સેવનાર ભવ્યાત્મા એ અર્થ કરવો યોગ્ય લાગે છે. અને મુગ્ધલોકો માટે તો ભૌતિક સુખાર્થ પુણ્યની વાત પણ ઘટે જ છે. તેથી કોઈ વિરોધ થતો જ નથી. ॥૩૪॥

અદત્તઅગ્રાહીને લાભની વાત કહીને હવે અદત્ત ગ્રહણ કેવી રીતે અનર્થકારી છે તે બતાવે છે.

छंद - शार्दूलविक्रीडितवृत्त

**यन्निर्वर्तितकीर्तिधर्मनिधनं सर्वागसां साधनं,**
**प्रोन्मीलद्वधबन्धनं विरचितक्लिष्टाशयोद्बोधनम् ।**
**दौर्गत्यैकनिबन्धनं कृतसुगत्याश्लेषसंरोधनं,**
**प्रोत्सर्पत्प्रधनं जिघृक्षति न तद्धीमानदत्तं धनम् ॥३५॥**

*अन्वय : धीमान् तत् अदत्तम् धनम् न जिघृक्षति यत् निर्वर्तितकीर्तिधर्मनिधनं सर्वागसां साधनं प्रोन्मीलद्वधबन्धनम् विरचितक्लिष्टाशयोद्बोधनम् दौर्गत्यैकनिबन्धनम् कृतसुगत्याश्लेष संरोधनम् प्रोत्सर्पत्प्रधनम्।*

**શબ્દાર્થ :** (धीमान्) બુદ્ધિમાન પુરુષ (तत् अदत्तम्) તે ન આપેલું અર્થાત્ ચોરેલું (धनम्) ધનને (न जिघृक्षति) જોવાની પણ ઈચ્છા કરતાં નથી (કારણ કે) (यत्) જે (ચોરેલો પદાર્થ) (निर्वर्तितकीर्तिधर्मनिधनं) કીર્તિ અને ધર્મનો નાશ કરનાર છે (અને) (सर्वाऽऽगसां)

સર્વ અપરાધોનો સર્વે દોષોનો (साधनं) સાધનભૂત છે અર્થાત્ (સર્વ દોષો એનાથી થાય છે) તથા (प्रोन्मीलद्वधबन्धनम्) વધ અને કેદ કરાવનાર છે (અને) (विरचितक्लिष्टाशयोद्बोधनम्) દુષ્ટ હૃદયને જગાડનાર છે. (तद्वत्) (दौर्गत्यैक-निबन्धनम्) દુર્ગતિ અપાવનાર છે (कृत सुगत्याश्लेषसंरोधनम्) પુણ્ય અને સદ્ગતિની પ્રાપ્તિને રોકનાર છે. વિશેષ તો શું (प्रोत्सर्पत्प्रधनम्) મૃત્યુને પણ આપનાર છે. આથી અદત્તગ્રહણ સર્વથી છોડવા યોગ્ય છે. ।।૩૫।।

**ભાવાર્થ :** બુદ્ધિમાન પુરુષ જે હોય તે કોઈએ ન આપેલું અર્થાત્ ચોરેલું લેતાં નથી. કારણ કે જે કીર્તિ અને ધર્મનો નાશ કરનાર છે, સર્વ દોષોને ઉત્પન્ન કરનાર સાધન છે. વધ અને કેદ (બંધન) કરાવનાર છે. ચિત્તને દુષ્ટ કરનાર છે, દુર્ગતિ અપાવનાર છે, પુણ્ય અને સદ્ગતિને રોકનાર છે, એથી પણ વિશેષ તે મૃત્યુને આમંત્રિત કરનાર છે. આવા કારણોથી અદત્ત સર્વથા તજવા યોગ્ય જ છે. ।।૩૫।।

**વિવેચન :** ગ્રન્થકારશ્રી પ્રથમના બે શ્લોકોમાં અદત્ત અગ્રાહીને થનારા લાભોની વાત કરીને હવે અદત્ત ગ્રહણ કઈ રીતે અલાભકર્તા છે તે બતાવે છે.

અદત્ત અગ્રાહીને બુદ્ધિમાન્ વિશેષણથી ઉપમિત કરીને એ દર્શાવ્યું કે અદત્ત ગ્રહણ કરનાર બુદ્ધિહીન હોય છે તેને સારા સારનો વિવેક હોતો નથી. તેથી જ તે કીર્તિ અને ધર્મનો નાશ કરનાર અદત્ત ગ્રહણ કરે છે. જેનાથી સર્વ પ્રકારના દોષો ઉત્પન્ન થાય છે. અપરાધોની ઉત્પત્તિ એનાથી વધે છે. આ ભવમાં પણ ચોરેલો માલ લેનારને બંધનમાં જકડાવું પડે છે. ક્યારેક ફાંસીના માંચડે ચડવું પડે છે. મનને મલિન બનાવીને દુર્ગતિના દલિયા ભેગા કરાવી અદત્તાદાન દુર્ગતિમાં મોકલનાર છે. સાથે સાથે પુણ્ય (ધર્મ) અને સદ્ગતિને રોકનાર છે. એ અદત્તગ્રાહી ધર્મ કરી ન શકે અને સદ્ગતિમાં જઈ ન શકે. ગ્રન્થકારશ્રી કહે છે કે વિશેષ તો શું કહું આ અદત્તને લેનાર આત્માનું મૃત્યુ પણ અતિશીઘ્ર થઈ જાય છે. કારણ કે અદત્ત લેનાર સતત ચિંતા મગ્ન રહેતો હોય છે. એને પકડાવાનો અને એના ધનને પણ કોઈ લઈ ન જાય એનો ભય સતત હોય છે. તેથી તેનું આયુષ્ય ઓછું થઈને તે મૃત્યુ પામે છે. આવા કારણોથી જ્ઞાનીપુરુષો અદત્ત ગ્રહણ કરવાનો નિષેધ કરે છે. તેને ત્યાજ્ય કહે છે. ।।૩૫।।

હવે ચોથી ગાથામાં પુનઃ એ અદત્ત ગ્રહણના જ દુષણો બતાવતા થકાં કહે છે –

छंद - हरिणीवृत्त

**परजनमनःपीडाक्रीडावनं वधभावना,**
**भवनमवनी व्यापिव्यापल्लताधनमण्डलम् ।**
**कुगतिगमने मार्गः स्वर्गापवर्गपुरार्गलं,**
**नियतमनुपादेयं स्तेयं नृणां हितकाङ्क्षिणाम् ।।३६।।**

*अन्वय : (यः) परजनमनः पीडाक्रीडावनं वधभावनाभवनम् अवनी व्यापि-*

*व्यापल्लताघनमंडलम् कुगतिगमने मार्गः स्वर्गापवर्गपुरार्गलम् स्तेयं हितकाङ्क्षिणाम् नृणां नियतं अनुपादेयम्।*

**શબ્દાર્થ :** (परजनमनः पीडाक्रीडावनं) બીજા મનુષ્યોના મનને પીડા આપવામાં ક્રીડાવનની જેમ આ અદત્તાદાન છે. અને (वधभावना भवनम्) બીજાને મારવાની ભાવનાના મહલ રૂપમાં છે (अवनीव्यापिव्यापल्लताघनमंडलम्) સર્વ પૃથ્વી પર ફેલાયેલી વિપત્તિ રૂપી વેલોના માટે મેઘમંડલની જેમ છે (कुगतिगमने मार्गः) અસદ્ગતિ જવા માટેના માર્ગ રૂપ છે. (स्वर्गापवगर्पुरार्गलम्) સ્વર્ગ અને મોક્ષ નગરમાં આગલ સમાન છે. આવું આ (स्तेयं) ચોરીનું કાર્ય (हितकाङ्क्षिणाम् नृणां) હિત ચાહનાર પુરુષોના માટે (नियतं) નિશ્ચયથી (अनुपादेयम्) તજવા યોગ્ય છે. ॥૩૬॥

**ભાવાર્થ :** આ ચૌર્યકર્મ બીજા આત્માઓના મનને કષ્ટ આપવા માટે જાણે ક્રીડા કરવાના વન જેવું છે, બીજાને મારવાની ભાવનાના મકાન સમાન છે, સર્વ પૃથ્વી ઉપર પ્રસરેલી આપદા રૂપી વેલોના માટે મેઘઘટાની સમાન છે, દુર્ગતિયોમાં જવા માટે માર્ગ રૂપ છે અને સ્વર્ગ અને મોક્ષમાં જવા માટે આગળા સમાન છે તેથી જ આ ચોરીનું કાર્ય પોતાના આત્માનું હિત ઈચ્છનારના માટે વાસ્તવમાં તજવા યોગ્ય છે. ॥૩૬॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ચોથા શ્લોકમાં ચોરીનું કાર્ય શા કારણે અનિષ્ટ કરનાર છે તેને સમજાવતાં થકાં કહે છે કે આ ચોર્યકર્મ બીજા આત્માઓને જેનું ધન ચોરાય એને માનસિક કષ્ટ પહોંચાડવામાં ક્રીડાવન સમાન છે. ઉદ્યાનમાં ક્રીડા કરનાર જેમ ત્યાંની વનસ્પતિને પીડા પહોંચાડે છે તેમ ચોરી કરનાર બીજા આત્માને માનસિક પીડા આપે છે. તેમજ બીજા આત્માઓને મારી નાખવાના વિચારોનું ભવન છે. ચોર્યકર્મ કરનારના હૃદયમાં બીજા જીવોને મારવાની બુદ્ધિ આવી જાય છે અને આ ચૌર્યકર્મને જગતમાં રહેલી વિપત્તિઓના સિંચનમાં મેઘઘટા સમાન દર્શાવીને કહ્યું કે ચોરી કરનાર જગતની સર્વે વિપત્તિઓને પોતાના ઘરે બોલાવે છે. અંતિમ હિત શિક્ષા આપતા કહ્યું કે આ ચોર્યકર્મ આત્મા માટે સ્વર્ગમાં જવા માટે અને મોક્ષમાં જવા માટે આગળા સમાન છે. જેમ કોઈના ઘરમાં જવું હોય પણ આગળો મારેલો હોય તો ત્યાં જવાય નહીં તેમ ચૌર્યકર્મ રૂપી આગળો સ્વર્ગ અને અપવર્ગ રૂપી મહલને લગાડનાર કઈ રીતે સ્વર્ગનગર અને મોક્ષનગરમાં જઈ શકે? એ માટે જ સર્વે જ્ઞાનિયોએ એક અવાજે કહ્યું છે કે પોતાનું હિત ઈચ્છનારે નિશ્ચયથી સ્તેય (ચૌર્ય) કર્મને છોડી જ દેવું જોઈએ. ॥૩૬॥

હવે ગ્રન્થકારશ્રી શીલ પ્રકરણની વ્યાખ્યા કરતાં થકાં કહે છે કે –

## શીલ પ્રકરણમ્

छंद – शार्दूलविक्रीडितवृत्त

**कामार्त्तस्त्यजति प्रबोधयति वा स्वस्त्रीं परस्त्रीं न यः,**[१]

૧. આ લાઈન કોઈક પ્રતમાં ચોથી આપેલી છે.

दत्तस्तेन जगत्यकीर्तिपटहो गोत्रे मषीकूर्चक,
श्चारित्रस्य जलाञ्जलिर्गुणगणारामस्य दावाऽनलः
सङ्केतसकलापदां शिवपुरद्वारे कपाटो दृढः ॥३७॥

*अन्वय : यः कामार्त्तः स्वस्त्रीं न प्रबोधयति परस्त्रीं न त्यजति तेन जगति अकीर्तिपटहः, दत्तः गोत्रे मषीकूर्चकः दत्तः चारित्रस्य जलाञ्जलिः गुणगणारामस्य दावानलः सकलापदां सङ्केतः (तद्वत्) शिवपुरद्वारे दृढः कपाटः।*

**શબ્દાર્થ :** (यः कामार्त्तः) જે કામાસક્ત આત્મા (स्वस्त्रीं) પોતાની પત્નીને (न प्रबोधयति) સમજાવતો નથી અને (परस्त्रीं) બીજાની સ્ત્રીને (न त्यजति) છોડતો નથી. (तेन) તે પુરુષે તે આત્માએ (जगति) સંસારમાં (अकीर्तिपटहः) અપજશનું નગારૂં (दत्तः) વગાડ્યું છે અને (गोत्रे) પોતાના કુલમાં (मषिकूर्चकः) કાલિમાનું પોતું (दत्तः) દઈ દીધું છે અને (चारित्रस्यः) સચ્ચરિત્ર ઊપર (जलाञ्जलि) પાણીની અંજલિ રેડી દીધી છે. અને (गुणगणारामस्य) ગુણોના સમૂહ રૂપી ઉપવન માટે (दावाऽऽनलः) દાવાનલની જેમ છે. (सकलापदां) સર્વ આપદાઓ માટે (सङ्केतः) ઈશારાનું સંકેતનું સ્થાન છે. (તેની જેમ) (शिवपुरद्वारे) મોક્ષમાર્ગના દ્વાર પર (दृढःकपाटः) દઢ દરવાજા સમાન છે. ॥૩૭॥

**ભાવાર્થ :** વાસનામાં આસક્ત જે આત્મા પોતાની સ્ત્રીને કામભોગની ભયંકરતા સમજાવતો નથી. પરસ્ત્રીના સંગને તજતો નથી તે પુરુષ તે આત્માએ, સંસારમાં અપયશનું નગારૂ વગાડ્યું, પોતાના કૂળની આબરૂ ઉપર કાલિમા પોતી, સચ્ચારિત્ર સદાચારિતા ઉપર જલની અંજલિઓ છોડી, ગુણોના સમૂહરૂપી ઉદ્યાનમાં દાવાનલ પ્રગટાવ્યો, જગતની સર્વ વિપત્તિઓને નિમંત્રણ આપ્યું અને મોક્ષમાર્ગના દ્વાર પર મજબુત કપાટો દરવાજાઓ જડી દીધા છે. ॥૩૭॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી શીલ પ્રકરણના પ્રથમ શ્લોકમાં અબ્રહ્મના સેવન કરનારને શું શું અલાભ થાય છે તે દર્શાવતાં થકાં કહે છે કે –

કામાસક્ત વાસનાથી પીડિત જે આત્મા પોતાની સ્ત્રીને વાસનાથી મુક્ત થવા માટે સમજાવતો નથી અને બીજી સ્ત્રીઓનો સંસર્ગ ન કરવાનો નિયમ લેતો નથી તે આત્મા આ સંસારમાં પોતાનો અપયશ ગવાય, ભવિષ્યમાં પણ ગવાતો રહે એ માટેનું નગારૂં વગાડે છે, એની બાપ–દાદાઓની અર્જિત કાં પોતાની અર્જિત ઇજ્જત આબરૂ રૂપી સફેદ દિવાર પર કાલખ (કાજલ) નું પોતુ મારી દે છે અને સચ્ચારિત્રનું મારે પાલન કરવું નથી એ માટે એણે જલની અંજલી (હાથ પાણી) છોડી અને ગુણોના સમૂહરૂપી જે ઉદ્યાન શીલની સુવાસથી મહેક્તું હતું એમાં દાવાનલ લગાડી દીધો, જગતમાં જેટલાં પ્રકારની વિપત્તિઓ છે, શારીરિક અને માનસિક એ સર્વેને બોલાવવાનો સંકેત કરી દીધો. નિમંત્રણ આપી દીધું અને મોક્ષ માર્ગનું ખાસ શીલપાલન રૂપી દ્વાર છે એના પર મજબુત શીલા જેવા દરવાજા જડી દીધા. આ રીતે શીલનું પાલન ન કરનાર આત્મા મોક્ષમાં જવા માટે અયોગ્ય બની

જાય છે અને જગતમાં સતત દુ:ખો જ મેળવે છે. ॥૩૭॥

હવે બીજા શ્લોકમાં શીલ પાલનનું મહત્ત્વ દર્શાવતાં થકાં કહે છે કે –

छंद – शार्दूलविक्रीडितवृत्त

**व्याघ्रव्यालजलानलादिविपदस्तेषां व्रजन्ति क्षयं,**
**कल्याणानि समुल्लसन्ति विबुधाः सान्निध्यमध्यासते;**
**कीर्तिः स्फूर्तिमियर्तियात्युपचयं धर्मः प्रणश्यत्यघं,**
**स्वर्निर्वाणसुखानि सन्निदधते ये शीलमाबिभ्रते ॥३८॥**

***अन्वय :*** *ये शीलम् आबिभ्रते तेषां व्याघ्रव्यालजलाऽनलादिविपदः क्षयं व्रजन्ति कल्याणानि समुल्लसन्ति विबुधाः सान्निध्यम् अध्यासते कीर्तिः स्फूर्तिम् ईयर्ति धर्मः उपचयं याति अघं प्रणश्यति स्वर्निर्वाणसुखानि सन्निदधते।*

**શબ્દાર્થ :** (ये) જે આત્મા (शीलम्) સચ્ચરિત્રને સદાચારને (आबिभ्रते) ધારણ કરે છે (तेषां) તે આત્માઓની (व्याघ्रव्यालजलानलादिविपदः) વાઘ, સાપ, જલ, અગ્નિ આદિની આપદાઓ (क्षयं व्रजन्ति) નો નાશ થાય છે. (कल्याणानि) કલ્યાણકારી કાર્યોનો (समुल्लसन्ति) વિકાસ થાય છે (विबुधाः) દેવગણ (सान्निध्यम्) તેઓના સાન્નિધ્યમાં (अध्यासते) રહેવાનું કરે છે (कीर्तिः) મોટાઈ (स्फूर्तिम्) વિકાસને (ईयर्ति) પામે છે. (धर्म) તેઓનો ધર્મ પણ (उपचयं) વૃદ્ધિને (याति) પામે છે (अघं प्रणश्यति) તેઓનો પાપ નાશ થાય છે તથા (स्वर्निर्वाणसुखानि) સ્વર્ગ અને નિર્વાણના સુખ પણ (શીલવંત પુરુષને) (सन्निदधते) પ્રાપ્ત થાય છે. ॥૩૮॥

**ભાવાર્થ :** જે આત્મા સદાચારને ધારણ કરે છે તે આત્માઓની વાઘ, સર્પ, જલ, અગ્નિ આદિની અનેક આપત્તિઓ નાશ થઈ જાય છે. કલ્યાણકારી કાર્યોનો વિકાસ થાય છે. દેવતાઓ તેઓની પાસે રહેવાનું કરે છે. મોટાઈ વિકાસને પામે છે. તેઓનો ધર્મ પણ વૃદ્ધિને પામે છે. તેઓના પાપોનો નાશ થાય છે અને સ્વર્ગ અને નિર્વાણના સુખો એવા શીલવંત પુરુષોને પ્રાપ્ત થઈ જાય છે. ॥૩૮॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી શીલ મહાત્મ્ય દર્શક બીજા શ્લોકમાં કહે છે કે આ શીલનું પાલન એટલે કેવળ કાયાથી અબ્રહ્મ સેવનનો ત્યાગ એટલું જ નહીં પણ શીલ એટલે સદાચાર, મન, વચન, કાયાથી કરણ, કરાવણ અને અનુમોદન એમ ત્રણે યોગ અને ત્રણે કરણ વડે અસદાચારનો ત્યાગ અને સદાચારનું પાલન એનું જ નામ શીલ, એટલે જ તો **'तवेसुवाउत्तमं बंभचेरं'** સર્વે તપોમાં, સર્વે અનુષ્ઠાનોમાં ઉત્તમ અનુષ્ઠાન બ્રહ્મચર્યનું પાલન કરવું કહ્યું છે. એ શીલ પાલન કરનાર આત્માને વાઘ, સર્પ, જલ અને અગ્નિ આદિના કેવા પણ કષ્ટદાયક ઉપસર્ગો હોય યા અનુકૂળ ઉપસર્ગો હોય એ સર્વે વિપદાઓનો જ નાશ થઈ જાય છે. એના કાર્યોમાં આત્મ કલ્યાણકારી કાર્યોનો વિકાસ થાય છે. પૂર્વના કરતાં પણ હવે વિશેષ આત્મહિતના કાર્યોમાં પ્રવૃતિ કરવાની ભાવના થાય છે. દેવતાઓ પણ એવા

શીલવંત પુરુષોની પાસે રહેવાનું કરે છે. એ આત્માઓની યશોગાથા વિસ્તારને પામે છે, તે આત્માઓના પાપો નાશ થઈ જાય છે તેમજ સ્વર્ગ અને મોક્ષ સુખની પણ પ્રાપ્તિ શીલવંત પુરુષને થાય છે. ॥૩૮॥

હવે ત્રીજા શ્લોકમાં શીલ પાલનના ફળને દર્શાવતાં થકા કહે છે કે –

छंद – मालिनीवृत्त

**हरतिकुलकलङ्कं लुम्पते पापपङ्कं,**
**सुकृतमुपचिनोति श्लाघ्यतामातनोति;**
**नमयति सुरवर्गं हन्ति दुर्गोपसर्गं,**
**रचयति शुचिशीलं स्वर्गमोक्षौ सलीलम् ॥३९॥**

*अन्वय : शुचि शीलम्, कुलकलङ्कं हरति, पापपङ्कं लुम्पते, सुकृतं उपचिनोति, श्लाघ्यताम् आतनोति, सुरवर्गम् नमयति, दुर्गोपसर्गं हन्ति (तथा) स्वर्गमोक्षौ सलीलम् रचयति।*

**શબ્દાર્થ :** (शुचिशीलम्) પવિત્રશીલ (कुलकलङ्कं) કુલના કોઈ કલંકનું (हरति) હરણ કરે છે (पापपङ्कं) પાપરૂપી કીચડને (लुम्पते) ધોઈ નાંખે છે (सुकृतं) પુણ્યકાર્યોની (उपचिनोति) વૃદ્ધિ કરે છે. (श्लाघ्यताम्) પ્રશંસાને (आतनोति) વિસ્તારે છે (सुरवर्गम्) દેવતાઓને પણ (नमयति) નમાવે છે (दुर्गोपसर्गं) ભયંકર ઉપદ્રવોને (हन्ति) મિટાવે છે. (તથા) (स्वर्गमोक्षौ) સ્વર્ગ અને મોક્ષને પણ (सलीलम्) લીલામાત્રમાં (रचयति) બનાવે છે પ્રાપ્ત કરાવે છે. ॥૩૯॥

**ભાવાર્થ :** પવિત્રશીલનું પાલન એ આત્માના કુલના કલંકનું હરણ કરે છે. પાપરૂપી કીચડને સાફ કરે છે, પુણ્યકાર્યોની વૃદ્ધિ કરે છે, એની પ્રશંસાને વિસ્તરિત કરે છે, દેવતાઓને પણ નમાવે છે. ભયંકર ઉપદ્રવોને મિટાવી દે છે અને સ્વર્ગ તથા મોક્ષ ને પણ લીલા માત્રમાં પ્રાપ્ત કરાવે છે. ॥૩૯॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી શીલ પાલન કરનારને શું શું લાભ થાય છે તે દર્શાવતા થકાં કહે છે કે જે આત્મા શીલનું પાલન કરે છે તેની ખાનદાની પર પૂર્વના અશુભ કર્મના ઉદયકાળથી કોઈ કલંક આવી ગયું હોય તો પણ તે આ શીલ પાલન દ્વારા દૂર થઈ જાય છે. પાપ રૂપી કીચડને ધોઈને આત્માને સ્વચ્છ બનાવે છે. ધર્મકાર્યોની વૃદ્ધિ કરાવે છે. શીલ પાલનનું કર્તવ્ય અનેક પ્રકારના ધર્મકાર્યોમાં વૃદ્ધિ કરાવે છે. એ આત્માની પ્રશંસાને વિસ્તૃત કરે છે. દેવલોક સુધી શીલની સુગંધ પહોંચી જાય છે અને એ દેવતાઓ એના ચરણમાં નમસ્કાર કરે છે. શીલપાલનના પ્રતાપે ભયંકરમાં ભયંકર ઉપસર્ગો વિઘ્નો દૂર થઈ જાય છે અને સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ લીલા માત્રમાં કરાવી દે છે. ॥૩૯॥

આ રીતે શીલપાલનની મહિમા દર્શાવતા થકાં ચોથી ગાથામાં શીલપાલન કરનારને વિશેષ શું ફળ થાય છે તે કહે છે.

छंद - शार्दूलविक्रीडितवृत्त

तोयत्यग्निरपि स्रजत्यहिरपि व्याघ्रोऽपि सारङ्गति,
व्यालोऽप्यश्वति पर्वतोऽप्युपलति क्ष्वेडोऽपि पीयूषति;
विघ्नोऽप्युत्सवति प्रियत्यरिरपि क्रीडातडागत्यपां-
नाथोऽपि स्वगृहत्यटव्यपि नृणां शीलप्रभावाद् ध्रुवम् ॥४०॥

*अन्वय : नृणां शील प्रभावात् ध्रुवम् अग्निः अपि तोयति अहिः अपि स्रजति व्याघ्रः अपि सारङ्गति व्यालः अपि अश्वति पर्वतः अपि उपलति क्ष्वेडः अपि पीयूषति विघ्नः अपि उत्सवयति अरिः अपि प्रियति अपांनाथः अपि क्रीडातडागति, अटवी अपि स्वगृहति ॥४०॥*

**શબ્દાર્થ :** (नृणां) મનુષ્યોના (शीलप्रभावात्) સત્સ્વભાવના પ્રભાવથી શીલ–સદાચાર પાલનના પ્રતાપથી, (ध्रुवम्) નિશ્ચયથી (अग्निः अपि) આગ પણ (तोयति) પાણીની જેમ શીતલ બની જાય છે. (अहिः अपि) સર્પ પણ (स्रजति) ફૂલમાલા બની જાય છે. (व्याघ्रः अपि) ખૂંખાર વાઘ પણ (सारङ्गति) હરણિયાની જેમ સરલ બની જાય છે. (व्यालः अपि) મદોન્મત્ત હાથી પણ (अश्वति) અશ્વની જેમ સુખપૂર્વક બેસાય તેવો થઈ જાય છે. (पर्वतः अपि) ઊંચો પહાડ પણ (उपलति) નાના પત્થર જેવો થઈ જાય છે. (क्ष्वेडः अपि) વિષ પણ (पीयूषति) અમૃતની જેમ ગુણકારી બને છે. (विघ्नः अपि) ઉપદ્રવ પણ (उत्सवति) મહોત્સવ બની જાય છે. (अरिः अपि) શત્રુ પણ (प्रियति) મિત્રની જેમ બની જાય છે. (अपांनाथः अपि) સમુદ્ર પણ (क्रीडातडागति) ક્રીડાસરોવર થઈ જાય છે (अटवी अपि) જંગલ પણ (स्वगृहति) પોતાના ઘર જેવું થઈ જાય છે. ॥૪૦॥

**ભાવાર્થ :** માણસોના શીલપાલનના પ્રભાવથી નિશ્ચયથી અગ્નિ પણ જલની જેમ ઠંડક આપનાર બને છે, સર્પ પુષ્પમાળ બની જાય છે. ખૂંખાર વાઘ પણ હરણ જેવો સરલ બની જાય છે, દુષ્ટ હાથી પણ અશ્વની જેમ સુખારોહ બની જાય છે. પર્વત પણ નાના પત્થરની જેમ બની જાય છે. વિષ પણ અમૃતની જેમ કાર્ય કરનાર બને છે. ઉપદ્રવ પણ મહોત્સવના જેમ (જેવો) થઈ જાય છે. શત્રુ પણ મિત્ર સમાન થઈ જાય છે. સમુદ્ર ક્રીડા સરોવર થઈ જાય છે. અને જંગલ પણ પોતાના રહેવાના ઘર જેવું થઈ જાય છે. ॥૪૦॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી શીલપાલનના મહત્ત્વને દર્શાવતા ચોથા શ્લોકમાં કહે છે કે જે જે માનવો શીલપાલન કરે છે તેમના તે સત્સ્વભાવના પ્રભાવથી એ આત્માઓ માટે આગ પણ પાણીની જેમ ઠંડક આપનાર થઈ જાય છે. આગ એમને બાળે નહીં પણ જલ બનીને જીવાડે છે. સર્પ પણ એમના ગલામાં પુષ્પમાળ બનીને એમની શોભામાં વધારો કરે છે. એમની સુવાસને વિસ્તારે છે. ખતરનાક વાઘ જેવું પ્રાણી એમની પાસે હરણની જેમ સીધું અને સરલ બનીને રહે છે. મદોન્મત્ત હાથી પણ એમના માટે ઘોડાની જેમ સુખપૂર્વક

બેસવા જેવો થઈ જાય છે. ઉંચો પર્વત પણ એમના માટે નાનો પત્થર થઈ જાય છે. એમને કોઈ વિષ આપી દે તો તે પણ અમૃતનું કામ કરે છે. દેવ માનવ તિર્યંચાદિ કૃત ઉપદ્રવો પણ એમને મહોત્સવ માટે થઈ જાય છે. એમના શત્રુઓ પણ શીલપાલનના પ્રતાપે મિત્ર બનીને આવે છે. કિનારો ન દેખાય એવો સમુદ્ર પણ એઓને ક્રીડા કરવાનું સરોવર બની જાય છે. અર્થાત્ આ શીલપાલન કરનાર વ્યક્તિને કોઈપણ જાતનું કષ્ટ પૂર્વકૃત અશુભોદયના કારણે આવી જાય તો તે પણ સુખ આપનાર બનીને અંતે મોક્ષ સુખ આપનાર બને છે. ||૪૦||

એમ ગ્રન્થકારશ્રીએ ચાર શ્લોકમાં શીલ મહાત્મ્ય વર્ણવીને હવે પરિગ્રહ ત્યાગ પ્રકરણને વર્ણવતાં કહે છે કે –

## પરિગ્રહ ત્યાગ પ્રકરણમ્

छंद - शार्दूलविक्रीडितवृत्त

**कालुष्यं जनयन् जडस्य रचयन् धर्मद्रुमोन्मूलनं,**
**क्लिष्यन्नीतिकृपाक्षमाकमलिनीर्लोभाम्बुधिं वर्धयन्**
**मर्यादातटमुद्रुजन् शुभमनोहंसप्रवासं दिश-**
**न्किं न क्लेशकरः परिग्रहनदीपूरः प्रवृद्धिं गतः ॥४१॥**

*अन्वय : प्रवृद्धिं गतः परिग्रहनदीपूरः जडस्य कालुष्यं जनयन् धर्मद्रूमोन्मूलनं रचयन् नीति-कृपा-क्षमा-कमलिनी क्लिश्यन् (तद्वत्) लोभाम्बुधिं वर्धयन् मर्यादातटम् उद्रुजन् (एवं) शुभमनोहंसप्रवासं दिशन् किं क्लेशकरः न।*

**શબ્દાર્થ :** (प्रवृद्धिं) વૃદ્ધિને (गतः) પામેલો (परिग्रहनदीपूरः) પરિગ્રહ પ્રત્યેક પદાર્થના સંગ્રહની ભાવના રૂપી નદીનો પ્રવાહ (जडस्य) મૂર્ખ આત્માઓના ચિત્તમાં (कालुष्यम्) કલુષતા પાપ પ્રવૃત્તિને (जनयन्) ઉત્પન્ન કરીને (धर्मद्रुमोन्मूलनं) ધર્મરૂપીવૃક્ષનું ઉન્મૂલન (रचयन्) કરીને (नीति-कृपा-क्षमा-कमलिनीः) નીતિ, કૃપા, ક્ષમારૂપી કમલોની વનાવલીને (क्लिश्यन्) મુરઝાવીને (તેની જેમજ) (लोभाम्बुधिं) લોભરૂપી સમુદ્રને (वर्धयन्) વધારીને (मर्यादातरं) મર્યાદારૂપી કિનારાને (उद्रुजन्) તોડીને (शुभमनोहंसप्रवासं) સાત્ત્વિકવિચાર રૂપી હંસને પરદેશ (दिशन्) મોકળીને (किं) શું (क्लेशकरः) ક્લેશ ઉત્પન્ન કરનાર (न) નથી? અપિતુ આવો પરિગ્રહ જરૂર દુઃખદાયી જ છે. ||૪૧||

**ભાવાર્થ :** વૃદ્ધિને પામેલો પરિગ્રહની ભાવના રૂપી નદીનો પ્રવાહ મૂર્ખ આત્માઓના ચિત્તમાં પાપ પ્રવૃત્તિને વધારવા છતાં, ધર્મ રૂપી વૃક્ષનું ઉન્મૂલન કરતાં છતાં, નીતિ–કૃપા અને ક્ષમા રૂપી કમલોની વનાવલીને મુરઝાવતા છતાં, લોભ રૂપી સમુદ્રને વધારવાં છતાં, મર્યાદા રૂપી કિનારાને તોડતા છતા, સાત્ત્વિક વિચાર રૂપી હંસને પરદેશ મોકલતાં છતાં શું દુઃખને ઉત્પન્ન કરનાર નથી? અર્થાત્ એ પરિગ્રહરૂપી નદીનું પૂર અવશ્ય દુઃખનું જ કારણ છે. ||૪૧||

**વિવેચન :** ગ્રન્થકારશ્રી પરિગ્રહ ત્યાગ પ્રકરણમાં પરિગ્રહથી થતા નુકશાનોને દર્શાવતાં થકાં પ્રથમ શ્લોકમાં કહે છે કે –

આ પરિગ્રહ રૂપી નદીનું પૂર જ્યારે વૃદ્ધિને પામે છે ત્યારે જડ–મૂર્ખ આત્માઓના ચિત્તમાં પાપ પ્રવૃત્તિને ઉત્પન્ન કરે છે. પરિગ્રહ એ પાપનું મૂળ છે એમ આગમોક્ત વાત કરીને આગળ કહ્યું કે આ પરિગ્રહ ધર્મરૂપી વૃક્ષનો નાશ કરે છે. પરિગ્રહ મેળવવામાં આસક્ત વ્યક્તિને ધર્મક્રિયા કરવાનો સમય જ મળતો નથી. આ પરિગ્રહ મેળવવાની ભાવનાવાળો નીતિ–દયા અને ક્ષમા રૂપી કમલની વનાવલીને તો મુરઝાવી દે છે. કારણ કે આ વનાવલી સંતોષરૂપી જલથી નવપલ્લવિત રહે છે. એ જલનું સિંચન ન થાય ત્યારે ગુણો રૂપી વનાવલી મુરઝાઈ જાય છે અને એ લોભ રૂપી સમુદ્રને તો વધારે છે. **(जहालाहोतहालोहो)** જ્યાં લાભ ત્યાં લોભ, વાળી આગમોક્ત વાત અહીં બતાવી છે કે જેમ જેમ પરિગ્રહ વધે તેમ તેમ લોભ વધે છે. અને એથી એ મર્યાદા રૂપી કિનારાને તોડી નાંખે છે. લોભી લાલચી વ્યક્તિને કોઈ જાતની વ્યવહારિક મર્યાદા પણ રહેતી નથી. અને એવો આત્મા સાત્ત્વિક વિચાર રૂપી હૃદયને તો અશુભ વિચારો રૂપી પરદેશના પ્રવાસે મોકલી દે છે. અર્થાત્ એ પરિગ્રહના લોભી વ્યક્તિમાં શુભ વિચારો આવે જ નહીં અને તેથી જ આવા કારણોથી કયાં કયાં દુઃખોને તે નિમંત્રણ ન આપે? અર્થાત્ આપે જ, એટલે જ આવો પરિગ્રહનો મોહ જરૂર દુઃખદાયી જ છે. ॥૪૧॥

હવે બીજા શ્લોકમાં પરિગ્રહ કેવો છે તે દર્શાવતાં કહે છે કે –

छंद – मालिनीवृत्त

**कलहकलभविन्ध्यः क्रोधगृध्रश्मसानं,**
**व्यसनभुजगरन्ध्रं द्वेषदस्युप्रदोषः**
**सुकृतवनदवाग्निर्मार्दवाम्भोदवायु-**
**र्नयनलिनतुषारोऽत्यर्थमर्थानुरागः ॥४२॥**

***अन्वय :*** *अत्यर्थम् अर्थानुरागः कलहकलभविन्ध्यः क्रोधगृधश्मसानं व्यसनभुजगरन्ध्रं द्वेषदस्युप्रदोषः सुकृतवनदवाग्निः मार्दवांऽभोदवायुः नयनलिनतुषारः।*

**શબ્દાર્થ :** (अत्यर्थम्) અત્યંત વધારે (अर्थानुरागः) ધનાદિસંગ્રહનો ભાવ પ્રેમ (कलहकलभविन्ध्य) કલહરૂપી હાથીના બાળક માટે વિન્ધ્યાચલના પર્વત સમાન છે. (क्रोधगृध्रश्मसानं) ક્રોધરૂપી ગીધ માટે શ્મસાન જેવો છે. (व्यसनभुजगरन्ध्रं) દુઃખ રૂપી સર્પ માટે બિલની જેમ છે. (द्वेषदस्युप्रदोषः) દ્વેષરૂપી ચોરને સુખ આપવા માટે રાત્રિના પ્રારંભ જેવો છે. (सुकृतवनदवाग्निः) પુણ્ય રૂપી વનને બાળવા માટે દાવાનલ અગ્નિ સમાન છે. (मार्दवाम्भोदवायुः) સજ્જનતારૂપી વાદળાઓ માટે વાયુની સમાન છે. અને (नयनलिनतुषारः) ન્યાયરૂપી કમલના માટે બર્ફની જેવો છે. ॥૪૨॥

**ભાવાર્થ :** વધારે પ્રમાણમાં ધનાદિ પદાર્થના સંગ્રહની આસક્તિ કલહરૂપી હાથીના બાળકો માટે વિન્ધ્યાચલના પહાડ સમાન છે. ક્રોધરૂપી ગીધડાં માટે શ્મસાન સમાન છે, દુઃખ રૂપી સાપ માટે બિલ જેવો છે. દ્વેષ રૂપી ચોર માટે રાત્રિના પ્રારંભ સમાન છે. પુણ્યરૂપી વનને બાળવા માટે દાવાનળ સમાન છે. સજ્જનતા રૂપી વાદળા માટે વાયુ છે અને ન્યાયરૂપી કમલ માટે બર્ફ સમાન છે. ।।૪૨।।

**વિવેચન :** ગ્રન્થકારશ્રી બીજા શ્લોકમાં પરિગ્રહ ભેગો કરવાનો પ્રેમ આસક્તિ કોના જેવી છે તે દર્શાવતાં દૃષ્ટાંતો દ્વારા બતાવે છે કે જેમ હાથીના બાળકોને વિન્ધ્યાચલ પર્વત કલહ–લડાઈ કરવા માટે મોકળુ મેદાન આપે છે તેમ પરિગ્રહ લડાઈ–ઝગડા કરવા માટેનું મોકળું મેદાન છે. જેમ ગીધ પક્ષી શ્મસાનમાં માંસ જોઈને આનંદથી રહે છે તેમ ક્રોધરૂપી ગીધ પરિગ્રહની મમતાવાળાના હૃદયને શ્મસાન માનીને રહે છે. અર્થાત્ તે સતત ક્રોધ કરતા રહે છે. જેમ સાપ બિલમાં આનંદથી રહે છે તેમ દુઃખ રૂપી સર્પ પરિગ્રહની મમતા રૂપી બિલમાં આનંદથી રહે છે. અર્થાત્ પરિગ્રહનો લાલચુ દુઃખી હોય છે. જેમ ચોરોને રાત્રિનો પ્રારંભ આનંદદાયક લાગે છે તેઓ વિચારે છે કે હવે થોડીવારમાં ચોરી કરવા માટે જઈને માલ લઈને આવશું તેમ દ્વેષ માટે પરિગ્રહની આસક્તિ આનંદદાયક છે. અર્થાત્ પરિગ્રહમાં આસક્ત આત્મામાં દ્વેષ ભાવ રહેલો હોય છે. જેમ વનને દાવાનળ અગ્નિ બાળીને રાખમાં પલટાવે છે તેમ પરિગ્રહની મમતા સુકૃતોરૂપી વનને પુણ્યરૂપી વનને બાળીને રાખ કરી દે છે. જેમ વાદળાઓને વાયુ વિખેરી નાખે છે તેમ સજ્જનતા રૂપી વાદળાઓને પરિગ્રહની મમતારૂપી પવન વિખેરી નાખે છે અર્થાત્ એવા વ્યક્તિમાંથી સજ્જનતા ચાલી જાય છે અને જેમ કમલને હીમ–બર્ફ નષ્ટ કરી દે છે તેમ ન્યાય–નીતિ રૂપી કમલને પરિગ્રહનો પ્રેમરૂપી બર્ફ નષ્ટ કરી દે છે અર્થાત્ એ પરિગ્રહનો પ્રેમી ન્યાયને માનતો જ નથી, એને અન્યાય જ પ્રિય હોય છે. ।।૪૨।।

હવે ત્રીજા શ્લોકમાં પણ પરિગ્રહની આસક્તિ કેવી હોય છે તે બતાવે છે.

छंद – शार्दूलविक्रीडितवृत्त

**प्रत्यथो प्रशमस्य मित्रमधृतेर्मोहस्य विश्रामभूः,**
**पापानां खनिरापदां पदमसद्ध्यानस्य लीलावनम्**
**व्याक्षेपस्य निधिर्मदस्य सचिवः शोकस्यहेतुः कलेः**
**केलिवेश्मपरिग्रहः परिहृतेर्योग्यो विविक्तात्मनाम् ।।४३।।**

*अन्वय : प्रशमस्य प्रत्यर्थी अधृतेः मित्रं मोहस्य विश्रामभूः पापानां खनिः आपदां पदम् असद्ध्यानस्य लीलावनम् व्याक्षेपस्य निधिः मदस्य सचिवः शोकस्य हेतुः कलेः केलिवेश्म विविक्तात्मनाम् परिहृतेः योग्यः।*

**શબ્દાર્થ :** જે (प्रशमस्य) શાંતિનો (प्रत्यर्थी) શત્રુ છે (अधृतेः) ઉતાવળનો (मित्र) દોસ્ત છે (मोहस्य) અજ્ઞાનને (विश्रामभूः) વિશ્રામ સ્થળ છે. (पापानां) પાપોની (खनिः)

ખાન છે. (आपदां) આપદાઓનું (पदम्) સ્થાન છે. (असद् ध्यानस्य) ખરાબ વિચારોને (लीलावनम्) ખેલવા માટે ઉદ્યાન છે. (व्याक्षेपस्य) ગભરામણનો (निधिः) ખજાનો છે (सदस्य) પાગલપન (अभिमान)નો (सचिवः) મંત્રી છે. (शोकस्य) દુઃખનું (हेतुः) કારણ છે (कलेः) ઝગડાને (केलिवेश्मन्) ક્રીડા કરવાનું ઘર છે. આવો અધમપરિગ્રહ (विविक्तात्मनाम्) સંસાર તજેલા આત્માઓ માટે સર્વથા (परिहृतेः) છોડવા (योग्यः) જેવો જ છે. ||૪૩||

**ભાવાર્થ :** જે પરિગ્રહનો પ્રેમ શાંતિનો શત્રુ છે, ઉતાવળનો દોસ્ત છે, અજ્ઞાનનું વિશ્રામ સ્થલ છે, પાપોની ખાણ છે, આપદાઓનું સ્થાન છે, ખરાબ વિચારોને રમવા માટે ઉદ્યાન છે, ગભરામણનો ખજાનો છે, પાગલપન (અભિમાન) નો મંત્રી છે, દુઃખનું કારણ છે, લડાઈ–ઝગડાને ક્રીડા કરવાનું ઘર છે, આવો આ અધમ પરિગ્રહ સંસાર તજીને સાધુ બનેલા આત્માઓએ સર્વથા તજવો જ યોગ્ય છે. ||૪૩||

**વિવેચન :** ગ્રન્થકારશ્રી પરિગ્રહ ત્યાગ પ્રકરણના ત્રીજા શ્લોકમાં પરિગ્રહનો પ્રેમ શું શું અનર્થ કરે છે તે બતાવે છે કે – આ પરિગ્રહનો પ્રેમ, શાંતિનો શત્રુ છે. અર્થાત્ એ આત્માને શાંતિ રહેતી નથી. તેમજ એ જે કાર્ય કરશે તેમાં ઉતાવળ હશે, અધીરાઈ હશે. કારણ કે પરિગ્રહની આસક્તિ ચંચળતાને ઉત્પન્ન કરીને એ આત્મામાં ઉતાવળ ઉત્પન્ન કરી દે છે. આ આસક્તિને અજ્ઞાન માટે વિશ્રામ સ્થળ કહીને કહ્યું કે એ આત્મા સારા–સારના વિવેક વગરનો અજ્ઞાની હોય છે. પાપોની ખાણ કહીને કહ્યું કે પરિગ્રહનો પ્રેમ પાપકાર્યો જ કરાવે છે. આપદાઓનું સ્થાન કહીને એ આત્માને વિપદાઓ છોડતી જ નથી. કુવિચારોને રમવા માટે ઉદ્યાન કહીને કહ્યું કે એ આત્મા સતત બીજાનું અહિત કરવાના વિચારોમાં જ રમતો રહે છે. ગભરામણનો ખજાનો કહીને કહ્યું કે એ આત્મા સતત ભયભીત રહે છે. મારૂં ધન, મારી મિલ્કત કોઈ લઈ ન જાય એવો ભય એને સતત રહે છે. પાગલપનનો મંત્રી કહીને કહ્યું કે એ આત્મા પાગલ નથી પણ પાગલ જેવા કાર્યો કરે છે. દુઃખનું કારણ કહીને કહ્યું કે આત્મા પરિગ્રહના કારણે સતત દુઃખી જ હોય છે. મેળવવાની ચિંતા મળે તો મુકવાની ચિંતા, મુકયા પછી રક્ષણની ચિંતા અને કોઈ લઈ જાય તો મૃત્યુનું દુઃખ પણ આવી જાય. એટલે આ પરિગ્રહ દુઃખનું જ કારણ છે. પછી લડાઈ માટે ક્રીડાનું સ્થાન કહ્યું તે એ રીતે કે પરિગ્રહના પાપે પિતા, પુત્ર, ભાઈ–મા–દીકરી–પતિ–પત્ની વચ્ચે પણ યુદ્ધ થયાના દાખલાઓ ઈતિહાસકારોએ નોંધ્યા છે. વર્તમાનમાં બની રહ્યા છે. પરિગ્રહના પાપે તો કેટલાયે નિર્દોષ આત્માઓના પ્રાણ હરી લીધા છે. આવી દુઃખની પરંપરા સર્જક પરિગ્રહનો સર્વથા ત્યાગ સંસાર ત્યાગિઓએ એટલે સાધુઓએ તો કરવો જ જોઈએ. કહેવતમાં પણ કહ્યું છે કે 'જે સાધુની પાસે કોડી એ સાધુની કિંમત કોડીની.' સાથે–સાથે ગૃહસ્થે–શ્રાવકે પણ પરિગ્રહ પરની આસક્તિ–મૂર્ચ્છાને ત્યાગવા પરિશ્રમ કરવો જ જોઈએ. ||૪૩||

પરિગ્રહના પાપથી લિપ્ત આત્માને ઉપદેશ આપતા થકાં ચોથા શ્લોકમાં ગ્રન્થકારશ્રી કહે છે કે –

छंद - शार्दूलविक्रीडितवृत्त

वह्निस्तृप्यति नैन्धनैरिह यथा नाम्भोभिरम्भोनिधि-
स्तद्वल्लोभघनो[१] घनैरपि धनैर्जन्तुर्न सन्तुष्यति,
नत्वेवं मनुते विमुच्य विभवं निःशेषमन्यं भवं,
यात्यात्मा तदहं मुधैव विदधाम्येनांसि भूयांसि किम् ॥४४॥

**अन्वय :** *यथा इह वह्निः इन्धनैः न तृप्यति अम्भोनिधिः अम्भोभिः न तृप्यति तद्वत् लोभघनः जन्तुः घनैः अपि धनैः न सन्तुष्यति एवं न तु मनुते आत्मा निःशेषं विभवम् विमुच्य अन्यं भवं याति तत् अहं मुधाएव भूयांसि एनांसि-किम् विदधामि।*

**શબ્દાર્થ :** (यथा) જેમ (इह) આ સંસારમાં (वह्निः) અગ્નિ (इन्धनैः) લાકડા આદિથી (न तृप्यति) તૃપ્ત થતી નથી અને (अम्भोनिधिः) જેમ સમુદ્ર (अम्भोभिः) જલથી (न तृप्यति) તૃપ્ત થતો નથી (तद्वत्) તેમજ (लोभघनः) અત્યંત લોભી (जन्तुः) પ્રાણી (घनैः अपि) વધારે પણ (धनैः) ધનથી (न संतुष्यति) સંતોષિત થતો નથી તો પણ (एवं) આ પ્રમાણે (न मनुते) વિચાર કરતો નથી કે (आत्मा) આ જીવ (निःशेषं) સર્વ (विभवम्) ધનને–વૈભવને (विमुच्य) અહિં જ મૂકીને (अन्यं भवं) બીજા ભવમાં (याति) જાય છે (तत्) તો (अहं) હૂઁ (मुधाएव) વ્યર્થ જ (भूयांसि) આટલું વધારે (एनांसि) પાપોને (किं विदधामि) શા માટે કરું? ॥૪૪॥

**ભાવાર્થ :** જેમ આ સંસારમાં આગ લાકડા આદિ પદાર્થોથી તૃપ્ત થતી નથી અને સમુદ્ર જલથી તૃપ્ત થતો નથી તે રીતે અત્યંત લોભી આત્મા વધારે મેળવીને પણ તૃપ્ત થતો નથી. તો પણ આ પ્રમાણે વિચારતો નથી કે આ જીવ સર્વધનાદિ પદાર્થોને અહિં જ છોડીને (એકલો જ) બીજા ભવમાં જાય છે. તો પછી હૂઁ વ્યર્થમાં જ આટલા વધારે પાપોને શા માટે કરું? ॥૪૪॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી પરિગ્રહ પ્રકરણના ચોથા અંતિમ શ્લોકમાં બે દાખલાઓ આપીને ભવ્યાત્માને કહે છે – જેમ આગ, લાકડા આદિ પદાર્થો દ્વારા શાંત થતી નથી પરંતુ વિશેષ પ્રજ્વલિત બને છે. અને સમુદ્ર ગમે એટલી નદીઓનું પાણી એમાં આવે તો પણ એ તૃપ્ત થાય નહિં તેમજ અત્યંત લોભી આત્માઓ વધારેમાં વધારે ધનાદિ પદાર્થો મળવાથી પણ તૃપ્ત થતાં નથી. આગમોમાં સ્પષ્ટ લખ્યું છે કે લોભ રૂપી ખાડાની કોઈ દિવસ પૂર્તિ થતી જ નથી. છ ખંડનો અધિપતિ બીજા છ ખંડ મેળવવાની પ્રવૃત્તિ કરે છે. ગ્રન્થકારશ્રી કહે છે કે તે આવો વિચાર પણ કરતો નથી કે આ આત્મા સર્વ ધનાદિ પરિગ્રહને છોડીને અહીં

१. स्तद्वन्मोह इति पाठान्तर

મૂકીને બીજા ભવમાં ચાલ્યો જાય છે. તો હું શા માટે વ્યર્થમાં આટલા બધા પાપો કરું? **પરિગ્રહના પોટલા પાપ કર્યા સિવાય મેળવાતા નથી.** જો આત્મા આવા વિચારો કરી લે તો એની પરિગ્રહ પ્રત્યેની મમતા અતિ શીઘ્ર નષ્ટ થઈ જાય અને તે કર્મમુક્ત બની શકે છે. **પરિગ્રહ પરની મમતા દૂર થઈ ગઈ તો પછી બીજી મમતાઓ તો બાળેલા દોરડાના વળ જેવી છે તે મમતાઓ દૂર થતાં વાર લાગતી નથી. માટે પ્રત્યેક સાધકે પ્રથમ પરિગ્રહની મમતા દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.** ॥૪૪॥

પરિગ્રહ પ્રકરણની વ્યાખ્યા કર્યા પછી ત્યાગ પ્રકરણમાં ક્રોધના પરિણામોનું વર્ણન કરતાં થકાં કહે છે કે –

## ક્રોધ ત્યાગ પ્રકરણમ્

છંદ – શાર્દૂલવિક્રીડિતવૃત્ત

**यो मित्रं मधुनो विकारकरणे सन्त्राससम्पादने,**
**सर्पस्य प्रतिबिम्बमङ्गदहने सप्तार्चिषः सोदरः ।**
**चैतन्यस्य निषूदने विषतरोः सब्रह्मचारी चिरं,**
**स क्रोधः कुशलाभिलाषकुशलैः प्रोन्मूलमुन्मूल्यताम् ॥४५॥**

*अन्वय : यः विकारकरणे मधुनः मित्रं, सन्त्राससम्पादने सर्पस्य प्रतिबिम्बं, अङ्गदहने सप्तार्चिषः सोदरः चैतन्यस्य निषूदने विषतरोः सब्रह्मचारी चिरं सः क्रोधः कुशलाभिलाषकुशलैः प्रोन्मूलं उन्मूल्यताम्।*

**શબ્દાર્થ :** (यः) જે ક્રોધ (विकासकरणे) અહિત કરવામાં (मधुनः) દારૂનો (मित्रं) દોસ્ત છે. મિત્ર છે (सन्त्राससम्पादने) ભય ઉત્પન્ન કરવામાં (सर्पस्य) સર્પની (प्रतिबिम्ब) છાયા છે. (अङ्गदहने) શરીરને બાળવામાં (सप्तार्चिषः) અગ્નિનો (सोदरः) સગો ભાઈ છે. અને (चैतन्यस्य) ચેતનતાને (निषूदने) દૂર કરવામાં (विषतरोः) વિષ વૃક્ષનો (सब्रह्मचारी) ચિરં ઘણા સમય સુધી સહપાઠી સાથે ભણનાર છે. આવા આ (क्रोधः) ક્રોધને (कुशलाभिलाषकुशलैः) પોતાનું કુશલ ચાહનાર આત્માઓએ (प्रोन्मूलं) જડથી (उन्मूल्यताम्) ઉખેડીને ફેંકી દેવો જોઈએ. ॥૪૫॥

**ભાવાર્થ :** જે ક્રોધ અહિત કરવામાં દારૂનો મિત્ર છે, ત્રાસ, ભય ઉત્પન્ન કરવામાં સર્પની છાયા સમાન છે, શરીરને બાળવામાં અગ્નિનો સગો ભાઈ છે, ચેતનતાને દૂર કરવામાં વિષવૃક્ષના જેવો ઘણા કાળ સુધી સાથે ભણેલા જેવો છે. એવા આ ક્રોધને પોતાનું હિત ઈચ્છનારા આત્માઓએ જડથી જેમ બને તેમ ઉખેડીને ફેંકી દેવો જોઈએ. ॥૪૫॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ક્રોધ ત્યાગ પ્રકરણના પ્રથમ શ્લોકમાં ક્રોધ કેવો છે તે દર્શાવતાં કહે છે કે –

આ ક્રોધ સ્વપર અહિત કરવામાં દારૂનો મિત્ર–દોસ્ત છે. જેમ દારૂ પીનાર પોતાનું અને પરનું ભાન ભૂલીને અહિત કરે છે તેમ ક્રોધાન્ધ આત્મા સ્વપર બન્નેનું અહિત કરે છે.

ત્રાસ ભય ઉપજાવવા માટે સર્પની છાયા સમાન છે. જેમ સર્પની છાયાથી પણ લોકોને ભય ઉત્પન્ન થઈ જાય છે તેમ ક્રોધ બીજા પ્રાણિયોને ભય ઉપજાવે છે. શરીરને બાળવા માટે અગ્નિના સગા ભાઈ જેવો છે. અગ્નિ શરીરને બાળે છે તેમ ક્રોધાગ્નિ શરીરમાં પ્રકટ થતાં જ એને બાળવાનું કામ કરે છે. ચેતનતા–સજીવતાને દૂર કરવામાં વિષવૃક્ષના ચિરકાલના સહપાઠી જેવો છે. વિષ ચેતનને અચેતન બનાવી દે છે. અર્થાત્ પ્રાણીને મારી નાંખે છે. તેમ ક્રોધ ઘણી વખત આત્માને મૃત્યુના મુખમાં ધકેલી દે છે. તેથી એવા આ ક્રોધને પોતાના આત્માનું હિત ચાહનારાઓએ જેમ બને તેમ જડમૂલથી ઉખેડીને ફેંકી દેવો જોઈએ. અર્થાત્ ક્રોધને ઉત્પન્ન જ ન થવા દેવો. ॥૪૫॥

હવે બીજા શ્લોકમાં તપાદિધર્માનુષ્ઠાન કરનારાઓએ એ ધર્માનુષ્ઠાનને ક્રોધથી બચાવવા જોઈએ તેનું વર્ણન કરતાં કહે છે કે –

छंद - हरिणीवृत्त

**फलतिकलितश्रेयः श्रेणी प्रसून परम्परः,**
**प्रशमपयसा सिक्तो मुक्तिं तपश्चरणद्रुमः ।**
**यदि पुनरसौ प्रत्यासत्तिं प्रकोपहविर्भूजो-**
**भजति लभते भस्मीभावं तदा विफलोदयः ॥४६॥**

*अन्वय : असौ तपश्चरणद्रुमः यदि प्रशमपयसा सिक्तः कलित श्रेयः श्रेणीप्रसून परम्परः मुक्तिः फलति (परन्तु) पुनः असौ यदि प्रकोपहविर्भूजः प्रत्यासत्तिं भजति तदा विफलोदयः भस्मीभावं लभते।*

**શબ્દાર્થ :** (असौ) આ (तपश्चरणद्रुमः) તપશ્ચર્યા રૂપી વૃક્ષ જો (प्रशमपयसा) શાન્તિરૂપી જલથી (सिक्तः) સીંચવામાં આવે તો (कलितश्रेयः श्रेणीप्रसून परम्परः) સારામાં સારી કલ્યાણની શ્રેણી રૂપી પુણ્ય પરમ્પરાથી યુક્ત થઈને (मुक्तिं) મોક્ષરૂપી ફલને (फलति) ઉત્પન્ન કરે છે. (અને) (पुनः असौ यदि) પાછુ આ (તપારાધના) જો (प्रकोपहविर्भुजः) ક્રોધરૂપી અગ્નિની (प्रत्यासत्तिं) સમીપતાને (भजति) સેવે છે. (तदा) ત્યારે (विफलोदयः) ફલ રહિત થઈને વિપરીત (भस्मीभावं लभते) ભસ્મીભૂત થઈ જાય છે. જલીને રાખ થઈ જાય છે. ॥૪૬॥

**ભાવાર્થ :** આ તપશ્ચર્યા રૂપી વૃક્ષને જો સમતારૂપી પાણીથી સીંચવામાં આવે તો તે તપ વૃક્ષ સારામાં સારી કલ્યાણની શ્રેણીરૂપી પુણ્ય પરમ્પરાથી યુક્ત થઈને મોક્ષ રૂપી ફળ ઉત્પન્ન કરે છે. એ જ તપ રૂપી વૃક્ષ સમીપમાં ક્રોધરૂપી અગ્નિને રાખવામાં આવે તો તે વૃક્ષ ફલરહિત થઈને રાખમાં પલ્ટી જાય છે. અર્થાત્ તે તપારાધના નિષ્ફળ જાય છે.॥૪૬॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ક્રોધત્યાગ પ્રકરણના બીજા શ્લોકમાં ક્રોધ દ્વારા ક્રોડો વર્ષોનું તપ ફળ હારી જવાય છે એ દર્શાવતાં થકાં કહે છે કે –

જો તપારાધનાને શાંતિ સમતારૂપી પાણીથી સિંચન કરવામાં આવે તો તે આરાધના

સારી રીતે કલ્યાણની શ્રેણી રૂપી પુષ્પાદિથી નવપલ્લવિત જેવી રહીને મોક્ષરૂપી ફળને અચૂક પ્રાપ્ત કરાવે છે. પણ જો મોક્ષ ફળને પ્રાપ્ત કરાવે એવી તપાદિ આરાધનાની પાસે જો ક્રોધ રૂપી અગ્નિ મૂકવામાં આવે અર્થાત્ તપારાધના સાથે ક્રોધ કરવામાં આવે તો તે તપ ફળને તો નિષ્ફળ બનાવે જ છે. અને ક્યારેક વિપરીત ફળ પણ પ્રાપ્ત થઈ જાય છે.

ગ્રન્થકારશ્રીએ '**तपश्चरणद्रुमः**' શબ્દનો પ્રયોગ કરીને એક વાતની સ્પષ્ટતા કરી છે કે ક્રોધ એ તપનું અજીર્ણ છે. તપશ્ચર્યાનું પાચન થાય એટલો તપ કરવામાં આવે, પાચન થાય એ રીતે કરવામાં આવે તો અજીર્ણ ઉત્પન્ન જ ન થાય. બીજી આરાધનાઓ પણ ક્રોધથી નિષ્ફળ જાય છે પણ તપ શબ્દ મૂકીને તપસ્વીઓને વિશેષ જાગૃત રહેવાનું સૂચન કર્યું છે. કારણ પણ છે કે તપસ્વીઓમાં ક્રોધ વધારે ઉત્પન્ન થતો દેખાય છે. ॥૪૬॥

હવે ત્રીજા શ્લોકમાં ક્રોધથી શું શું નુકશાન થાય છે તે દર્શાવતાં કહે છે કે –

છંદ – शार्दूलविक्रीडितवृत्त

**सन्तापं तनुते भिनत्ति विनयं सौहार्दमुत्सादय-**
**त्युद्वेगं जनयत्यवद्यवचनं सूते विधत्ते कलिम् ।**
**कीर्तिं कृन्तति दुर्मतिं वितरति व्याहन्ति पुण्योदयं,**
**दत्ते यः कुगतिं स हातुमुचितोरोषः सदोषः सताम् ॥४७॥**

*अन्वय : यः सन्तापं तनुते विनयं भिनत्ति सौहार्दं उत्सादयति उद्वेगं जनयति अवद्यवचनम् सूते कलिम् विधत्ते कीर्तिम् कृन्तति दुर्मतिम् वितरति पुण्योदयं व्याहन्ति कुगतिं दत्ते सःरोषः सदोषः सताम् हातुम् उचितः।*

**શબ્દાર્થ :** (यः) જે ક્રોધ (सन्तापं) પરિતાપને (तनुते) વિસ્તારે છે (विनयं) વિનયગુણને (भिनत्ति) દૂર કરે છે (सौहार्दं) મૈત્રીભાવને (उत्सादयति) મિટાવે છે (उद्वेगं) ઉદ્વેગને (जनयति) ઉત્પન્ન કરે છે. (अवद्यवचनम्) અસત્ય વચનને (सूते) ઉત્પન્ન કરે છે. (कलिम्) કલહને (विधत्ते) કરે છે (कीर्तिं) કીર્તિને (कृन्तति) કાપે છે. (दुर्मतिम्) દુર્બુદ્ધિને (वितरति) વધારે છે (पुण्योदयं) પુણ્યના ઉદયને (व्याहन्ति) રોકે છે (कुगतिं) દુર્ગતિને (दत्ते) આપે છે (सः रोषः) તે ક્રોધ (सदोषः) દોષ સહિત છે. એ માટે (सताम्) સત્પુરુષોએ (हातुम् उचितः) છોડવા યોગ્ય છે. ॥૪૭॥

**ભાવાર્થ :** ક્રોધ પરિતાપને વિસ્તારે છે, નમ્રતાદિ વિનય ગુણને દૂર કરે છે. મૈત્રી ભાવનાને નષ્ટ કરે છે. ઉદ્વેગ જન્માવે છે. અસત્ય વચનને ઉત્પન્ન કરે છે. કલહને કરે છે. કીર્તિને કાપે છે. દુર્બુદ્ધિને વધારે છે. પુણ્યના ઉદયને રોકે છે. દુર્ગતિને આપે છે. તે ક્રોધ દોષ યુક્ત જ છે. એ કારણથી સત્પુરુષોએ ક્રોધ સર્વરીતે છોડવા યોગ્ય છે.

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ક્રોધ પ્રકરણના ત્રીજા શ્લોકમાં ક્રોધ કરવાથી થનારાં અનિષ્ટોને દર્શાવતાં થકાં કહે છે કે – આ ક્રોધ સન્તાપને વિસ્તારે છે. ક્રોધી વ્યક્તિ સતત માનસિક ચિંતા કરતો હોય છે અને તેથી તેનો સન્તાપ વધતો જ રહે છે. ક્રોધ યુક્ત વ્યક્તિમાં

અહંકાર આવી જવાથી વિનય યોગ્ય આત્માઓનો તે વિનય ન કરવાથી કહ્યું કે આ ક્રોધ વિનયને દૂર કરે છે. ક્રોધના કારણે આત્મા ગમે તેવા સંબંધિને પણ જેમ તેમ બોલી જાય છે અને તેથી તેને કોઈની સાથે મિત્રતાના ભાવ રહેતા નથી. તેથી કહ્યું મૈત્રી ભાવને મિટાવી દે છે. અગ્નિનું કાર્ય બાળવાનું છે તે રીતે જ ક્રોધાગ્નિ પણ સ્વ-પર બન્નેને બાળવાનું કામ કરે છે અને બળવું એ દુઃખ જ છે તેથી કહ્યું કે દુઃખ ઉત્પન્ન કરનાર છે. ક્રોધમાં આત્માને સત્યાસત્યનું ભાન રહેતું નથી. અને પોતાના સ્વાર્થને સિદ્ધ કરવા વ્યક્તિ અસત્યનો આશરો પણ લઈ લે છે. તેથી કહ્યું કે અસત્યને ઉત્પન્ન કરે છે. ક્રોધ અને કલહની તો દોસ્તી છે. એક દોસ્ત બીજા દોસ્તને બોલાવે છે. તેમ જ્યાં ક્રોધ ત્યાં કલહ હોય તેથી કહ્યું કે કલહને કરે છે. ક્રોધી વ્યક્તિ ગમે તે વ્યક્તિની સાથે આવેશમાં ને આવેશમાં સંબંધો બગાડી દે છે તેથી તેની કીર્તિને તે કાપે છે. ક્રોધી આત્માના વિચારો સતત દુષિત હોય છે તેથી તે ક્રોધ તેની બુદ્ધિને દુષ્ટ બનાવે છે તેથી કહ્યું દુષ્ટ બુદ્ધિને વધારે છે. ક્રોધ કષાય પૂર્વના પુણ્યોદયને પણ રોકી દે છે. શુભ કાર્ય થવાની તૈયારીમાં હોય અને વ્યક્તિ ક્રોધના આવેશમાં ગમે તે રીતે વર્તન કરીને પોતાના શુભોદયને લાલઝંડી બતાવી દે છે. ક્રોધ અશુભ કર્મોને ગ્રહણ કરાવે છે. અને તેથી તે દુર્ગતિ પ્રાયોગ્ય કર્મોને બાંધે છે. તેના કારણે કહ્યું કે દુર્ગતિને આપે છે. એમ આ ક્રોધ દોષ યુક્ત હોવાથી સત્પુરુષોએ સર્વદા તજવા યોગ્ય છે. ।।૪૭।।

હવે ચોથા શ્લોકમાં કહે છે કે –

छंद – शार्दूलविक्रीडितवृत्त

**यो धर्मं दहति द्रुमं दव इवोन्मथ्नाति नीतिं लतां,**
**दन्तीवेन्दुकलां विधुन्तुद इव क्लिश्नाति कीर्तिं नृणाम्;**
**स्वार्थं वायुरिवाम्बुदं विघटयत्युल्लासयत्यापदं**
**तृष्णां धर्म इवोचितः कृतकृपालोपः सकोपः कथम् ।।४८।।**

***अन्वय :*** *दवः द्रुम इव यः धर्मम् दहति दन्ती लतां मथ्नाति विद्युन्तुद इन्दुकलां इव नृणाम् कीर्तिम् क्लिश्नाति वायु अम्बुदं इव स्वार्थं विघटयति धर्मः तृष्णां इव आपदं उल्लासयति कृतकृपालोपः सः कोपः कथम् उचितः?।*

**શબ્દાર્થ :** (दव) વનની આગ (द्रुम इव) વૃક્ષની જેમ (यः) જે ક્રોધ (धर्मम्) ધર્મને (दहति) બાળે છે. (दन्ती) હાથી (लतां) વેલને (मथ्नाति) મસલે છે. (विधुन्तुदः) રાહુ (इन्दुकलां इव) ચન્દ્રમાંની કલાને જેમ (ઘટાડે છે તેમ) (नृणाम्) માનવોની (कीर्तिम्) કીર્તિને (क्लिश्नाति) ઘટાડે છે. (वायुः) હવા (अम्बुदं इव) વાદળાઓને જેમ તે (स्वार्थं) સ્વાર્થને (विघटयति) છિન્ન ભિન્ન કરે છે. અને (धर्मः) ગર્મી (तृष्णां) તૃષાને (इव) જેમ તે (आपदं) આપદાઓને (उल्लासयति) વધારે છે અને (कृतकृपालोपः) કર્યો છે જેણે દયાનો લોપ (सः) તે (कोपः) ક્રોધ (कथम्) કેવી રીતે (उचितः) યોગ્ય છે? કોઈપણ

રીતે ક્રોધ કરવો ઉચિત નથી. ॥૪૮॥

**ભાવાર્થ :** વનમાં લાગેલી આગ વૃક્ષોને બાળે છે તેમ ક્રોધ રૂપી આગ ધર્મને બાળે છે. હાથી જેમ વેલોને મસળીને નષ્ટ કરે છે તેમ ક્રોધ ધર્મને નષ્ટ કરે છે. રાહુ ચન્દ્રમાની કલાને ઘટાડે છે તેમ ક્રોધ મનુષ્યોની કીર્તિને ઘટાડે છે. હવા વાદળાઓને વિખેરે છે તેમ ક્રોધ માનવોના સ્વાર્થને છિન્ન ભિન્ન કરી દે છે. ગર્મી તૃષાને વધારે છે તેમ ક્રોધ આપદાઓને વધારે છે અને જે ક્રોધમાં કરૂણાનો લોપ થયેલો છે એવો એ ક્રોધ કરવો કઈ રીતે ઉચિત છે? અર્થાત્ ન જ કરવો જોઈએ. ॥૪૮॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ક્રોધ પ્રકરણના અંતિમ ચોથા શ્લોકમાં કહે છે કે – આ ક્રોધ આગ જેવો છે. જેમ વનમાં લાગેલી આગ વૃક્ષોને બાળીને રાખ કરે છે તેમ આ ક્રોધ ધર્માચરણના ફળને બાળીને રાખ કરે છે. ક્રોડો વર્ષોની ધર્મારાધના ક્ષણવારના ક્રોધના કારણે નિષ્ફળ થઈ જાય છે. અને હાથી જેમ વેલડીઓને મસળીને ક્ષણવારમાં નષ્ટ કરે છે તેમ ક્રોધ ધર્મારાધનાને મસળીને નષ્ટ કરી દે છે. આ ક્રોધને રાહુની ઉપમા આપીને કહ્યું કે જેમ ચન્દ્રમાની કલાને રાહુ ઘટાડે છે તેમ આ ક્રોધ કીર્તિરૂપી ચન્દ્રમાની કળાઓને ઘટાડે છે. એ આત્માની આબરૂ ઈજ્જત યશ–ગાથા ઓછી થઈ જાય છે. ક્રોધને હવાથી ઉપમિત કરીને કહ્યું કે હવા જેમ વર્ષનારા વાદળાઓને ક્ષણવારમાં છિન્ન–ભિન્ન કરી દે છે તેમ ક્રોધ ધર્મફળ રૂપી સ્વાર્થને છિન્ન–ભિન્ન કરી દે છે. ક્રોધને ગર્મીની ઉપમા આપીને કહ્યું છે કે જેમ આ ગર્મી તૃષાને વધારે છે તેમ આ ક્રોધ આપત્તિઓને વધારે છે. ક્રોધી આત્માઓને આપદાઓ વિશેષ ભોગવવી પડે છે. એવા આ ક્રોધના કારણે આત્મ હૃદયમાં રહેલી કરૂણાદેવીનો લોપ થઈ જાય છે. તેથી આ ક્રોધ કરવો કઈ રીતે ઉચિત છે? એમ સાધકને પ્રશ્ન કરીને સૂચના કરી કે કોઈપણ રીતે ક્રોધ કરવો ઉચિત નથી જ.

જે લોકો એમ માને છે કે ક્યારેક ક્રોધ કરવાથી આપણું કામ થઈ જાય છે તે જરા વિચાર કરે! ક્ષણભર ક્રોધથી કામ થતું દેખાય છે તે બુઝાતા દીપકની જ્યોત સમાન છે જે અંધકારમાં પલટાય છે, તેમ ક્રોધથી થતું કાર્ય પણ વિનાશને જ કરનારૂં છે તે જાણીને ક્રોધથી સર્વદા દૂર રહેવું એજ શ્રેયસ્કર (કલ્યાણકારી) છે. ॥૪૮॥

હવે માન ત્યાગ પ્રકરણનું વિવરણ કરતાં થકાં કહે છે કે –

छंद - मंदाक्रान्तावृत्त

**यस्मादाविर्भवति विततिर्दुस्तरापन्नदीनां,**
**यस्मिन् शिष्टाभिरुचितगुणग्रामनामापि नास्ति;**
**यश्च व्याप्तं वहति वधधी धूम्यया क्रोधदावं,**
**तं मानाद्रिं परिहर दुरारोहमौचित्यवृत्तेः ॥४९॥**

*अन्वय : यस्माद् दुस्तरापन्नदीनां विततिः आविर्भवति यस्मिन् शिष्टाभिरुचित-गुणग्रामनाम अपि नास्ति च यः वधधी धूम्यया व्याप्तं क्रोधदावं वहति तं*

*औचित्यवृत्तेः दुरारोहं मानाद्रिं परिहर।*

**શબ્દાર્થ :** (यस्मात्) જેથી (दुस्तरः) દુ:ખે તરાય એવા (आपत्) આપદારૂપી (नदीनां) નદીઓનાં (विततिः) સમૂહ (आर्विभवति) પ્રકટ થાય છે (यस्मिन्) જેનાં (शिष्टः) સારામાણસોને (अभिरुचित) મનપસંદ (गुणग्रामनाम अपि) ગુણોના સમૂહનું નામ પણ (नास्ति) નથી. (च) અને (यः) જે (वधधी) હિંસાની બુદ્ધિરૂપી (धूम्यया) ધૂમાડાથી (व्याप्तं) વ્યાપેલો (क्रोधदावं) ક્રોધરૂપી દાવાનલને (वहति) ધારણ કરે છે (तं) તે (औचित्यवृत्तेः) યોગ્ય વ્યવહારના માટે (दुरारोहं) દુ:ખથી પણ ન ચઢાય એવા અતિ કઠિન (मानाद्रिं) મિથ્યાઅભિમાન રૂપી પર્વતને (परिहर) છોડી દે. ॥૪૯॥

**ભાવાર્થ :** જેથી દુ:ખે તરાય એવા આપદા રૂપી નદીઓનો સમૂહ પ્રકટ થાય છે. જેમાં સારા માણસોને મનપસંદ ગુણોના સમૂહનું નામ પણ નથી અને જે હિંસાની બુદ્ધિરૂપી ધુમાડાથી વ્યાપેલો ક્રોધરૂપી દાવાનળને ધારણ કરે છે તે યોગ્ય વ્યવહાર માટે દુ:ખથી પણ ન ચઢાય એવા અતિ કઠિન માન રૂપી પર્વતને છોડી દે. ॥૪૯॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ક્રોધના વિપાકોનું વિવરણ કરીને ક્રોધ કરતાં પણ વિશેષ આત્મઅહિત કરનાર માન કષાય ત્યાગનું વિવરણ કરતાં થકાં કહે છે કે – જેમ નદીઓના પ્રવાહને ઓળંગવો તરવો અતિ કઠિન હોય છે, અહંકાર કરવાથી એવી એવી વિપત્તિઓ વિપદાઓ આવે છે કે વિપદાઓનો પાર પામવો અતિ કઠિન બની જાય છે. અહંકારી અભિમાની વ્યક્તિમાં સજ્જન પુરુષોને પ્રિય એવા એકપણ ગુણનું નામનિશાન હોતું નથી. અહંકાર ગર્વના કારણે આત્મામાં ક્રોધ એટલો બધો વ્યાપેલો હોય છે કે તેથી તે વ્યક્તિ હિંસાત્મક બુદ્ધિ ધરાવનાર બની જાય છે. એની ક્રોધાગ્નિ એટલી બધી પ્રજ્વલિત હોય છે કે જાણે ધુમાડાવાળો દાવાનળ જોઈ લો. માન કષાયને પર્વતની ઉપમા આપેલી છે. કારણ કે ગર્વિત વ્યક્તિ પર્વતની જેમ અણનમ રહે છે. કોઈને નમવામાં નાનપ સમજે છે. તેથી તે ઔચિત્યતારૂપી યોગ્ય વ્યવહારના પાલનમાં તે રૂકાવટ કરે છે. તેથી કહ્યું છે કે યોગ્ય વ્યવહારના પાલન માટે દુ:ખે ચઢાય એવા માન રૂપી પર્વતને છોડી દે. અર્થાત્ માનકષાયનો ત્યાગ કરી દે. ॥૪૯॥

હવે બીજા શ્લોકમાં માન ત્યાગના વિષયમાં હિતશિક્ષા આપતાં માનની ભયંકરતા દર્શાવતાં થકાં કહે છે કે –

छंद - शिखरिणीवृत्त

**शमाऽऽलानं भञ्जन् विमलमतिनाडिं विघटय-**
**न्किरन्दुर्वाक्पांसूत्करमगणयन्नागमसृणिम् ।**
**भ्रमन्नुर्व्यां स्वैरं विनयनयवीथिं विदलय-**
**ञ्जनःकं नाऽनर्थं जनयन्ति मन्दाधो द्विप इव ॥५०॥**

*अन्वय : मदान्धजनः मदान्धोः द्विपः इव शमाऽऽलानं भञ्जन् विमलमतिनाडिं*

*विघटयन् दुर्वाक्पांसूत्करम् किरन् आगमः सृणिम् अगणयन् उर्व्यां स्वैरं (यथास्यात्तथा) भ्रमन् विनयनयवीथिं विदलयन् कं अनर्थं न जनयति ।*

**શબ્દાર્થ :** (मदान्धः) મિથ્યાભિમાનથી અંધ (जनः) માણસ (मदान्धः) મદોન્મત્ત (द्विपः) હાથીની (इव) જેમ (शमाऽऽलानं) શાંતિ રૂપી બંધનના સ્તંભને (भञ्जन्) ભાંગતો થકો તોડતો થકો. (विमलमतिनाडिं) નિર્મલ બુદ્ધિ રૂપી દોરડાને (विघटयन्) તોડતો થકો (दूर्वाक्) દુષ્ટવાણીરૂપી (पांसु) ધૂલની (उत्करम्) ઢગલીઓને (किरन्) ઉડાવતો થકો (आगमः) આગમ–સિદ્ધાંતશાસ્ત્રરૂપ (सृणिम्) અંકુશની (अगणयन्) અવગણના કરતો થકો (उर्व्यां) પૃથ્વી તલ ઉપર (स्वैरं) (यथास्यात्तथाईति–ક્રિયા વિશેષણ) સ્વતંત્રતા પૂર્વક (જેમ મનમાં આવે તેમ) (भ्रमन्) ભમતો થકો (विनयनयविथिं) નમ્રતા અને ન્યાયરૂપી માર્ગને (विदलयन्) ઉજ્જાડતો થકો (कं अनर्थं) કેવા અનર્થને (न जनयति) ઉત્પન્ન કરતો નથી? ।।૫૦।।

**ભાવાર્થ :** મિથ્યા અહંકારથી યુક્ત આંધળો માણસ મદોન્મસ્ત હાથીની જેમ શાંતિરૂપી આલાનસ્તંભને ઉખેડી નાખતો નિર્મલ બુદ્ધિરૂપી રસ્સીને તોડીને દુષ્ટ વચનોરૂપી ધુળની ડમરીઓને ઢગલીઓને ઉડાડતો થકો આગમરૂપી અંકૂશને અવગણીને સ્વતંત્રતા સ્વચ્છંદતાપૂર્વક પૃથ્વી તલ ઉપર ભમતો નમ્રતા અને ન્યાયરૂપી માર્ગનું દલન કરી નાખે છે એવો આ માન ક્યા પ્રકારના જુલ્મને અનર્થને ઉત્પન્ન કરતો નથી? અર્થાત્ સર્વે પ્રકારના અનર્થોને ઉત્પન્ન કરે છે. ।।૫૦।।

**વિવેચન :** ગ્રન્થકારશ્રી માન કષાય ત્યાગ પ્રકરણના બીજા શ્લોકમાં અહંકાર ગર્વથી ગ્રસિત માનવ કેવો હોય છે અને તે પોતાને માટે કેવો અનર્થકારી હોય છે તે દર્શાવતાં થકાં કહે છે કે જે જુઠા અભિમાનથી યુક્ત બનીને આંધળાની જેમ મદાન્ધમદથી ઉન્મત્ત બનેલો ગાંડો હાથી આલાનસ્તંભને ઉખેડી નાંખે છે તેમ મદાન્ધમાનવ શાંતિરૂપી આલાનસ્તંભને ઉખેડી નાંખે છે, મદથી ઉન્મત્ત હાથી દોરડાને તોડી નાંખે છે તેમ મદાન્ધ માનવ નિર્મલબુદ્ધિને તોડી નાંખે છે. મદથી ઉન્મત્ત હાથી જેમ ધૂળની ડમરીઓ ઉડાડતો ભમે છે તેમ મદાન્ધમાનવ દુષ્ટવાણીના શબ્દોને ફેંકતો ચાલે છે. તેને બોલવામાં શાનભાન હોતું નથી. મદથી ઉન્મત્ત હાથી જેમ મહાવતના અંકુશને અવગણીને ભમે છે તેમ મદાન્ધ સાધક આગમોના વિધિ નિષેધના વચનોને અવગણીને પૃથ્વી તલ પર સ્વચ્છંદતાપૂર્વક મનમાં આવે તેમ ભમે છે અને નમ્રતા અને ન્યાયરૂપી માર્ગનું ઉલ્લંઘન કરીને અનેક પ્રકારના અનર્થોને ઉત્પન્ન કરે છે. ।।૫૦।।

હવે ત્રીજા શ્લોકમાં માન શું શું અનર્થ કરે છે તેનું જ વર્ણન કરતાં થકાં કહે છે કે–

छंद – शार्दूलविक्रीडितवृत्त

**औचित्याचरणं विलुम्पति पयोवाहं नभस्वानिव,**
**प्रध्वंसं विनयं नयत्यहिरिव प्राणस्पृशां जीवितम् ।**

कीर्तिं कैरविणीं मतङ्गज इव प्रोल्लासयत्यञ्जसा,
मानो नीच इवोपकार निकरं हन्ति त्रिवर्गं नृणाम् ॥५१॥

*अन्वय : मानः नृणाम् त्रिवर्गम् हन्ति (यतः) नीचः (स्वोपरिकृतं) उपकारनिकरं (पुनश्च मानः किं किं करोति इति आशंकायामाह इति खंडान्वयः) मानः औचित्याचरणं विलुम्पति (यथा)) नभस्वान् पयोवाहं, (पुनः मान किं करोति?) विनयं प्रध्वंसं नयति (यतः) अहिः प्राणस्पृशां जीवितम् (पुनः किं करोति? तत् कथ्यते) कीर्तिम् अञ्जसा प्रोल्लासयति (यथा) मतङ्गजः कैरविणीं।*

**શબ્દાર્થ :** (मानः) મિથ્યા અભિમાન અહંકાર (नृणाम्) માનવોના (त्रिवर्गम्) ધર્મ-અર્થ-કામનો (हन्ति) નાશ કરે છે. જેમકે (नीचः) અધમપુરુષ (પોતાના ઉપર કરેલા) (उपकारनिकरं) ઉપકારોના સમૂહને ભૂલાવી દે છે, ભૂલી જાય છે. (વળી માન શું કરે છે એવી આશંકાના સમાધાનમાં કહે છે કે) (આ) (मानः) મિથ્યા અહંકાર (औचित्याचरणं) ઉચિત આચરણને (विलुम्पति) મિટાવી દે છે (જેમકે) (नभस्वान्) વાયુ (पयोवाहं) વાદળોને વિખેરી દે છે (વળી) (मानः) મિથ્યાભિમાન (विनयं) નમ્રતાનો (प्रध्वन्सं नयति) ધ્વંસ કરે છે, નાશ કરે છે. જેમ કે (अहिः) સર્પ (प्राणस्पृशं) સંપૂર્ણ જીવધારિયોના (जीवितम्) જીવિતવ્યનો પોતાના વિષથી નાશ કરે છે (વળી) (मानः) અહંકાર (कीर्तिम्) ઉજ્જવલ યશને (अञ्जसा) એકસાથે (प्रोल्लासयति) મલીન કરે છે (જેમ કે) (मतङ्गजः) હાથી (कैरविणीं) કમલના પૌધાને ઉખેડીને મુરઝાવી નાંખે છે. ॥૫૧॥

**ભાવાર્થ :** અહંકાર માનવોના ધર્મ-અર્થ અને કામનો નાશ કરે છે. જેમ કે નીચ પુરુષો પોતાના પર કરેલા ઉપકારોના સમૂહને ભૂલી જાય છે. વળી માન ઉચિત આચરણનો નાશ કરે છે જેમ કે પવન વાયુ વાદળોના સમૂહને વિખેરી નાખે છે. વળી માન નમ્ર આચરણનો નમ્રતા ગુણનો ધ્વંસ કરે છે જેમ કે જીવંત આત્માઓના જીવનને સર્પ દંશ મારીને નાશ કરે છે. વળી માનવોના ઉજ્જવલ યશને કલંકિત કરે છે, મલિન કરે છે જેમ કે હાથી કમલના પૌધાને ઉખેડીને મુરઝાવી દે છે. ॥૫૧॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી આ શ્લોકમાં માન ત્યાગ માટે હિતોપદેશ આપતાં દાખલાઓ ઉદાહરણો આપીને કહે છે કે જેમ અધમ પુરુષો ઉપકારિયોના શત-શત ઉપકારોને ભૂલી જાય છે તેમ અહંકાર મિથ્યાભિમાન માનવોના ધર્મ-અર્થ અને કામ પુરુષાર્થનો નાશ કરે છે. માનથી ગ્રસિત માનવને ધર્માદિ પુરુષાર્થો દ્વારા જે ફળ મળવાનું હોય તે ફળ તેને મળતું નથી.

જેમ વાયુ આકાશમાં રહેલાં વાદળાઓંને વેરવિખેર કરી નાંખે છે તેમ અહંકાર માનવના ઉચિત આચરણનો નાશ કરે છે.

જેમ સર્પ દંશ દ્વારા જીવોના જીવિતવ્યનો નાશ કરે છે તેમ માન માનવીના નમ્રતા ગુણનો નાશ કરે છે. અહંકારથી ગ્રસિત માનવ પોતેપાતાને જ મોટો માને છે. એ જગતના

પૂજનીય પુરુષો આગળ પણ નમ્ર રહી શકતો નથી. માનથી ગ્રસિત માનવ વ્યવહાર શુદ્ધિનું પાલન કરી શકતો નથી. એ સર્વેને તુચ્છ સમજીને તોછડાઈ ભર્યું વર્તન કરી લે છે.

જેમ હાથી કમળના છોડને ઉખેડીને એકબાજુ ફેંકીને એને મુરઝાવી દે છે તેમ અભિમાન માનવોના ઉજ્જવલ યશને એક સાથે કલંકિત યા મલિન કરી દે છે. અભિમાની માનવ અયોગ્ય આચરણ દ્વારા પોતાના પૂર્વમાં ઉપાર્જન કરેલાં યશ નામ કર્મના ઉદયમાં આવેલા દલિયાં જે છે તેમને મલ-મલિન કરી દે છે.

એ રીતે માનથી યુક્ત માનવ પોતાના પુરુષાર્થને, પોતાના નમ્ર આચરણને, વ્યવહાર શુદ્ધિને અને યશ કીર્તિને, દુઃષિત કરી દે છે. ||૫૧||

હવે ચોથા શ્લોકમાં માનનો ત્યાગ કઈ રીતે કરવો એના માટે માર્ગ દર્શન આપતાં થકાં કહે છે કે -

छंद - वसंततलिकावृत्त

**मुष्णाति यः कृतसमस्तसमीहितार्थं,**
**सञ्जीवनं विनय जीवितमङ्गभाजाम् ।**
**जात्यादिमानविषजं विषमं विकारं,**
**तं मार्दवामृतरसेन नयस्व शान्तिम् ॥५२॥**

*अन्वय : यः अङ्गभाजाम् कृतसमस्तसमीहितार्थं सञ्जीवनम् विनयजीवितम् मुष्णाति, तं जात्यादिमानविषजं विषमं विकारं मार्दवाऽमृतरसेन शान्तिम् नयस्व।*

**શબ્દાર્થ :** (यः) જે અહંકાર (अङ्गभाजाम्) દેહ ધારિયોના (कृतसमस्तसमीहितार्थं) કર્યા છે સંપૂર્ણ વાંછિત અર્થ જેણે અર્થાત્ સર્વ મનોરથોને સિદ્ધ કરનાર અને (सञ्जीवनम्) સંજીવની જડીબુટીની જેમ ગુણ કરનાર (विनयजीवितम्) નમ્રતારૂપી જીવનનો (मुष्णाति) નાશ કરે છે. (तं) તે (जात्यादिमानविषजं) જાતિ-કુળ-બળ-ગૌત્ર આદિ આઠ પ્રકારના માનરૂપી વિષથી ઉત્પન્ન થનાર (विषमं) અતિ ઇગ્ર (विकारं) વિકારને (मार्दवामृतरसेन) કોમળતારૂપી અમૃત રસથી (शांतिम् नयस्व) શાંત કર. ||૫૨||

**ભાવાર્થ :** જે અહંકાર અભિમાન દેહ ધારિયોના સર્વ મનોરથ સિદ્ધ કરનાર અને સંજીવની જડીબુટીની જેમ ગુણ કરનાર નમ્રતારૂપી જીવનનો નાશ કરે છે. તે જાતિ-કુળ-રૂપ આદિ આઠ જાતના માનરૂપી વિષથી ઉત્પન્ન થનાર અતિ ઉગ્ર વિકારનો કોમળતા રૂપી અમૃત રસથી શાંત કર. ||૫૨||

વિવેચન : ગ્રન્થકારશ્રી માન ત્યાગ પ્રકરણના અંતિમ ચોથા શ્લોકમાં માન કષાયના ત્યાગ માટે સરસ વાત કરે છે. કહે છે કે – આ માન કષાય દેહધારી આત્માઓના સર્વ ઇચ્છિત મનોરથોને પૂર્ણ કરનાર અને સંજીવની જડીબુટીની જેમ ગુણ કરનાર નમ્રતા રૂપી જીવનનો અહંકાર રૂપી વિષ દ્વારા નાશ કરે છે. આમાં ગ્રન્થકારશ્રીએ નમ્રતાને મનોરથ પૂર્ણ કરનાર અને સંજીવની ઔષધીની ઉપમા આપીને સાધક આત્માને એ વાતની પ્રતિતી કરાવી છે

કે સાધકના જે જે મનોરથો છે તે નમ્રતાથી પૂર્ણ થાય જ છે. અને સાધકનું જીવન પણ નમ્રતા રૂપી સંજીવની ઔષધીના સેવનથી અત્રુટિત થઈ જાય છે. પણ સાધક જ્યાં પ્રમાદને વશ થઈ માન કષાય રૂપી વિષનું પાન કરી લે છે ત્યારે તેનું નમ્રતા રૂપી જીવન નષ્ટ થઈ જાય છે. તે વિષને દૂર કરવા માટે ઉપાય દર્શાવતાં કહ્યું કે આ માન કષાય એક જ નથી. એના આઠ ભેદ છે. જાતિ, કુળ, બલ, રૂપ, તપ, ઐશ્વર્ય, વિદ્યા, લાભ એ આઠ સુભટોથી યુક્ત માનકષાયના દંશ મારવાથી થયેલ જે અતિ વિષમ (અતિ ઉગ્ર) વિકારને કોમળતા રૂપી અમૃતરસથી શાંત કર. વિષવિકાર અમૃતરસથી શાંત થાય છે તેમ માનના વિકારો કોમલતા ધારણ કરવાથી ઉપશાંત થઈ જાય છે. **સાધકે જીવનમાં કોમલતાને વિશેષ સ્થાન આપવું જોઈએ.** ।।૫૨।।

આ ચાર શ્લોકોમાં એક વાત વિશેષ રીતે સ્પષ્ટ થઈ છે કે માન અભિમાન જ્યાં છે ત્યાં ક્રોધ છે. ક્રોધ છે ત્યાં માન હોય અને ન પણ હોય પણ માન હોય ત્યાં ક્રોધ હોય જ. આગળના કષાયો પાછળના કષાયોથી યુક્ત હોય છે. આ વાત ઉદયને આશ્રયીને છે. અને ક્ષયમાં ક્રમશઃ ક્ષય થાય છે. તેથી સાધકે વિશેષ જાગૃત રહેવાનું છે.

હવે માયા ત્યાગ પ્રકરણમાં કહે છે કે –

## માયા ત્યાગ પ્રકરણમ્

छंद – मालिनीवृत्त

**कुशलजननवन्ध्यां सत्यसूर्यास्तसन्ध्यां,**
**कुगतियुवतिमालां मोहमातङ्गशालाम्।**
**शमकमलहिमानीं दुर्यशो राजधानीं,**
**व्यसनशतसहायां दूरतो मूञ्च मायाम् ।।५३।।**

***अन्वय :*** *कुशलजननवन्ध्यां सत्यसूर्यास्तसन्ध्याम् कुगतियुवतिमालां मोहमातङ्ग-शालाम् शमकमलहिमानीं दुर्यशोराजधानीं व्यसनशतसहायां मायाम् दूरतः मुञ्च।*

**શબ્દાર્થ :** (कुशलजननवन्ध्यां) કુશલતાને જન્મ આપવામાં વાંઝણી સ્ત્રીની જેમ (सत्य सूर्यास्तसन्ध्याम्) સત્યરૂપી સૂર્યને અસ્ત કરવામાં સંધ્યાના કાળની જેમ (कुगतियुवति-मालां) દુર્ગતિરૂપી યુવતિને પહેરવા માટે માલાની જેમ (मोहमातङ्गशालाम्) અજ્ઞાનરૂપી હાથીને બાંધવા માટે ગજશાલાની જેમ (शमकमलहिमानीं) શાંતિરૂપી કમળના વન માટે બર્ફની વર્ષાની જેમ (दुर्यशोराजधानीं) અપકીર્તિને રહેવા માટે રાજધાનીની જેમ (व्यसनशतसहायां) શતાધિક પ્રકારના દુઃખોની સહાયતા કરનારી (मायाम्) આ માયાને હે ભવ્યજન તૂ (दूरतः) દૂરથી જ (मुञ्च) છોડી દે. ।।૫૩।।

**ભાવાર્થ :** આ માયા કેવી છે તો કહે છે કે – કુશળતાને જન્મ આપવામાં વાંઝણી સ્ત્રી જેવી, સત્યરૂપી સૂર્યને અસ્ત કરવામાં સંધ્યાના સમય જેવી, દુર્ગતિ રૂપી યુવતીને પહેરવા માટે માલા જેવી, અજ્ઞાનરૂપી હાથીને બાંધવા માટે ગજશાળા જેવી, શાંતિરૂપી કમળોના વનને

બાળવા માટે બર્ફની વર્ષા જેવી, અપયશને રહેવા માટે રાજધાની જેવી અને શતાધિક પ્રકારના દુઃખોને સહાયતા કરનારી એવી આ માયાને હે ભવ્યજન તૂ દૂરથી જ છોડી દે.॥૫૩॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ત્રીજો કષાય જે માયા તેના ત્યાગના વિવરણને પ્રરૂપતાં થકાં કહે છે કે – જેમ વાંઝણી સ્ત્રી બાળકને જન્મ આપી જ ન શકે તેમ આ માયા કુશળતા રૂપી બાળિકાને જન્મ ન જ આપી શકે. જ્યાં જ્યાં માયા છે ત્યાં ત્યાં કોઈપણ પ્રકારની વાસ્તવિક કુશળતા હોતી નથી. જેમ સંધ્યા સૂર્યને અસ્ત કરીને જ રહે છે તેમ માયા સત્યને અસત્યરૂપી અંધકારમાં છુપાવી દે છે. જેમ નીચ જાતિની સ્ત્રિયોને પહેરવાની માળાઓ અલ્પાતિઅલ્પ મૂલ્યવાળી અને અસુંદર હોય છે તેમ આ માયારૂપી માળા દુર્ગતિ રૂપી સ્ત્રીને પહેરવા યોગ્ય અસુંદર માળા છે અર્થાત્ જે માયા કરે છે તેને દુર્ગતિ રૂપી વરમાળા પહેરવી પડે છે. જેમ હાથીયોને ગજશાળામાં બાંધવામાં આવે છે તેમ આ માયા રૂપી ગજશાળામાં અજ્ઞાનરૂપી હાથીને બાંધવામાં આવે છે અર્થાત્ માયાથી અજ્ઞાન અંધકાર ફેલાય છે. જેમ બર્ફથી કમળના વનનો નાશ થાય છે તેમ આ માયા રૂપી બર્ફ શાંતિરૂપી કમળના વનને બાળી નાશ કરી દે છે. જેમ રાજા મહારાજાઓ રાજધાનીમાં આનંદથી રહે છે તેમ આ માયા રૂપી રાજધાનીમાં અપયશ, અપકીર્તિ આદિ આનંદથી રહે છે. અર્થાત્ માયાના કારણે આત્માનો અપયશ અપકીર્તિ થાય છે.

એવી આ માયા જે શતાધિક દુઃખોને સહાયતા કરવાના સ્વભાવવાળી છે તેને અતિશીઘ્રતાથી છોડી દે. માયા કરનારને અનેક પ્રકારના દુઃખો ભોગવવા પડે છે. આવા કારણોથી આ માયાને છોડી દેવી એ જ યોગ્ય છે. ॥૫૩॥

હવે બીજા શ્લોકમાં માયા કરનાર કેવી રીતે ઠગાય છે તે દર્શાવતાં કહે છે કે –

छंद – उपेन्द्रवज्रावृत्त

**विधायमायां विविधैरुपायैः परस्य ये वञ्चनमाचरन्ति;**

**ते वञ्चयन्तित्रिदिवापवर्ग-सुखान्महामोहसखाः स्वमेव ॥५४॥**

*अन्वय : ये विविधैः उपायैः मायां विधाय परस्य वञ्चनं आचरन्ति महामोहसखाः ते स्वं एव त्रिदिवापवर्गसुखात् वञ्चयन्ति।*

**શબ્દાર્થ :** (ये) જે પુરુષ (विविधैः) નાના પ્રકારના (उपायैः) ઉપાયોથી (मायां) માયાજાલ (विधाय) કરીને (परस्यवञ्चनं आचरन्ति) બીજાને ઠગે છે. (महामोहसखाः) મોટા અજ્ઞાનના સાથીદાર એવા (ते) તે માયાવી પુરુષ (स्वं एवं) પોતે પોતાને જ (त्रिदिवापवर्गसुखात्) સ્વર્ગ અને મોક્ષના સુખથી (वञ्चयन्ति) દૂર રાખે છે અર્થાત્ સ્વર્ગ અને મોક્ષના સુખથી ઠગાય છે. ॥૫૪॥

**ભાવાર્થ :** જે માનવ પોતાના સ્વાર્થ માટે માયા જાલ કરીને બીજાને ઠગે છે તે માયા દ્વારા ઉપાર્જન કરેલા પાપોના કારણે સ્વર્ગ અને મોક્ષના સુખ ન મળવાથી તે પોતે પોતાને જ

ઠગે છે. ॥૫૪॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી બીજા શ્લોકમાં માયાવી આત્મા પોતાના આચરણો દ્વારા લાભમાનીને નુકશાની વહોરી લે છે તે બતાવે છે. જેમ કોઈ વ્યક્તિ પોતાના કોઈ પણ જાતના સ્વાર્થ માટે માયાજાલ કરીને કપટ ક્રિયા કરીને બીજાને ઠગે છે અને પોતાને લાભ થયો એમ માને છે તે પોતે લાભમાં નથી પણ નુકશાનીમાં છે તે દર્શાવતાં કહ્યું કે એ માયા કપટના આચરણથી ઉપાર્જન કરેલાં પાપકર્મોના કારણે તે આત્મા સ્વર્ગ અને મોક્ષ સુખથી દૂર રહ્યો તેથી તે પોતે ઠગાયો છે, બીજા ઠગાયા નથી. જે ભવમાં સત્કાર્યો દ્વારા સ્વર્ગ અથવા મોક્ષ મેળવવાની શક્યતા હતી તેજ ભવમાં દુર્ગતિ પ્રાયોગ્ય આચરણ કરીને દુર્ગતિના દુ:ખો ભોગવવાનું એ પોતે પોતાને ઠગ્યા જેવું જ છે. તેથી જ્ઞાનિયોએ માયાવી આચરણથી પોતાને બચાવવાની વાત કરી છે. ॥૫૪॥

હવે ત્રીજા શ્લોકમાં માયાવી માનવીની દશાનું વર્ણન કરતાં કહે છે કે –

છંદ – इन्द्रवज्रावृत्त

**मायामविश्वासविलासमन्दिरं, दुराशयो यः कुरुते धनाशयाः;**
**सोऽनर्थसार्थं न पतन्तमीक्षते यथा बिडालो लगुडं पयः पिबन् ॥५५॥**

***अन्वय :*** *यः दुराशयः धनाशया अविश्वासविलासमन्दिरम् मायाम् कुरुते सः पततं अनर्थसार्थम् न इक्षते यथा पिबन् बिडालः लगुडं।*

**શબ્દાર્થ :** (यः दुराशयः) જે ખરાબ અન્તકરણવાળો માનવ (धनाशया) ધન કમાવવાની ઇચ્છાથી (अविश्वासविलासमन्दिरम्) અવિશ્વાસના વિલાસ ગૃહ રૂપી (मायाम्) માયાને (कुरुते) કરે છે (सः) તે માનવ (पततं) પોતા ઉપર પડતી (अनर्थसार्थम्) આપદાઓના સમૂહને (न इक्षते) જોતો નથી. (यथा) જેમ (पयः पिबन्) દૂધ પીતો (बिडालः) બિલાડો (लगुडं) લાકડીને જોઈ શકતો નથી. ॥૫૫॥

**ભાવાર્થ :** જે ખરાબ અન્તકરણવાળો માનવ ધન કમાવવાની લાલસાથી અવિશ્વાસના ઘર જેવી માયા કરે છે તે આપદાઓના સમૂહને પોતાના ઉપર પડતા જોઈ શકતો નથી. કોની જેમ? તો કહ્યું કે જેમ દૂધ પી રહેલો બીલાડો લાકડી લઈને પાછળ ઉભેલા માણસને જોઈ શકતો નથી. દૂધ પીવાના લોભમાં પાછળ લાકડીના મારને જોતો નથી તેમ ધન કમાવવા માટે માયા કરવાના લોભમાં વિપત્તિઓના વણઝારની માર તેને દેખાતી નથી.॥૫૫॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ત્રીજા શ્લોકમાં માયા કરનાર માનવીને બીલાડા જેવી સ્થિતિમાં દર્શાવીને કહે છે કે જેમ દૂધ પીવાની લાલસા વાલો બીલાડો લાકડીની મારને જોઈ શકતો નથી પણ જ્યારે લાકડીની માર પડે છે ત્યારે જ તેને ભાન થાય છે અને તે દૂધ પીવું મૂકીને ભાગે છે તેમજ ધન કમાવવાની લાલસાથી યુક્ત માનવ માયાચરણ કરે છે તે સમયે તેને તેના ફળરૂપમાં વિપદાઓના વણઝારની માર દેખાતી નથી પણ જ્યારે એને વિપત્તિઓના વાદળ ઘેરી વળે છે તે ભાગી પણ શકતો નથી અને એક પછી એક વિપત્તિઓ એને

ભોગવવી જ પડે છે. તેથી જ્ઞાનીપુરુષ ગ્રન્થકારશ્રી કહે છે કે જીવનમાં માયાચરણને સ્થાન ન આપો. ॥૫૫॥

હવે માયા ત્યાગ પ્રકરણના ચોથા શ્લોકમાં અપથ્ય ભોજનની ઉપમા માયાચરણને આપીને કહે છે કે –

छंद – वसंततलिकावृत्त

**मुग्धप्रतारणपरायणमुज्जिहीते,**
**यत्पाटवं कपटलम्पटचित्तवृत्तेः,**
**जीर्यत्युपप्लवमवश्यमिहाऽप्यकृत्वा,**
**नाऽपथ्यभोजनमिवामयमायतौ तत् ॥५६॥**

***अन्वय :*** *कपटलम्पटचित्तवृतेः यत् मुग्धप्रतारणपरायणम् पाटवम् उज्जिहीते तत् इह उपप्लवं अवश्यं अकृत्वा न जीर्यति इव अपथ्यं भोजनं आयतौ आमयं।*

**શબ્દાર્થ :** (कपटलम्पटचित्तवृत्तेः) માયાથી લેપાયેલી મનોવૃત્તિ છે જેની એવા આત્માની (यत्) જે (मुग्धप्रतारणपरायणम्) અજ્ઞાની આત્માઓને ઠગવામાં કુશળતા (पाटवम्) ચતુરતા (उज्जिहीते) પ્રકટ થાય છે. (तत्) તે ચતુરતા (इह) આ જન્મમાં પણ (उपप्लवं) અહિતને (अवश्यं) અવશ્ય (अकृत्वा) કર્યા વગર (न जीर्यति) રહેતી નથી. (इव) જેમકે (अपथ्यं भोजनं) અહિતકારી ભોજન (आयतौ) ભવિષ્યમાં (आमयं) રોગોત્પત્તિ કર્યા વગર રહેતું નથી. ॥૫૬॥

**ભાવાર્થ :** કપટયુક્ત ચિત્તવૃત્તિ વાળા માનવની જે ભોળા માનવોને ઠગવાની પ્રવૃત્તિની કુશળતા, ચતુરતા પ્રકટ થાય છે તે ચતુરતા આ જન્મમાં પણ અવશ્ય એના કટુ ફળને આપ્યા વગર રહેતી નથી. કોની જેમ? તો કહ્યું કે જેમ અપથ્ય ભોજન વિરુદ્ધ પ્રકૃતિવાળો આહાર ભવિષ્યમાં રોગોત્પત્તિ કર્યા વગર રહેતો નથી. ॥૫૬॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી માયા ત્યાગ પ્રકરણના ચોથા શ્લોકમાં કહે છે કે જે આત્મા અહિતકારી અપથ્ય ભોજન પેટમાં પધરાવે છે તેને થોડા જ સમયમાં રોગો ઘેરી વળે છે. તે જ રીતે જે આત્મા અપથ્ય, અહિતકારી રૂપી માયાચરણ કરે છે તેના ફળરૂપે આત્મ દેહમાં આ ભવમાં જ અનેક વિકારોની ઉત્પત્તિ થઈ જાય છે. એના વિચાર, વાણી અને વર્તન ત્રણે એટલા બધાં અશુદ્ધ બની જાય છે કે તે આ ભવમાં પણ અનેક દુઃખોને નિમંત્રણ આપી દે છે અને ભવાંતરમાં પણ એને અનેક દુઃખો ભોગવવા પડે છે. તેથી આ માયાનો ત્યાગ કરવો જ જોઈએ. ॥૫૬॥

હવે ચોથો કષાય જે લોભ તેના ત્યાગનાં વિષયમાં વર્ણન કરતાં થકાં કહે છે કે–

## લોભ ત્યાગ પ્રકરણમ્

छंद – शार्दूलविक्रीडितवृत्त

यद्दूर्गामटवीमटन्ति विकटं क्रामन्ति देशान्तरं,

गाहन्ते गहनं समुद्रमतनुक्लेशां कृषिं कुर्वते;
सेवन्ते कृपणं पतिं गजघटासङ्घट्टदुःसञ्चरं,
सर्पन्ति प्रधनं धनान्धितधियस्तल्लोभविस्फूर्जितम् ।।५७।।

*अन्वय : धनान्धितधियः यत् दुर्गाम् अटवीं अटन्ति विकटं देशान्तरं क्रामन्ति गहनं समुद्रं गाहन्ते अतनुक्लेशां कृषिं कुर्वते गजघटासङ्घट्टदुःसञ्चरम् कृपणं पतिं सेवन्ते तथा प्रधनं सर्पन्ति तत् लोभविस्फूर्जितम्।*

**શબ્દાર્થ :** (धनान्धितधियः) ધનના લોભમાં આંધળી બુદ્ધિવાળા લોગ (यत्) જે કારણથી (दुर्गाम्) દુર્ગમ (अटवीं) અટવીમાં-જંગલમાં (अटन्ति) ભ્રમણ કરે છે. (विकटं) વિકટ (देशान्तरं) દેશ-પરદેશમાં (क्रामंति) ઘૂમે છે. (गहनं) ગહન (समुद्रं) સમુદ્રમાં (गाहन्ते) પ્રવેશ કરે છે. (अतनुक्लेशां) વધારે દુઃખદાયક (कृषिं) ખેતીને (कुर्वते) કરે છે (गजघटासङ्घट्टदुःसञ्चरम्) હાથિયોની ભીડમાં ન જવા જેવા સ્થાનમાં (कृपणं पतिं) કૃપણસ્વામીની પાસે જઈને પણ તેની (सेवन्ते) સેવા કરે છે (तथा) (प्रधनं) મૃત્યુને પણ (सर्पन्ति) આલિંગન કરે છે, ભેટે છે (तत्) તે સર્વે (लोभविस्फूर्जित्) લોભનું જ ફળ છે. ।।૫૭।।

**ભાવાર્થ :** ધનાર્જનમાં આંધળી બુદ્ધિવાળા બનેલા લોગ જે કારણથી દુર્ગમ અટવીમાં ભમે છે. વિકટ દેશ-પરદેશમાં ઘૂમે છે, જાય છે. ગહન સમુદ્રમાં પ્રવેશ કરે છે. અતિ દુઃખદાયક ખેતીને કરે છે. હાથિયોની ઘટાની ભીડમાં ન જવાય એવા કૃપણસ્વામીની પાસે જઈને તેની સેવા પણ કરે છે. અધિક તો શું મૃત્યુને પણ ભેટી જાય છે. મરણને શરણ બની જાય છે. આ સર્વે લોભ કષાયનું ફળ છે. ।।૫૭।।

**વિવેચન :** ગ્રન્થકારશ્રી લોભ કષાય ત્યાગ પ્રકરણના પ્રારંભના શ્લોકમાં ધનલોભી જીવો શું શું કરે છે તે દર્શાવતાં થકાં કહે છે કે – લોભ કષાયને વશ પડેલાં જીવો ધન કમાવવા માટે પોતાની આંખો બંધ કરીને લોભની આંખથી જગતને જુએ છે, તેથી તેઓ લોભ રૂપી પિશાચની પૂર્તિ કરવા માટે દુર્ગમ અટવીઓમાં ભ્રમણ કરે છે. વિકટ માર્ગે દેશ-પ્રદેશ જાય છે. પૂર્વના યુગમાં સાર્થવાહો ધન કમાવવા માટે એવી એવી અટવિયોમાંથી પસાર થઈને પરદેશોમાં જતા અને ક્યારેક સાર્થ લૂંટાઈ જતો અને ભિખારી બનીને આવતા. આજે પણ ધન કમાવવામાં અંધ બનેલા માનવો (દાનવો) ધર્મ અને વ્યવહારથી વિરૂદ્ધ દેશોમાં જાય છે. સમુદ્ર માર્ગે મુસાફરી કરે છે. ક્યારેક વહાણ તુટી જાય છે. ડુબી જાય છે. વિમાન તુટી પડે છે. બોમ્બ વિસ્ફોટ થાય છે. તો પણ લોભને વશ બધું કરે છે. વળી ગ્રન્થકારશ્રીએ કહ્યું કે અતિદુઃખદાયક ખેતી કરે છે. પૂર્વના યુગમાં પણ ખેતી દુઃખદાયક દુઃખ ફળક હતી. હમણા તો ખેતીમાં અધિકાધિક હિંસાને સ્થાન આપીને વધારે દુઃખદાયક બનાવી દીધી છે. વળી કહ્યું કે હાથીયોના સમૂહ હોય ત્યાં જવું દુષ્કર છે અને તેમની પાસેથી મળવાનું કાંઈ નથી તેમ કૃપણ માલિકની પાસે તેની સેવા માટે રહીને ધન મેળવવું

દુષ્કર છે. છતાં ધનલોભી તે કાર્યને પણ કરે છે. ગ્રન્થકારશ્રી કહે છે કે વધારે શું કહું લોગ લોભ માટે મરણને પણ આલિંગન કરી લે છે. **હું મરી જાઉં તો વાંધો નહીં પણ ધન મળવું જોઈએ. એ માટે તો લોગો વિમાઓ ઉતરાવે છે.** એ સર્વે આ લોભકષાયનું જ ફળ છે. ।।૫૭।।

હવે બીજા શ્લોકમાં લોભ કેવો છે તે દર્શાવતાં કહે છે કે –

छंद - शार्दूलविक्रीडितवृत्त

**मूलं मोहविषद्रुमस्य सुकृताम्भोराशिकुम्भोद्भवः,**
**क्रोधाग्नेररणिः प्रतापतरणि प्रच्छादने तोयदः ।**
**क्रीडासद्मकलेर्विवेकशशिनः स्वर्भानुरापन्नदी-**
**सिन्धु कीर्तिलताकलापकलभो लोभः पराभूयताम् ।।५८।।**

*अन्वय : हे नरा! मोहविषद्रुमस्य मूलं सुकृताम्भोराशिकुम्भोद्भवः क्रोधाग्ने अरणिः प्रतापतरणि प्रच्छादने तोयदः कलेः क्रीडासद्मविवेकशशिनः स्वर्भानुः आपन्ननदीसिन्धुः तथा कीर्तिलताकलापकलभः लोभः पराभूयताम्।*

**શબ્દાર્થ :** હે માનવો! (मोह विषद्रुमस्य) અજ્ઞાનરૂપી વિષવૃક્ષની જ (मूलं) જડ છે (सुकृताम्भोराशिकुम्भोद्भवः) પુણ્યરૂપી સમુદ્ર માટે અગસ્ત્યઋષિની જેવો છે. (क्रोधाग्नेः) ક્રોધ રૂપી અગ્નિને પ્રકટ કરવામાં (अरणिः) અરણિના મંથન જેવો છે. (प्रतापतरणि-प्रच्छादने) તેજરૂપી સૂર્યને આચ્છાદિત કરવા માટે (तोयदः) વાદળા જેવો છે. (कलेः) કલહનું (क्रीडासद्मः) ઘર છે (विवेकशशिनः) જ્ઞાનરૂપી ચંદ્રમા માટે (स्वर्भानुः) રાહુની જેવો છે. (आपन्ननदीसिन्धुः) વિપદાઓ રૂપી નદીયોને ભેગી કરવા માટે સમુદ્ર જેવો છે (અને) (कीर्तिलताकलापकलभः) પ્રશંસા કીર્તિ રૂપી વેલનો નાશ કરવા માટે હાથીના બાળક જેવો છે. એવો (लोभः) આ લોભ (पराभूयताम्) સર્વથા છોડી દો.।।૫૮।।

**ભાવાર્થ :** હે માનવો! આ લોભ કેવો છે તો કે ‘અજ્ઞાન રૂપી વિષવૃક્ષની જડ, પુણ્યરૂપી સમુદ્રને શોષવા માટે અગસ્ત્ય ઋષી જેવો, ક્રોધાગ્નિને પ્રકટ કરવા માટે અરણિના કાષ્ટ જેવો, તેજરૂપી સૂર્યને આચ્છાદિત કરવા માટે વાદળા જેવો, કલહનું તો ઘર, જ્ઞાનરૂપી ચંદ્રને ગ્રસવા માટે રાહુની જેવો, આપત્તિઓ રૂપી નદીઓના સમૂહને ભેગી કરવા માટે સમુદ્ર જેવો, યશ કીર્તિરૂપી વેલનો નાશ કરવા માટે હાથીના બાળક જેવો આ લોભ સર્વથા છોડી દો.

**વિવેચન :** ગ્રન્થકારશ્રી બીજા શ્લોકમાં લોભ કેવો છે તે દર્શાવીને એને સર્વથા છોડવાનું કહે છે. જેમ વૃક્ષની જડમાં જ વિષ હોય તો ફળો વિષયુક્ત જ આવવાના તેમ આ લોભ અજ્ઞાનતાની જડ રૂપ હોવાથી એ આત્મા લોભના કારણે અજ્ઞાની થશે. સમુદ્રના પાણીને અગસ્ત્ય ઋષિ જેમ પી લે છે. તેમ આ લોભ આત્માના પુણ્યરૂપી સમુદ્રને પીને એને નિષ્પુણ્ય બનાવી દે છે. જેમ અરણિના કાષ્ટને ઘસવાથી અગ્નિ પ્રકટ થાય છે તેમ લોભ

કરવાથી ક્રોધાગ્નિનો પ્રાદુર્ભાવ થાય છે. વાદળાઓ સૂર્યને આચ્છાદિત કરે છે, તેમ આ લોભ આત્માના વાસ્તવિક તપ તેજને આચ્છાદિત કરી દે છે. આ લોભ કલહ લડાઈ ઝઘડાનું તો ઘર છે. જેમ રાહુ ચંદ્રમાને ગ્રસિત કરે છે તેમ આ લોભ આત્માના જ્ઞાન રૂપી ચંદ્રમાને ગ્રસિત કરી દે છે. જ્ઞાન ઉપર આવરણ આવી જાય છે. જેમ સમુદ્ર અનેક નદીયોને સંગ્રહે છે તેમ આ લોભ આપદાઓ રૂપી નદીયોનો સંગ્રહ કરે છે અર્થાત્ લોભના કારણે અનેક પ્રકારની આપદાઓ ભોગવવી પડે છે. જેમ વેલડીયોને હાથીયોના બાળકો નાશ કરે છે તેમ આ લોભ રૂપી હાથીનું બાળક યશ:કીર્તિ રૂપી વેલડિયોને નષ્ટ કરી દે છે. એવા આ લોભને સર્વથા તજવાનું ગ્રન્થકારશ્રીએ કહ્યું છે. ॥૫૮॥

હવે ત્રીજા શ્લોકમાં લોભને અગ્નિની ઉપમા આપીને હિતોપદેશ દેતા કહે છે કે–

छंद – वसन्ततिलकावृत्त

**निःशेषधर्मवनदाहविजृम्भमाणे,**
**दुःखौघभस्मनि विसर्पदकीर्तिधूमे ।**
**बाढं धनेन्धनसमागमदीप्यमाने,**
**लोभानलेशलभतां लभते गुणौघः ॥५९॥**

***अन्वय :*** *निःशेषधर्मवनदाहविजृम्भमाणे, दुःखौघभस्मनि विसर्पत् अकीर्तिधूमे, धनेन्धनसमागमदीप्यमाने, लोभानले गुणौघः बाढम् शलभताम् लभते।*

**શબ્દાર્થ :** (निःशेषधर्मवनदाहविजृम्भमाणे) સંપૂર્ણ પુણ્ય રૂપી વનને બાળવા માટે તૈયાર થયેલો (दुःखौघभस्मनि) દુઃખ સમૂહરૂપી રાખના ઢેરવાળો (विसर्पत् अकीर्तिधूमे) અપયશરૂપી ધૂમાડાને ફેલાવનાર (तथा) (धनेन्धनसमागमदीप्यमाने) ધનરૂપી લાકડાની પ્રીતિથી પ્રકાશિત થવાવાળો (लोभानले) લોભ રૂપી આગમાં (गुणौघः) ગુણોનો સમૂહ (बाढम्) અવશ્યે કરીને (शलभताम्) પતંગિયાપણાને (लभते) પામે છે. ॥૫૯॥

**ભાવાર્થ :** અખિલ પુણ્યરૂપી વનને બાળવા માટે તૈયાર થયેલ દુઃખસમૂહ રૂપી રાખના ઢેર વાળો અપયશરૂપી ધૂમાડાને ફેલાવનાર અને ધનરૂપી લાકડાના મળવાથી વધારે પ્રકાશિત થનાર લોભરૂપી આગમાં ગુણોનો સમૂહ પતંગિયાની જેમ નાશ પામે છે. જેમ આગમાં પતંગિયું નાશ પામે છે તેમ લોભરૂપી આગમાં માનવના ગુણોનો નાશ થાય છે. ॥૫૯॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ત્રીજા શ્લોકમાં લોભને આગની ઉપમાં આપીને એ આગ કેવી છે તે દર્શાવતા કહે છે કે – જેમ આગ સંપૂર્ણ વનને બાળે છે તેમ સંપૂર્ણ પુણ્યના જત્થાને બાળવામાં તત્પર, પદાર્થના બળવાથી જેમ રાખનો ઢેર મળે છે તેમ પુણ્ય રૂપી જત્થો બળ્યા પછી દુઃખોના સમૂહરૂપી રાખનો ઢેર જ રહે છે. અને જેમ પદાર્થ બળતો હોય ત્યારે ધુમાડો નિકળે છે તેમ લોભરૂપી આગમાં પુણ્યનો જત્થો બળ્યા પછી અપકીર્તિ રૂપી ધુમાડો ફેલાવવાનો છે. જેમ અગ્નિ કાષ્ટ/લાકડાના મળવાથી વધારે દીપ્ત બને છે અર્થાત્ જેમ જેમ ધન વધે છે તેમ તેમ લોભ વધે છે. ગ્રન્થકારશ્રીએ અહીં **ધનને કાષ્ટની ઉપમાં આપીને**

**ધનને એક તુચ્છ પદાર્થની શ્રેણિમાં સ્થાન આપ્યું છે.** જેમ પતંગિયું આગની જ્યોતથી આકર્ષાઈને પોતાનું જીવન એમાં હોમીને નાશ પામે છે તેમ આ લોભરૂપી આગના બાહ્ય આકર્ષણથી આકર્ષાઈ જે જીવો લોભને ભેટવા જાય છે તેમના આત્મિક ગુણોનો સમૂહ નાશ પામે છે. ક્યારેક એમનું જીવન જ નષ્ટ થઈ જાય છે. ।।૫૯।।

હવે લોભત્યાગના ચોથા શ્લોકમાં સંતોષના સ્વરૂપને દર્શાવતાં થકાં કહે છે કે –

छंद – शार्दूलविक्रीडितवृत्त

**जातः कल्पतरुः पुरः सुरगवी तेषां प्रविष्टा गृहं,**
**चिन्तारत्नमुपस्थितं करतलप्राप्तो निधिः सन्निधिम्;**
**विश्वं वश्यमवश्यमेवसुलभाः स्वर्गापवर्गश्रियः,**
**ये सन्तोषमशेषदोषदहनध्वंसाम्बुदं बिभ्रते ।।६०।।**

***अन्वय :*** *ये अशेषदोषदहनध्वंसाम्बुदं सन्तोषं बिभ्रते तेषां पुरः कल्पतरुः जातः गृहम् सुरगवी प्रविष्टा चिन्तारत्नं करतलप्राप्तः उपस्थितं निधिः सन्निधिम् विश्वम् वश्यम् स्वर्गापवर्गीश्रियः अवश्यमेव सुलभाः।*

**શબ્દાર્થ :** (ये) જે માનવ (अशेषदोषदहनध्वंसाम्बुदं) સર્વદોષરૂપી અગ્નિને બુઝાવવામાં વાદળાની જેમ (सन्तोषं) સંતોષને (बिभ्रते) ધારણ કરે છે (तेषां) તેઓની (पुरः) સામે જાણે કે (कल्पतरुः जातः) કલ્પવૃક્ષ ઉત્પન્ન થયું છે. (गृहम्) તેઓના ઘરે (सुरगवी) કામધેનુ ગાયે (प्रविष्टा) પ્રવેશ કર્યો છે. (चिन्तारत्नं) તેઓને ચિંતામણી રત્ન (करतल-प्राप्तः) હથેલીમાં આવેલો (उपस्थितं) મળી ગયો છે. (निधिः) દેવતાઓનો ધનભંડાર પણ (सन्निधिम्) તેઓની પાસે આવી ગયો છે. (विश्वम्) સર્વ સંસાર (वश्यम्) તેઓને આધીન છે. અને (स्वर्गापवर्गीश्रियः) સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી (अवश्यमेव) નિશ્ચયથી તેઓને (सुलभाः) સુલભ છે. ।।૬૦।।

**ભાવાર્થ :** જે માનવો સર્વ દોષો રૂપી અગ્નિને બુઝાવવામાં વાદળા સમાન સંતોષને ધારણ કરે છે તે માનવોના મુખની સામે જ જાણે કે કલ્પવૃક્ષ ઉત્પન્ન થયું છે. તેઓના ઘરે કામધેનુ ગાયે પ્રવેશ કર્યો છે. તેઓના હાથમાં ચિંતામણિ રત્ન આવી ગયું છે. કુબેર દેવનો ધન ભંડાર તેઓની પાસે આવી ગયો છે. પૂર્ણ વિશ્વ તેઓને આધીન છે. અને સ્વર્ગ અને મોક્ષ લક્ષ્મી નિશ્ચયથી તેઓને સુલભ છે. ।।૬૦।।

**વિવેચન :** ગ્રન્થકારશ્રીએ લોભકષાય ત્યાગ પ્રકરણના અંતિમ શ્લોકમાં સંતોષના ગુણગાન કરીને સાધકને સંતોષ અપનાવવાનો ઉપદેશ આપ્યો છે. ચારે કષાય ત્યાગ પ્રકરણનો આ અંતિમ શ્લોક છે તેમાં સંતોષની વાત કરીને ચારે કષાય પર વિજય મેળવવાનો એક જ માર્ગ બતાવી આપ્યો કે જે માનવ સંતોષ ધારણ કરે તેને કોઈ કષાય નડે નહીં. તેથી જ કહ્યું કે 'આ સંતોષ કેવો છે તો કે સર્વદોષોરૂપી અગ્નિને બુઝાવવામાં વાદળા સમાન છે.' દોષોને અગ્નિની ઉપમા આપીને કહ્યું કે દોષ આત્મગુણોને બાળી નાખે છે. સંતોષને

વાદળાઓની ઉપમા આપીને કહ્યું કે સર્વગુણોને સિંચન કરીને વધારનાર સંતોષ છે. એવા સંતોષને ધારણ કરનાર માનવના ગૃહ આંગણે શું હોય છે ? અર્થાત્ એ કેટલો સમૃદ્ધિશાળી હોય છે તે બતાવે છે. જેની પાસે સંતોષ છે તેની પાસે જાણે કે કલ્પવૃક્ષ તેની સામે જ છે. કામધેનુ ગાય તેના ઘરે આવી ગઈ છે. ચિન્તામણિ રત્ન એના હાથમાં છે. કુબેરનો ધનભંડાર તેની પાસે છે. પૂર્ણ વિશ્વ એને વશ છે અને સ્વર્ગ અને મોક્ષ પણ અવશ્ય એને સુલભતાથી પ્રાપ્ત થાય છે.

ભૌતિક મનોવાંછિત પુરનાર પદાર્થોને દર્શાવીને કહ્યું કે સંતોષ ધારણ કરનાર આત્માના સર્વ જાતના મનોવાંછિત પૂર્ણ થઈ જાય છે. એનું પણ મોટું કારણ છે કે સંતોષીને કોઈ ચાહ રહેતી નથી. જ્યાં કોઈ પણ પદાર્થ મેળવવાની ઇચ્છા જ ન હોય ત્યાં જગતના સર્વ પદાર્થો મળેલા જ હોય છે અને તેથી જ તે આત્માને ભવસ્થિતિ મોક્ષ મેળવવા જેવી હોય તો મોક્ષ મળે છે અને જો ભવસ્થિતિ પરિપક્વ ન થઈ હોય તો સ્વર્ગાદિના સુખો તો અવશ્ય મળે જ છે.

આ કારણથી પ્રત્યેક સાધકે સંતોષ ધારણ કરવો જોઈએ. ॥૬૦॥

હવે સજ્જનતા પ્રકરણને દર્શાવતાં થકાં દુર્જનતાને ધારણ ન કરવા વિશે પ્રથમ શ્લોકમાં કહે છે કે –

## સૌજન્ય પ્રકરણમ્

छंद – शिखरिणीवृत्त

**वरं क्षिप्तः पाणिः कुपितफणिनो वक्त्रकुहरे,**
**वरं झम्पापातो ज्वलदनलकुण्डे विरचितः**
**वरं प्रासप्रान्तः सपदि जठरान्तर्विनिहितो,**
**न जन्यं दौर्जन्यं तदपि विपदां सद्म विदुषा ॥६१॥**

***अन्वय :*** *कुपितफणिनः वक्त्रकुहरे क्षिप्तः पाणिः वरं ज्वलत् अनलकुण्डे विरचितः झम्पापातः वरं प्रासप्रान्तः सपदि जठरान्तर्विनिहितः वरं तदपि विदुषा विपदां सद्म दौर्जन्यं न जन्यं।*

**શબ્દાર્થ :** (कुपितफणिनः) ક્રોધમાં આવેલાં સર્પના (वक्त्रकुहरे) મુખરૂપી બિલમાં (क्षिप्तः पाणिः) હાથ નાંખવો (वरं) સારો (ज्वलत् अनलकुण्डे) બલતી આગના કુણ્ડમાં (विरचितः झम्पापातः) ઝમ્પાપાત કરવો (वरं) સારો (प्रासप्रान्तः) ભાલાની અણી (सपदि) એકદમ (जठरान्तर्विनिहितः) પેટમાં ઘુસેડવી (वरं) સારી (तदपि) તો પણ (विदुषा) બુદ્ધિમાન માનવે (विपदासद्म) અનેક આપદાઓના ઘર જેવી (दौर्जन्यं) દુર્જનતા (न जन्यं) ન કરવી જોઈએ. ॥૬૧॥

**ભાવાર્થ :** ક્રોધિત બનેલા સર્પના મોઢામાં હાથ નાંખવો, જલતી આગમાં કુદી પડવું, ભાલાની અણી એકદમ પેટમાં ઘુસેડવી એ ત્રણે કાર્યો કરવા સારા પણ બુદ્ધિધારી માનવે

અનેક આપદાઓને આમંત્રિત કરનાર દુર્જનતાને તો આચરવી જ ન જોઈએ. ॥૬૧॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી સૌજન્યતા પ્રકરણના પ્રથમ શ્લોકમાં સુંદર હિતશિક્ષા આપતા કહે છે કે હે માનવ! દુર્જનતાનું આચરણ કરવા પહેલાં જરા વિચાર કરી લે કે 'ક્રોધિત સર્પના મોઢામાં હાથ નાખવો, આગમાં કૂદવું અને ભાલાની અણી પેટમાં ઘુસેડવી એ ત્રણ કાર્યો કેટલાં વિનાશક છે તેના કરતાં પણ બીજાનું અહિત થાય એવું આચરણ ભયંકર વિનાશકર્તા છે. એ માટે દુર્જનતાને તજી જ દેવી જોઈએ. ॥૬૧॥

હવે સજ્જતા અને દુર્જનતાના આચરણની વ્યાખ્યા દ્વારા હિતોપદેશ આપતા કહે છે કે –

छंद – वसन्ततिलकावृत्त

**सौजन्यमेव विदधाति यशश्चयं च,**
**स्वश्रेयसं च विभवं च भवक्षयं च,**
**दौर्जन्यमावहसि यत्कुमते तदर्थं**
**धान्येऽनलं क्षिपसि तज्जलसेकसाध्ये ॥६२॥**

*अन्वय : यशश्चयं च स्वश्रेयसं च विभवं च भवक्षयं (तु) सौजन्यमेव विदधाति (पुनः) कुमते तदर्थम् यत् दौर्जन्यम् आवहसि तत् जलसेकसाध्ये धान्ये अनलं क्षिपसि।*

**શબ્દાર્થ :** (यशश्चयं) કીર્તિના સમૂહને (च) અને (स्वश्रेयसं) આત્મકલ્યાણને (च) અને (विभवं) વૈભવને (च) અને (भवक्षयं) સંસાર બંધનના નાશને (તો) (सौजन्यमेव) સજ્જનતાનો જ વ્યવહાર (विदधाति) કરે છે (हे कुमते!) અરે કુબુદ્ધિધારક તૂ (तदर्थम्) ઉપરોક્ત કારણો માટે (यत्) જો (दौर्जन्यम्) દુર્જનતાને દુષ્ટતાના વ્યવહારને (आवहसि) ધારણ કરે છે (तत्) તે તો જાણે કે (जलसेकसाध्ये) જલથી વૃદ્ધિને પામવા જેવા (धान्यो) ધાન્યના ક્ષેત્રમાં (अनलं) આગને (क्षिपत्ति) ફેંકે છે. ॥૬૨॥

**ભાવાર્થ :** કીર્તિના સમૂહને, આત્મ કલ્યાણને, વૈભવને અને ભવક્ષયને ઈચ્છતો એવો માનવ સજ્જનતાના વ્યવહારને જ કરે છે તો પછી હે કુમતિ ધારક! તૂ ઉપરોક્ત કાર્યો માટે દુર્જનતાને ધારણ કરે છે તે તો જલથી વૃદ્ધિ પમાડવા જેવા ધાન્યના ક્ષેત્રમાં આગ ફેંકવા જેવું જ કાર્ય છે. ॥૬૨॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી કહે છે કે – જે માનવને કીર્તિ સમૂહની, આત્મકલ્યાણની, વૈભવની અને ભવક્ષયની ઈચ્છા હોય તે પોતાનો વ્યવહાર સજ્જનતા ભર્યો જ રાખે છે. અને તેથી જ ઉપરોક્ત કાર્યો થાય છે. પણ દુર્જનતા યુક્ત માનવ ઉપરોક્ત કાર્યોની સિદ્ધિ દુર્જનતા યુક્ત કાર્યો દ્વારા પૂર્ણ કરવા માટે પ્રયત્નશીલ હોય ત્યારે તેને કહ્યું કે તૂ તો જલથી સિંચવા યોગ્ય ખેતમાં રહેલાં ધાન્ય ઉપર અગ્નિ નાખવાનું કામ કરે છે. અર્થાત્ જેમ ખેતી બળીને રાખ થઈ જાય છે તેમ દુષ્ટતા ભરેલા કાર્યો કરનાર આત્માને કીર્તિ, આત્મકલ્યાણ, વૈભવ

કે ભવક્ષય આદિ એકે શુભકાર્યની સિદ્ધિ થતી નથી. તેથી દુર્જનતાને છોડીને સજ્જનતાને જ સ્વીકારીને શુભકાર્યોની સિદ્ધિ મેળવવી જોઈએ. ॥૬૨॥

હવે ત્રીજા શ્લોકમાં સજ્જન પુરુષોને શું પ્રિય છે તે દર્શાવતાં થકાં કહે છે કે –

છંદ – પૃથ્વીવૃત્ત

**वरं विभववन्ध्यतासुजनभावभाजां नृणा-**
**मसाधुचरितार्जिता न पुनरुर्जिताः सम्पदः,**
**कृशत्वमपि शोभते सहजमायतौ सुन्दरं,**
**विपाकविरसा न तु श्वयथुसम्भवा स्थूलता ॥६३॥**

*अन्वय : सुजनभावभाजां नृणां विभववन्ध्यता वरं असाधुचरिताऽर्जिता ऊर्जिता सम्पदः पुनः न वरं आयतौ सुन्दरं सहजं कृशत्वमपि शोभते विपाकविरसा श्वयथुसम्भवा स्थूलता न शोभते।*

**શબ્દાર્થ :** (सुजनभावभाजां नृणां) સજ્જનતા ભર્યું આચરણ કરનાર માનવોને (विभववन्ध्यता) ધનરહિતપણું (वरं) સારું લાગે છે. પણ (असाधुचरिताऽर्जिता) અયોગ્યરીતિથી મેળવેલી એવી (ऊर्जिता) કમાવેલી ઘણી ઘણી (सम्पदः) સંપત્તિ (ધનમાળ મિલ્કત) પણ (न वरं) સારી લાગતી નથી. જેમ (आयतौ) ભવિષ્યમાં (सुन्दरं) સુંદર થવાવાળી એવી (सहजं) સ્વાભાવિક (कृशत्वमपि) દુર્બલતાપણ (शोभते) શોભે છે (પણ) (विपाकविरसा) ભવિષ્યમાં દુઃખદાયક (श्वयथुसम्भवा) સોજાથી ઉત્પન્ન થયેલી (स्थूलता) શરીરની મોટાઈ (न शोभते) સારી દેખાતી નથી. ॥૬૩॥

**ભાવાર્થ :** સજ્જન પુરુષોને અયોગ્ય રીતિથી કમાઈને ઘણી લક્ષ્મી મેળવવા કરતાં ધનરહિત પણું અર્થાત્ સાધારણ સ્થિતિમાં રહેવું સારું લાગે છે જેમ કે સોજા દ્વારા આવેલ શરીરની સ્થૂલતા જે ભાવીમાં દુઃખદાયક છે તે સારી લાગતી નથી પણ સ્વાભાવિક શરીરિક દુર્બળતા પણ સારી લાગે છે. ॥૬૩॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ત્રીજા શ્લોકમાં કહે છે કે દુર્જન માનવો અને સજ્જન માનવોને ધન કમાવવું પડે છે એ વાત નિશ્ચિત છે પણ સજ્જન પુરુષો ધન કમાવવામાં પણ સજ્જનતાને જ મુખ્ય સ્થાન આપે છે. તેથી તેઓ અસાધુ અર્થાત્ અન્યાય–અનીતિના આચરણ દ્વારા ઘણું ધન, ઘણી લક્ષ્મી મેળવવા કરતાં ન્યાય અને નીતિપૂર્વક અલ્પ મળે અથવા ન પણ મળે તો પણ તેને જ સારૂં માને છે. નિર્ધનાવસ્થા ગુણકારી પણ અયોગ્ય આચરણ દ્વારા મેળવેલ ધની અવસ્થા સારી નહીં. આ વિષયને સમજાવવા માટે એક દૃષ્ટાંત/ઉદાહરણ આપ્યું કે જેમ શરીર સ્થૂળતા જગતમાં સારી ગણાય છે પણ સ્થૂળતા જો સૂજન સોજા દ્વારા આવેલી હોય તો તે ગુણકારી નથી. તે તો ભવિષ્યમાં દુઃખદાયક છે તેના કરતાં તો સ્વાભાવિક દુર્બળતા જ ગુણકારી છે. અન્યાય અનીતિથી મેળવેલ ધનની ધનિકાવસ્થા સોજાથી મેળવેલ સ્થૂળતા જેવી છે જે ભવિષ્યમાં દુઃખદાયક છે એમ

ગ્રન્થકારશ્રીએ સજ્જન પુરુષોને ધન કમાવવા માટે પણ અન્યાય અનીતિનો સહારો લેવાનો નિષેધ કર્યો છે. વળી એક વાત સ્પષ્ટ થાય છે કે અન્યાય અનીતિથી ધનાર્જન કરનાર વ્યાપારી સજ્જન પુરુષની ગણત્રીમાં પણ નથી આવતો. ॥૬૩॥

હવે ચોથા શ્લોકમાં સજ્જન પુરુષની આચરણા બતાવતાં કહે છે કે –

छंद – शार्दूलविक्रीडितवृत्त

**न ब्रूते परदूषणं परगुणं वक्त्यल्पमप्यन्वहं,**
**सन्तोषं वहते परर्द्धिषु पराबाधासु धत्ते शुचम् ।**
**स्वश्लाघां न करोति नोज्झति नयं नौचित्यमुल्लङ्घय-**
**त्युक्तोऽप्यप्रियमक्षमां न रचयत्येतच्चरित्रं सताम् ॥६४॥**

***अन्वय :*** *(यः) परदूषणं न ब्रूते (परंतु) अल्पं अपि परगुणं अन्वहं वक्ति परर्द्धिषु सन्तोषं वहते पराबाधासु शुचम् धत्ते स्वश्लाघां न करोति नयं नोज्झति औचित्यम् न उल्लङ्घयति अप्रियं उक्तः अपि अक्षमां न रचयति सताम् एतत् चरित्रम्।*

**શબ્દાર્થ :** (परदूषणं) બીજાઓના દોષો (न ब्रूते) બોલતા નથી પણ (अल्पं अपि) થોડા પણ (परगुणं) બીજાના ગુણોને જ (अन्वहं) રોજ (वक्ति) કહે છે બોલે છે (परर्द्धिषु) બીજાની ઋદ્ધિ જોઈને (सन्तोषं) સંતોષને (वहते) ધારણ કરે છે અને (पराबाधासु) બીજાના દુઃખોને જોઈને (शुचम्) શોકને (धत्ते) ધારણ કરે છે. (स्वश्लाघां) સ્વપ્રશંસાને (न करोति) કરતો નથી. (नयं) ન્યાયમાર્ગને (नोज्झति) છોડતો નથી. (औचित्यम्) ઉચિતતાનું (न उल्लङ्घयति) ઉલ્લંઘન કરતો નથી. (अप्रियं उक्तः अपि) કોઈના દ્વારા કટુ વચન કહેવાયા છતાં (अक्षमां) ક્રોધને (न रचयति) કરતો નથી (सताम्) સત્પુરુષોનું સજ્જન પુરુષોનું (एतत्) આજ (चरित्रम्) ચરિત્ર છે આચરણ છે. ॥૬૪॥

**ભાવાર્થ :** જે બીજાના દૂષણ બોલતો નથી, બીજાના થોડા પણ ગુણને રોજ બોલે છે. બીજાની ઋદ્ધિને જોઈને સંતોષ ધારણ કરે છે, બીજાના દુઃખને જોઈને ચિંતા કરે છે, પોતાની પ્રશંસા કરતો નથી, ન્યાયમાર્ગને છોડતો નથી. ઉચિત આચરણનું ઉલ્લંઘન કરતો નથી, કોઈના કટુવચન સાંભળીને ક્રોધ કરતો નથી. સજ્જન પુરુષનું આ જ ચરિત્ર છે.॥૬૪॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રીએ સજ્જન પ્રકરણના અંતિમ ચોથા શ્લોકમાં સજ્જન પુરુષોની આચરણાની સંક્ષેપમાં પણ મહત્વની વાતો કરી છે. તેમણે કહ્યું છે કે સજ્જન પુરુષ –

(૧) બીજાના દોષોને બોલે નહીં.
(૨) બીજાના થોડા પણ ગુણને રોજ યાદ કરીને બોલે.
(૩) બીજાની ઋદ્ધિ જોઈને ઈર્ષ્યા ન કરે પણ સંતોષ ધારણ કરે.
(૪) બીજાના દુઃખમાં દુખી થાય.
(૫) આત્મ પ્રશંસા તો કરે જ નહીં.

(૬) ન્યાયનીતિના માર્ગનું સદા પાલન કરે એ માર્ગનો ત્યાગ ક્યારેય ન કરે.
(૭) સજ્જનતાની લાયકાતનું કદી ઉલ્લંઘન ન કરે.
(૮) કોઈએ કટુવચન કહ્યા છતાં પણ તેના પર ક્રોધ ન કરે, આવેશમાં ન આવે.

ઉપરોક્ત આઠ બાબતોમાં સજ્જન પુરુષોની સર્વ પ્રકારની આચરણાઓનો સમાવેશ થઈ જાય છે.

જે આત્માને સજ્જન પુરુષોમાં પોતાની ગણના કરાવવી હોય તેણે આ શ્લોકના ભાવોને હૃદયમંદિરમાં બીરાજમાન કરવા જ રહ્યાં. ॥૬૪॥

હવે ગુણિજનોની સંગત ન કરનાર અને કરનારના વિષયમાં વિવેચન કરતાં કહે છે કે –

## ગુણિસઙ્ગ પ્રકરણમ્

छंद – शार्दूलविक्रीडितवृत्त

**धर्मं ध्वस्तदयो यशश्च्युतनयो वित्तं प्रमत्तः पुमा-**
**न्काव्यं निष्प्रतिभस्तपः शमदमैः[१] शून्योऽल्पमेधाः श्रुतम् ।**
**वस्त्वालोकमलोचनश्चलमना ध्यानं च वाञ्छत्यसौ,**
**यः सङ्गं गुणिनां विमुच्य विमतिः कल्याणमाकाङ्क्षति ॥६५॥**

***अन्वय :*** *यः विमतिः गुणिनां सङ्गं विमुच्य कल्याणम् आकाङ्क्षति असौ ध्वस्तदयः धर्मम् च्युतनयः यशः प्रमत्तः वित्तं निष्प्रतिभाः काव्यं शमदमैः शून्यः तपः अल्पमेधाः श्रुतम् अलोचनाः वस्त्वालोकम् चलमनाः ध्यानं वाञ्छति।*

**શબ્દાર્થ :** (यः) જે પુરુષ (विमतिः) બુદ્ધિરહિત થઈ (गुणिनां सङ्ग) ગુણી પુરુષોનો સંગ (विमुच्य) તજીને (कल्याणं) આત્મકલ્યાણને (आकाङ्क्षति) ઈચ્છે છે. (असौ) તે જાણો કે (ध्वस्तदयः) નિર્દય થઈને (धर्मम्) ધર્મને, (च्युतनयः) નીતિભ્રષ્ટ થઈને (यशः) કીર્તિને (प्रमत्तः) પ્રમાદી બનીને (वित्तं) ધનને, (निष्प्रतिभाः) નિર્બુદ્ધિ થઈને (काव्यं) સાહિત્ય રચનાને (शमदमैः शून्यः) શમ, દમથી રહિત થઈને (तपः) તપશ્ચર્યાને (अल्पमेधाः) અલ્પજ્ઞાની હોઈને (श्रुतम्) શાસ્ત્રજ્ઞાનને (अलोचनाः) આંધળો હોઈને (वस्त्वालोकम्) પદાર્થને જોવાને (चलमनाः) ચંચલ ચિત્તવાળો થઈને (ध्यानं) સમાધિને (वाञ्छति) ચાહે છે, ઈચ્છે છે. ॥૬૫॥

**ભાવાર્થ :** જે પુરુષ બુદ્ધિરહિત થઈ ગુણવાન પુરુષોનો સંગ તજીને કલ્યાણને ઈચ્છે છે તે તો જાણે કે, નિર્દયી થઈને ધર્મને, નીતિરહિત થઈને કીર્તિને, આળસુ બનીને ધનને, નિર્બુદ્ધિ થઈને, સાહિત્ય–કાવ્ય રચનાને, સમતા અને ઇન્દ્રિય જયથી રહિત થઈને તપને, અલ્પમેધાવાળો થઈને શાસ્ત્રીય જ્ઞાનને, આંધળો થઈને પદાર્થોને જોવાને, ચંચલ ચિત્તવાળો થઈને ધ્યાન–સમાધિને ઈચ્છે છે. ॥૬૫॥

---

१. शमदया पाठान्तर

**વિવેચન :** ગ્રન્થકારશ્રી પ્રથમ શ્લોકમાં ગુણિજનોના સંગનો ત્યાગ કરીને આત્મકલ્યાણ, મોક્ષ માટે યત્ન કરનાર આત્માને કહે છે, 'તૂ જો સજ્જન પુરુષોની સોબત–સંગ છોડીને સ્વકલ્યાણ ઈચ્છતો હોય તો નીચે બતાવ્યા એવા કાર્યો કરનારની જેવો થઈને કાયક્લેશના ફળને પામીશ.

નિર્દયી આત્મા ધર્મને ઈચ્છે, નીતિરહિત વ્યક્તિ કીર્તિને ચાહે, આલસી વ્યક્તિ ધન મેળવવાની ઈચ્છા કરે, બુદ્ધિહિન સાહિત્ય અને કાવ્ય રચના આદિ કરવાની ભાવના કરે, સમભાવ અને ઈન્દ્રિય વિજય વિના તપશ્ચર્યા કરે, અલ્પ બુદ્ધિવાળો શાસ્ત્ર જ્ઞાનને મેળવવા ઈચ્છે. આંધળો આત્મપદાર્થોને જોવા ઈચ્છે. ચંચલ ચિત્તવાળો સમાધિને ઈચ્છે તો એ કાર્યો કદિ બની શકે નહીં. તેમ ગુણિજનોની સંગત કર્યા સિવાય આત્મ કલ્યાણ થઈ શકે નહીં. ॥૬૫॥

હવે બીજા શ્લોકમાં ગુણિજનોની સંગતિના પરિણામો દર્શાવતાં કહે છે કે–

छंद - हरिणीवृत्त

**हरति कुमतिं भिन्ते मोहं करोति विवेकिताम्,**
**वितरति रतिं सूते नीतिं तनोति विनीतताम्;[१]**
**प्रथयति यशो धत्ते धर्मं व्यपोहति दुर्गतिं**
**जनयति नृणां किं नाभीष्टं गुणोत्तमसङ्गमः ॥६६॥**

*अन्वय : गुणोत्तमसङ्गमः नृणां किं अभिष्टं न जनयति, कुमतिं हरति, मोहम् भिन्ते, विवेकतां करोति रतिं वितरति नीतिं सूते विनीतताम् तनोति यशः प्रथयति धर्मं धत्ते दुर्गतिम् व्यपोहति।*

**શબ્દાર્થ :** (गुणोत्तमसङ्गमः) ગુણો પ્રાપ્ત કરવા માટે ઉત્તમ ગુણધારી પુરુષોનો સંગ (नृणां) માનવોને (किं अभिष्टं) કયા મનોરથને (न जनयति) પૂર્ણ નથી કરતો? અર્થાત્ સર્વ મનોરથને પૂર્ણ કરે છે તે (कुगतिं) કુમતિને (हरति) નષ્ટ કરે છે. (मोहम्) અજ્ઞાનને (भिन्ते) દૂર કરે છે. (विवेकतां) જ્ઞાનને (करोति) ઉત્પન્ન કરે છે. (रतिं) પ્રેમને (वितरति) આપે છે. (नीतिं) ન્યાયને (सूते) ઉત્પન્ન કરે છે. (विनीतताम्) નમ્રતાને (तनोति) ફેલાવે છે. વિસ્તારે છે. (यशः) યશ–કીર્તિને (प्रथयति) વધારે છે. (धर्मं) ધર્મને (धत्ते) પુષ્ટ કરે છે. (दुर्गतिम्) ખરાબ ગતિને (व्यपोहति) હટાવે છે, દૂર કરે છે. ॥૬૬॥

**ભાવાર્થ :** સદ્‌ગુણોને મેળવવા માટે ઉત્તમ પુરુષોનો સંગ માનવોના સર્વ મનોરથોને પૂર્ણ કરે છે કારણ કે ગુણીજનોનો સંગ કુબુદ્ધિનો નાશ કરે છે, અજ્ઞાન દૂર કરે છે. જ્ઞાનને પ્રાપ્ત કરાવે છે. પ્રેમને આપે છે. ન્યાયને ઉત્પન્ન કરે છે. નમ્રતાને વિસ્તારે છે. ઈજ્જતને વધારે છે. ધર્મને પુષ્ટ કરે છે. અને દુર્ગતિને હટાવે છે. ॥૬૬॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ગુણીજનોની સંગતિના મહિમાનું વર્ણન કરતા કહે છે કે ગુણી

१. गुणावलिम् पाठान्तर

પુરુષોનો સંગ, એમની સાથેનો સંપર્ક આત્માના સર્વ મનોરથોને પૂર્ણ કરનાર છે. તેના કારણો દર્શાવતાં કહ્યું કે ગુણીજનોની સંગતિ આત્માની કુબુદ્ધિનો નાશ કરે છે. ગુણવાનોનો સંગ સારી બુદ્ધિને વધારનાર બને છે. તેમનો સંગ અજ્ઞાનને હટાવી જ્ઞાનને ઉત્પન્ન કરાવે છે. ગુણીજન સર્વને પ્રેમનું પ્રદાન કરે છે. તેમને જગતમાં કોઈ અપ્રિય છે જ નહીં. તેમજ ન્યાયમાર્ગને ઉત્પન્ન કરે છે. ગુણીજનોનો સંગ કરનાર અન્યાય માર્ગ પર ડગલું પણ ન ભરે. સદ્‌ગુણધારીના સંગમાં રહેનાર નમ્રાતિનમ્ર બને છે. અહંકાર તો ગળીને દૂર થઈ જાય છે. એવા પુરુષનો યશ વૃદ્ધિને પામે છે. સાથે ધર્માચરણને અને આત્મધર્મને પુષ્ટ કરે છે અને દુર્ગતિમાં આત્માને જવા દે નહીં. એ આત્મા માટે દુર્ગતિનું દ્વાર બંધ થઈ જાય છે.॥૬૬॥

હવે ત્રીજા શ્લોકમાં ગુણીજનોની સંગતિ શા માટે કરવી જોઈએ એ આશયનું વર્ણન કરતાં કહે છે કે –

छंद – शार्दूलविक्रीडितवृत्त

**लब्धुं बुद्धिकलापमापदमपाकर्तुं विहर्तुं पथि,**
**प्राप्तुं कीर्तिमसाधुतां विधुवितुं धर्मं समासेवितुम् ।**
**रोद्धुं पापविपाकमाकलयितुं स्वर्गापवर्गश्रियं**
**चेत्त्वं चित्तसमीहसे गुणवतां सङ्गं तदङ्गिकुरु ॥६७॥**

***अन्वय :*** *हे चित्त चेत् त्वं बुद्धिकलापं लब्धुं समीहसे, आपदं अपाकर्तुं, पथि विहर्तुं, कीर्तिं प्राप्तुं असाधुतां विधुवितुं धर्मं समासेवितुम्, पापविपाकं रोद्धुं (तथा) स्वर्गापवर्गश्रियं आकलयितुं तत् गुणवतां सङ्गं अङ्गिकुरु।*

**શબ્દાર્થ :** (हे चित्त) રે મન! (चेत्) જો (त्वं) (बुद्धिकलापं) બુદ્ધિવૈભવને (लब्धुं) પ્રાપ્ત કરવાને (समीहसे) ઈચ્છે છે અને (आपदं) આપદાઓને (अपाकर्तुं) દૂર કરવા ઈચ્છે છે (पथि) સન્માર્ગ પર (विहर्तुं) ચાલવા ઈચ્છે છે (कीर्तिं) યશને (प्राप्तुं) પામવા ઈચ્છે છે (असाधुतां) દુષ્ટ ભાવને (विधुवितुं) દૂર કરવા ઈચ્છે છે (धर्मं) ધર્મને (समासेवितुम्) સેવવા ઈચ્છે છે. (पापविपाकं) પાપના પરિણામને (रोद्धुं) રોકવા ઈચ્છે છે તથા (स्वर्गापवर्गश्रियं) સ્વર્ગ અને મોક્ષની શોભાને (आकलयितुं) અનુભવવા ઈચ્છે છે (तत्) તો (गुणवतां) ગુણવાન પુરુષોના (सङ्गं) સંગને (अङ्गीकुरु) સ્વીકાર. ॥૬૭॥

**ભાવાર્થ :** હે મન! જો તૂ બુદ્ધિધનને મેળવવા ઈચ્છે છે, આપદાંને દૂર કરવા ઈચ્છે છે, સન્માર્ગમાં ચાલવા ઈચ્છે છે. યશ મેળવવા ઈચ્છે છે. ખરાબ ભાવોને દૂર કરવા ઈચ્છે છે. ધર્માચરણ કરવા ઈચ્છે છે. સ્વર્ગ અને મોક્ષની શોભાને અનુભવવા ઈચ્છે છે તો ગુણવંત પુરુષોનો સંગ સ્વીકાર કર. ॥૬૭॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી આ શ્લોકમાં ગુણવંત પુરુષોની સંગત કરવાથી શું શું લાભ થાય છે તેનું નિરુપણ કરતાં થકાં કહે છે કે જો તૂ આવા ગુણો મેળવવા ઈચ્છતો હોય તો

ગુણીજનોનો સંગ કર, ભાવાર્થમાં એજ રીતે દર્શાવ્યું છે. અને વિવેચનમાં ગુણીજનોની સંગતથી શું શું થાય એ રીતે દર્શાવ્યું છે.

ગુણીજનોની સંગત કરવાથી, આત્મા બુદ્ધિશાળી બને છે, ભૌતિક અને આંતરિક સર્વે આપદાઓ દૂર થાય છે. સન્માર્ગની પ્રાપ્તિ થાય છે. યશ કીર્તિ દેશ–વિદેશમાં પ્રસારિત થાય છે. મનના અશુભ ભાવો દૂર થઈને મન શુદ્ધ થાય છે. ધર્માચરણ શાસ્ત્રાનુસાર થાય છે. પાપકર્મોના વિપાકો વિપાકોદયથી ભોગવવાને બદલે પ્રદેશોદયથી ભોગવાઈ જાય, સ્વર્ગ અને મોક્ષના સુખોનો અનુભવ થાય છે. ॥૬૭॥

આવા પ્રકારના લાભો ગુણીજનોનો સંગ કરવાથી મળે છે અને નિર્ગુણી પુરુષોનો સંગ કરવાથી શું શું નુકશાન થાય છે તે બતાવતાં કહે છે કે –

छंद - हरिणीवृत्त

**हिमति महिमाम्भोजे चण्डानिलत्युदयाम्बुदे,**
**द्विरदति दयारामे क्षेमक्षमाभृति वज्रति ।**
**समिधति कुमत्यग्नौ कन्दत्यनीतिलतासु यः**
**किमभिलषतां श्रेयः श्रेयान्[१] स निर्गुणिसङ्गमः ॥६८॥**

*अन्वय : यः निर्गुणिसङ्गमः महिमाम्भोजे हिमति उदयाम्बुदे चण्डाऽनिलति, दयारामे द्विरदति क्षेमक्षमाभृति वज्रति कुमत्यग्नौ समिधति अनीतिलतासु कन्दति सः श्रेयः अभिलषतां (पुरुषाणां) किं श्रेयान्?।*

**શબ્દાર્થ :** (यः निर्गुणिसङ्गमः) જે નિર્ગુણિ પુરુષોનો સંગ (महिमाम्भोजे) મહિમારૂપી કમલના માટે (हिमति) બર્ફ જેવો છે. (उदयाम्बुदे) ઉન્નત્તિ રૂપી વાદળા માટે (चण्डानिलति) પ્રચંડ વાયુ જેવો છે. (दयारामे) દયારૂપી ઉદ્યાન માટે (द्विरदति) હાથી જેવો છે. (क्षेमक्षमाभृति) કલ્યાણ રૂપી પર્વત માટે (वज्रति) વજ્ર સમાન છે. (कुमत्यग्नौ) કુમતિરૂપી આગ માટે (समिधति) લાકડા જેવો છે. (अनीतिलतासु) અન્યાયરૂપી વેલો માટે (कन्दति) કન્દ જેવો છે. (सः) તે નિર્ગુણિયોનો સંગ (श्रेयः अभिलषतां) કલ્યાણ ઈચ્છનાર આત્માઓ માટે (किं श्रेयान्?) શું કલ્યાણકારી છે? ના ક્યારેય તે કલ્યાણકારી નથી. ॥૬૮॥

**ભાવાર્થ :** જે નિર્ગુણિ માનવોનો સંગ મહિમા રૂપી કમલના માટે બર્ફની સમાન છે. ઉન્નતિરૂપી વાદળા માટે પ્રચણ્ડ વાયુ જેવો છે, દયારૂપી બગીચા માટે હાથી સમાન છે, કલ્યાણરૂપી પર્વત માટે વજ્રની જેવો છે. કુમતિરૂપી આગ માટે લાકડાની સમાન છે. અન્યાયરૂપી વેલડિયો માટે કંદ સમાન છે. એવો નિર્ગુણિ પુરુષોનો સંગ કલ્યાણની ઈચ્છાવાળા આત્માઓ માટે શું કલ્યાણકારી છે? ના તે કલ્યાણકારી છે જ નહીં વિપરીત અકલ્યાણકર છે. ॥૬૮॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ગુણિસંગ પ્રકરણના ચોથા શ્લોકમાં નિર્ગુણી આત્માઓનો સંગ

१. श्रेयः पाठान्तर

નુકશાનકારી છે એ સાધકને સમજાવવા માટે સરલ દૃષ્ટાંતો આપીને સરસ રીતે સમજાવે છે કે – જેમ બર્ફ કમળના માટે વિનાશક છે તેમ નિર્ગુણિ પુરુષોનો સંગ મહિમા પ્રશંસા યશ આદિ માટે વિનાશક છે જે આત્મા નિર્ગુણી આત્માઓનો સંગ કરે છે તેનો મહિમા તેની પ્રખ્યાતી નાશ પામે છે. એમ જ વાદળાઓને ભયંકર વાયુ વિખેરી નાંખે છે તેમ આત્માની ઉન્નતિને નિર્ગુણીયોનો સંગ અટકાવી દે છે. અવનતિ કરાવી દે છે. બગીચામાં હાથીને છૂટો છોડી દીધો હોય તો તે હાથી બગીચાનો નાશ કરે છે તેમ નિર્ગુણિયોનો સંગ આત્માના કરૂણા રૂપી ઉદ્યાનનો નાશ કરી નાખે છે. જેમ પર્વતને વજ્ર ભેદે છે તેમ કલ્યાણના કાર્યો રૂપી પર્વતને નિર્ગુણીનો સંગ ભેદી નાખે છે. આત્માનું કલ્યાણ એવાઓના સંગથી થાય જ નહીં. જેમ આગ ઈંધન મળવાથી વધે છે તેમ કુમતિ–કુબુદ્ધિ રૂપી આગ નિર્ગુણીસંગરૂપી લાકડાઓથી વધે છે. અર્થાત્ આત્મા કુબુદ્ધિધારક બને છે. જેમ વેલાઓ કંદના કારણે વધે છે તેમ અન્યાયરૂપી વેલા નિર્ગુણિના સંગથી વધે છે અર્થાત્ આત્મા અન્યાયના આચરણમાં આગળ વધે છે. આવા કારણોથી નિર્ગુણિ આત્માઓનો સંગ કોઈ કાળે હિતકારી છે જ નહીં, નુકશાનકર્તા જ છે. ॥૬૮॥

હવે ઇન્દ્રિય દમન પ્રકરણમાં આત્માનો ઇન્દ્રિયો પર કાબુ મેળવવા હિતોપદેશ આપતાં કહે છે કે –

## ઇન્દ્રિયદમન પ્રકરણમ્

छंद - शार्दूलविक्रीडितवृत्त

**आत्मानं कुपथेन निर्गमयितुं यः सूकलाश्वायते,**
**कृत्याकृत्यविवेकजीवितहृतौ यः कृष्णसर्पायते;**
**यः पुण्यद्रुमखण्डखण्डनविधौ स्फूर्जत्कुठारायते,**
**तं लुप्तव्रतमुद्रमिन्द्रियगणं जित्वा शुभंयुर्भव ॥६९॥**

***अन्वय :*** *यः आत्मानं कुपथेन निर्गमयितुं सुकलाश्वायते (तथा) यः कृत्याकृत्यविवेकजीवितहृतौ कृष्णसर्पायते (तथा) यः पुण्यद्रुमखण्डखण्डनविधौ स्फूर्जत्कुठारायते तं लुप्तव्रतमुद्रं इन्द्रियगणं जित्वा शुभंयुः भव।*

**શબ્દાર્થ :** (यः) જે ઇન્દ્રિયોનો સમૂહ (आत्मानं) આત્માને (कुपथेन) ઉન્માર્ગથી (निर्गमयितुं) લઈ જવાને (सूकलाश्वायते) ઉન્માર્ગ ગામી ઘોડાની જેમ આચરણ કરે છે. અને (यः) જે (कृत्याकृत्यविवेकजीवितहृतौ) કર્તવ્ય અકર્તવ્યના જ્ઞાનરૂપી જીવનને હરણ કરવામાં (कृष्णसर्पायते) કાલા સર્પની જેમ આચરણ કરે છે (एवं) (यः) જે (पुण्यद्रुमखण्डनविधौ) ધર્મરૂપ વૃક્ષના ટુકડા ટુકડા કરવામાં (स्फूर्जत्कूठारायते) ધારવાળા કુહાડાની જેમ આચરણ કરે છે. (तं) તે (लुप्तव्रतमुद्रं) નષ્ટ કરી છે વ્રતની મુદ્રા જેણે એવા (इन्द्रियगणं) બળવાન્ ઇન્દ્રિયસમૂહને (जित्वा) જીતીને પોતાના કાબુમાં કરીને (शुभंयुः) કલ્યાણસહિત (भव)

થઈજા. ॥૬૯॥

**ભાવાર્થ :** જે ઇન્દ્રિયોનો સમૂહ આત્માને ઉન્માર્ગમાં લઈ જવાને ઉન્માર્ગગામી ઘોડાની જેમ આચરણ કરે છે જે કૃત્યાકૃત્યના જ્ઞાનરૂપી જીવનને હરણ કરવામાં કાળા નાગની જેમ આચરણ કરે છે, ધર્મરૂપી વૃક્ષના ટુકડા ટુકડા કરવામાં ધારવાળા કુહાડાની જેમ આચરણ કરે છે અને વ્રતોની મુદ્રાનો લોપ કરનાર એવા ઇન્દ્રિય સમૂહને જીતીને કલ્યાંણ કરનાર થઈ જા. અર્થાત્ ઇન્દ્રિયોને પોતાના કાબુમાં કરીને આત્મ કલ્યાણ કર. ॥૬૯॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવા માટે પ્રથમ શ્લોકમાં ઇન્દ્રિયો કોની જેમ આચરણા કરનાર છે તે દર્શાવીને ઇન્દ્રિય ઉપર કાબુ મેળવવાનું કહે છે કે –

જેમ વિપરીત ચાલનારો ઘોડો સવારને ઉન્માર્ગે લઈ જાય છે તેમ આ ઇન્દ્રિયોનો સમૂહ આ આત્માને ઉન્માર્ગમાં લઈ જાય છે. આત્મા મુક્તિ નગરમાં પ્રયાણ કરવા ઈચ્છતો હોય તો આ ઇન્દ્રિયો એને દુર્ગતિયોના ચક્કરમાં લઈ જાય છે. જેમ કાળો નાગ જીવનનું હરણ કરે છે તેમ આ ઇન્દ્રિયો કરવા જેવું અને ન કરવા જેવું જે જ્ઞાન રૂપી જીવન છે તે જીવન નષ્ટ કરી દે છે. આત્મા ન કરવા જેવાં કાર્યોને કરવા જેવા અને કરવા જેવા કાર્યોને ન કરવા જેવા માનીને આચરણ કરતો થઈ જાય છે. તેથી જ્ઞાન રૂપી જીવનનું મૃત્યુ થઈ જાય છે. જેમ કુઠાર વૃક્ષના ટુકડે ટુકડા કરી નાંખે છે તેમ આ ઇન્દ્રિયો ધર્મરૂપી વૃક્ષના ટુકડે ટુકડા કરી નાખે છે. આત્મા પરિપૂર્ણ રૂપથી આચરણ કરી શકતો નથી. આ ઇન્દ્રિયો વિકારીતાની પુષ્ટિમાં આચરણ કરીને વ્રત નિયમના વિચારોને નષ્ટ કરી દે છે. આત્મા કોઈ જાતનો નિયમ વ્રત બાધા આદિ લેવા ઈચ્છે તો આ ઇન્દ્રિયો એના વિચારોને તોડીને કહી દે છે કે આ આપણાથી ન પળાય. વ્રત–નિયમ ન લો. એવા આ દુષ્ટ ઇન્દ્રિય સમૂહને પોતાના કાબૂમાં રાખીને જ આત્મકલ્યાણ થાય છે. માટે હે સાધક! તું ઇન્દ્રિયો ઉપર વિજય મેળવ. ॥૬૯॥

હવે બીજા શ્લોકમાં પણ ઇન્દ્રિયો અહિતકર્તા કઈ રીતે છે તે કહે છે –

छंद – शिखरिणीवृत्त

प्रतिष्ठां यन्निष्ठां नयति नयनिष्ठां विघटय-
त्यकृत्येष्वाधत्ते मतिमतपसि प्रेमतनुते ।
विवेकस्योत्सेकं विदलयति दत्ते च विपदं,
पदं तद्दोषाणां करणनिकुरम्बं कुरु वशे ॥७०॥

*अन्वय : यत् प्रतिष्ठां निष्ठां नयति नयनिष्ठां विघटयति अकृत्येषु मतिं आधत्ते अतपसि प्रेमतनुते विवेकस्य उत्सेकं विदलयति च विपदं दत्ते तत् दोषाणां पदं निकुरम्बं वशे कुरु।*

**શબ્દાર્થ :** (यत्) જે ઇન્દ્રિયસમૂહ (प्रतिष्ठां) મનુષ્યની ઈજ્જતને (निष्ठां नयति) નષ્ટ કરે છે. (नयनिष्ठां) નીતિના ભાવોને (विघटयति) વિચ્છિન્ન કરે છે. (अकृत्येषु) અકરણીય

કાર્યોમાં (मतिं) બુદ્ધિને (आधत्ते) લગાડે છે. (अतपसि) તપશ્ચર્યા ન કરવામાં (प्रेम) પ્રેમને (तनुते) ફેલાવે છે. વિસ્તારે છે. (विवेकस्य) વિવેક જ્ઞાનના (उत्सेकं) ઉદયને (विदलयति) રોકે છે. (च) અને (विपदं) આપદાને (दत्ते) પ્રદાન કરે છે, આપે છે. એવા (तत्) તે (दोषाणां पदं) અનેક દોષોના સ્થાનભૂત (करणनिकुरम्बं) ઇન્દ્રિય સમૂહને (वशे कुरु) પોતાના વશમાં કર. ||૭૦||

**ભાવાર્થ :** જે ઇન્દ્રિયોનો સમૂહ મનુષ્યની ઈજ્જતનો નાશ કરે છે, નીતિના ભાવોને વિચ્છિન્ન કરે છે. ખરાબ કાર્યોમાં મતિને પ્રેરે છે. તપશ્ચર્યા ન કરવામાં પ્રેમને વિસ્તારે છે. જ્ઞાનના ઉદયને રોકે છે અને આપદાઓ આપે છે એવા તે અનેક દોષોના સ્થાનભૂત ઇન્દ્રિયોના સમૂહને પોતાના વશમાં કર. ||૭૦||

**વિવેચન :** ગ્રન્થકારશ્રી બીજા શ્લોકમાં પણ ઇન્દ્રિયોનો સમૂહ માનવને કઈ રીતે વિનાશક બને છે તે દર્શાવતાં કહે છે કે મનુષ્યની ઇજ્જત આબરૂનો નાશ કરે છે. ઇન્દ્રિયો બેકાબુ બનીને મનુષ્યની પાસે ખાનદાનીમાં લાંછન લાગે એવા કાર્યો કરાવીને એની ઇજ્જત આબરૂનો નાશ કરી નાખે છે. નીતિના ભાવો વિચારોને છિન્ન ભિન્ન કરી નાખે છે. ઇન્દ્રિયો પોતાની વાસના પૂર્તિ માટે જે પદાર્થો જોઈએ તે પદાર્થો મેળવવા નીતિના વિચારોને છિન્ન-ભિન્ન કરાવીને ગમે તે રીતે તે પદાર્થો મેળવવા આત્માને ઉશ્કેરે છે. તેથી તે અનીતિનું આચરણ કરે છે. અકાર્યોમાં બુદ્ધિને પ્રેરે છે. મનુષ્યને જે કાર્યો કરવા જેવા નથી તેવા કાર્યો કરવા માટે ઇન્દ્રિયો બુદ્ધિને પ્રેરણા કરે છે અને આત્મા તે કાર્યો કરે છે. તપ ન કરવામાં પ્રેમને વિસ્તારે છે. ઇન્દ્રિયો પોતાની વિકારી વાસનાઓની પૂર્તિમાં તપને વિઘ્ન કરનાર જાણીને આત્માને સમજાવે છે કે તપમાં ભૂખે મરવું પડે છે. ભૂખે મરવાથી શરીર ક્ષીણ થાય છે. પછી બીજી મોજશોખની ક્રિયાઓ થતી નથી એ માટે તપ ન કરવો સારો એમ તપ ન કરવા પ્રત્યે રૂચિ વધારે છે. જ્ઞાનના ઉદયને રોકે છે. ઇન્દ્રિયો એમ માનીને જો જ્ઞાન પ્રાપ્ત થઈ જશે તો અમારી વિકારી વાસનાઓની પૂર્તિ નહીં થાય તે માટે આત્માના જ્ઞાન પ્રાપ્ત કરવાના સમયે પ્રમાદ કરાવીને જ્ઞાનના ઉદયને રોકે છે. ઇન્દ્રિયો પોતાના કહ્યા પ્રમાણે વર્તન કરાવીને આત્માને આપદાઓનું દાન આપે છે. આ પ્રમાણે અનેક દોષોને ઉત્પન્ન કરનાર એવા આ ઇન્દ્રિયોના સમૂહને વશમાં કરવાનું કહ્યું છે. ||૭૦||

હવે ઇન્દ્રિય સમૂહને ન જીતનારના ધર્મ કાર્ય કઈ રીતે નિષ્ફળ છે તે બતાવે છે.

छंद - शार्दूलविक्रीडितवृत्त

धत्तां मौनमगारमुज्झतु विधिप्रागल्भ्यमभ्यस्यता-
मस्त्वन्तर्गणमागमश्रममुपादत्तां तपस्तप्यताम् ।
श्रेयः पुञ्जनिकुञ्जभञ्जनमहावातं न चेदिन्द्रिय-
व्रातं जेतुमवैति भस्मनिहुतं जानीतसर्वं ततः ॥७१॥

*अन्वय : हे मनुष्य! चेत् मौनम् धत्ताम् आगारं उज्झतु विधिप्रागल्भ्यम् अभ्यस्यतां अन्तर्गणं अन्तः अस्तु आगमश्रमं उपादत्तां तपस् तप्यताम् (परन्तु) श्रेयः पुञ्जनि-कुञ्जभञ्जनमहावातं (इमं) इन्द्रियव्रातं जेतुं न अवैति सर्वे भस्मनिहुतं जानीत।*

**શબ્દાર્થ :** (चेत्) જો (मौनम्) મૌનતાને (धत्ताम्) ધારણ કરો છો. (आगारं) ઘર (उज्झतु) છોડી દો છો, (विधिप्रागल्भ्यम्) ધર્મવિધિની ચતુરાઈને (अभ्यस्यतां) સીખો છો (अन्तर्गणं) ગચ્છની અંદર (अस्तु) રહો (आगमश्रमं) શાસ્ત્રાભ્યાસને (उपादत्तां) સાંભળો (तपस्) તપને (तप्यताम्) તપો (પરન્તુ) (श्रेयः पुञ्जनिकुञ्जभञ्जनमहावातं) કલ્યાણના સમૂહરૂપી ઉદ્યાનને નષ્ટ કરવામાં મહાવાયુ સમાન (આ) (इन्द्रियव्रातं) ઇન્દ્રિય સમૂહને (जेतुं) જીતવાનું (न अवैति) જાણતો નથી. તો પૂર્વની એ (सर्वे) સર્વે વાતો (કાર્યો) (भस्मनिहुतं) રાખમાં નાખેલી વસ્તુની જેમ નિષ્ફળ (जानीत) જાણો. ॥૭૧॥

**ભાવાર્થ :** હે મનુષ્ય! જે તમે મૌન વ્રતને ધારણ કરો, ઘરને છોડો, ધર્માચરણની વિધિમાં ચતુર બનો, ગચ્છમાં રહો, આગમવાણીનું શ્રવણ કરો, તપ તપો, પણ જો કલ્યાણ સમૂહરૂપી ઉદ્યાનને નષ્ટ કરવામાં આંધીના સમાન ઇન્દ્રિયસમૂહને જીતવાનું નથી જાણતા તો પૂર્વના મૌનવ્રત લેવા આદિની વાતો રાખમાં કરેલા હોમ જેવી નિષ્ફળ જાણવી. ॥૭૧॥

વિવેચન : ગ્રન્થકારશ્રી ઇન્દ્રિયોને નિયંત્રણમાં રાખવા માટે હિતોપદેશ આપતાં થકાં કહે છે કે 'હે સાધક! તું મૌન રહે, ઘર છોડીને સન્યાસી બને, ધર્માચરણની વિધિને પૂર્ણ રીતે શીખી લે, ગુરૂકુળવાસમાં જ રહે, જિનવાણીનું શ્રવણ કરે અને તપ તપે એ પ્રમાણે અનેક પ્રકારના ધર્માનુષ્ઠાન કરે છતાં જો ઇન્દ્રિયોનો સમૂહ જે કલ્યાણકારી સર્વે કાર્યોને પલભરમાં વિનષ્ટ કરવાની ક્ષમતા ધરાવે છે. તેને જીતવાની કળા નથી જાણતો તો એ તારી ધર્મારાધના જેમ કોઈ કોલસાની રાખમાં હોમ માટેના પદાર્થોને નાખે તો તે નિષ્ફળ જાય છે તેમ ઇન્દ્રિયોના સમૂહના વિકાર ભાવરૂપી રાખમાં ધર્મારાધના નિષ્ફળ જાય છે. તેથી સર્વપ્રથમ સર્વે ઇન્દ્રિયોના વિકાર ભાવોને જીતવાનો પુરુષાર્થ કરવો. ॥૭૧॥

હવે ચોથા શ્લોકમાં ઇન્દ્રિય સમૂહને ન જીતવાથી સાધકનું કઈ રીતે અકલ્યાણ જ છે તે દર્શાવતાં કહે છે કે –

छंद - शार्दूलविक्रीडितवृत्त

**धर्मध्वंसधुरीणमभ्रमरसावारीणमापत्प्रथा-**
**लङ्कर्मीणमशर्मनिर्मितकलापारीणमेकान्ततः ।**
**सर्वान्नीनमनात्मनीनमनयात्यन्तीनमिष्टेयथा-**
**कामीनं कुपथाध्वनीनमजयन्नक्षौधमक्षेमभाक् ॥७२॥**

*अन्वय : धर्मध्वंसधूरीणं अभ्रमरसावारीणं आपत् प्रथालङ्कर्मीणं अशर्मनिर्मित-कलापारीणं एकान्ततः सर्वान्नीनं अनात्मनीनं अनयात्यन्तीनं इष्टे यथा कामीनं कुपथाध्वनीनं, अक्षौघं न अजयत् (सः) नितरां अक्षेमभाक्।*

**શબ્દાર્થ :** (धर्मध्वंसधूरीणं) ધર્મનો નાશ કરવામાં મુખ્ય (अभ्रमरसावारीणं) સત્યજ્ઞાનને ઢાંકવાવાળા (आपत् प्रथालङ्कर्मीणं) વિપદાઓને વિસ્તારનાર (अशर्म निर्मित कलापारीणं) અકલ્યાણ કરનાર કલાઓમાં પ્રવીણ (एकान्ततः सर्वान्नीनं) એકાંત સર્વ ગુમાવનાર (अनात्मनीनं) આત્માનું અકલ્યાણ કરનાર (अनयात्यन्तीनं) અનીતિનો પક્ષ લેનાર (इष्टे यथाकामीनं) સ્વચ્છંદતાપૂર્વક વિહાર કરનાર (कुपथाध्वनीनं) કુમાર્ગ પર ઉન્માર્ગ પર ચાલનાર (એવા) (अक्षौघं) ઇન્દ્રિયના સમૂહને જો (न अजयत्) નથી જીત્યો તો (सः) તે ઇન્દ્રિયો (नितरां) સદા (अक्षेमभाक्) આપણું અહિત કરનાર જ છે. ॥૭૨॥

**ભાવાર્થ :** ધર્માચરણનો નાશ કરવામાં પ્રધાન, સત્ય જ્ઞાનને ઢાંકનાર, વિપદાઓને વિસ્તારનાર, અકલ્યાણ કરવાની કળામાં પ્રવીણ એકાંતે સર્વસ્વ ગુમાવનાર, આત્માનું અકલ્યાણ કરનાર, અનીતિનો પક્ષપાત કરનાર, સ્વચ્છંદ વિહાર કરનાર, ઉન્માર્ગ પર ચાલનાર, એવો આ ઇન્દ્રિયનો સમૂહ જો ન જીત્યો તો તે સદા નિયમા આપણું અહિત જ કરનાર છે. ॥૭૨॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ઇન્દ્રિય સમૂહ જીતવાના પ્રકરણની ચોથી ગાથામાં ઇન્દ્રિયોના સમૂહને ન જીતવાથી તે શું શું નુકશાન કરીને આપણું અહિત કરે છે તે દર્શાવે છે.

આપણે ધર્માચરણ કરતાં હોઈએ પણ ન જીતાએલી આ ઇન્દ્રિયો એ ધર્માચરણનો નાશ કરી નાખે છે. આત્માના સત્ય જ્ઞાનને આચ્છાદિત કરી દે છે. જે ઇન્દ્રિયોનો ગુલામ બને છે તેને સત્યાસત્યનું ભાન રહેતું નથી. ઇન્દ્રિયોના કથનાનુસાર ચાલનાર વિપદાઓને વિસ્તારે છે. આ ઇન્દ્રિયો ઉપર કાબુ ન હોય તો એ અકલ્યાણ કરવાની કલામાં પ્રવીણ છે, આત્માને નરક ગતિનાં દળીયાં બંધાવીને પણ એ આનંદ મનાવડાવે છે. આત્માએ ભેગી કરેલી પુણ્યની મુડીને ક્ષણભરમાં નષ્ટ કરાવે છે તેથી કહ્યું સર્વસ્વ ગુમાવનાર આત્માનું અકલ્યાણ કરનાર જ છે. ઇન્દ્રિયોના દાસ માનવો સદા. અન્યાય માર્ગના પક્ષધર જ હોય છે અને **તેઓ કોઈની આજ્ઞા માને નહીં તે તો સ્વચ્છંદ થઈને જ વિચરે તેથી ઉન્માર્ગ પર જ ચાલે છે.** આવી તે નહીં જીતાએલી ઇન્દ્રિયો આત્માનું અહિત જ કરનાર છે.॥૭૨॥

હવે લક્ષ્મી સ્વભાવ પ્રકરણનું વિવરણ દર્શાવતાં કહે છે કે –

## લક્ષ્મી સ્વભાવ પ્રકરણમ્

छंद - शार्दूलविक्रीडितवृत्त

**निम्नं गच्छति निम्नगेव नितरां निद्रेव विष्कंभते,**
**चैतन्यं मदिरेव पुष्यति मदं धूम्येव धत्तेन्धताम् ।**
**चापल्यं चपलेव चुम्बति दवज्वालेव तृष्णां नय-**
**त्युल्लासं कुलटाङ्गनेव कमला स्वैरं परिभ्राम्यति ॥७३॥**

*अन्वय : कमला निम्नगा इव निम्नं गच्छति, नितरां निद्रा इव चैतन्यं विष्कंभते मदिरा इव मदं पुष्यति धूम्या इव अन्धताम् धत्ते चपला इव चापल्यं चुम्बति*

*दवज्वाला इव तृष्णां नयति एवं कुलटाङ्गना इव उल्लासं स्वैरं परिभ्राम्यति।*

**શબ્દાર્થ :** (कमला) લક્ષ્મી (निम्नगा) નદીના (इव) જેમ (निम्नं) નિચ પુરુષને જ (गच्छति) પ્રાપ્ત થાય છે. તથા (नितरां) સદા (निद्रा इव) નિદ્રાની જેમ (चैतन्यं) સર્વજ્ઞાનની પ્રાપ્તિની સૂચના માટે (विष्कंभते) આગળાની જેમ રૂકાવટ કરનાર છે (मदिरा इव) દારૂની જેમ (मदं) અહંકારને (पुष्यति) પુષ્ટ કરે છે. (धूम्या इव) ધૂમાડાના સમૂહની જેમ (अन्धताम्) માનવને આંધળો (धत्ते) કરે છે. (चपला इव) વિજળીની જેમ (चापल्यं) ચપળતાને (चुम्बति) પાસે રાખે છે. (दवज्वालाइव) દાવાનળની જેમ (तृष्णां) ધનની તૃષ્ણાંને (नयति) ઉત્પન્ન કરે છે અને (कुलटाङ्गनाइव) કુલટા સ્ત્રીની જેમ (उल्लासं) ઉલ્લાસપૂર્વક (स्वैरं) સ્વતંત્ર (परिभ्राम्यति) ભટકે છે. ॥૭૩॥

**ભાવાર્થ :** આ લક્ષ્મી નદીની જેમ નીચ પુરુષને પ્રાપ્ત થાય છે. નિરંતર નિદ્રાની જેમ આવનારા જ્ઞાનને આગળાની જેમ રોકે છે. મદિરાની જેમ અહંકારનું પોષણ કરે છે, ધૂમાડાની જેમ માનવને આંધળો બનાવે છે. વિજળીના ચમકારાની જેમ ચપળતાને પાસે રાખે છે, દાવાનળની જેમ ધનની તૃષ્ણાંને ઉત્પન્ન કરે છે. કુલટા સ્ત્રીની જેમ સ્વચ્છંદપણે ભટકે છે. ॥૭૩॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રીએ લક્ષ્મીના સ્વભાવનું વર્ણન કરતાં પ્રથમ શ્લોકમાં અતિ સરસ વાતો કહી છે અને અનુભવની કસોટી ઉપર આ વાતો ખરી ઉતરેલી છે કે –

આ લક્ષ્મી અધિકાંશ માત્રામાં લક્ષ્મીમાં આસક્ત એવા સ્વભાવે નીચ આત્માઓને પ્રાપ્ત થવાના સ્વભાવવાળી છે. લક્ષ્મી આત્માના વાસ્તવિક સ્વરૂપને (સત્યજ્ઞાનને) પ્રાપ્ત થવામાં આગળા સમાન હોવાથી તેને નિદ્રાની ઉપમા આપી. લક્ષ્મી માનવને ગર્વિષ્ઠ બનાવી દે છે તેથી કહ્યું કે મદિરાની જેમ અહંકારને પુષ્ટ કરે છે. લક્ષ્મીવાન માનવ આંધળો બની જાય છે તેથી કહ્યું કે ધૂમાડાની જેમ માનવને આંધળો બનાવે છે. લક્ષ્મી કદિ કોઈની પાસે સ્થિર રહેતી નથી તેથી વિજળીના ચમકારાની ઉપમા આપી. લક્ષ્મીની પ્રાપ્તિથી આત્માની આશા રૂપી પ્યાસ બુઝાતી નથી તેથી ઉપમા આપી કે દાવાનળમાં પ્યાસ વધે છે તેમ લક્ષ્મીની તૃષ્ણા વધે છે. લક્ષ્મીને કુલટા સ્ત્રીની ઉપમા આપીને તો સાધક આત્માઓને વિશેષ જાગૃત રહેવાનું સૂચન કર્યું છે કે જેમ કુલટા સ્ત્રી કોઈ દિવસ કોઈના બંધનમાં રહેતી નથી તેમ લક્ષ્મી સ્વચ્છંદ વિહાર કરનારી છે. તેથી તેનો વિશ્વાસ કરવો નહીં. ॥૭૩॥

હવે લક્ષ્મીના ઇચ્છુક કોણ હોય છે તે દર્શાવીને લક્ષ્મીની હેયતા પ્રતિપાદિત કરતાં થકાં કહે છે કે –

छंद – शार्दूलविक्रीडितवृत्त

**दायदाः स्पृहयन्ति तस्करगणा मुष्णन्ति भूमीभूजो,**
**गृह्णन्तिच्छलमाकलय्य हुतभुग्भस्मी करोति क्षणात्**

अम्भः प्लावयति क्षितौ विनिहितं यक्षाहरन्ते हठाद्
दुर्वृत्तास्तनया नयन्ति निधनं धिग्बह्वधीनं धनम् ॥७४॥

*अन्वय : (यस्य वित्तस्य) दायादाः स्पृहयन्ति (यं) तस्करगणाः मुष्णन्ति भूमीभूजः छलं आकलय्य गृहणन्ति हुतभूक् क्षणात् भस्मी करोति अम्भः प्लावयति क्षितौ विनिहतं यक्षाः हठात् हरन्ते दुर्वृत्ताः तनयाः निधनं नयन्ति (अतः) बह्वधीनं धनं धिक्।*

**શબ્દાર્થ :** જે ધનની (दायादाः) કુટુમ્બિઓ (स्पृहयन्ति) ઈચ્છા કરે છે (જેને) (तस्करगणाः) ચોર (मुष्णान्ति) ચોરીને લઈ જાય છે (भूमीभुजः) રાજાઓ (छलं) માયા (आकलय्य) કરીને (गृह्णन्ति) હરી લે છે. (हुतभूक्) અગ્નિ (क्षणात्) ક્ષણભરમાં પલમાત્રમાં (भस्मी करोति) બાળી નાખે છે. (अम्भः) પાણી (प्लावयति) પોતાની સાથે લઈ જાય છે. (क्षितौ) પૃથ્વીમાં (विनिहतं) રાખેલું (यक्षाः) યક્ષદેવો (हठात्) બલજબરીથી (हरन्ते) હરણ કરે છે. (दुर्वृत्तास्तनयाः) દુષ્ટ બાળકો પુત્રો (निधनं नयन्ति) નષ્ટ કરી નાખે છે. એવા આ (बह्वधीनं) ઘણા માણસોને આધીન બનેલા (धनं) ધનને (धिक्) ધિક્કાર છે. ॥૭૪॥

**ભાવાર્થ :** જે ધનની ઈચ્છા કુટુંબીજનો કરતા હોય છે, ચોરો જેને ચોરીને લઈ જાય છે, રાજાઓ છળકપટ કરીને ધનનું હરણ કરી લે છે, અગ્નિ પલભરમાં તેને નષ્ટ કરી દે છે. જે પાણીનાં પ્રવાહમાં તણાઈ જાય છે, ભૂમિમાં ગાડેલાને યક્ષદેવો બલાત્કારથી પણ લઈ જાય છે. પોતાના દુષ્ટ મતિવાળા પુત્રો તેનો નાશ કરી નાખે છે. એવા પ્રકારના ઘણા લોગોને આધીન બનેલા આ ધનને જ ધિક્કાર છે, અર્થાત્ આ લક્ષ્મી ધિક્કારને યોગ્ય છે, આદરવા યોગ્ય નથી. ॥૭૪॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી લક્ષ્મીના સ્વભાવના વર્ણનમાં આ લક્ષ્મીને કેટ–કેટલાં પુરુષો કઈ રીતે મેળવવા ઈચ્છે છે અને એકની પાસેથી કઈ રીતે બીજા લઈ જાય છે તેનું સચોટ દર્શન કરાવે છે. જેમ કે ધનવાન ધન પર એના જ કુટુંબી દિકરા દિકરી અને ભાણેજ આદિની નજર લાગેલી જ હોય છે. ક્યારે આ મરે અને ક્યારે અમે આ લક્ષ્મીને લઈ જઈએ. ચોર લોગો પણ ધનવાનોના ઘરે ખાતર પાડી એને લઈ જવાની ભાવનામાં જ રમતાં હોય છે અને સમય આવે ત્યારે લઈને જ જાય છે. રાજાઓ તો ધનવાનો પર ગમે તે રીતે કર આદિ નાખીને એને વાત–વાતમાં ભરમાવીને છળકપટ કરીને પણ તેનું ધન રાજ ભંડારમાં લાવે છે. લાગ મળે તો આગ એના ધનના બાગને બાળીને ભસ્મ કરી દે છે. લોભી પુરુષે ધનને જમીનમાં દાટ્યું હોય અને એની ઈચ્છા ન હોય તો પણ યક્ષદેવો એના ધનનું હરણ કરી લે છે. પછી એને ત્યાં કોલસા દેખાય છે. એના પોતાના સગા દિકરાઓ દુર્જન બનીને એના જોતાં જ એના કમાવેલા ધનનો નાશ કરી નાખે. જુગાર આદિમાં ઉડાવી દે છે. એવા આ ધન પર અનેક પ્રકારના લોગોની નજર ચોટેલી હોવાથી ઘણા લોગોને આધીન એવા

આ ધનને ધિક્કાર પાત્ર દર્શાવીને ધનલોભથી આત્માને મુક્ત રહેવાનો સંદેશ આપ્યો છે.॥૭૪॥

હવે ત્રીજા શ્લોકમાં ધનલોભી આત્મા ધન મેળવવા શું શું કરે છે તે સંક્ષેપમાં દર્શાવતાં થકાં કહે છે કે –

छंद - शार्दूलविक्रीडितवृत्त

**नीचस्यापि चिरं चटूनि रचयन्त्यायान्ति नीचैर्नतिं,**
**शत्रोरप्य गुणात्मनोऽपि विदधत्युच्चैः र्गुणोत्कीर्तनम् ।**
**निर्वेदं न विदन्ति किञ्चिदकृतज्ञस्यापि सेवाक्रमे,**
**कष्टं किं न मनस्विनोऽपि मनुजाः कुर्वन्ति वित्तार्थिनः ॥७५॥**

***अन्वय :*** *वित्तार्थिनः मनस्विनः मनुजाः अपि किं कष्टं न कुर्वन्ति नीचस्य अपि चिरं चटूनि रचयन्ति नीचैः नतिं आयान्ति शत्रोः अपि अगुणात्मनः अपि गुणोत्कीर्त्तनम् उच्चैः विद्धति अकृतज्ञस्य सेवाक्रमे किञ्चित् अपि निर्वेदं न विदन्ति।*

**શબ્દાર્થ :** (वित्तार्थिनः) ધનની ઇચ્છાવાળો (मनस्विनः अपि) બુદ્ધિવાન (मनुजाः) માનવો (अपि) પણ (किं कष्टं) શું શું કષ્ટકારી કાર્ય (न कुर्वन्ति) કરતાં નથી? અર્થાત્ સર્વ કષ્ટકારી કાર્યો કરે છે. જેમ કે (नीचस्य अपि) નીચ પ્રકૃતિના માણસોની પણ (चिरं) ઘણા સમય સુધી (चटूनि) ખોટા પ્રશંસાત્મક વાક્યોં વડે (रचयन्ति) સ્તુતિ કરે છે. (नीचैः) નીચા નમીને (नतिं) નમસ્કાર (आयान्ति) કરે છે. (शत्रोः अपि) પોતાનું અહિતકર્તા હોય તો પણ (अगुणात्मनः) દુર્ગુણી હોય તો પણ તેના (गुणोत्कीर्तनम्) ગુણોની પ્રશંસા (उच्चैः) જોરથી (विद्धति) કરે છે. અને (अकृतज्ञस्य) કરેલા ઉપકારને ભૂલી જનારની (सेवा क्रमे) સેવા કરવામાં (किंचित्) થોડું (अपि) પણ (निर्वेदं) દુઃખને (न विदन्ति) જાણતા નથી. ॥૭૫॥

**ભાવાર્થ :** પોતે પોતાને બુદ્ધિશાળી માનતા હોય એવા માનવો પણ ધનની ઈચ્છા વાળા થઈને કયા કષ્ટો નથી ભોગવતા? અર્થાત્ સર્વ પ્રકારના કષ્ટો ભોગવે છે. જેમ કે નીચ પ્રકૃતિના માણસોની ઘણા સમય સુધી ખોટા પ્રશંસાત્મક વાક્યો વડે સ્તુતિ કરે છે. ઘણા સમય સુધી નીચ પુરુષોને નીચા નમી–નમીને નમસ્કાર કરે છે. શત્રુના અને દુર્ગુણિયોના પણ ગુણગાન જોરજોરથી ગાય છે. અકૃતજ્ઞની સેવા કરવામાં પણ તે દુઃખ જોતા નથી.॥૭૫॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ત્રીજા શ્લોકમાં ધન મેળવવા માટે માનવ શું શું કષ્ટો દુઃખો ભોગવે છે તેનું સંક્ષિપ્ત વિવેચન કરે છે. પાંચ માણસોમાં પોતાને પ્રવીણ માનતો માનવ ધનના માટે નીચ પુરુષની ચાટુ વાક્યો વડે પ્રશંસા કરે છે. તેને ઝુકી–ઝુકીને નીચો નમીને નમસ્કાર કરે છે. શત્રુ અને દુર્ગુણીઓની પણ એમનામાં ગુણો ન હોય તો પણ એમના ગુણોની જોર–જોરથી પ્રશંસા કરે છે. અકૃતજ્ઞ માનવોની પણ સેવા કરવામાં રચ્યો પચ્યો

રહે છે. તેનું તેને દુ:ખ પણ લાગતું નથી. ॥૭૫॥

હવે ચોથા શ્લોકમાં લક્ષ્મીને શુભ કાર્યોમાં લગાવવા માટે ઉપદેશ આપતા કહે છે કે –

छंद – शार्दूलविक्रीडितवृत्त

**लक्ष्मीः सर्पति नीचमर्णवपयः सङ्गादिवाम्भोजिनी-**
**संसर्गादिव कण्टकाकुलपदा न क्वापि धत्ते पदम्**
**चैतन्यं विषसन्निधेरिवनृणामुज्जासयत्यञ्जसा,**
**धर्मस्थाननियोजनेन गुणिभिर्ग्राह्यं तदस्याः फलम् ॥७६॥**

*अन्वय : अर्णवपयःसङ्गात् इव लक्ष्मीः नीचं सर्पति (तथा) अम्भोजिनी संसर्गात् इव कण्टकाकुलपदा क्व अपि पदम् न धत्ते (एवं) विषसन्निधेः इव नृणां चैतन्यं अञ्जसा उज्जासयति तत् गुणिभिः धर्मस्थाने नियोजनेन अस्याः फलं ग्राह्यम्।*

**શબ્દાર્થ :** (अर्णवपयः सङ्गात्) સમુદ્રના જલના સંસર્ગથી જ (इव) જાણો કે (लक्ष्मीः) લક્ષ્મી (नीचं) નીચની પાસે (सर्पति) સરકે છે. જાય છે. (અને) (अम्भोजिनी संसर्गात्) કમલિનીની સંગતથી જ (इव) જાણે (कण्टकाकुलपदा) કાંટાઓથી વ્યાપેલા પગવાળી થઈને (क्व अपि) ક્યાંય પણ (पदम्) પૈરને (न धत्ते) મુકતી નથી. (एवं) (विषसन्निधेः इव) વિષના સંપર્કની જેમ (नृणां) માનવોના (चैतन्यं) જ્ઞાનને (अञ्जसा) શીઘ્ર (उज्जासयति) નષ્ટ કરી દે છે. (तत्) તે કારણથી (गुणिभिः) ગુણવાન આત્માઓએ (धर्मस्थाने नियोजनेन) ધર્મકાર્યોમાં લગાવીને ખર્ચ કરીને (अस्याः) આ લક્ષ્મીના (फलं) લાભને (ग्राह्यम्) લઈ લેવો જોઈએ. ॥૭૬॥

**ભાવાર્થ :** સમુદ્રના જલની સંગતથી જ જાણે કે લક્ષ્મી નીચ પુરુષોની પાસે જાય છે. કમલિનીના સંગથી જ જાણે કે કાંટાઓથી વ્યાપ્ત પગવાળી થઈને ક્યાંય પણ પોતાના પગને સ્થિરતાથી મુકતી નથી. વિષના સંગની જેમ માનવોના જ્ઞાનગુણને જલ્દીથી નષ્ટ કરી દે છે. આ કારણોથી ગુણવાન આત્માઓએ આ લક્ષ્મીને ધર્મકાર્યોમાં ખર્ચ કરીને લક્ષ્મીના ફળને લઈ લેવું જોઈએ. ॥૭૬॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી આ ચોથા શ્લોકમાં ફરમાવે છે કે જેમ જલનો સ્વભાવ જ નીચે સરકવાનો છે તેમ લક્ષ્મી પણ વધારે પ્રમાણમાં નીચ બુદ્ધિવાળાઓની પાસે નીચ જાતિવાળાની પાસે સરકે છે. જેમ કાંટાઓથી વ્યાપ્ત પગ થઈ જાય તો તે આત્મા પોતાના પગને કયાંય પણ સ્થિરતાથી મૂકી શકતો નથી તેમ લક્ષ્મી કમળ ઉપર રહેનારી તેના પગ ક્યાંય સ્થિરતાથી રહેતા નથી. અર્થાત્ કયાંય સ્થિર થઈને રહી શકતી નથી. તેથી જ તો તેને હાથીના કર્ણની ઉપમા પણ આપી છે. જેમ વિષ દ્રવ્ય પ્રાણોનું હરણ કરે છે તેમ લક્ષ્મી માનવના ભાવ પ્રાણો જે જ્ઞાન–દર્શનગુણ છે તેનું હરણ કરી લે છે. અર્થાત્ લક્ષ્મી આવી કે માનવીના જ્ઞાનાદિ ગુણો લુપ્ત થવા માંડે છે. આવી રીતનો લક્ષ્મીનો સ્વભાવ જ્ઞાન દ્વારા

જાણીને અને અનેક ભવોમાં તેનો અનુભવ કરીને સાધક આત્માઓને સંદેશ આપ્યો કે પૂર્વના પુણ્યના ઉદયે લક્ષ્મી મળી છે તેને ધર્મકાર્યોમાં ખર્ચ કરીને તેને સફળ બનાવવી જોઈએ અને તેજ લક્ષ્મી પામ્યાનું સાચું ફળ છે. ॥૭૬॥

હવે લક્ષ્મીને દાનધર્મમાં ખર્ચ કરવી એ સર્વોત્તમ માર્ગ હોવાથી દાનના વિષયમાં પ્રરૂપણા કરતાં કહે છે કે –

## દાન પ્રકરણમ્

छंद - शार्दूलविक्रीडितवृत्त

चारित्रं चिनुते तनोति[१] विनयं ज्ञानं नयत्युन्नतिं,
पुष्णाति प्रशमं तपः प्रबलयत्युल्लासयत्यागमम्,
पुण्यं कन्दलयत्यघं दलयति स्वर्गं ददातिक्रमा-
न्निर्वाणश्रियमातनोति निहितं पात्रे पवित्रं धनम् ॥७७॥

***अन्वय :*** *पात्रे निहितं पवित्रं धनम् चारित्रं चिनुते विनयं तनोति ज्ञानं उन्नतिं नयति प्रशमम् पुष्णाति तपं प्रबलयति आगमम् उल्लासयति पुण्यं कन्दलयति अघं दलयति स्वर्गं ददाति क्रमात् निर्वाणश्रियं आतनोति।*

**શબ્દાર્થ :** (पात्रे) સત્પાત્રમાં (निहितं) આપેલું (पवित्रं धनम्) પવિત્રધન (चारित्रं चिनुते) ચારિત્રને ઉત્તમ બનાવે છે. (विनयं) નમ્રતાની (तनोति) વૃદ્ધિ કરે છે. (ज्ञानं) બુદ્ધિને (उन्नतिं) ઉન્નતિના માર્ગ પર (नयति) લઈ જાય છે. (प्रशमम्) શાંતિને (पुष्णाति) પુષ્ઠ કરે છે. (तपं) તપારાધનાને (प्रबलयति) બળવાન બનાવે છે. (आगमम्) આગમ જ્ઞાનને (उल्लासयति) વિકસિત કરે છે. (पुण्यं) ધર્મને (कन्दलयति) અંકુરિત કરે છે. (अघं) પાપનો (दलयति) નાશ કરે છે. (स्वर्गं) સ્વર્ગને (ददाति) આપે છે. અને (क्रमात्) અનુક્રમથી (निर्वाणश्रियं) મોક્ષ લક્ષ્મીને (आतनोति) પ્રાપ્ત કરાવે છે, મેળવી આપે છે. ॥૭૭॥

**ભાવાર્થ :** સુપાત્રમાં આપેલું ઉત્તમ ધન, ઉત્તમ ધનનો અર્થ એવા ધનથી લાવેલ, બનાવેલ આહારાદિ પદાર્થ સમજવાનો છે. કેશ રકમ કે બહુમૂલ્ય પદાર્થ નહીં. ચારિત્રને ઉત્તમ બનાવે છે. નમ્રતા ગુણને વધારે છે. બુદ્ધિને ઉન્નતિના માર્ગ પર લઈ જાય છે. શાંતિને પુષ્ટ કરે છે. તપ કરવાની શક્તિને વધારે છે. આગમ જ્ઞાનને વિકસિત કરે છે. ધર્મનો અંકુરો પ્રગટાવે છે. પાપનો વિનાશ કરે છે. સ્વર્ગ અપાવે છે અને અનુક્રમે મોક્ષ લક્ષ્મીને મેળવી આપે છે. મોક્ષનગરમાં પહોંચાડે છે. ॥૭૭॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી દાન પ્રકરણના પ્રથમ શ્લોકમાં દાન ધર્મની વ્યાખ્યામાં લખે છે કે દાન સુપાત્રમાં અપાય ત્યારે તે આત્માને નિમ્નોક્ત ફળ મળે છે. પાત્રે શબ્દનો પ્રયોગ કરીને સંપૂર્ણ દાનધર્મ તેજ કે જે સુપાત્રમાં અપાતું હોય અને સુપાત્રમાં અપાતું દાન પણ

१. धनोति पाठान्तर

એટલે તે લક્ષ્મી પણ કેવી જોઈએ તો કહ્યું કે પવિત્રંધનમ્ 'પવિત્ર ધન', ન્યાય, નીતિપૂર્વક મેળવેલું કોઈ પણ જાતના દૂષણ વગરનું તે પવિત્રધન સત્પાત્રમાં ખર્ચ કરાય ત્યારે આપનારનું ચારિત્ર ઉત્તમ બને છે. અર્થાત્ દાન દાતા ઉત્તમ આચરણ કરનારો બને છે. તેમાં અયોગ્ય આચરણ કરવાની ભાવના જાગે નહીં. તે નમ્ર હોય છે અને સત્પાત્રમાં દાનથી તેનો નમ્રતા ગુણ વૃદ્ધિને પામે છે. આમ્ર વૃક્ષ પર જેમ ફળ લાગે અને તે જેમ નમ્ર બને તેમ દાનદાતા નમ્ર બને છે. એની બુદ્ધિ નિર્મલ બનીને ઉન્નતિના માર્ગ પર જ ચાલે છે. એ પોતાના માટે અને બીજાના માટે બુદ્ધિનો સદુપયોગ જ કરે છે. એના સ્વભાવમાં સમતા શાંતતાની પુષ્ટિ થાય છે. એ ઉશ્કેરાય જ નહીં. આવેશમાં આવે નહીં. તપ કરવામાં તે શક્તિશાળી બને છે. આગમજ્ઞાન એનું વિકસિત બને છે કારણ કે સુપાત્રોને દાન આપવાથી એમના પરિચયમાં આવે એમની પાસે સત્શાસ્ત્રનું શ્રવણ કરીને આગમના રહસ્યોને પ્રાપ્ત કરે છે. ધર્મનો અંકુરો પ્રકટ થાય છે. સત્પાત્રમાં દાન આપવાથી સમ્યગ્દર્શન ગુણ પ્રકટ થઈ જાય છે તે ધર્મનો અંકુરો પ્રકટ થયો એમ કહ્યું છે. પાપોનો નાશ કરે છે. હવે એના અશુભકર્મો નષ્ટ થાય છે. એ સત્પાત્રમાં દાનના પ્રભાવે દેવલોકનું આયુષ્ય બંધાય છે અને ક્રમે ક્રમે એ આત્મા સત્પાત્રમાં દાનના ફળ રૂપે મોક્ષ ફળને મેળવે છે. એમ સુપાત્રમાં આપેલું દાન દાનદાતાને અનેક પ્રકારથી ગુણકારી બને છે. ॥૭૭॥

બીજા શ્લોકમાં પણ સુપાત્રમાં દાનની મહત્તા દર્શાવતાં થકાં કહે છે કે –

छंद – शार्दूलविक्रीडितवृत्त

**दारिद्य न तमीक्षते न भजते दौर्भाग्यमालम्बते,**
**नाकीर्तिर्न पराभवोऽभिलषते न व्याधिरास्कन्दति ।**
**दैन्यं नाद्रियते दुनोति न दरः क्लिश्नन्ति नैवापदः,**
**पात्रे यो वितरत्यनर्थदलनं दानं निदानं श्रियाम् ॥७८॥**

***अन्वय :*** *यः श्रियाम् निदानं (एवं) अनर्थ दलनं दानं पात्रे वितरति तं दारिद्यं न इक्षते, दोर्गत्यम् न भजते, अकीर्तिः न आलंबते, पराभवः न अभिलषते, व्याधिः न आस्कन्दति दैन्यं न आद्रियते दरः न दुनोति आपदः नैव क्लिश्नन्ति।*

**શબ્દાર્થ :** (यः) જે મનુષ્ય (श्रियाम्) લક્ષ્મી પ્રાપ્તિનું (निदानं) મુખ્ય કારણ (અને) (अनर्थदलनं) અન્યાયને દૂર કરનાર (दानं) દાન (पात्रे) સુપાત્રમાં (वितरति) આપે છે (तं) તે મનુષ્યને (दारिद्य) ગરીબી (न इक्षते) જોઈ શકતી નથી. (दोर्गत्यम्) દુર્ભાગ્યપણું (न भजते) તેને હોઈ શકતું નથી. (अकीर्तिः) અપજશ (न आलंबते) તેનો આસરો લઈ શકે નહીં. (पराभवः) પરાજય (न अभिलषते) તેને ચાહે નહીં (व्याधिः) બીમારી (न आस्कंदति) તેને થકવી શકે નહીં. (दैन्यं) દુર્બલતા (न आद्रियते) તેનો સંગ કરે નહીં (दरः) ભય (न दुनोति) તેને દુઃખી કરી શકે નહીં અને (आपदः) આપદાઓ (नैव क्लिश्नन्ति) તેને સતાવી શકે નહીં. ॥૭૮॥

**ભાવાર્થ :** જે માનવ લક્ષ્મી પ્રાપ્તિનું મુખ્ય પ્રધાન કારણ અને અનર્થ અન્યાયને દૂર કરનાર એવું દાન સુપાત્રમાં આપે છે. તે માનવને ગરીબી જોઈ શકતી નથી. દુર્ભાગ્યપણું તેને જોઈ શકે નહીં, અપજશ તેનો આસરો લઈ શકે નહીં, પરાજય તેને ઈચ્છે નહીં, વ્યાધિ તેને થકવી શકે નહીં, દુર્બલતા તેનો સંગ કરી શકે નહીં, ભય તેને દુઃખી કરી શકે નહીં. આપદાઓ તેને સતાવી શકે નહીં. ॥૭૮॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી દાન પ્રકરણમાં સુપાત્રમાં દાનદાતાને વિશિષ્ટ લાભો મળે છે તેનું આગમોક્ત વર્ણન કરતાં કહે છે કે – જે માનવ લક્ષ્મીનું પ્રધાન કારણ અને અન્યાયને દૂર કરનાર એવું દાન સત્પાત્રમાં આપે છે તેને ગરીબી જોઈ શકતી નથી. ગ્રન્થકારશ્રીએ અહીં લક્ષ્મીની પ્રાપ્તિનું મૂળ કારણ દાનને કહીને એ સ્પષ્ટ કરી દીધું છે કે જે આત્માએ આ ભવ કે પરભવમાં સત્પાત્રમાં દાન આપ્યું છે તેને જ લક્ષ્મીની પ્રાપ્તિ થઈ છે અને સત્પાત્રમાં આપેલ દાનની જો અનુમોદના કરી હશે તો તે લક્ષ્મી કદી અન્યાય અનીતિ કરાવે જ નહીં. એવો વ્યક્તિ ગરીબ થઈ શકે નહીં. પછી કહ્યું કે દુર્ભાગ્યપણું તેને મળતું નથી. સત્પાત્રમાં દાનદાતા સૌભાગ્યશાળી જ હોય છે. સત્પાત્રમાં દાનદાતાની કીર્તિ ચારે દિશામાં પ્રસારિત થાય છે તેથી કહ્યું કે અપજશ તેનો આસરો લઈ શકે નહીં. તેનો અપજશ કયારેય થાય નહીં, સત્પાત્રમાં દાનદાતા પ્રત્યેક સ્થાન પર વિજયની વરમાળા જ વરે છે તેથી કહ્યું કે પરાજય તેને ઈચ્છે નહીં. તે સદાનિરોગી રહે તેથી કહ્યું કે વ્યાધિયો તેને થકાવે નહીં. કદાચ કર્મના યોગે વ્યાધિયો આવી જાય તો પણ તે તેને માનસિક રીતે દુર્બળ ન બનાવે તેથી કહ્યું કે દુર્બળતા તેનો સંગ ન કરે. તે સદા નિર્ભય થઈને રહે તેથી કહ્યું કે ભય તેને દુઃખી કરી શકે નહીં. આપત્તિયો તો તેને સતાવી શકે જ નહીં. એમ દાનદાતાને આવા પ્રકારના લાભો મળે છે. ॥૭૮॥

હવે ત્રીજી ગાથામાં પણ એજ લાભનાં વર્ણનને વિશેષરૂપે કહે છે કે –

छंद - शार्दूलविक्रीडितवृत्त

**लक्ष्मीः कामयते मतिर्मृगयते कीर्तिस्तमालोकते,**
**प्रीतिश्चुम्बति सेवते सुभगता नीरोगताऽऽलिङ्गति;**
**श्रेयः संहतिरभ्युपैति वृणुते स्वर्गोपभोगस्थिति-**
**र्मुक्तिर्वाञ्छति यः प्रयच्छति पुमान् पुण्यार्थमर्थं निजम् ॥७९॥**

*अन्वय : यः पुमान् पुण्यार्थं निजं अर्थम् प्रयच्छति तं लक्ष्मीः कामयते मतिः मृगयते कीर्तिः आलोकते। प्रीतिः चुम्बति, सुभगता सेवते, नीरोगता आलिङ्गति श्रेयः संहतिः अभ्युपैति स्वर्गोपभोगस्थितिः वृणुते मुक्तिः (च) वाञ्छति।*

**શબ્દાર્થ :** (यः पुमान्) જે પુરુષ (पुण्यार्थं) પુણ્ય મેળવવા (निजंअर्थं) પોતાના ધનનું (प्रयच्छति) દાન આપે છે. (तं) તે પુરુષને (लक्ष्मीः) લક્ષ્મી (कामयते) ચાહે છે, ઈચ્છે છે. (मतिः) જ્ઞાન (બુદ્ધિ) (मृगयते) તેને શોધે છે. (कीर्तिः) યશ (आलोकते) તેની સામે

જુએ છે. (प्रीतिः) પ્રેમ (चुम्बति) તેને ચુમ્બન કરે છે (सुभगता) સૌભાગ્યપણું (सेवते) તેને સેવે છે. (नीरोगता) આરોગ્યતા (आलिङ्गति) તેનું આલિંગન કરે છે. (श्रेयः संहति) કલ્યાણનો સમૂહ (अभ्युपैति) તેની પાસે આવે છે. (स्वर्गोपभोगस्थितिः) સ્વર્ગના સુખોપભોગની સ્થિતિ (वृणुते) તેને વરે છે. અને (मुक्तिः) મોક્ષ લક્ષ્મી (वाञ्छति) તેને ઈચ્છે છે. ॥૭૯॥

**ભાવાર્થ :** જે પુરુષ પુણ્ય મેળવવા માટે પોતાની લક્ષ્મીને દાનમાં આપે છે તે પુરુષને લક્ષ્મી ચાહે છે. જ્ઞાન તેને ખોજે છે, શોધે છે, યશ તેની સામુ જુએ છે, પ્રેમ તેને ચુમ્બન કરે છે. સૌભાગ્ય તેને સેવે છે. નિરોગતા તેને આલિંગન કરે છે. કલ્યાણનો સમૂહ તેની પાસે આવે છે. સ્વર્ગના સુખો તેને વરે છે. અને મોક્ષ લક્ષ્મી તેની ઈચ્છા કરે છે. ॥૭૯॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી દાન પ્રકરણના ત્રીજા શ્લોકમાં દાનદાતાને મળનારા ફળોનું વર્ણન કરતાં કહે છે કે – જે પુણ્યાત્મા પુરુષ પુણ્ય મેળવવા માટે (પરંપરાએ મોક્ષ મેળવવા માટે) પોતાના ધનનું સત્પાત્રમાં દાન આપે છે તે પુરુષને લક્ષ્મી પોતે જ ચાહે છે. એ પુરુષને લક્ષ્મી મેળવવા માટે પ્રયત્ન કરવો પડતો નથી. લક્ષ્મી પોતે જ તેના ઘરમાં આવે છે. બુદ્ધિ એવા દાનદાતાને શોધીને તેની પાસે રહેવા ઈચ્છે છે. યશ નામકર્મ પોતે જ તેની સામુ જુએ છે. અર્થાત્ તે દાનદાતાનો યશ ચારે દિશામાં પ્રસરે છે. પ્રત્યેક સજ્જન આત્મા એવા દાનદાતાની સાથે પ્રીતિ ઈચ્છે છે. તેથી કહ્યું પ્રીતિ તેને ચુમ્બન કરે છે. સૌભાગ્યપણું તેની સેવામાં હાજર રહે છે. તે પુરુષને આરોગ્ય વિના પ્રયત્ને આલિંગન કરે છે. તે પુરુષ રોગી બનતો નથી. કલ્યાણનો સમૂહ તેની પાસે આવે છે. અર્થાત્ તે અનેક પ્રકારના આત્મ કલ્યાણના કાર્યો સહજતાથી કરે છે. તે દાનદાતાને સ્વર્ગનાં સુખો વરમાળા પહેરાવે છે. અને પરંપરાએ મુક્તિ સ્ત્રી તેની ઈચ્છા કરતી તેને વરમાળા પહેરાવે છે. ॥૭૯॥

હવે ચોથા શ્લોકમાં ગ્રન્થકારશ્રી કહે છે કે –

છંદ – मन्दाक्रान्तावृत्त

**तस्यासन्ना रतिरनुचरी कीर्तिरुत्कण्ठिता श्रीः,**
**स्निग्धाबुद्धिः परिचयपराः चक्रवर्तित्वऋद्धिः**
**पाणौ प्राप्ता त्रिदिवकमला कामुकी मुक्तिसम्प-**
**त्सप्तक्षेत्र्यां वपति विपुलं वित्तबीजं निजं यः ॥८०॥**

*अन्वय : यः सप्तक्षेत्र्यां निजं विपुलं वित्तबीजं वपति तस्य रतिः आसन्ना कीर्तिः अनुचरी श्रीः उत्कण्ठिता बुद्धिः स्निग्धा च चक्रवर्तित्वऋद्धिः परिचयपराः त्रिदिवकमला (तस्य) पाणौ प्राप्ता (एवं) मुक्तिसम्पत् (तस्य) कामुकी।*

**શબ્દાર્થ :** (यः) જે પુરુષ (सप्तक्षेत्र्यां) સાતેક્ષેત્રમાં (निजं) પોતાના (विपुलं) વિપુલ (वित्तबीजं) ધનરૂપી બીજને (वपति) બોવે છે. (तस्य) તેને (रतिः) સંતોષ અથવા પ્રીતિ (आसन्नौ) દિવસરાત પાસે રહે છે. (कीर्तिः) પ્રશંસા (अनुचरी) તેની દાસી થઈને રહે

છે. (श्रीः) લક્ષ્મી (उत्कंठिता) તેના માટે લાલાયિત રહે છે. (बुद्धिः) જ્ઞાન (स्निग्धा) વિશુદ્ધ થઈ જાય છે. (चक्रवर्तित्वऋद्धिः) સામ્રાજ્યરૂપી સંપત્તિ (परिचयपराः) તે પુરુષથી તે લક્ષ્મી પરિચય વધારે છે. (त्रिदिवकमला) સ્વર્ગની સમૃદ્ધિ (તેના) (पाणौप्राप्ता) હાથમાં આવેલી હોય છે. (અને) (मुक्तिसम्पत्) મોક્ષ લક્ષ્મી પણ (તેનો) (कामुकी) ઉપભોગ કરવાની ઇચ્છાવાળી થઈ જાય છે. ॥૮૦॥

**ભાવાર્થ :** જે પુરુષ સાતક્ષેત્રમાં પોતાના વિપુલ ધનરૂપી બીજને બોવે છે. સંતોષ તેની પાસે દિવસ રાત રહે છે. પ્રશંસા તેની દાસી બની રહે છે. લક્ષ્મી તેની પાસે રહેવા માટે ઉત્સુક હોય છે. તેનું જ્ઞાન વિશુદ્ધ બને છે. સામ્રાજ્ય સંપત્તિ તેનો પરિચય વધારે છે. સ્વર્ગની સમૃદ્ધિ તેના હાથમાં આવેલી હોય છે. અને મોક્ષલક્ષ્મી તેના ઉપભોગની ઈચ્છુક હોય છે. ॥૮૦॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી સત્પાત્રમાં દાન આપનાર આત્માને મળનારા લાભોનું વર્ણન કરતાં કહે છે કે – જે પુરુષ સાતેક્ષેત્રમાં પોતાની પાસે રહેલાં વિપુલ ધન રૂપી બીજને બોવે છે. અહીં વિપુલનો અર્થ વિશુદ્ધના રૂપમાં લેવો. કારણ કે **જિનશાસનમાં ઘણું ધન ખર્ચ કરવાનું મહત્ત્વ નથી પણ વિશુદ્ધ ધન ખર્ચ કરવાનું મહત્વ છે.** જે આત્મા સાતે ક્ષેત્રોને સમાન રૂપમાં સમજીને જે સમયે જે ક્ષેત્રમાં વધારે આવશ્યકતા હોય તે સમયે તે ક્ષેત્રમાં વિશેષ ધન ખર્ચ કરે તો પણ તેણે સાતે ક્ષેત્રમાં ખર્ચ કર્યું એમ મનાય. એવા આત્માની પાસે સંતોષરૂપી ધન દિવસ રાત રહે છે. તેને કદી ધન ન મલ્યાનો અસંતોષ રહે નહીં. પ્રશંસા તેની દાસી બનીને રહે. અર્થાત્ સજ્જન પુરુષો તે આત્માની પ્રશંસા કરતાં થાકનો અનુભવ ન કરે. લક્ષ્મી તેના ઘરમાં રહેવા માટે સતત ઉત્સુક હોય છે. અર્થાત્ ચારે બાજુથી તેના ઘરે લક્ષ્મી આવતી રહે છે. ચમકતા પત્થરો પણ રત્નોમાં પલટાઈ જાય છે. તેનું જ્ઞાન વિશુદ્ધ બને છે. ચક્રવર્તી આદિની ઋદ્ધિ તેને વારંવાર મળે છે. તેથી કહ્યું કે તે પુરુષથી પરિચય વધારે છે. તેના માટે સ્વર્ગ હાથવેંતમાં હોય છે. અને મોક્ષલક્ષ્મી પણ એવા આત્માને મેળવવા માટે ઇચ્છા કરતી હોય છે. ॥૮૦॥

ચારે શ્લોકમાં સત્પાત્રમાં દાન આપનાર આત્માને મળનારા અનેક પ્રકારના લાભોનું વર્ણન કરીને હવે તપ ધર્મ દ્વારા મળનારા લાભોનું વર્ણન કરતાં થકાં કહે છે કે –

## તપ પ્રકરણમ્

छंद - शार्दूलविक्रीडितवृत्त

**यत् पूर्वार्जितकर्मशैलकुलिशं यत्कामदावानल-**
**ज्वालाजालजलं यदुग्रकरणग्रामाहिमन्त्राक्षरम् ।**
**यत्प्रत्यूहतमः समूहदिवसं यल्लब्धिलक्ष्मीलता-**
**मूलं तद्द्विविधं यथाविधितपः कुर्वीतवीतस्पृहः ॥८१॥**

*अन्वय : यत् पूर्वार्जितकर्मशैलकुलिशं यत्कामदावानलज्वालाजालजलं यत्*

*उग्रकरणग्रामोऽहिमन्त्राक्षरम्। यत् प्रत्यूह तमः समूहदिवसं यत् लब्धि लक्ष्मीलतामूलं तत् विविधं तपः यथाविधि वीतस्पृहः कूर्वीत।*

**શબ્દાર્થ :** (यत्) જે (पूर्वार्जितकर्मशैलकुलिशं) પૂર્વભવમાં ભેગા કરેલા કર્મરૂપી પર્વત માટે વજ્ર સમાન છે (यत्) જે (कामदावानलज्वालाजालजलं) કામરૂપ દાવાનલની પ્રચણ્ડ જ્વાલાઓને શમાવવા માટે જલની સમાન છે. (यत्) જે (उग्रकरणग्रामाऽहिमन्त्राक्षरम्) અતિ ઉગ્ર ઇન્દ્રિય સમૂહરૂપી સર્પના માટે મંત્રાક્ષર સમાન છે (यत्) જે (प्रत्यूहतमः समूहदिवसं) વિઘ્નરૂપી ગાઢ અન્ધકાર માટે દિવસની સમાન છે. (यत्) જે (लब्धिलक्ष्मीलतामूलं) લક્ષ્મીરૂપી લતાની જડ સમાન છે. (तत्) તે (विविध) અનેક પ્રકારના (तपः) તપને (यथाविधि) વિધિપૂર્વક (वीतस्पृहः) નિસ્પૃહ થઈને (कुर्वीत) કર. ॥૮૧॥

**ભાવાર્થ :** જે તપ પૂર્વના ભવોમાં ભેગા કરેલ કર્મરૂપી પર્વત માટે વજ્ર સમાન છે જે કામરૂપી દાવાનલને બુઝાવવા માટે જલ સમાન છે, જે અતિ ઉગ્ર ઇન્દ્રિય સમૂહથી સર્પના ઝેરને ઉતારવા માટે મંત્રાક્ષર સમાન છે. જે વિઘ્નરૂપી ગાઢ અન્ધકારનું ભેદન કરવા માટે દિવસ સમાન છે. જે લબ્ધિરૂપી લક્ષ્મીની લતાની જડ સમાન છે. તે તપ ધર્મને જે અનેક પ્રકારનો છે તેને વિધિપૂર્વક નિસ્પૃહ થઈને આચરો. ॥૮૧॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રીએ તપ ધર્મથી થનારા લાભોનું વર્ણન કરતાં બે બાબતોની વિશેષ સ્પષ્ટતા કરી છે. તપને બે વિશેષણ આપ્યા છે એમ કહીએ તો ચાલે. પ્રથમ વાત કરી 'યથાવિધિ' જે તપ કરવો છે તે વિધિપૂર્વક હોવો જોઈએ. અને બીજી વાત કરી 'વીતસ્પૃહ' કોઈપણ જાતની કામના વગર ઈચ્છા વગર તપ કરવો. અવિધિ અને ઈચ્છાપૂર્વક અર્થાત્ તપારાધના દ્વારા કંઈક મેળવવાની ઈચ્છાપૂર્વક તપ થાય તો તેથી આમાં દર્શાવેલા લાભો ન મળી શકે. તે તપ કહેવાય પણ તપધર્મ ન કહેવાય. તપની વ્યાખ્યામાં આગમોમાં 'અગિલાઈ' અને 'અણાજીવી' આ બે વિશેષણો આપેલા છે. યથાવિધિમાં અગિલાઈનો અને વીતસ્પૃહમાં અણાજીવીનો સમાવેશ થઈ જ જાય છે.

જે જે આત્મા વિધિપૂર્વક નિસ્પૃહવૃત્તિથી તપારાધના કરે છે તે આત્માના પૂર્વ ભવોના ઉપાર્જન કરેલા કર્મોરૂપી પર્વતોને તે તપરૂપ વજ્ર ક્ષણભરમાં વિનષ્ટ કરી નાખે છે. કામરૂપી દાવાનલની પ્રચણ્ડ જ્વાલાઓ જેના હૃદયમાં સળગતી હોય તે આત્મા તપધર્મ રૂપી જલ દ્વારા તે જ્વાલાઓને શાંત કરી દે છે. અતિ ઉગ્ર એવો ઇન્દ્રિયોનો સમૂહ જેને સર્પની ઉપમાથી ઉપમિત કરીને કહ્યું કે એના વિષને તપરૂપી મન્ત્રાક્ષર દૂર કરે છે. વિઘ્ન રૂપી ગાઢ અન્ધકાર પ્રસરેલો હોય છે તો પણ તપારાધના રૂપી દિવસ દ્વારા તે વિઘ્નો રૂપી અન્ધકાર નષ્ટ થઈ જાય છે. અને લબ્ધિ રૂપી લક્ષ્મીને લતાની ઉપમા આપીને કહ્યું કે તે લતાની જડ તપારાધના છે. તપારાધના દ્વારા અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. એ માટે અનેક પ્રકારની તપારાધના નિસ્પૃહભાવથી વિધિપૂર્વક કરવી. ॥૮૧॥

હવે બીજા શ્લોકમાં તપધર્મથી મળનારા લાભોને વર્ણવતા કહે છે કે –

छंद - शार्दूलविक्रीडितवृत्त

**यस्माद्विघ्नपरम्परा विघटते दास्यं सुराः कुर्वते,**
**कामः शाम्यति दाम्यतीन्द्रियगणः कल्याणमुत्सर्पति ।**
**उन्मीलन्ति महर्द्धयः कलयति ध्वंसं च यः कर्मणां,**
**स्वाधीनं त्रिदिवं शिवं च भवति श्लाघ्यं तपस्तन्न किम्? ॥८२॥**

*अन्वय : यस्मात् विघ्नपरम्परा विघटते सुराः दास्यं कुर्वते कामः शाम्यति इन्द्रियगणः दाम्यति कल्याणं उत्सर्पति। महर्द्धयः उन्मीलन्ति यः कर्मणां ध्वंसं कलयति त्रिदिवं च शिवं स्वाधीनं भवति तत् तपः किम् श्लाघ्यं न? ।*

**શબ્દાર્થ :** (यस्मात्) જેનાથી (विघ्नपरम्परा) વિઘ્નોના સમૂહનો (विघटते) નાશ થાય છે. (सुराः) દેવતાઓ (दास्यं) સેવા (कुर्वते) કરે છે (कामः) મદનજ્વર (शाम्यति) શાંત થાય છે. (इन्द्रियगणः) ઇન્દ્રિયના સમૂહનું (दाम्यति) દમન થાય છે. (कल्याणं) કલ્યાણનો (उत्सर्पति) વિસ્તાર થાય છે. (महर्द्धयः) મોટી મોટી સંપત્તિઓ ઋદ્ધિઓ (उन्मीलन्ति) વિકસીત થાય છે. અને (यः) જે (कर्मणां) કર્મસમૂહનો (ध्वंसं कलयति) નાશ કરે છે અને જેથી (त्रिदिवं) સ્વર્ગ (च) અને (शिवं) મોક્ષ (स्वाधीनं) પોતાને આધિન (भवति) હોય છે. (तत्) તે (तपः) તપધર્મ (किम्) કેમ (श्लाघ्यं) પ્રશંસાયોગ્ય (न) નથી? અર્થાત્ તપ પ્રશંસવા યોગ્ય જ છે. ॥૮૨॥

**ભાવાર્થ :** જેનાથી વિઘ્નસમૂહનો નાશ થાય છે. દેવતાઓ સેવા કરે છે. મદનજ્વર ઉતરી જાય છે, શાંત થાય છે. ઇન્દ્રિયોના સમૂહનું દમન થાય છે. કલ્યાણનો વિસ્તાર થાય છે. મોટી મોટી ઋદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. જે કર્મોનો નાશ કરે છે. સ્વર્ગ અને મોક્ષ પોતાને આધીન કરે છે એવા તપ ધર્મની પ્રશંસા કેમ ન થાય? અર્થાત્ તે તપધર્મ પ્રશંસવા યોગ્ય જ છે. ॥૮૨॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી તપધર્મની મહત્તાની વાતો કરીને તે તપધર્મ પ્રશંસવા યોગ્ય કેમ નથી એમ પ્રશ્ન દ્વારા સિદ્ધ કરે છે કે આ તપધર્મ પ્રશંસવા યોગ્ય જ છે કારણ કે – તપધર્મની આરાધના કરનારના વિઘ્નોનો નાશ થાય છે. તેની દેવતાઓ સેવા કરે છે. તેની આરાધનાથી કામજ્વર શાંત થઈ જાય છે. ઇન્દ્રિયોનું દમન થઈ જાય છે. ઇન્દ્રિયોને પુષ્ટ આહાર મળે તો જ તે વિફરે છે પણ તેને જ્યારે આહાર ન મળે ત્યારે તેઓનું દમન થઈ જાય છે. તપથી કલ્યાણનો વિસ્તાર થાય છે. ઉત્તરોત્તર ગુણઠાણાની પ્રાપ્તિ તે જ કલ્યાણનો વિસ્તાર. તપ દ્વારા અનેક પ્રકારની સિદ્ધિ, લબ્ધિ અને ઋદ્ધિની પ્રાપ્તિ થાય છે. કર્મોનો ધ્વંસ થાય છે. સ્વર્ગ અને મોક્ષ તો તપસ્વીને સ્વાધિન હોય છે. ॥૮૨॥

હવે ત્રીજા શ્લોકમાં કર્મસમૂહના નાશ માટે તપધર્મ સિવાય બીજું કોઈ મુખ્ય કારણ નથી એમ દર્શાવતાં કહે છે કે –

छंद - शार्दूलविक्रीडितवृत्त

कान्तारं न यथेतरो ज्वलयितुं दक्षो दवाग्निं विना,
दावाग्निं न यथापरः शमयितुं शक्तो विनाम्भोधरम् ।
निष्णातः पवनं विना निरसितुं नान्यो यथाम्भोधरम्,
कर्मोघं तपसा विना किमपरो हन्तुं समर्थस्तथा ॥८३॥

*अन्वय : यथा कान्तारं ज्वलयितुं दवाग्नि विना इतराः न दक्षः यथा दावाग्निः शमयितुं अम्भोधरम् विना अपरः शक्तः न, यथा अम्भोधरं निरसितुं पवनं विना अन्यः निष्णातः न, तथा कर्मौघं तपसा विना अपरः हन्तुं किं समर्थं?।*

**શબ્દાર્થ :** (यथा) જે રીતે (कान्तारं) જંગલને (ज्वलयितुं) બાળવામાં (दवाग्नि विना) દાવાનલ વિના (इतराः) બીજુ (न दक्षः) સમર્થ નથી. (यथा) જે રીતે (दावाग्निं) દાવાનલને (शमयितुं) બુઝાવવામાં (अम्भोधरम् विना) વાદળોના વિના (अपरः) બીજો (शक्तः न) સમર્થ નથી (यथा) જે રીતે (अम्भोधरं) વાદળાઓને (निरसितुं) દૂર કરવામાં (पवनं विना) પવન વિના (अन्यः) બીજો (निष्णातः न) ચતુર નથી (तथा) તેમજ (कर्मोघं) કર્મસમૂહને (तपसा विना) તપ વિના (अपरः) બીજા ધર્મો (हन्तुं) નાશ કરવામાં (किं समर्थं) શું સમર્થ છે? અર્થાત્ બીજા કોઈ કર્મોના નાશ માટે સમર્થ નથી. ॥૮૩॥

**ભાવાર્થ :** જે રીતે વનને બાળવા માટે દાવાનળ વિના કોઈ સમર્થ નથી, દાવાનળને બુઝાવવા માટે વાદળો વિના કોઈ સમર્થ નથી, વાદળાઓને વિખેરવા માટે પવન સિવાય કોઈ ચતુર નથી તેમજ તપ વિના બીજા ધર્મો કર્મસમૂહને નાશ કરવા સમર્થ નથી.॥૮૩॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી તપ ધર્મની મહત્તા દર્શાવતાં કહે છે કે – જંગલનો નાશ કરવા માટે સામાન્ય અગ્નિનું કામ નથી ત્યાં તો દાવાનળ જ ઉપયોગી છે. દાવાનળને બુઝાવવા માટે કુવા–સરોવર આદિનું અલ્પ જળ કામ ન આવે ત્યાં તો વાદળાઓ વરસે તો જ દાવાનળ શાંત થાય. અને એવા વાદળાઓને વિખેરવા માટે પંખાના પવન કામ ન આવે ત્યાં તો કુદરતના ઘરનો પ્રચંડ પવન જ તે વાદળાઓને વિખેરી શકે છે. તેમજ કર્મ સમૂહનો નાશ સામાન્ય બીજા ક્રિયાકાંડ રૂપી ધર્મથી ન થાય. તેના નાશ માટે તો ઉગ્ર તપારાધના જ સમર્થ છે. એમ તપારાધનાથી જ કર્મસમૂહનો નાશ થાય છે. ॥૮૩॥

હવે ચોથી ગાથામાં તપધર્મનું વિશેષ વર્ણન કરતાં કહે છે કે–

छंद - स्रग्धरावृत्त

सन्तोषः स्थूलमूलः प्रशमपरिकरःस्कन्धबन्धप्रपञ्चः,
पञ्चाक्षीरोधशाखः स्फुरदभयदलः शीलसम्पत्प्रवालः ।
श्रद्धाम्भः पूरसेकाद्विपुलकुलबलैश्वर्यसौन्दर्यभोगः-
स्वर्गादिप्राप्ति पुष्पः शिवपदफलदः स्यात्तपः कल्पवृक्षः[1] ॥८४॥

१. पादपोऽयम् पाठान्तर

*अन्वय : तपः कल्पवृक्षः स्यात् (तस्य) सन्तोषः स्थूलमूलः प्रशमपरिकरः स्कन्धबन्धप्रपञ्चः पञ्चाक्षीरोधशाखः अभय स्फुरत् दलः शीलसम्पत्प्रवालः श्रद्धाम्भः पुर सेकात् विपुलकुल बलैश्वर्यः सौन्दर्यः भोगस्वर्गादि प्राप्ति पुष्पः (एवं) शिवफलदः।*

**શબ્દાર્થ :** (तपः कल्पवृक्षः) તપરૂપ જે કલ્પવૃક્ષ છે તેને (सन्तोषः) સંતોષરૂપી (स्थूलमूलः) મુખ્ય જડ છે. (प्रथमपरिकरः) શાંતિના ઉપકરણ જે છે તે સર્વે (स्कन्धबन्धः) મૂળ શાખા આદિનો (प्रपञ्चः) વિસ્તાર છે. (पञ्चाक्षी) પાંચે ઇન્દ્રિયોને (रोधः) રોકવી તે જ (शाखः) તેની નાની મોટી ડાલિયો છે. (अभय स्फुरत्) અભયદાન આપવું એજ ઉગતા એવા (दलः) પત્રસમૂહ છે. (शीलसम्पत्प्रवालः) શીલરૂપી જે સંપત્તિ તેજ નવા પત્રોનું ઉદ્‌ગમ સ્થાન છે. (श्रद्धाः) શ્રદ્ધારૂપ જે (अम्भःपुरः) જલના પ્રવાહથી (सेकात्) સીંચન કરવાથી (विपुलकुलः) ઊંચ ગોત્રની પ્રાપ્તિ (बलः) બલ–શક્તિ (ऐश्वर्यः) ઐશ્વર્ય (सौन्दर्यः) સુંદરતા (भोगः) સંસારિક વિષયસુખોને ભોગવા (स्वर्गादिप्राप्ति पुष्पः) અને સ્વર્ગાદિની પ્રાપ્તિ થવી આદિ તેના પુષ્પ છે. અને (शिवफलदः) મોક્ષ રૂપી ઉત્તમ ફલને તે તપ રૂપી વૃક્ષ આપે છે. ॥૮૪॥

**ભાવાર્થ :** તપરૂપી જે કલ્પવૃક્ષ છે તેની મુખ્ય જડ સંતોષ છે. શાંતિના ઉપકરણ જે છે તે સર્વે તેનું મૂળ શાખા-આદિનો વિસ્તાર છે. પાંચે ઇન્દ્રિયોને રોકવી તે તેની નાની મોટી ડાલિયો છે. દયાના અંકુરાથી અપાતું અભયદાન તે તેનો પત્રસમૂહ છે. શીલરૂપી સંપત્તિ તે નવા પત્રોનો ઉદ્‌ભવ છે. શ્રદ્ધારૂપી જલના સિંચનથી પ્રગટેલ ઊંચકુલ, બલ, ઐશ્વર્ય, સૌન્દર્ય, સાંસારિક સુખોપભોગ અને સ્વર્ગાદિની પ્રાપ્તિ એ સર્વે તેના પુષ્પ છે. અને મોક્ષની પ્રાપ્તિ એ તેનું ફળ છે. ॥૮૪॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રીએ તપ પ્રકરણના અંતિમ શ્લોકમાં તપને એક કલ્પવૃક્ષની ઉપમાથી ઉપમિત કરીને તપ દ્વારા આંતરિક ગુણોના પ્રકટીકરણને દર્શાવતાં સંતોષને તપરૂપી કલ્પવૃક્ષની મુખ્ય જડ બતાવીને એ સિદ્ધ કર્યું છે કે જ્યાં સંતોષ છે ત્યાં જ વાસ્તવિક તપ છે. સંતોષ વગરનો તપ એ જડ વગરના વૃક્ષ જેવો છે. જે ક્ષણ માત્રમાં વિનષ્ટ થવાનો છે. શાંતિના ગુણોને તે વૃક્ષના થડ અને મોટી શાખાઓનો વિસ્તાર કહ્યો. પાંચે ઇન્દ્રિયોના વિકારભાવને રોકવા તે નાની મોટી ડાલિયોને દર્શાવી છે. સ્ફુરાયમાન થતું જે અભયદાન તેજ તે વૃક્ષનો પત્રસમૂહ છે. અને શીલ રૂપી સંપત્તિ તે નવા પત્રોનો ઉદ્‌ગમ કહ્યો છે. શ્રદ્ધારૂપી જલના સિંચનથી ઊંચ કુલ, બલ, ઐશ્વર્ય, સૌન્દર્ય, સંસારિક સુખોપભોગ સ્વર્ગાદિની પ્રાપ્તિ આદિ તે વૃક્ષના પુષ્પ છે અને મોક્ષની પ્રાપ્તિ થવી તે તેનું ફળ છે. ॥૮૪॥

એ રીતે તપધર્મની મહત્તા દર્શાવીને હવે ભાવનાની મહત્તા દર્શાવતાં કહે છે કે–

## ભાવના પ્રકરણમ્

छंद - शार्दूलविक्रीडितवृत्त

नीरागे तरुणी कटाक्षितमिव त्यागव्यपेत प्रभो-
सेवाकष्टमिवोपरोपणमिवाम्भोजन्मनामश्मनि ।
विश्वग्वर्षमिवोषरक्षितितले दानार्हदर्चातपः-
स्वाध्यायाध्ययनादि निष्फलमनुष्ठानं विना भावनाम् ॥८५॥

*अन्वय : नीरागे तरुणी कटाक्षितमिव, त्यागव्यपेत प्रभोः सेवाकष्टं इव अश्मनि अम्भोजन्मनाम् उपरोपणं इव ऊषरक्षितितले विष्वग् वर्ष इव दान अर्हत् अर्चा तपः स्वाध्याय आदि अनुष्ठानं भावनाम् विना निष्फलम्।*

**શબ્દાર્થ :** (नीरागे) રાગરહિત પુરુષ પ્રત્યે (तरुणीकटाक्षितं इव) તરુણી સ્ત્રીના કટાક્ષની જેમ (त्यागव्यपेत प्रभोः) આપવામાં કૃપણ એવા સ્વામીની કરેલી (सेवा कष्टं इव) નૌકરી કષ્ટની જેમ (अश्मनि) પત્થર ઉપર (अम्भोजन्मनाम्) કમલનો (उपरोपणं इव) ઉગાડવાની જેમ (उषरक्षितितले) ઉષર ભૂમિ ઉપર (विष्वग् वर्ष इव) ચારે બાજુ થયેલી વર્ષાની જેમ (दान अर्हत् अर्चा तपः स्वाध्याय अध्ययन आदि) દાન આપવું, જિનપૂજન, તપ, સ્વાધ્યાય અધ્યયન આદિ કરવું (अनुष्ठानं) એ ક્રિયા (सर्वे) (भावनाम् विना) શ્રદ્ધા ભક્તિ વગર (निष्फलम्) વ્યર્થ છે, નિષ્ફળ છે. ॥૮૫॥

**ભાવાર્થ :** રાગરહિત પુરુષ પ્રત્યે કરેલા તરૂણી સ્ત્રીના કટાક્ષની જેમ, આપવામાં કૃપણ એવા સ્વામીની સેવાના કષ્ટની જેમ, પત્થર ઉપર કમળના છોડને ઉગાડવાની ચેષ્ટાની જેમ, ઉષર ભૂમિ ઉપર થયેલ ચારે બાજુની વર્ષાની જેમ, દાન, જિનપૂજન, તપ, સ્વાધ્યાય, અધ્યયન આદિ અનુષ્ઠાન શ્રદ્ધાભક્તિ ભાવ વિના નિષ્ફળ છે. ॥૮૫॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ભાવના પ્રકરણના પ્રારંભના શ્લોકમાં ભાવનાની મહત્તા દર્શાવતાં ચાર ઉદાહરણો દાખલાઓ આપીને કહે છે – ભાવના વિના અનુષ્ઠાનો નિષ્ફળ છે. જેમ જિતેન્દ્રિય પુરુષની પાસે કામાસક્ત નવયૌવન નારી કટાક્ષ આદિ કરીને એને કામાતુર બનાવવા ઈચ્છે તો તેને જ નિરાશ થવું પડે છે. તે પુરુષ કદી વિષયની ઇચ્છાવાળો બને જ નહીં.

જેમ કૃપણ સ્વામીની સેવા કરનારને તે સ્વામી પગાર આદિ આપે નહિં ત્યારે નૌકરીની સેવા એને જ કષ્ટદાયક થાય છે. જેમ જલમાં ઉગનારા કમળોને પત્થર ઉપર ઉગાડવાની ઈચ્છાથી જે કોઈ પ્રયત્ન કરે તો તે તેનો પ્રયત્ન નિષ્ફળ જાય. જેમ ખારી જમીન ઉપર ઘાસ પણ ઉગે નહીં ત્યાં ગમે એટલો વરસાદ વરસે તો તે પણ નિષ્ફળ જ છે. તેમ દાન, તપ, જિનપૂજન, સ્વાધ્યાય, અધ્યયન આદિ સર્વે અનુષ્ઠાનો શ્રદ્ધાભક્તિ ભાવના વિના નિષ્ફળ જ છે. ॥૮૫॥

હવે બીજા શ્લોકમાં ભાવનાથી શું પ્રાપ્ત થાય તે દર્શાવતાં કહે છે કે –

छंद - शार्दूलविक्रीडितवृत्त

सर्वं ज्ञीप्सति पुण्यमीप्सति दयां धित्सत्यघं भित्सति,
क्रोधं दित्सति दानशीलतपसां साफल्यमादित्सति ।
कल्याणोपचयं चिकीर्षति भवाम्भोधेस्तटं लिप्सति,
मुक्तिस्त्रीं परिरिप्सते यदि जनस्तद् भावयेद् भावनाम् ॥८६॥

***अन्वय :*** *यदि जनः सर्वं ज्ञीप्सति पुण्यं इप्सति दयां धित्सति अघं भित्सति क्रोधं दित्सति दानशीलतपसां साफल्यं आदित्सति कल्याणोपचयं चिकीर्षति भवाम्भोधेः तटं लिप्सति मुक्ति स्त्रीं परिरिप्सते तद् भावनाम् भावयेद्।*

**શબ્દાર્થ :** (यदि) જો (जनः) મનુષ્ય (सर्वं) સર્વ વિષયોને (ज्ञीप्सति) જાણવા ચાહે છે. (पुण्यं) ધર્મને (इप्सति) ઇચ્છે છે. (दयां) કરુણાને (धित्सति) ધારણ કરવા ઇચ્છે છે. (अघं) પાપને (भित्सति) દૂર કરવા ઇચ્છે છે. (क्रोधं) ક્રોધને (दित्सति) દૂર કરવા ઇચ્છે છે. (दानशीलतपसां) દાનશીલ અને તપની (साफल्यं) સફળતાને (आदित्सति) મેળવવા ઇચ્છે છે. (कल्याणोपचयं) કલ્યાણકારી કાર્યોની વૃદ્ધિને (चिकीर्षति) કરવા ઇચ્છે છે (भवाम्भोधेः तटं) ભવસાગરથી પાર થવા (लिप्सति) ઇચ્છે છે અને (मुक्तिस्त्रीं) મુક્તિરૂપી સ્ત્રીને (परिरिप्सते) આલિંગન કરવા ઇચ્છે છે (तद्) તો (भावनाम्) શ્રદ્ધાભક્તિરૂપી ભાવનાને પોતાના દિલમાં (भावयेद्) ભાવિત કર. ॥૮૬॥

**ભાવાર્થ :** જે મનુષ્ય સર્વ વિષયોને જાણવા ઇચ્છે છે, ધર્મને ઇચ્છે છે, દયાને ધારણ કરવા ઇચ્છે છે, પાપને દૂર કરવા ઇચ્છે છે. ક્રોધને દૂર કરવા ઇચ્છે છે. દાનશીલ તપની સફળતાને ઇચ્છે છે. કલ્યાણકારી કાર્યોની વૃદ્ધિને ઇચ્છે છે. ભવસાગરથી પાર થવા ઇચ્છે છે. અને મુક્તિરૂપી સ્ત્રીને આલિંગન કરવા ઇચ્છે છે તે આત્માએ, શ્રદ્ધાભક્તિ ભાવનાને પોતાના દિલમાં વસાવવી જોઈએ અર્થાત્ પ્રત્યેક ધર્મક્રિયા શ્રદ્ધા ભક્તિ અને ભાવનાપૂર્વક કરવી જોઈએ. ॥૮૬॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રીએ ભાવનાની મહત્તાનું વર્ણન કરતાં કહ્યું છે કે – જે જે સાધક આત્માઓ સર્વ વિષયોને અર્થાત્ આગમનું સંપૂર્ણ જ્ઞાન મેળવવા ઇચ્છે છે તો તેણે ભાવ ધર્મને હૃદયમાં સ્થાન આપવું પડશે, તેમજ દયાને ધારણ કરવી હોય, પાપને દૂર કરવો હોય, ક્રોધને દૂર કરવો હોય, દાન શીલ તપની ક્રિયાને સફળ કરવી હોય, એ જ રીતે બીજા પણ અનેક આત્મ કલ્યાણ કરનાર કાર્યોની વૃદ્ધિ કરવી હોય, ભવસાગરથી પાર થવાની ઇચ્છા હોય અને મુક્તિ રૂપી સ્ત્રી મેળવવી હોય તો ભાવધર્મને પ્રથમ સ્થાન આપવું જ પડશે. તે સિવાય પ્રત્યેક ધર્મ ક્રિયા પરિપૂર્ણ ફળને આપી ન શકે.॥૮૬॥

હવે ત્રીજી ગાથામાં કહે છે કે –

छंद - पृथ्वीवृत्त

**विवेकवनसारिणीं प्रशमशर्मसञ्जीवनीं,**
**भवार्णवमहातरीं मदनदावमेघावलीम्**
**चलाक्षमृगवागुरां गुरुकषायशैलाशनिं,**
**विमुक्त पथवेसरीं भजत भावनां किं परैः? ॥८७॥**

*અન્વય : સુગમ છે.*

**શબ્દાર્થ :** (विवेकवनसारिणी) વિવેકરૂપી વનમાં અતિવેગથી વહેવાવાળી નદીના સમાન (प्रशमशर्मसञ्जीवनी) શાંતિ અને સુખને ઉત્પન્ન કરનારી (भवार्णवमहातरीं) સંસારરૂપી સમુદ્રથી પાર ઉતારનાર મોટા જહાજ સમાન (मदनदावमेघावलीम्) કામરૂપી દાવાનલને બુઝાવવા માટે મેઘઘટાની સમાન (चलाक्षमृगवागुरां) ચંચલ ઈન્દ્રિયરૂપી હરણોને રોકવા માટે મૃગબંધન જાલસમાન (गुरुकषायशैलाशनिं) મોટા મોટા કષાય રૂપી પર્વતો માટે વજ્ર સમાન (विमुक्त पथवेसरी) મોક્ષમાર્ગમાં લઈ જવા માટે ઘોડીની સમાન એવી (भावनां) શ્રદ્ધાભક્તિ રૂપી ભાવનાને જ પોતાના દિલમાં (भजत) ધારણ કરો. (परैः) બીજા બીજા સાધનોથી (किं) શું પ્રયોજન છે? અર્થાત્ કાંઈ નથી. ॥૮૭॥

**ભાવાર્થ :** વિવેકરૂપી વનમાં અતિ વેગથી વહેવાવાળી નદીના સમાન, શાંતિ અને સુખને ઉત્પન્ન કરનાર, સંસારરૂપી સમુદ્રથી પાર લગાવવા માટે મોટા જહાજ સમાન, કામરૂપી દાવાનલને બુઝાવવા માટે મોટા મેઘ સમાન, ચંચલ ઈન્દ્રિયરૂપી હરિણોને રોકવા માટે જાલ સમાન, મોક્ષ માર્ગમાં લઈ જવા માટે ઘોડી સમાન એવી શ્રદ્ધાભક્તિને જ પોતાના ચિત્તમાં સ્થાપન કરો. બીજા બીજા સાધનોનું શું કામ છે? અર્થાત્ કાંઈ નથી. ॥૮૭॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી આ શ્લોકમાં ભાવનાને અનેક ઉપમાઓથી ઉપમિત કરીને બીજા બીજા સાધનો કરતાં ભાવનાને જ હૃદયમાં કરવાનું કહે છે. આ ભાવના વિવેકરૂપી વનમાં અતિ વેગથી વહેવાવાળી નદીના સમાન, અતિવેગથી વહેતી નદી કચરાકાંટાને જેમ શીઘ્રતાથી દૂર કરી દે છે તેમ આત્મ રાજ્યમાં રહેલાં વિવેકરૂપી વનમાંથી ભાવનારૂપી નદી કર્મકચરાને દૂર કરી દે છે. શાંતિ અને સુખને ઉત્પન્ન કરનારી, જેમ મોટા સમુદ્રમાંથી પાર જવા માટે જહાજની આવશ્યકતા હોય છે તેમ સંસારરૂપી સમુદ્રમાંથી પાર ઉતરવા માટે ભાવના મોટા જહાજ સમાન છે. ચંચલ હરણોને બંધનમાં લેવા માટે જાલની આવશ્યકતા છે તેમ ચંચલ ઈન્દ્રિયોરૂપી હરણોને બંધનમાં રાખવા માટે ભાવનારૂપી જાલ સર્વોત્તમ સાધન છે. ભાવનાને વજ્રની ઉપમા આપીને કહ્યું કે જેમ વજ્ર મોટા પર્વતોને પણ ભેદી નાંખે છે તેમ કષાયરૂપી મોટા મોટા પર્વતોને પણ આ ભાવના રૂપી વજ્ર અંતર્મુહૂર્તમાં ભેદી નાંખે છે. ભાવનાને ઘોડીની ઉપમાં આપીને કહ્યું કે જેમ માર્ગ પાર કરવા માટે ઘોડીની આવશ્યકતા છે તેમ મોક્ષ માર્ગમાં ચાલવા માટે આ ભાવના રૂપી ઘોડી ઉત્તમોત્તમ સાધન છે. ॥૮૭॥

એમ ભાવ ધર્મની મહત્તાને વિશેષ સ્પષ્ટ કરીને અંતિમ શ્લોકમાં કહે છે કે –

छंद - शिखरिणीवृत्त

धनं दत्तं वित्तं जिनवचनमभ्यस्तमखिलं,
क्रियाकाण्डचण्डं रचितभवनौ सुप्तसकृत् ।
तपस्तीव्रं तप्तं चरणमपि जीर्णं चिरतरं,
न चेच्चित्ते भावस्तुषवपनवत्सर्वमफलम् ।।८८।।

*अन्वय : (यद्यपि मानवेन अस्मिन् जन्मेषु) धनं वित्तं दत्तं अखिलं जिनवचनम् अभ्यस्तं चण्डं क्रियाकाण्डं रचितं असकृत् अवनौ सुप्तं तीव्रं तपः तप्तम् चिरतरं चरणम् अपि जीर्णं चेत्चित्ते (यदि) भावः न सर्वम् तुषवपनवत् विफलम्।*

**શબ્દાર્થ :** (જો કે માનવે આ જન્મમાં) (धनं वित्तं) ઘણું ધન (दत्तं) દાનમાં આપ્યું (अखिलं) સર્વ (जिनवचनम्) જિનશાસ્ત્રનો (अभ्यस्तं) અભ્યાસ કર્યો (चण्डं) અતિ ઉગ્ર (क्रियाकाण्डं) ધર્મક્રિયાઓને (रचितं) પ્રાપ્ત કરી. (असकृत्) ચિરકાળ સુધી ઘણાં સમય સુધી (अवनौ सुप्तं) ભૂમિ પર શયન કર્યું. (तीव्रं) કઠિન (तपः) (तप्तम्) કર્યો. (चिरतरं) ઘણા સમય સુધી (चरणम्) ચારિત્રનું (जीर्णं) પાલન કર્યું (चेत्) પણ (चित्ते) હૃદયમાં જો (भावः) ભાવના (न) નથી તો તે (सर्वम्) ઉપર કહેલી સર્વે વાતો (तुषवपनवत्) ખેતમાં કેવલ ઘાસ ઉગાડવા સમાન (विफलम्) નિષ્ફળ છે. ।।૮૮।।

**ભાવાર્થ :** જોકે આ ભવમાં માનવે ઘણું ધન દાનમાં આપ્યું હોય, સર્વ જિનાગમોનું અધ્યયન કર્યું હોય, અતિ ઉગ્ર ક્રિયાકાંડોને પ્રાપ્ત કર્યા હોય, લાંબા સમય સુધી ભૂમિ ઉપર શયન કર્યું હોય, કઠિન તપ કર્યો હોય, લાંબા સમય સુધી ચારિત્રનું પાલન કર્યું હોય પરતું જો હૃદયમાં શુદ્ધ ભાવના ન હોય તો ખેતરમાં ઉગાડેલ ઘાસ સમાન નિષ્ફળ છે.।।૮૮।।

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ભાવધર્મની વ્યાખ્યાની પૂર્ણાહુતિ કરતાં કહે છે કે જેમ કોઈ વ્યક્તિ ખેતરમાં હળ ખેડે ખાતર નાખે પણ બીજના ઠેકાણે અનાજના છિલકા જ નાખે તો અનાજ ઉગવાના બદલે જેમ ઘાસ જ ઉગે તેમ જે આત્મા સાધનારૂપી ખેતરમાં ઘણું દાન આપે, સર્વ જિનાગમોનું અધ્યયન કરે, આકરી ક્રિયાઓ કરે, દીર્ઘકાલ સુધી ભૂમિ ઉપર સંથારો કરે. કઠિન તપશ્ચર્યાઓ કરે, લાંબા કાળ સુધી ચારિત્રનું પાલન કરે. એ સર્વે ક્રિયાઓ ભાવધર્મ વિના હોય ત્યારે બીજના સ્થાને છીલકા વાવ્યા એમ કહેવાય અને તેના ફળ રૂપે જે મોક્ષ મળવો જોઈએ તેના બદલે સાંસારિક સુખરૂપી ઘાસ મળીને તે ક્રિયાઓ સર્વે નિષ્ફળ જાય છે. એ માટે પ્રત્યેક ધર્મક્રિયામાં સાધકે ભાવધર્મને ઓળખી શુદ્ધ ભાવપૂર્વક આચરણા આચરવી જોઈએ.।।૮૮।।

હવે એકવીસમું વૈરાગ્ય પ્રકરણ ઉપર વ્યાખ્યા કરતાં કહે છે કે –

## વૈરાગ્ય પ્રકરણમ્

छंद - हरिणीवृत्त

यदशुभरजः पाथो दृप्तेन्द्रियद्विरदाङ्कुशं,
कुशलकुसुमोद्यानं माद्यन्मनः करिश्रृङ्खला,
विरतिरमणीलीलावेश्म स्मरज्वरभेषजं,
शिवपथरथस्तद् वैराग्यं विमृश्य भवाऽभयः ॥८९॥

*અન્વય : સુગમ છે.*

**શબ્દાર્થ :** (यत्) જે (अशुभरजः पाथः) અશુભકર્મરૂપી રજને ધોવા માટે જલની સમાન છે. (दृप्तेन्द्रियद्विरदाङ्कुशं) બળવાન એવી સ્વતંત્ર બનેલી ઇન્દ્રિયોનાં સમૂહરૂપી હાથીને વશ કરવા માટે અંકુશ સમાન (कुशलकुसुमोद्यानं) કલ્યાણરૂપી પુષ્પોનું ઉદ્યાન (माद्यन्मानः करि श्रृङ्खला) ઉન્મત્તમનરૂપી હાથીને બાંધવા માટે સાંકળ સમાન (विरतिरमणी-लीलावेश्म) વિરતિ રૂપી સુન્દરીના માટે ક્રીડાનું ઘર (स्मरज्वरभेषजं) કામ જ્વરનું અમોઘ ઔષધ અને (शिवपथरथः) મોક્ષમાર્ગમાં લઈ જવા માટે રથ સમાન (तद्) તે (वैराग्यं) વૈરાગ્યને (विमृश्य) વિચારીને ધારણ કરીને (अभयः) અભય (भव) થઈ જા. ॥૮૯॥

**ભાવાર્થ :** જે અમાંગલિક કર્મરૂપી રજને ધોવા માટે જલની સમાન છે. બલવાન એવી સ્વતંત્ર બનેલી ઇન્દ્રિયો રૂપી હાથીને વશ કરવા માટે અંકુશની સમાન છે. કલ્યાણરૂપી પુષ્પોનું ઉદ્યાન છે, ઉન્મત્ત મનરૂપી હાથીને બાંધવા માટે સાંકળ સમાન છે, વિરતિરૂપી સ્ત્રીને ક્રીડા કરવાનું ઘર છે. કામજ્વરનું અમોઘ ઔષધ છે અને મોક્ષ માર્ગમાં લઈ જવા માટે ઉત્તમ રથ છે તે વૈરાગ્યને વિચારીને ધારણ કરીને નિર્ભય થઈ જા. ॥૮૯॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી વૈરાગ્ય પ્રકરણના પ્રારંભના પ્રથમ શ્લોકમાં વૈરાગ્ય કોની સમાન છે તે દર્શાવતાં દાખલાઓ આપીને વૈરાગ્યની મહત્તા સાધકને સમજાવે છે. જેમ ધૂળને ધોવા માટે જલની જરૂર છે તેમ અશુભ કર્મરૂપી જલને ધોવા માટે વૈરાગ્ય જલ સમાન છે. હાથીને વશ કરવા જેમ અંકુશ છે તેમ બળવાન અને સ્વતંત્ર બનેલી એવી ઇન્દ્રિયોના સમૂહરૂપી હાથીને વશ કરવા વૈરાગ્ય અંકુશની સમાન છે. પુષ્પોથી ઉદ્યાન શોભે છે તેમ કલ્યાણરૂપી પુષ્પોથી વૈરાગ્યરૂપી ઉદ્યાન શોભે છે. ઉન્મત્ત હાથીને બાંધવા માટે સાંકળની જરૂરત છે તેમ ઉન્મત્ત બનેલા એવા મનરૂપી હાથીને બાંધવા માટે વૈરાગ્ય સાંકળ સમાન છે. સ્ત્રી જેમ ઘરમાં ક્રીડા કરે છે તેમ વિરતિરૂપી સુન્દરીને વૈરાગ્ય ક્રીડા કરવાનું ઘર છે. જ્વર–તાવને દૂર કરવા જેમ ઔષધ હોય છે તેમ કામરૂપી જ્વરને દૂર કરવા વૈરાગ્ય એ અમોઘ ઔષધ છે. અને મોક્ષ માર્ગમાં જવા માટે વૈરાગ્ય એ સર્વોત્તમ રથ દર્શાવીને કહ્યું છે કે – હે સાધક! તું એવા વૈરાગ્યને વિચારીને, ધારણ કરીને એ રથમાં બેસીને નિર્ભય થઈ જા. વૈરાગ્યને વિચારીને ધારણ કરવાનું કહીને એક વાત સ્પષ્ટ કરી કે જિનશાસનમાં

જ્ઞાનની મહત્તા છે. સમજપૂર્વકની જ ક્રીયા આત્મોદ્ધારક છે. એવા વૈરાગ્યને ધારણ કરનારને કર્મરાયનો ભય હોય જ નહીં તેથી કહ્યું નિર્ભય થઈ જા. ॥૮૯॥

હવે બીજા શ્લોકમાં વૈરાગ્યની શક્તિનું દર્શન સાધકને કરાવતા કહે છે કે –

છંદ - वसन्ततिलकावृत्त

**चण्डानिलस्फुरितमब्दचयं दवार्चि,**
**वृक्षव्रजं तिमिरमण्डलमर्कबिम्बम् ।**
**वज्रं महीध्रनिवहं नयते यथान्तं,**
**वैराग्यमेकमपि कर्म तथा समग्रम् ॥९०॥**

***अन्वय :*** *यथा चण्डानिलः स्फुरितम् अब्दचयं अन्त नयते (यथा) दवार्चि वृक्षव्रजं (ज्वालयति) तिमिरमण्डलं अर्कबिम्बम् (आच्छादयति) वज्रं महीध्रनिवहं (भिन्नाति) तथा एकं अपि वैराग्यं समग्रम् कर्म (विनाशयति)।*

**શબ્દાર્થ :** (यथा) જેમ (चण्डानिलः) પ્રચંડ હવા (स्फुरितम्) આકાશ મંડળમાં વિસ્તરીને (अब्दचयं) વાદળાઓની ઘટાને (अन्तं नयते) વિખેરી નાંખે છે. જેમ (दवार्चि) વનની અગ્નિ (वृक्ष व्रजं) વૃક્ષોના સમૂહને જલાવી દે છે. જેમ (तिमिरमण्डलम्) આંધીનું ભયંકર માંડળુ (अर्कबिम्बम्) સૂર્યના બિમ્બને છુપાવી દે છે. (वज्रं) વજ્ર (महीध्रनिवहं) પર્વતના સમૂહને તોડી નાંખે છે (तथा) તેમજ (एकं अपि) એક પણ (वैराग्यं) વિરક્તિપણું (समग्रम्) સર્વ (कर्म) કર્મજાલને વિનષ્ટ કરી નાંખે છે. ॥૯૦॥

**ભાવાર્થ :** જેમ તુફાની પવન આકાશમાં ફેલાઈને વાદળાઓની ઘટાને વિખેરી નાખે છે. વનની આગ વૃક્ષના સમૂહને બાળી નાખે છે. જેમ ભયંકર આંધીનું માંડળું સૂર્યને ઢાંકી દે છે, વજ્ર પર્વતોને ભેદી નાખે છે તેમજ એક પણ વૈરાગ્ય ધર્મ કર્મજાલને તોડી નાંખે છે.॥૯૦॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી સાધકને વૈરાગ્યની શક્તિનું દર્શન કરાવતાં કહે છે કે – જેમ પ્રચંડ પવન આકાશમાં વિસ્તરીત થઈને વાદળાઓની ઘટાને વિખેરી નાંખે છે, જેમ વનની અગ્નિ વૃક્ષના સમૂહને બાળી નાંખે છે, જેમ આંધીનું ભયંકર તુફાન સૂર્ય બિમ્બને છુપાવી દે છે. જેમ વજ્ર પર્વતોના સમૂહને તોડી નાંખે છે, તેમજ એક પણ આ વૈરાગ્ય અર્થાત્ એકલો વૈરાગ્યભાવ (સંસારના પદાર્થો પ્રત્યેનો અનાસક્તભાવ) અનંતાભવોની ગુંથેલી કર્મ જાલને વિનષ્ટ કરી નાંખે છે. એથી સંસારના પદાર્થો પ્રત્યે અનાસક્ત ભાવ કેળવવો જોઈએ.

હવે ત્રીજા શ્લોકમાં વૈરાગ્યભાવ સહસાધના જ ફળવતી બને છે તે દર્શાવતાં કહે છે કે –

छंद - शिखरिणीवृत्त

**नमस्यादेवानां चरणवरिवस्या शुभगुरो**
**स्तपस्या निःसीम कलमपदमुपास्या गुणवताम् ।**
**निषद्याऽरण्ये स्यात् करणदमविद्या च शिवदा,**
**विरागः क्रूरागः क्षपणनिपुणोऽन्तः स्फुरति चेत् ॥९१॥**

*अन्वय : चेत् क्रूरागः क्षपणनिपुणः विरागः अन्तः स्फुरति देवानां नमस्या शुभगुरोः चरणवरिवस्या निःसीम कलमपदं गुणवताम् उपास्या अरण्ये निषद्या करणदमविद्या शिवदा स्यात्।*

**शब्दार्थ :** (चेत्) જો (क्रूरागः क्षपणनिपुणः) મોટા દોષોને દૂર કરનાર (विरागः) વૈરાગ્યભાવ (अन्तः स्फुरति) અન્તઃકરણમાં બિરાજમાન છે. તો (देवानां) દેવતાઓને કરેલ (नमस्या) નમસ્કાર (शुभगुरोः) સુગુરુની (चरणवरिवस्या) ચરણસેવા (निःसीम-कलमपदं) કષ્ટકારી તપશ્ચર્યા (गुणवताम्) ગુણધારીઓની (उपास्या) સંગતિ (अरण्ये) જંગલમાં (निषद्या) બેસવું (वसवुं) અને (करणदम विद्या) ઇન્દ્રિયોનો નિગ્રહ અને વિદ્યા આ સર્વે (शिवदा) મોક્ષ ફળ આપનાર (स्यात्) થાય છે. ॥૯૧॥

**ભાવાર્થ :** જે મોટા મોટા અપરાધોને, ગુન્હાઓને, દોષોને દૂર કરનાર વૈરાગ્યભાવ અન્ત કરણમાં રહેલો છે તો પરમાત્માને કરેલ નમસ્કાર, સદ્‌ગુરુની ચરણસેવા, કષ્ટકારી તપશ્ચર્યા, ગુણીજનોનો સંગ, વનમાં રહેવું અને ઇન્દ્રિયોનો નિગ્રહ અને જ્ઞાન એ સર્વે મોક્ષ ફળ આપનાર થાય છે. ॥૯૧॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી વૈરાગ્યનો ત્રીજા શ્લોકમાં વૈરાગ્યથી ધર્મક્રિયાઓ ફળદાયી બને છે તે બતાવતાં કહે છે કે – જે સાધકના ચિત્તમાં અનેક દોષોનો નાશ કરનાર વૈરાગ્ય ભાવ અનાસક્ત ભાવ રમી રહ્યો છે તેની જ નિમ્નોક્ત ધર્મક્રિયાઓ જેમ કે સુદેવોને કરેલ નમસ્કાર, સદ્‌ગુરુઓના ચરણકમલની સેવા, કષ્ટકારી માસક્ષમણાદિ તપશ્ચર્યા, ગુણીજનોના સંગમાં રહેવું, વનમાં વસવું અને ઇન્દ્રિયોના વિષય વિકારો પર વિજય મેળવવો એ સર્વ મોક્ષ ફળ આપનારી બને છે. જો સંસાર પ્રત્યે ઉદાસીનતા ભાવ ન હોય તો તેની ઉપરોક્ત ક્રિયાઓ મોક્ષ ફળદા બનતી નથી. ॥૯૧॥

એમ કહીને હવે સંસારિક ભોગોપભોગની સામગ્રીને કેવી સમજીને તેનો ત્યાગ કરવો તે સાધકને દર્શાવતાં કહે છે કે –

छंद - शार्दूलविक्रीडितवृत्त

**भोगान् कृष्णभुजङ्गभोगविषमान् राज्यं रजः सन्निभं,**
**बन्धून् बन्धनिबन्धनानि विषयग्रामं विषान्नोपमम् ।**
**भूतिं भूतिसहोदरां तृणतुलं स्त्रैणं विदित्वा त्यजन्-**
**तेष्वासक्ति मनाविलो विलभते मुक्तिं विरक्तः पुमान् ॥९२॥**

*अन्वय : સુગમ છે.*

**શબ્દાર્થ :** (भोगान्) ઇન્દ્રિયના સુખોને (कृष्णभुजङ्गभोगविषमान्) કાળા સર્પની જેમ ભયંકર (विदित्वा) જાણીને (राज्यं) રાજ્યલક્ષ્મીને (रजः सन्निभं) ધૂળ સમાન સમજીને (बन्धून्) કુટુંબિજનોને (बन्धनिबन्धनानि) બંધનનું કારણ જાણીને (विषयग्रामं) ઇન્દ્રિય સમૂહને (विषान्नोपमम्) વિષાક્ત ભોજન સમજીને (भूतिं) ઐશ્વર્યને (भूतिसहोदरां) રાખ સમાન સમજીને (स्त्रैणं) સ્ત્રીના સમૂહને (तृणतुलं) તિનકા સમાન સમજીને (तेषु) તે વિષયોમાં (आसक्तिं) પ્રેમને (त्यजन्) છોડતો એવો (अनाविलः) નિષ્પાપ અને (विरक्तः) વિરક્ત ચિત્તવાળો (पुमान्) સાધક પુરુષ (मुक्तिं) મોક્ષને (विलभते) મેળવે છે. ॥૯૨॥

**ભાવાર્થ :** ઇન્દ્રિયોના સુખોને કાળા સર્પની જેમ ભયંકર જાણીને, રાજ્યલક્ષ્મીને ધૂળ સમાન સમજીને, સ્વજન સંબંધિયોને બંધનનું કારણ સમજીને, ઇન્દ્રિયસમૂહને વિષાક્ત ભોજન સમજીને, ઐશ્વર્યને રાખ સમાન સમજીને, તે વિષયોમાં જે આસક્તિ ભાવ છે તેને તજતો એવો નિષ્પાપ અને અનાસક્ત ચિત્તવાળો સાધક મોક્ષને મેળવે છે.॥૯૨॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી વૈરાગ્ય પ્રકરણના અંતિમ શ્લોકમાં સુખોપભોગની સામગ્રીની હેયતા દર્શાવતાં કહે છે કે – ઇન્દ્રિયોના સુખો કાળા સર્પની જેમ ભયંકર જાણીને, આમાં કેવળ સર્પની ઉપમા ન આપીને કૃષ્ણ સર્પની ઉપમા આપી છે તે ઇન્દ્રિય જનિત સુખો અત્યંત કષ્ટદાયક છે તે સમજાવવા માટે આપી છે. રાજ્યલક્ષ્મીને ધૂળ સમાન સમજીને, **આમાં ચક્રવર્તીની ઋદ્ધિને પણ રસ્તાની ધૂળ સમાન સમજવાની વાત છે.** સ્વજનવર્ગને બંધનનું કારણ સમજીને, વાસ્તવમાં સ્વજનોનો મોહ આત્માને ભવ વનમાં વધારે ભટકાવે છે. જન્મમરણના બંધનમાં જકડી રાખે છે. ઇન્દ્રિયોના સમૂહને વિષાક્ત (વિષયુક્ત) ભોજન સમાન સમજીને વિષાક્ત ભોજન માણસને તરત મારે છે. તેમ આ છૂટી મુકેલી ઇન્દ્રિયો ભાવ પ્રાણોનો નાશ કરે છે. ઐશ્વર્યને રાખ સમાન સમજીને ઐશ્વર્યને કોલસાની રાખ સમાન દર્શાવીને એની હેયતા દર્શાવી છે. અને સ્ત્રીયોના સમૂહને તરણાતુલ્ય સમજીને ઘાસનું તણખલું રસ્તામાં ઉડતું હોય છે તેની પ્રત્યે આકર્ષણ હોય જ નહીં તેજ કારણથી સ્ત્રીને તણખલાની ઉપમા આપીને તેના પ્રત્યેના આકર્ષણને નામશેષ કરવાનું કહ્યું, તે પછી કહ્યું કે જે માણસો ઉપરના વિષયોમાં આસક્તિ ભાવને છોડીને નિષ્પાપ અને વિરક્ત ચિત્ત થઈને સાધના કરશે તેઓ મુક્તિને અતિ શીઘ્રતાથી પ્રાપ્ત કરશે. ॥૯૨॥

હવે ૯૩માં શ્લોકમાં માનવજન્મના ફળને દર્શાવે છે –

छंद - उपजातिवृत्त

जिनेन्द्रपूजा गुरुपर्युपास्ति, सत्त्वानुकम्पाशुभपात्रदानम् ।
गुणानुरागः श्रुतिरागमस्य, नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥९३॥

*अन्वय : સુગમ છે.*

**શબ્દાર્થ :** (जिनेन्द्रपूजा) જિનપૂજા (गुरुपर्युपास्ति) સદ્‌ગુરુચરણસેવા (सत्त्वानुकम्पा) પ્રાણિમાત્ર પર દયા, (शुभपात्रदानम्) સત્પાત્રમાં દાન, (गुणानुरागः) સદ્‌ગુણો ઉપર પ્રેમભાવ અને (श्रुतिरागं) શાસ્ત્ર પ્રત્યે શ્રદ્ધા (अमूनि) ઉપરની વાતો (अस्य) આ (नृजन्मवृक्षस्य) મનુષ્યજન્મ રૂપી વૃક્ષનાં (फलानि) ફલ છે. ॥૯૩॥

**ભાવાર્થ :** જિનેશ્વર ભગવંતની પૂજા, સદ્‌ગુરુના ચરણકમળની સેવા, જીવદયા, સુપાત્રમાં દાન, સદ્‌ગુણો પ્રત્યે પ્રેમ અને જિનવચન પર શ્રદ્ધા એ છ આ માનવ જન્મરૂપી વૃક્ષના ફળ છે. ॥૯૩॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રીએ આ શ્લોકમાં માનવ જન્મને એક વૃક્ષની ઉપમા આપીને માનવ જન્મના જે કર્તવ્યો છે તેને સંક્ષેપમાં છ વિભાગમાં વહેંચીને તેને માનવ જન્મના છ ફળ દર્શાવ્યા છે. જે વૃક્ષ ફળરહિત હોય અથવા કડવા ફળવાળું હોય તો તેની કિંમત કાંઈ જ રહેતી નથી. તેમજ માનવ જન્મ શુભ કર્તવ્યો વગરનું અથવા અશુભ કાર્યો દ્વારા જતું હોય તો તેની કિંમત જ્ઞાનિયોની નજરમાં કાંઈ જ નથી. તેથી દરેક સાધકે જીવનમાં આ છ કર્તવ્યોને અપનાવવાં પ્રયત્ન કરવો જોઈએ તે છ કર્તવ્યો છે – (૧) જિનેન્દ્ર પૂજા, (૨) સદ્‌ગુરુ ચરણસેવા, (૩) જીવદયા પાલન, (૪) સુપાત્રદાન, (૫) સદ્‌ગુણો પ્રત્યે પ્રેમ, (૬) જિનવચન પર શ્રદ્ધા.

કયાંક માનવજીવનના આઠ ફળ પણ બતાવ્યા છે –

*पूज्य पूजा दयादानं, तीर्थयात्रा जप स्तपः ।*
*श्रुतं परोपकारं च मर्त्यजन्मफलाष्टकम् ॥*

(૧) પૂજ્ય પુરુષોની પૂજા, (૨) જીવદયા પાલન, (૩) સુપાત્રેદાન, (૪) તીર્થયાત્રા, (૫) નમસ્કાર મહામંત્રનો જાપ, (૬) યથાશક્તિ તપ, (૭) ધર્મશાસ્ત્રોનું અધ્યયન, (૮) પરોપકાર.

માનવજન્મના આ આઠ ફળ છે.

એ રીતે કયાંય છ અને કયાંય આઠ ફળ દર્શાવીને સાધકને માનવ જન્મને સફળ બનાવવાનો જ ઉપદેશ આપ્યો છે. ॥૯૩॥

હવે ગ્રન્થકારશ્રી સાધકને સાધના દ્વારા સાધ્ય સિદ્ધ કરવા માટે સામાન્યપણે સાધનાના માર્ગો સામાન્ય ઉપદેશ દ્વારા દેખાડે છે.

## સામાન્ય ઉપદેશ

छंद - शिखरिणीवृत्त

त्रिसन्ध्यं देवार्चां विरचय चयं प्रापय यशः,
श्रियं पात्रे वापं जनय नयमार्गं नय मनः ।
स्मरक्रोधाद्यारीन् दलय कलय प्राणिषु दयां,
जिनोक्तं सिद्धान्तं श्रुणु वृणु जवान्मुक्तिकमलाम् ॥९४॥

*अन्वय : (हे भव्यात्मा! त्वम्) त्रिसन्ध्यं देवार्चां विरचय यशः चयं प्रापय पात्रे श्रियः वापं जनय, मनः नयमार्गं नय, स्मर क्रोधाद्यारीन् दलय, प्राणिषु दयां कलय, जिनोक्तं सिद्धान्तं श्रृणु, जवात् मुक्तिकमलाम् वृणु।*

**શબ્દાર્થ :** (त्रिसन्ध्यं) ત્રણે સંધ્યામાં (देवार्चां) ભગવાનની પૂજા (विरचय) કર. (यशः) કીર્તિને (चयं) વૃદ્ધિ (प्रापय) પમાડ (पात्रे) સુપાત્રમાં (श्रियंः) લક્ષ્મી (वापं जनय) ખર્ચ કર. (मनः) ચિત્તને (नयमार्गं) ન્યાયના માર્ગ પર (नय) લઈ જા. (स्मरक्रोधाद्यारीन्) કામ, ક્રોધ આદિ શત્રુઓનું (दलय) દલન કર, નાશ કર. (प्राणिषु) જીવો પર (दयां कलय) દયા કર. (जिनोक्त) જિનભાષિત (सिद्धान्तं) સિદ્ધાંતને (श्रृणु) સાંભળ અને (जवात्) જલ્દીથી (मुक्तिकमलाम्) મોક્ષ લક્ષ્મીને (वृणु) વર. ॥૯૪॥

**ભાવાર્થ :** હે સાધક, તું સવાર, બપોર અને સાંજ એમ ત્રણે કાળ જિનેશ્વરની પૂજા કર. યશકીર્તિને વધાર, સુપાત્રમાં લક્ષ્મીને ખર્ચ કર, મનને ન્યાય માર્ગ પર લઈ જા. કામ, ક્રોધ આદિ અંતરંગ શત્રુઓનો નાશ કર. જીવો પર દયા કર, જિનભાષિત સિદ્ધાંતને સાંભળ અને જલ્દીથી મોક્ષ લક્ષ્મીને મેળવ. ॥૯૪॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રીએ આ શ્લોકમાં સામાન્ય ઉપદેશ આપતાં શ્રાવકને કરવા યોગ્ય કિંચિત કાર્યોનું સ્વરૂપ દર્શાવ્યું છે કે ગૃહસ્થે ત્રણે કાલ જિનપૂજા, યશકીર્તિ વધારનાર કૃત્યોનું આચરણ, સુપાત્રમાં લક્ષ્મીનો સદ્વ્યય, મનમાં ન્યાય માર્ગનું સ્થાપન, અંતરંગ શત્રુઓનો વિનાશ, જીવો પર દયા, જિન સિદ્ધાંતોનું શ્રવણ અને મોક્ષ લક્ષ્મીને મેળવવા જે જે ધર્મકાર્યો છે તે તે કાર્યો કરવા જોઈએ. ॥૯૪॥

હવે આગળના શ્લોકમાં સામાન્ય ઉપદેશ આપતાં કહે છે કે –

छंद – शार्दूलविक्रीडितवृत्त

**कृत्वाऽर्हत् पूजनं यतिजनं नत्वा विदित्वाऽऽगमं,**
**हित्वासङ्गमधर्मकर्मठधियां पात्रेषु दत्वा धनम् ।**
**गत्वापद्धतिमुत्तमक्रमजुषां जित्वान्तरारिव्रजं,**
**स्मृत्वा पञ्चनमस्क्रियां कुरुकरक्रोडस्थमिष्टं सुखं ॥९५॥**

*अन्वय : अर्हत्पदपूजनं कृत्वा यतिजनं नत्वा आगमं विदित्वा अधर्मकर्मठधियां सङ्गं हित्वा पात्रेषु धनं दत्वा, उत्तमक्रमजुषां पद्धतिं गत्वा अन्तरारिव्रजं जित्वा, पञ्चनमस्क्रियां स्मृत्वा इष्टं सुखं करक्रोडस्थं कुरु।*

**શબ્દાર્થ :** (अर्हत्पदपूजनं) અરિહંત ભગવંતના ચરણની સેવા (कृत्वा) કરીને (यतिजनं) સુસાધુઓને (नत्वा) નમસ્કાર કરીને (आगमं) આગમનું (विदित्वा) જ્ઞાન મેળવીને જાણીને (अधर्मकर्मठधियां) પાપીજનોની (सङ्गं) સંગતિ (हित्वा) છોડીને, (पात्रेषु) સુપાત્રમાં (धनं दत्वा) ધનનું દાન આપીને (उत्तमक्रमजुषां) સન્માર્ગગામી મહાપુરુષોના (पद्धतिं) માર્ગે (गत्वा) જઈને (अन्तरारिव्रजं) અંતરંગશત્રુઓને (जीत्वा) જીતીને

(पञ्चनमस्क्रियां) પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રને (स्मृत्वा) યાદ કરીને (इष्टं) વાંછિત (सुखं) સુખને (करक्रोडस्थं) હથેલીમાં રહેલું (कुरु) કર.॥૯૫॥

**ભાવાર્થ :** જિનેન્દ્ર ભગવાનની ચરણ સેવા કરીને, સુસાધુઓને નમસ્કાર કરીને, આગમશાસ્ત્રોનું જ્ઞાન મેળવીને, પાપીજનોની સંગતિ છોડીને, સુપાત્રમાં ધનનું દાન આપીને, સન્માર્ગ ગામી મહાપુરુષોના માર્ગ પર ચાલીને, અંતરંગ શત્રુઓને જીતીને, નમસ્કાર મહામંત્રનો જાપ કરીને, ઇચ્છિત સુખને હથેલીમાં રહેલું એવું કર. ॥૯૫॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રીએ આ શ્લોકમાં મનવાંછિત સુખને હથેલીમાં રહેલું એવું કરવા દિશા સૂચન કરતાં કેટલીક ક્રિયાઓને અપનાવવાનો ઉપદેશ આપ્યો છે. અર્થાત્ જે સાધક આત્મા આ ક્રિયાઓ કરશે તેના માટે મનોવાંછિત સુખ હથેલીમાં આવી ગયું છે એમ સમજવું તે કાર્યો છે – (૧) જિનપૂજા, (૨) સુસાધુને નમસ્કાર, (૩) શાસ્ત્રશ્રવણ, (૪) પાપી આત્માઓના સંગનો ત્યાગ, (૫) સુપાત્રમાં દાન, (૬) મહાપુરુષોના માર્ગનું આલંબન, (૭) અંતરંગ શત્રુઓનો નાશ, (૮) નમસ્કાર મહામંત્રનો જાપ. ॥૯૫॥

હવે આગળના શ્લોકમાં વળી સામાન્યથી ઉપદેશ આપતાં કહે છે કે–

छंद - हरिणीवृत्त

**प्रसरतियथाकीर्तिर्दिक्षु क्षपाकरसोदरा-**
**ऽभ्युदयजननी याति स्फातिं यथा गुणसन्ततिः ।**
**कलयति यथावृद्धिं धर्मः कुकर्महतिक्षमः,**
**कुशलेसुलभ न्याय्ये कार्यं तथा पथिवर्तनम् ॥९६॥**

***अन्वय :*** *(सज्जनानां अयं कर्तव्यं यत्) कुशलेसुलभ न्याय्ये पथि तथा वर्त्तनं कार्यं यथा क्षपाकसोदरा कीर्तिः दिक्षु प्रसरति अभ्युदयजननी गुणसन्ततिः स्फातिं याति कुकर्महतिक्षमः धर्मः वृद्धिं कलयति।*

**શબ્દાર્થ :** (कुशलेसुलभ) કલ્યાણથી સુલભ (न्याये) નીતિના (पथि) માર્ગપર (तथा) એ પ્રમાણે (वर्तनं कार्यं) ચાલવું જોઈએ. (यथा) જેથી (क्षपाकरसोदरा) ચન્દ્રમા સમાન ઉજ્જવલ (कीर्तिः) યશ (दिक्षुः) ચારે દિશાઓમાં (प्रसरति) થાય છે. (तथा) (अभ्युदय जननी) ઉન્નતિનું કારણ (એવી) (गुणसन्ततिः) ગુણશ્રેણિ (स्फातिं) વિકાસને (याति) પ્રાપ્ત થાય છે. (અને) (कुकर्महतिक्षमः) કુકર્મોને હણવામાં સમર્થ એવું (धर्मः) પુણ્ય (वृद्धिं कलयति) વધે છે. ॥૯૬॥

**ભાવાર્થ :** સજ્જન પુરુષોને જોઈએ કે તેઓ કલ્યાણથી સુલભ નીતિના માર્ગ ઉપર એ રીતે ચાલે કે જેથી ચંદ્રમા સમાન ઉજ્જવલ કીર્તિ ચારે દિશાઓમાં પ્રસરે અને ઉન્નતિનું કારણ એવી ગુણશ્રેણિ વિકાસને પામે અને દુષ્કર્મોને હણવામાં સમર્થ એવું પુણ્ય વૃદ્ધિને પામે. ॥૯૬॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી સામાન્ય પણે ઉપદેશ આપતાં કહે છે કે – સજ્જન પુરુષોએ

પોતાનું જીવન એ રીતે વ્યતીત કરવું જોઈએ અર્થાત્ કલ્યાણથી સુપ્રાપ્ય નીતિના માર્ગ ઉપર એ રીતે વ્યવહાર કરવો જોઈએ કે જેથી ચંદ્ર સમાન ઉજ્જવલ કીર્તિ ચારે દિશાઓમાં પ્રસરે. ઉન્નતિના કારણભૂત એવી ગુણ શ્રેણિવિકાસને પામે અને અશુભ કર્મોનો નાશ કરવામાં સમર્થ એવું પુણ્ય વૃદ્ધિને પામે. ॥૯૬॥

હવે આગળના શ્લોકમાં મહાપુરુષોના આંતરિક આભુષણોનું સ્વરૂપ દર્શાવે છે –

છંદ – शिखरिणीवृत्त

**करेश्लाघ्यस्त्यागः शिरसि गुरुपादप्रणमनं,**
**मुखे सत्यावाणी श्रुतमधिगतं च श्रवणयोः ।**
**हृदिस्वच्छावृत्तिर्विजयि भुजयोः पौरुषमहो,**
**विनाप्यैश्वर्येण प्रकृतिमहतां मण्डनमिदम् ॥९७॥**

***अन्वय :*** *अहो! ऐश्वर्येण विना पि प्रकृतिमहतां इदम् मण्डनम् (तद्यथा) करे श्लाघ्यः त्यागः शिरसि गुरुपादप्रणमनम् मुखे सत्यावाणी श्रवणयोः श्रुतम् अधिगतं हृदि स्वच्छावृतिः (तथा) भुजयोः विजयि पौरुषम् ।*

**શબ્દાર્થ :** (अहो!) આશ્ચર્યની વાત છે કે (ऐश्वर्येण विना पि) ધનસંપત્તિ વગર પણ (प्रकृतिमहतां) સ્વભાવથી જ મહાન્ આત્માઓનું (इदम्) નીચે લખેલું વર્ણન (मण्डनम्) શ્રૃંગાર છે. (તથા) (करे) હાથમાં તો (श्लाघ्यः) પ્રશંસનીય (त्यागः) દાનદેવાની પ્રવૃત્તિ છે. (शिरसि) મસ્તક પર (गुरुपादप्रणमनम्) મોટા પુરુષોને નમવાની પ્રવૃતિ છે. (मुखे) મુખમાં (सत्यावाणी) સત્ય બોલવાની પ્રવૃત્તિ છે. (श्रवणयोः) કાનોમાં (श्रुतम् अधिगतं) શાસ્ત્ર સાંભળવાની પ્રવૃત્તિ છે. (हृदि) હૃદયમાં (स्वच्छावृत्तिः) નિર્મલ ભાવના છે. (અને) (भुजयोः) ભુજા ઉપર (विजयि पौरुषम्) જય પામનારો પુરુષાર્થ છે. ॥૯૭॥

**ભાવાર્થ :** આશ્ચર્યની વાત છે કે ધન માલમિલ્કત વગર પણ સ્વભાવથી જ મહાન એવા આત્માઓના દેહ પર નીચે દર્શાવેલા આભૂષણ શોભી રહ્યા છે. જેમ કે હાથમાં કંકણ કડા આદિના બદલે પ્રશંસનીય દાનની પ્રવૃત્તિ રૂપી આભૂષણ શોભે છે. તેમજ મસ્તક ઊપર મુકુટના બદલે વડીલજનોના ચરણોમાં નમવાની પ્રવૃત્તિ રૂપી આભૂષણ શોભે છે. મુખમાં સ્વર્ણની દંતાવળીના સ્થાનકે સત્યવચનની પ્રવૃત્તિ શોભે છે. કાનોમાં કુંડલના સ્થાને શાસ્ત્ર સાંભળવાની પ્રવૃત્તિ શોભે છે. હૃદયમાં હારના બદલે નિર્મલ ભાવના શોભે છે. ભુજાઓ ઊપર ભુજબંધના સ્થાને જયશીલનો પુરુષાર્થ શોભે છે. આ પ્રમાણે મહાન્ આત્માઓનાં એ આભૂષણો છે. ॥૯૭॥

**વિવેચન :** આ શ્લોકમાં ગ્રન્થકારશ્રીએ જે સાધક આત્માને મહાન્ બનવું છે, સાધ્ય સિદ્ધ કરવું છે તેણે આ શ્લોકમાં દર્શાવેલ ગુણોને આત્મસાત કરીને અંતરંગ આભૂષણોને પ્રાપ્ત કરવા જોઈએ. તે આભૂષણ છે – (૧) દાન (૨) નમ્રતા (૩) સત્યવચન (૪) શાસ્ત્ર શ્રવણ (૫) નિર્મલ ભાવના (૬) સત્પુરુષાર્થ. આ અંતરંગ આભૂષણને પ્રાપ્ત કરીને મહાન

બનવું જોઈએ. ॥૯૭॥

હવે ઉપદેશના અંતિમ શ્લોકમાં જે આત્માને મોક્ષમાં જવું છે તેને વિષયત્યાગવાની વાત કહે છે –

## વિષયત્યાગ

छंद – शिखरिणीवृत्त

**भवारण्यं मुक्त्वायदिजिगमिषुर्मुक्तिनगरीं,**
**तदानीं माकार्षीर्विषयविषवृक्षेषु वसतिम् ।**
**यतश्छायाप्येषां प्रथयतिमहामोहमचिरा-**
**दयंजन्तुर्यस्मात्पदमपि न गन्तुं प्रभवति ॥९८॥**

*अन्वय : यदि भवारण्यं मुक्त्वा मुक्तिनगरीम् जिगमिषुः तदानीं विषयविषवृक्षेषु वसतिम् माकार्षीः यतः एषा छाया अपि अचिरात् महामोहं प्रथयति यस्मात् अयं जन्तुः पद्मपि गन्तुम् न प्रभवति।*

**શબ્દાર્થ :** (यदि) જો (તું) (भवारण्यं) સંસારરૂપી વનને (मुक्त्वा) છોડીને (मुक्तिनगरीम्) મોક્ષનગરમાં (जिगमिषुः) જાવાની ઇચ્છાવાળો છે તો (तदानीं) ત્યારે (विषयविषवृक्षेषु) ઇન્દ્રિયોના વિષયવિકારોના સેવવારૂપી વિષાક્ત વૃક્ષ ઉપર (वसतिम्) રહેવું (माकार्षीः) ન કર. (यतः) કારણ કે (एषा) આ (छाया अपि) વૃક્ષની છાયા પણ (अचिरात्) જલ્દીથી (महामोहं) ભયંકર મુર્ચ્છાભાવને (प्रथयति) પ્રસરાવે છે, ફેલાવે છે અને (यस्मात्) જેથી (अयं जन्तुः) આ પ્રાણી (पदम् अपि) એક પગ પણ (गन्तुम्) આગળ જવા માટે (न प्रभवति) સમર્થ બનતો નથી. ॥૯૮॥

**ભાવાર્થ :** હે સાધક! જો તું સંસારરૂપી વનને છોડીને મોક્ષનગરમાં જાવાની ઈચ્છાવાળો છે તો તારે ઇન્દ્રિયોના વિષયવિકારોને સેવવારૂપી વિષાક્ત વૃક્ષ પર રહેવાનું ન કરવું કારણ કે આ વૃક્ષની છાયા પણ જલ્દીથી ભયંકર મૂર્ચ્છા ભાવને પ્રસરાવે છે અને જેથી આ પ્રાણી એક ડગલું પણ આગળ જવા માટે સમર્થ બનતો નથી. ॥૯૮॥

**વિવેચન :** ગ્રન્થકારશ્રી આ ગ્રંથના ઉપદેશના અંતિમ શ્લોકમાં વિષય ત્યાગનો ઉપદેશ આપતાં થકાં એક વાતનો નિર્દેશ કરે છે કે પાંચે ઇન્દ્રિયોના વિષય વિકારોએ આ આત્માને અનંતકાળ સુધી પરિભ્રમણ કરાવ્યું છે અને હવે આ માનવભવની સાથે તને જિન પ્રરૂપિત ધર્મ મલ્યો છે, આવા ગ્રન્થોનું અધ્યયન કરવાનું સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તો તું હવે આ વિષાક્ત વિષયરૂપી વૃક્ષની છાયાનો પણ આશ્રય ન કરતો. આ વિષયોરૂપી વૃક્ષની છાયાને જ અર્થાત્ વિષયસેવનની ભાવનાને ગ્રન્થકારશ્રી ભયંકર બતાવીને વિષયોના સેવનનો તો સ્પષ્ટરૂપથી નિષેધ જ કરે છે.

જે સાધક મુક્તિ માર્ગમાં આગળ વધવા ઈચ્છે છે એ જો આ વિષયરૂપી વૃક્ષની છાયાનો આશ્રય લઈ લે તો એક ડગલું પણ આગળ વધી ન શકે એમ દર્શાવીને સાધકને

વિષયની ભાવના ને ઉત્પન્ન જ ન થવા દેવી એ જ સાધકના માટે હિતકારી છે. એમ ઉપદેશ આપ્યો છે. ॥૯૮॥

આ ઉપદેશને આપણે સહુ આત્મસાત કરીએ એજ.

ગ્રન્થકર્તાનું નામ અને આ ગ્રન્થના ઉપદેશનું ફલ બતાવે છે.

**सोमप्रभाचार्यमभा च लोके, वस्तु प्रकाशं कुरुते यथाशु ।**
**तथायमुच्चैरुपदेशलेशः, शुभोत्सवज्ञानगुणां स्तनोति ॥९९॥**[१]

*अन्वय : यथाशु लोके सोमप्रभा च अर्यमभा वस्तुप्रकाशं कुरुते तथा अयम् उपदेश लेशः उच्चैः शुभोत्सवज्ञानगुणान् तनोति।*

**શબ્દાર્થ :** (यथाशु) જે રીતે અતિ શીઘ્ર (लोके) આ સંસારમાં (सोमप्रभा) ચંદ્રમાની કાંતિ (च) અને (अर्यमभा) સૂર્યની કાંતિ (वस्तुप्रकाशं कुरुते) પ્રત્યેક પદાર્થને પ્રકાશિત કરે છે. (तथा) તેમજ (अयम्) આ (उपदेशलेशः) અલ્પઉપદેશ (उच्चैः) મોટા મોટા (शुभोत्सवज्ञानगुणान्) સુંદર કલ્યાણકારી જ્ઞાનરૂપી ગુણોને હૃદયમાં (तनोति) વિસ્તારિત કરે છે. ॥૯૯॥

આ શ્લોકમાં ગ્રન્થકારશ્રીએ પોતાનું નામ શ્રી સોમપ્રભાચાર્ય એ પણ દર્શાવ્યું છે.

**ભાવાર્થ :** જેમ આ સંસારમાં ચંદ્રમાની કાંતિ અને સૂર્યની કાંતિ પ્રત્યેક પદાર્થને પ્રકાશિત કરે છે તેજ રીતે આ અલ્પ ઉપદેશ પણ આત્માના સુંદર કલ્યાણકારી જ્ઞાન ગુણોનો હૃદય મંદિરમાં વિસ્તાર કરે છે.

## ગ્રન્થકારશ્રીની પ્રશસ્તિ

**अभजदजितदेवाचार्यपट्टोदयाद्रि**
**द्युमणिविजयसिंहाचार्यपादारविन्दे**
**मधुकरसमतां यस्तेन सोमप्रभेण**
**व्यरचि मुणिप नेत्र सुक्ति[२] मुक्तावलीयम् ॥१००॥**

*अन्वय : સુગમ છે.*

**શબ્દાર્થ :** (यः) જે (अजित देवाचार्यो पट्टोदयाद्रिद्युमणि विजय सिंहाचार्य पादारविन्दे) શ્રી અજિતદેવ આચાર્યના પટ્ટ આસનરૂપી સુમેરુ પર્વત ઉપર સૂર્યસમાન વિજયસિંહ આચાર્યના ચરણકમલોમાં (मधुकरसमतां) ભ્રમર ભાવને (अभजत्) સેવે છે (तेन) તે (मुनिपनेत्रा) મુનિયોને માન્ય (सोमप्रभेण) સોમપ્રભાચાર્યે (इयम्) આ (सुक्तिमुक्तावली) સુક્તિરૂપી મોતિયોની માલા (व्यरचि) બનાવી છે. ॥૧૦૦॥

**ભાવાર્થ :** જે શ્રી અજિતદેવ આચાર્યના પટ્ટધર શ્રી સુમેરુપર્વત ઉપર સૂર્યની જેવા વિજય

१. सोम प्रभाचार्यमभा च यन्न पुंसां तमः पंकमपाकरोति
तदप्यमुष्मिन्नुपदेशलेशे, निशम्यमानेऽनिशमेति नाशम् ॥९९॥ पाठान्तर

२. राज्ञा सूक्त पाठान्तर

સિંહાચાર્યના ચરણકમલોમાં ભ્રમર ભાવને સેવે છે તે મુનિયોને માન્ય એવા સોમપ્રભાચાર્યે આ સુક્તિરૂપી મોતિયોની માલા બનાવી.

**વિવેચન :** આ બન્ને શ્લોકમાં ગ્રન્થકારશ્રી પોતાનું નામ દર્શાવીને ઉપદેશાત્મક સુક્ત મુક્તાવલી જગતના પદાર્થોની વાસ્તવિક ઓળખાણ કરાવનાર છે. તે દર્શાવ્યું છે અને તે સોએ સો ટકા સાચું છે કે –

આ ગ્રન્થ અતિ સંક્ષેપમાં પણ નથી અને અતિ વિસ્તૃત પણ નથી. પરંતુ જગતની ઓળખાણ, સંસારના સ્વરૂપને સમજવા માટે અતિ ઉપયોગી ગ્રન્થ છે.

ગ્રન્થકારશ્રી પોતાના દાદાગુરુ, ગુરુ અને પોતાનું નામ અંતિમ શ્લોકમાં બતાવે છે.

## વિવેચનકારની પ્રશસ્તિ

શ્રી સૌધર્મ બૃહત્તપોગચ્છીય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર શ્રી ધનચંદ્રસૂરીશ્વરજી મ.ના પટ્ટધરશ્રી ભૂપેન્દ્રસૂરીશ્વરજી મ. પટ્ટધર શ્રી યતીન્દ્રસૂરીશ્વરજી મ. ના પટ્ટધર શ્રી વિદ્યાચંદ્રસૂરીશ્વરજી મ. (જેઓ આ સેવકના દીક્ષાદાતા છે) પટ્ટધર શ્રી જયંતસેનસૂરીશ્વરજી મ.ના શાસનકાળમાં પ.પૂ. આગમજ્ઞ શ્રી રામચંદ્રવિજયજી મ.ના દિવ્ય આશીર્વાદથી આ સિન્દૂર પ્રકરનું વિવેચન શબ્દાર્થ ભાવાર્થ સહિત મુનિ જયાનંદ વિજયે પૂર્ણ કર્યું છે.

મુનિશ્રી કલ્યાણવિજયજી મ. કૃત સિન્દૂર પ્રકરના હિન્દી ભાવાર્થના આધારે આ વિવેચન કર્યું છે. તેથી તેમનો હું ઋણી છું.

*ધાનેરા દીપાવલી પર્વ ૨૦૫૦* **જયાનંદ**



MESCO PRINTS,
080-22380470